૭૮૬

ટર્કો બાલકન લડાઇ.

ભાગ પહેલો.

લેખક તથા પ્રકાશક
મુન્શી મુસ્તુફા સૈયદઅલી.
નવસારી.

૭૮૬

ટર્કો બાલકન લડાઇ.

ભાગ પહેલો.

ખરા સાધનો મારફતે પુરેપુરી બાતમીનો

સચીત્ર [illegible].

લેખક તથા પ્રકાશક,

મુન્શી મુસ્તુફા સૈયદઅલી.

મુ. નવસારી.

આવૃત્તિ પહેલી   પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૦.   સને ૧૯૧૪.

કીંમત રૂ. ૧-૦-૦. (પોસ્ટેજ જુદું)

આ બુકના પુઠાનું ટાઈટલપેજ અંદરનું ટાઈટલપેજ અને ૫, ૬, ૧૩, ૧૪, ૧૫, ૧૬, પ્રસ્તાવનાના પેજ તેમજ ૧, ૨, ૮૭, ૮૮, ૮૯, ૯૦, ૯૧, ૯૨, ૧૩૧, ૧૩૨, ૧૩૩, ૧૩૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૫૦, ૧૭૫, ૧૭૬, ૧૭૭, ૧૭૮, ૧૮૫, ૧૮૬, ૨૦૭, ૨૦૮. એટલા પાના સુરત ભાગાતળાવની સડકપર આવેલા શ્રી "રાંદેર" પ્રીન્ટીંગ પ્રેસમાં રતિલાલ દુર્લભદાસે છાપ્યા છે.

સ્નેહ સમર્પણ.

આ ક્ષણ ભંગુર સૃષ્ટિમાં માત પિતા જે પ્રેમ પોતાની સંતતી પ્રત્યે તે મહાન સૃષ્ટિ સરજનહારે ઉત્પન્ન કર્યો છે, તેની જોડી ખરેજ ક્યાંયે મલી શકવાની નથી! "છોરૂ કછોરૂં થાય, તોયે પિતાની પ્રિતિ ના ઘટે." એ વિદ્વાન શાક્ષરોના મહાન્ વાક્યોમાંજ ઉપલ કથનની સિદ્ધતાનું સ્પષ્ટિકરણ થઈ શકે છે હમો બાળકોના જીવનનો સ્થંભરૂપ આધાર તમો જીન્નત મુકામી **મોલાના મોલવી સૈયદ સૈયદઅલી સૈયદ આઝમ સાહેબ,** કે જે આપ આ કસ્બામાં અને તેની આસપાસ ૨૦ થી ૨૫–૨૫ માઇલના ગામોમાં એક જાણીતા, મોલવી, તવારિખના અથંગ અભ્યાસી અને જાણીતા હકીમ તરીકે માન આપવામા આવતુ હતુ. જેના પ્રભાવે હમો બાળકોને ઉંચી કેળવણીના શીખરે ચઢેલા જોવાને આપ ઘણા ઉત્સુક હતા, અને તેથી આપે હમારી કેળવણીના કીંમતી સાધનો, અને પુરેપુરી સાહ્ય કરી આપવાને કશી પણ કમી રાખી નહતી. પરંતુ અફસોસ! "ઇન્સાનનું ઇચ્છવુ, કુદરતના ખેલ આગળ નિર્થક" અને થયુ પણ તેમજ. હજી તો હમે ન્હાની વયે વિદ્યાલયોના મીઠાં ફળ આપતાં વૃક્ષની ડાળને વળગ્યે છીએ, હજી તો તે "ને હમે પુરેપુરૂ" પકડી પણ શકવાને ભાગ્યશાળી થયા ન હઇશુ, તેટલેજ હમારા હત્ ભાગ્યનો પડદો ખંડો થયો!! એટલે તા. ૨૨ જાનેવારી ૧૯૧૦ ઇ. સ. ને હિજરી સને તા. ૨૯ મંગવાર જીલહજ ૧૩૨૭ ને દીને, ટુંક દિવસની માંદગી ભોગવી, મારા સર્વસ્વ તુલ્ય આપ બાવાજાન આફાની દુનીઆનો ત્યાગ કરી, હમેશની શાંતિ ભરેલી દુનીઆમાં વાસો કરી

ગયા એટલે મારૂં સર્વસ્વ લુટાઇ ગયું !! ના તે મીઠું ફળ હાથે ચઢયું, મારી ઉમેદ હતભાગ્ય સાથના મારા હૃદયમાં રહી ગઇ !! આપની ઉત્તરક્રિયા કરવા પછી પણ ઘણા દીવસો સુધી આ કુમારી વયે લાગેલા ઘાએ મારા ઉપર બહુ માઠી અસર પેદા કરી દીધી. અને હમે બન્ને ભાઈ તથા બહોળા કુટુંબના સવાલે મારા હૃદયમાં વ્યાકુળવ્યાકુળતાએ પ્રવેશ કરી દીધો. પરંતુ કુદરતે પસંદ કરેલો માર્ગ સ્વીકારવા શીવાય બીજો ઇલાજજ નહોતો.

હવે બાળવયે મારે માથે આપની ઇચ્છાનુસાર ન્હાના ભાઇ સૈયદ મીયાં મહમદને તાલીમ આપવી પડી અને ઘર સંભાળવાની ફરજ આવી પડી. ઉદર પુરતીનાં સંસોધનની ત્રીજી ફરજ તો મારે ખોળી લેવાની હતી. કાંકે આપ પોતાની શક્તિ અને દુર અંદેશીનો જો કે બહુ રૂડો ઉપ્યોગ કરી ચુકયા હતા જેથી મારી સ્થિતિ સપન ન રહેતા સાધારણ હતી. પરંતુ સદહજાર શુકર તે પાક પરવર દીગારના કે મારે માટે ઘણાં મોટાં અને ઉંચાં વાચનનું સાહિત્ય સાધન મુકી જવાનીઆપને એક વધુ સુબુદ્ધી અને હકીમાનાં નાદર હુન્નરની કરમ બક્ષી કરી હતી.

તમો પીતાજી ઉપર ઉતરેલી કુદરતની કરમ બક્ષીનો લાભ હમો બાળકો લેવાને ભાગ્યશાળી થયા અને આપનું તે કીમતી કીતાબખાનું, આ લઘુ ગ્રંથ તથા સાહિત્યના મેદાનમા જીપલાવવાનાં મારા બીજા ઉમંગોને મદદગાર ભોમ્યો થઇ પડયું છે. તથા આપના હકીમાની પ્રસીદ્ધતાએ ઉપર પુરતીમા મને કેટલીક સાહીતા કરી છે જેના એક અમુક અને યાદગાર પુરાવા તરીકે—

અનંત ઉપકારોના બદલા લેખે. આ નાનકડું પુસ્તક અતિ પ્રેમાળ લાગણીથી આપને અર્પણ કરૂં છું.

હું છું તમો પીતાજીનો આજ્ઞાંકિત જયેષ્ઠ પુત્ર.

"મુસ્તુફા"

પ્રસ્તાવના.

આધુનિક સમયના વર્તમાન પત્રો આદી વાચન સાહિત્ય સાધનથી આપણને દિને દિને હજારો માઇલનો વર્તમાન સાર ઘણી સહેલાઈથી તાત્કાળિક મળી શકે છે એ ખરેજ સૃષ્ટિના સુધારાનું એક પ્રથમ બિંદુ લેખાશે, પરંતુ પાશ્ચાત પ્રદેશના કેટલાક ખબરપત્રીઓ આડે માર્ગે દોરવાઈ પુર્વની ઉત્સુક પ્રજાને પોતાના ખોટા અને કલ્પિત રિપોર્ટો પુરા પાડી; ઘડીભર આનંદ મેળવી પાછળથી તે ખફગી સાથની હાંસી પ્રાપ્ત કરવામાં પોતાનું શ્રેય સમજાતા માલમ પડી આવ્યા છે/ તેના ઉપર કોઇપણ સત્તાધારી આક્રોશ વિના રાજ્યપ્રીતી સત્તા માટે પણ તર્ક વિતર્ક જનસમાજમાં ઉદ્ભવવા પામે એમાં કાંઇ પણ અતિશયોક્તિ વિના સત્ય છે એમ લેખાવું નિશ્ચક નથી.

આ પુસ્તકનું ઉપસ્થીત થવું ટરકી વિરૂદ્ધ બાલકન યુદ્ધ છે. અને તેથી તેની પ્રસ્તાવનાનો સંપૂર્ણ સાર, તેના "ટર્કી બાલકન લડાઇ" એ નામવાળા શિરશકમાંથીજ નીકળી શકે એમ છે એટલે એ વિષય પરત્વે વિસ્તૃત વિવેચન કરવુ, એકને એક વિષયનું પુનરાવર્તન કરાવા બરાબર લેખી શકાય છે, પરંતુ કર્તાના બે બોલ આ પરસ્તાવનારૂપી સાર ગૃહણમાજ દાખલ થયેલા હું વાસ્તવિક ધારૂં છું.

પુસ્તક પ્રગટ કરવાને પુરાણી ઐતિહાસિક તવારીખો, ઓરીજીનલ નોવેલો અને નાટ્ય સંગ્રહ સારના પુસ્તકો ઉથલાવવા ઉપર વિશેષ પ્રેમ લાગેલો છે, તેમાં મુખ્યત્વે કરી તવારિખ ઉપર વિશેષ છે. હાલના ટર્કી વિરૂદ્ધ બાલકન વિગ્રહના લડાયક તારો જે ખાસ કરી યુરોપિઅન તાર એજન્સીઓનાજ સાહસિકપણાથી ભારતી પ્રજાને દિન ઉગે મલી રહ્યા છે-તે અને એવાજ પુરાણા બનાવોના ઐતિહાસિક દ્રષ્ટાંતો મેળવતાં હાલના તેવા તારોમા બહુજ અતિશયોક્તિ; તેવી કહેવાતી તાર એજન્સીઓ તરફથી કરવામા આવે છે, તોપણ તે યદા કદાચિત વર્તમાનકાળને અનુસરીને કબુલ કરીશું. કેમકે પુરાણો સમય તે એક જુદો વખત વ્યતિત થઇ ગયો છે.

હવે જ્યારે એજ ચાલુ લડાઇના બીજા અંગ્રેજ ખબરપત્રીઓના ખાસ રિપોર્ટો જેમ જેમ આ પુસ્તક પરવરતાવનારના નિહાળવામા આવતા ગયા

તેમ તેમ યુરોપની સઘળીજ બાબતોમાં કેટલું સત્ય સમાયલું છે તેનું ભાન થતું ગયું ! એટલે તુરતજ, કેટલાક ભરૂસેદાર રિપોર્ટો અને બીજા ખાત્રીલાયક લેખો ઉપરથી એક પુસ્તક પ્રગટ કરી જનસમાજ સમક્ષ રજુ કરવાની લાલચ આ પુસ્તક કર્તા થોભાવી શકયા નહીં અને એકદમ આ સાહસ ખેડવાના પોતાના મનતરંગી ઠરાવને અમલમાં મુકી દીધો !

મનુષ્ય જીવન ઉપર એક પછી એક એમ ચાલુ સંકટોનો સમય વ્યતિત થતો રહતો, તેની સ્થિતીમા તાત્કાળિક વિચીત્ર પ્રકારનો ફેરફાર થવા સાથ તેના નાશના ચિન્હો પણ ઘણુજ આગળ આવી પહોચે છે. ઓટોમન રાજ્ય સત્તા ઈ સનના ૧૧ ૧૨ મા સૈકામા અર્ધ ડામાડોળ સ્થાપિત થઈ હતી એમ ઈતિહાસ કહે છે તેને લઇને અદ્યાપ પર્યંત તેના ઉપર અનેક સંકટોનુ વાદળ હમેશા ઘેરાયલુ રહ્યુ છે, તોપણ તે પોતાની સ્થાઇ કારકિર્દી અદ્યાપ ગમે એવી સ્થિતીમા પણ ટકાવી રહી છે; એમા કાંઈપણ કુદરતી અ શનું પંત્યાણુ હોવાના ભાસ તેના ઉપરની નીચલી આફતોથી આપણને સેહજે થાય છે.—

ઈ. સ ૧૦૩૮ મા **તુગરલબેગે** સોલ વર્ષમા, બલખ, કારમાનીઆ અને તાબેરિસ્તાન તાબે કર્યા ઓટોમન રાજ્યક્રાતિના સૂર્યનો ઉદય થયો. તે પછી ૧૦ મા તેના ભત્રીજા અલપ અર્સલાન સુલતાન થયો તેણે આર્મિનિયા, જ્યોર્જીયા એ પ્રાતો પોતાના રાજ્યમા જોડી દઇ જીહુનથી તે ટૈગ્રીસ નદી સુધીના મુલકનુ રાજ્ય કીધું. અને તેની મહેરબાની હેઠળ ૧૨૦૦ રાજાઓ હતા તે પછી ૧૭૦૩ મા તેના દીકરા **મલેકશાહે** ચીનથી તે કોન્સટન્ટીનોપલ સુધીના રાજ્યની હાકમી કરી પોતાનો શક ચલાવ્યો, તે પછી ૧૦૯૨ મા તેના મૃત્યુવાસ પછી રાજ્યમા કાપલા ભાગલા વહે ચી લેવાના કાવાદાવા શરૂ થયા ૧૧૭૧ મા **સલાહુદ્દીનને** ઈજીપ્તનો નવાબ બનાવ્યો. તેણે ટ્રીપોલીથી તે તૈગ્રિસ નદી સુધીને આર્મીનીઆથી તે હિન્દી મહાસાગર સુધી હાકમી ચલાવી અહીં તુર્ક રાજ્યપર સંકટનું પ્રથમ વાદળ ઘેરાયું

તે પછી ઈ સ ના ૧૩–૧૪ મા એશિયા મઇનારમા નાના વસાવનાર કારા હીસ્સારનના ઓથમને પ્રદેશો ઉપર વિજય મેળવી, પોતાના દિકરા ઓર્કનને ઇ સ. ૧૩૨૯ મા સુલતાન પદ ધારણ કરાવી રાજ્યનો

વિસ્તાર વધાર્યો તે ઘણા સુધી કે ૧૩૯૦ માં ઓથમન કુળના અમુરથ પહેલાએ ગ્રીક રાજાના ચાર છોકરાઓને પોતાની આળમા રાખ્યા. તે પછી બાજાઝેટ સુલતાને ૧૪ વર્ષમા યુફ્રેટીસ અને ડાન્યુબ વચ્ચેનો મુલક જીતી લઇ ઇ સ. ૧૩૯૬માં હંગેરી રાજા સીજીસ્મંડએને ફ્રાસ તથા જર્મનિના મોટા બહાદુર નૈટો નામક લડવૈયાઓનો નૈકો પોલિસની લડાઈમાં પરાજય કર્યો હતો.

હવે આપણ ૧૫ મા સૈકાનાં ઓટોમન તુર્ક રાજ્ય તરફ આવીશું. ઈ. સ. ૧૪૦૨ મા તૈમુરલિંગે બાજાઝેટ ઉપર છેડતીનાં પત્રો લખી લડાઇ ઉઠાવી, ઘા બાજાઝેટ કોન્સટન્ટીનોપલનો ઘેરો ઉઠાવી એશિયા મઇનોર આગળ આવ્યો. જ્યાં ૧૪૦૦૦૦ મસ્તકો ગુમાવી બાજાઝેટ કેદી હાલતમાં મરણ પામ્યો. તુર્ક સલતનત ઉપર બીજા સંકટનો વાસો થયો.

આ બનાવથી બાજાઝેટના દીકરાઓ ઉશ્કેરાયા જેથી ઓટોમન રાજ્ય પડી ભાગવાની ટોચે આવી પડયુ પરંતુ બાજાઝેટ વંશના મ્યુઆએ ૧૪૧૨ મા મેળવેલા વિજય હાકથી અને મહંમદ પહેલાની સુરાજ્ય વ્યવસ્થાથી ઓટોમન રાજ્ય ફરી એકવાર ચળકી ઉઠયું. એજ શકમા આમુરથ બીજાએ કોન્સટન્ટીનોપલને ઘેરો ઘાલ્યો. જેથી તુર્ક લશ્કરે ઇ. સ. ૧૪૩૫ મા સાર્વેયાનું સેમેન્દ્રિયા લીધુ. તેના પાયતખ્ત બેલગ્રેડ લેવાની અણીપર તુર્કો હતા પણ તેટલે જોન હનિઆડીશ આડો પડયો ને લેવા ન દીધુ ને ટર્કોને હંફાવ્યા. જેથી તેણે દસ વર્ષ સુધી લડાઈ બંધ રાખવાની માંગણી કરી, એકાંત જીંદગી ગાલવા પડયો. તેટલે પોપ જાગ્યો. ૧૪૩૩ માં મહંમદ બીજાના રાજ્યામલ દરમિયાન પોપે કરાર તોડી લડાઈ ચલાવી પણ ખ્રિસ્તીઓનો પરાજય થયો. અને ૧૩૫૧ માં આમુરથ એડરીઆનોપલમા મરણ પામ્યો.

ઇ. સ. ૧૪૩૫ મા વળી આમુરથના દીકરા મહંમદ બીજાએ કોન્સટન્ટીનોપલને ઘેરો ઘાલી ગ્રીસ રાજા જોડે લડયો તેમા તે હાર્યો. પણ ગ્રીક લશ્કરમાં વધારે જોર ન રહ્યુ ને મુસલમાનો તુટેલા કોટ ઉપર ચઢી ગયા. જ્યા પોલીઓલેગસ ગ્રીક રાજા કપાઈ પડયાથી કોન્સટન્ટીનોપલ પડયુ અને લુટાયુ. અને એજ શકમા મહંમદ બીજો બેલગ્રેડ ઉપર ચઢયો જ્યાં ફાવ્યો નહી. પણ ટેબીઝોન્ડ, સર્વિયા, ને બોસનિયા એ ત્રણે હાથ કર્યા. આ સમયે વેનિ-

સના રાજાએ મહંમદની સામા થવામા શુરાતન તો બતાવ્યુ, પણ તેથી મ-હંમદ વધારે ક્રોધી બની ખ્રિસ્તીધર્મ નીકંદન કરવાને યમ ઠામેઠામ મસ્જીદોમા બદગી કરાવી. ૧૪૩૦ માં એક તુર્ક કાફલાએ નિગ્રોપોન્ટનો ટાપુ અને જીનોઆના તાબાનું કાફલા શહેર હાથ કર્યા, પછી તે મક્કાની હજે ગયાથી રાજ્યની લગામ પોતાના નાના ભાઈને બાજાઝેટ બીજાના નામથી આપી એટલે તેણે ૧૪૮૮ મા યુરોપમા મોલ્ડેવિયા, બોસનિયા અને ક્રોશિયા એ મુલકો તાબે કર્યા.

હવે ૧૬ મા સૈકાના ઑટોમન રાજ્ય તરફ દ્રષ્ટિમાન કરીશું વેનિસ સાથે ૧૫૦૩ મા કોલકરાર થયા પછી ૧૫૩૭ સુધી ઑટોમન રાજ્ય કાંઈ પણ દહેશત વિના સ્થાઈ રહ્યું પણ બાજાઝેટના ત્રીજા દિકરા સલીમે ૧૫૧૨ મા શાહ ઈસમાઈલ સાથે જંગ ઉઠાવી. તેને હરાવ્યો ને કુર્દીસ્તાન અને મેસો પોટેમીઆ પ્રદેશો હાથ કર્યા. અને ઇજીપ્તના સુલતાનને પણ અ-લેપ્પો આગળ હરાવ્યો. ૧૫૧૬ મા સીરિયાનો સઘળો પ્રદેશ પોતાના રાજ્ય સાથે જોડી દીધો, અને કેરો શહેર લઈ ઈજીપ્તને તુર્કસ્તાનના પ્રાંતમા લઇ લીધુ. અને સલીમ પોતે ખલીફ કહેવાયો

ઈ. સ. ૧૫૨૦ માં સલીમના દીકરા સુલયમાન બીજાએ બેલગ્રેડ તથા કેટલાક કિલ્લા હોટસ ટાપુ કબ્જે કર્યા, ૧૫૨૨ મા તેણે હંગરીના રાજાની રાજધાની લુટી. તે પહેલા—અહી ૧૫૧૮ મા આલજીયર્સના તુર્ક હાકેમ બારબોરાસા બીજાએ સુલતાન સુલયમાનની મદદથી ખ્રિસ્તીઓ પાસેથી ટ્યુ-નિસ લીધુ. ૧૫૩૦ માં ચાર્લસ પાચમાએ ટ્યુનિસ પાછુ લઈ લીધુ- સુલય-માનનું લશ્કર ઠામઠામ વિજય મેળવતુ રહ્યુ જેથી ફ્રાંસિસ પહેલાએ તેની સાથે કોલકરાર કર્યા. ખ્રિસ્તી અને મુસલમાન રાજ્ય વચ્ચેના કોલકરાર આ પહેલ વહેલ્લાજ હતા. ૧૫૫૨ મા ટ્રાંસીલ વેનિયાનો પ્રદેશ તુર્કસ્તાનમા જોડયો અને ૧૫૬૦ મા ખ્રિસ્તી કાફલા સાથની લડાઈમા સુલયમાનને વિજય મેળ-વતા, તુર્કી લશ્કરી વહાણનું બળ સહુથી વધારે ગણાયુ અને ૧૫૬૨ માં કોલકરાર થયા તેની રૂએ હંગરીમાં ફતેહ કરેલો મુલક તર્ક રાજ્યનો નક્કી કર્યો.

આ નાહુજ સૈકામાં ઈ. સ. ૧૫૬૬ મા સુલતાન સુલયમાનના મરણ પછી ઑટોમન રાજ્યની પડતીનાં ચિન્હ જાહેર થયા. ઇ. સ. ૧૫૭૧ માં લી-પાંટો આગળ તુર્કી કાફલો નાશ પામ્યો ને ૧૫૭૪-૧૫૭૫ મા અમૃથ ત્રી-

જાના સમયમાં જાનેસરીઓએ દસ વખત બળવો કર્યો. આગ લગાડી મુકવાથી કોન્સટન્ટીનોપલમાં ૧૫ હજાર ઘરો બળી જવા ઉપરાંત ૫ કરોડ સુકોનનું નુકસાન થયુ હતુ.

૧૭ મા સૈકાનું તુર્કસ્તાન.

ચાલુ સૈકામા ઓટોમન સત્તા પડતીને શીખરે ચઢી ચુકી હતી તો પણ તેનો બેઠેલો હાક ચાલુજ હતો. ૧૬૩૮ મા ઝાની ઝારિઝ લશકર રાજ્યમાં ફરતુ હરતુ થઇ પડયુ તેણે ઈરાનીઓ પાસેથી બગદાદ લીધુ. અને એટલી બધી ખટપટ કરી મુકી કે તેની કારકિર્દીમા સુલતાન થઈ ચુકયા ૧૬૬૩મા મહમદ ચોથાના વઝીરે કાડિયા જીત્યુ ૧૬૭૨મા મહમદે કોસાકસની રાજ્ય સત્તા પોતાને હાથ કરી તો ખરી, પરંતુ ૧૬૮૦મા રશિયાને હવાલે કરી દેવી પડી, અને તુર્ક ફોજે વિયેના ઉપર ઘેરો ઘાલ્યો તેને સોબી એસ્કીએ પાછા હઠાવ્યા. પછી ઓટ્રીયા, પોલાડ, રૂશિયા ને વેનિસ એ ચારે સંપ કરી તુટી પડયા ને ગ્રીસનો દક્ષિણ પ્રદેશ વેનિસે પોતાને તાબે લીધો પણ ૧૬૯૧ મા સુલયમાન ત્રીજાએ સુલતાન પદ ધારણ કરી લડાઇ જારી રાખી અને બેલ-ગ્રેડનો કાલ્લો પોતાને તાબે રાખ્યો હતો. ઇ. સ.ના ચાલુ સુલતાન આકમેટ બીજાના સમયમા વરાડે ઈનનો કીલ્લો ઓસ્ટ્રિયનના તાબામા ગયો. તે સુલ-તાન મુસ્તુફાની કારકિર્દીમા એઝાફ રશિયાએ કબ્જે કર્યુ અને ૧૬૯૭ મા સવાયના પુઝાને ઝેન્ટા આગળ તુર્કોને હાર ખાવી પડી અને ૧૬૯૯ માં કાલકરાર પછી કાર્લો વિટઝામા લડાઇનો અંત આવ્યો. જેથી ટ્રાન્સીલવેનિયા, સ્લાવોનિયા અને હંગરી જરમનીની સત્તામાં ગયા ને પોડોલીયા અને યુક્રેન ભાગ પોલાન્ડનાજ તાબામા રહ્યા, કાલા સમુદ્ર ઉપરનો ભાગ રૂશિયાને તાબે ગયો ને મોરીઆ વેનિસને આપવામા આવ્યો.

૧૮ મા સૈકાનું ઓટોમન રાજ્ય.

મુસ્તુફાને પદ ભ્રષ્ટ કરી પછી ૧૭૦૨ મા તેના ભાઇ આકમેટ ત્રીજાને ગાદી આપી તેણે એઝાફ પાછુ મેળવ્યુ. ૧૭૧૫ મા વેનિશ્યનોને હાકી કાઢી મોરીઆ પાછું લીધુ, પણ ૧૭૧૮ મા જરમને માથુ ઉચકવાથી સલાહ કરવી પડી તેમા આસ્ટ્રેલીયાની જીત આપવી પડી, પણ મોરીયા સુલતાનની પાસે

રહેવા પામ્યુ. ૧૭૩૬ માં મદ્દ મદ્દ પહેલાની કારકિર્દી શરૂ થઇ. તેમાં રશિયાએ ક્રિમિયા ઉપર ચઢાઇ કરી તેમા તેઓએ એઝાફનો કિલ્લો તોડી નાખવો પડયો. ને કાલા સમુદ્ર ઉપરના દાવા ઉઠાવી લેવા પડયા. જરમન રાજા તુર્કની મદદમાં રહેવા કબુલ થઈ પાછળથી રશિયાને મળી જઇ હુમલો કર્યો. તેને બેલગ્રેડ આપી દેવું પડયુ. ને ઉન્ગુલ તથા સાઉ નદી બન્નેની સરહદ થઈ. ૧૭૫૭ મા મુસ્તુફા ત્રીજો ગાદીએ આવ્યો. ત્યારે રશિયાની કાથેરૈને કોલ કરાર તોડયો. તેથી સુલતાને લડાઈ ચલાવી. જેમા ૧૭૬૮–૧૭૭૪મા અબદુલહમીદ પહેલાએ અતી લાચારીના કોલકરાર કરી આપ્યા. ક્રિમીયા ૧૭૮૪મા રૂશિયાના તાબામા ગયુ. હવે કાથરૈન અને જોસેફ રાજાએ તુર્ક રાજ્યને વહેચી લેવાની મસલ્હત કરવાથી સુલતાને ૧૭૮૭ મા લડાઈ ચલાવી, તેમા રશિયનો ફાવ્યા. ૧૭૮૯મા સલીમ ત્રીજો આવ્યો. તેના સમયમા વારેલીયા અને બુખારેસ્ટ રશિયનોના હાથમા ગયા. જેથી રશિયાએ ઇસ્માઇલના કિલ્લાને ઘેરી લીધો અને તુર્ક રાજ્યની છેક પડતી આવી પડી. પણ તેટલામા હંગરીને નેધરલેંડમાં બળવો ફાટી નિકળ્યો અને બીજા ખ્રિસ્તી રાજ્યો પણ રશિયાની અદેખાઈ કરવા લાગ્યાં. અને ઇંગ્લાંડ, હોલાંડ અને પ્રુશિયાએ મળી જરમની પાસે સુલતાન સાથે કોલકરાર કરાવ્યા ને ૧૭૯૧ મા તેણે જીતેલો મુલક પાછો અપાવ્યો.

એ લડાઈઓથી તુર્ક રાજ્યોનો મુલક ન ગયો પણ રાજ્યમા જાનેસરીઓના બખેડા વધ્યા ને પ્રાંતોમા બળવા ઉઠયા. અલીબેએ ઈજીપ્ત સ્વતંત્ર કહેવડાવ્યું. જનીના પણ અલીપાશાએ સ્વતંત્ર બનાવ્યુ. વીડીનના અમલદારે બળવો ઉઠાવ્યો, સર્વિયનોએ હથીયાર ઉચકયા ને વ્હાબી લોકો અરબસ્તાન પોતાનુ કરી લીધુ. પછી સુલતાને રાજ્યમા સુધારા કરી લશકરી બળ વધાર્યું. જેથી નેપોલિયનની સામે થઇ એકરનો બચાવ કરી પોતાની આબરૂ વધારી, અને ૧૭૯૮ મા ફ્રાંસ સામે લડવાને ઇંગ્લાંડ, રશિયા ને તુર્ક રાજ્યોએ એક સંપ કર્યો.

વળી ૧૮૦૯ તુર્ક અને રશિયા વચ્ચે જોરથી સળગ્યુ. તેમા રશિયનોને બહુ મોટી ખુવારી ખમવી પડી, પછી બુખારેસ્ટના સલાહ કરાર પ્રમાણે

સુલતાને પ્રૂથનાં ડાબી તીરનાં મુલક ઉપરથી હાથ ઉઠાવ્યો. ૧૮૨૮મા ગ્રીસમાં બખેડા થયા તેનો લાભ લઈ રૂશિયાએ સુલતાન ઉપર હલ્લો કરી વારના, સિસ્ટ્રીયા અને એડ્રીઆનોપલમાં સલાહના કરાર થયા તેમાં જેની રૂએ રશિયાએ કેટલોક મુલક પોતાનામાં વધાર્યો. ડાન્યુબના મુખ્ય પ્રદેશ ઉપર સત્તા બેસાડી, વાલેચીઆ અને મોલ્ડેવિયાના લોકના હક જાળવનાર તરીકે સુલતાનના રાજ્ય કારભારમાં વચ્ચે પડવાનો અધિકાર મેળવ્યો. અને તુર્કસ્તાને ડારડેનલ્સની વાટે આવતા બીજા રાજ્યોના વહાણો સામે અટકાવ નાંખ્યો.

ઈ. સ. ૧૮૪૮ માં રશિયાએ પોતાનાં બળવાખોરો જે તુર્કસ્તાનમાં ભરાઈ બેઠા હતા તેની સુલતાન કને માંગણી કરી, પણ સુલતાને તે આપવા ના પાડવાથી ઝાર કોન્સટન્ટીનોપલ ઉપર ચઢાઇ કરવા નિકળ્યો; પણ ઇંગ્લાંડે તુર્કસ્તાનને મદદ કીધી ને ઝારે લડાઇ કરવી માંડી વાળી

વળી બે વર્ષ રહી રશિયાએ સુલતાન સાથે લડાઇ કરવાનો નિશ્ચય કર્યો, ખ્રિસ્તીઓ સુખ સગવડ તથા જેરૂસલમના પવિત્ર સ્થળોની સભાળ રખાય એવી ખાત્રી માટે વેલેચીયા તથા મોલ્ડેવિયા પ્રાંતો માગ્યા. સુલતાને કેટલુંક કબુલ કરી કરાર કરવાની તૈયારી કરી, પણ રશિયા ૧૮૫૩ મા તા. ૫ મી અકટોબરે પ્રૂથ નદી ઓળગી આવી તુર્કસ્તાન સામી લડાઇ આપવાને જાહેરમા જણાવ્યુ એટલે અગ્રેજ તથા ફ્રેંચ એ બન્ને સાથે થઇ તુર્કસ્તાન તરફથી લડાઈ ચલાવી તેમા રૂશિયાએ સબાસ્તેપોલમા સખત હાર ખાધી જેથી સલાહ થઈ.

ઈ. સ. ૧૮૦૬ મા ઇંગ્લાંડ તથા રૂશિયા સાથે સુલતાનની ખટપટ જાગી તેમા ઇંગ્લાંડે અપાવેલા બે પ્રાંતો વેલેચીયા ને મોલ્ડેવિયા રૂશિયાએ કબ્જે કર્યા. અને અંગ્રેજ વહાણનો કાફલો કોન્સટન્ટીનોપલ ઉપર ધસી આવ્યો, પણ તુરતજ તેને ત્યાથી પાછો હાકી કાઢ્યો ૧૮૧૨ મા બુખારેસ્ટમા થયલા કરારની રૂએ રશિયા સાથની લડાઈ બધ પડી. ને સુલતાને રાજકારભાર મોટી શક્તિ અને રાજકિય બુદ્ધિથી ચલાવ્યો. જેથી તે મોટા શક્તિવંતરાજા ગણાયો. અને અરબસ્તાનમા વહાબીઓના બખેડા બેસાડી તેઓને હુકમ માનતા કરવાનું કામ ઈજીપ્તના નવાબ મહમદઅલીને સોપ્યુ.

ક્રિમિયાની લડાઇ ચાલી તેનો છેડો ૧૮૫૩ મા આવ્યો એ લડાઇમા ઓલ્ટેનિટઝા, કાલાફટ, સિલીસિટઝા અને કાર્સ એ ઠેકાણે તુર્કોએ મોટી બહાદુરી બતાવી અને તેણે પોતાના મુલકમાં કેટલોક વધારો કર્યો. અને રશિયા જ્યારે ત્યારે વચમા પડતું તે ન પડે તેવી રીતે બાંહે ધરી કરી આપી. વેલેચિયાને પોલ્ડેવિયા પાછા તુર્કસ્તાનના તાબામા રહ્યાં.

એ ઉપરાત તુર્ક સલતનત ઉપર વારવાર થતા રહેલા હુમલાઓ અસંખ્ય છે. તો જોવાનું એજ છે કે એક મતની અઢાર ટોપી ધરાવતા રાજ્યોની વચ્ચે તુર્ક જેવું એકલ દુકલ રાજ્ય ગમે એવી મુશ્કેલીઓ છતા પુર રોબદોબની સાથે ટકી રહેવા પામ્યુ છે એ તેની બહાદુરીનો અચુક પુરાવો લેખાવો જોઈએ.

ઉપલા થોડા ખુલાસા પછી ટર્કોનાં સંકટથી અજ્ઞાન અને ખોટા ખબરપત્રીઓનાં ભોગ થઈ પડેલાઓ ઘણીજ સારી રીતે સમજી શકશે કે યદા કદાચિત બહાદુર ટર્કોએ કોઈ જગ્યાએ માર ખાધો હોય તોએ તે દુશમન સામે ઉભા રહેનારા બહાદુરજ છે. કિંવા દુશમનનો પરાજય કર્યો હોય તોએ તેજ શુરા રણિયા છે તેથી તેને માટે યદ્વા તદ્વા બકવાદ કરનારા કેટલાક વર્તમાનપત્રો વિચાર સુન્ય લોકો અને સ્વાર્થી અંધોએ તેમ કરવા પહેલાં લડાઇના મેદાનમા કેમ અને શું થતુ હશે તેનો પ્રથમ અભ્યાસ કરવો જોઇએ તેમ કરવા માટે આવા સાધનો ખરેજ ભિન્ન ભિન્ન પ્રકારના તર્ક વિતર્કના નિર્ણય માટે ઉપયોગી થઈ પડવા જોઇએ. વળી એવી તકનો લાભ લઈ ખોટા સ્વાર્થને માર્ગે દોરવાઇ જનારા વર્તમાનપત્રો પોતે જનસમાજમા કેટલી બધી માટી અસર ઉત્પન્ન કરે છે તે તરફ તેનું લગારે લક્ષ ખેંચાતું હોય એમ હાલની તાર એજન્સીઓના તારોથી જણાતું નથી. અને તેનું નીકદન આ પુસ્તકમા કેટલાક અંગ્રેજ પત્રોના ખાસ અંગ્રેજ ખબરપત્રીઓએ નિહાળેલા લડાયક દેખાવાના હેવાલ સમાવવામાં આવ્યા છે તે ઉપરથી થઇ શકે એમ છે.

એવી એક મહાન ઈસલામી રાજ્યસત્તા ઉપરની ઉપલી પ્રદેશી આફ્તો ઉપરથી જોઇ શકયા છે કે તેના ઉપર ચાર પાચ રાજ્યોએ સંપ કરી હુમલો કર્યો ત્યારેજ તેને કેટલુક ખમવું પડયું હતું. બાકી ઓટોમન રાજસત્તા

પૃથવી પરની દરેક રાજ્યસત્તાને દાતમા આગળી પકડાવનાર બળવાન હતી એમ દરેકને કબુલવાની ફરજ તેની આગલી જાહોજલાલી પાડે તો તેમા આશ્ચર્યકારક કાંઈજ નથી. ઉપલા દ્રષ્ટાંતો અગ્યારમા સૈકાથી અઢારમા સૈકા સુધીનાજ છે. એટલે તે ઘણાજ જુના છે એમ સમજવામા આવે તો પણ સુલતાન સલાઉદ્દીનના સમયની લડાઈ, ટર્કી વિરૂદ્ધ રશિયન લડાઈ, ટર્કી વિરૂદ્ધ ગ્રિસ વિગ્રહ અને ટર્કી વિરૂદ્ધ ઇટાલી વિગ્રહના તાજા દાખલાઓ ઉપરથી પણ વાચક સહેજે જોઇ શકશે કે રણક્ષેત્રમા ટર્કો કદાપી પીઠ ફેરવનાર નહી પણ લડાઈના મેદાનની ખરેખરી ફરજ ભરપાઈ કરનારા ગાઝી મર્દો છે, એવા મહાન રાજ્ય ઉપર હાલના યુરોપે રાજકિય વાદળે ઘેરો કરી તેના કકડા બુકલા ભાગે પડતા વહેચી લેવાનો જે નિશ્ચય કર્યો છે. તેવા સમયમા તેની આગલી કારકિર્દીની યાદ આવા સાધનો મારફતે ઉત્સુક આલમને આપવી એજ લેખકોની ખાસ ફરજ છે અને તેના ઉદ્દેશ બીજો કાંઈજ નહી પણ ઈસલામ અને ઇસલામ ધર્મ ઉપર ઓટોમન રાજકર્તાઓએ કેવા કેવા ઉપકારો કરેલા છે તેનુ ભાન કરાવવા પુરતોજ હોવો જોઈએ અને તેવાજ નેક ઉદ્દેસે મારા અંગત મિત્ર **મી મુનશી**એ આ પરિશ્રમ ઉઠાવ્યો છે જે માટે ખરેજ ખુશી ઊપજાવનારી બીના લેખાવી જોઇએ કારણ કે ઇસલામી આલમ તેવા તારો ઉપર એકદમ ભરૂસો લાવી જેમ ગમે તેમ વિચારો બાંધે છે તેઓના મનનુ સંતોષકારક સમાધાન આ પુસ્તક ઘણીજ સહેલાઇથી કરવાને ફતેહમંદ થઈ શકે એમ વિના શકે કબુલવા જેવું છે

જોકે ઉરદુ ફારસી અને અરેબિક ભાષામા એવા સાધનોની કમી નથી પણ આ ગુર્જરેશ્વરી માટે તેની ભાષામા પુરની ગેરહાજરીને લીધે તે જોઈએ એવા ઉપયોગી નહી પડતા હોવાથી આ સાહસ ખરેજ આવકાર દાયક સમજુ છુ અને તેથીજ **મી. મુનશી**ને આવા એક કાની સેવા બજાવનાર કાર્ય માટે ધન્યવાદ સાથે તેમને અંતઃકરણથી ફતેહ ઇચ્છુ છું

તમારો વિશ્વાસુ.

નવસારી } **ઇબ્રાહીમ હુસેન** તે "નવસારી વકીલ"ના માલેક.

મારા તરફના બે બોલ.

આ "ટર્કોબાલ્કન લડાઇ" પુસ્તક કેટલીક પાશ્ચાત તાર એજન્સીઓના ખોટા રીપોર્ટથી મુખ્યત્વે કરી ઇસલામી આલમના મનપર ઉપજાવેલ માઠી અસરને કઇંક અંશે દુર કરી શકાય એ હેતુથી લડાઇના ખરાં રીપોર્ટો જાણવાની મને જીગ્નાસા થઇ. અને તેથી ખરી ખબરોનો સંગ્રહ કર્યો. જો કે સાહિત્યના મેદાનમા મારૂં આ પહેલું પગલું છે એટલે તેમાં કાંઇપણ હસ્તદોષ રહેવા પામે એ નિ:સંદેહ હોવા છતાં પણ ચાલુ લાડાઇનો ખરો ચિતાર જાહેર સમક્ષ એક પુસ્તકના આકારે પ્રગટ કરી રજુ કરવાના મારા ઉમંગને હુ કેમેકરી થોભાવી શક્યો નહી

આ પુસ્તક લખવામાં જો કે મને આયના રિપોર્ટોનો લ્હાવો મળ્યો છે, તો પણ તે મેળવી સંગ્રહ કરવામાં તેણે આ આખુ પુસ્તક લખવા જેટલો વખત લીધો છે. આવા ઉપયોગી પુસ્તકની પ્રસ્તાવના કોઇ જાણીતી કલમથી લખાય તો વધારે સારૂ એમ મને વિચાર થતા આ પુસ્તકનું અસલ લખાણુ તપાસવાનુ તથા તેની પ્રસ્તાવના અને સ્નેહ સમર્પણ લખવાનું કામ મારા એક અંગત મીત્ર અને નવસારી પ્રીન્ટીંગ અને રૂલીંગ પ્રેસના માલેક તથા નવસારી વકીલ પત્રના એડીટર મી૦ ઇબ્રાહીમ હુસેનને સોપ્યુ. જે તેઓએ પોતાની અહોળી રોકાણ છતાં મોટી ખુશીથી આ પુસ્તકનુ લખાણુ તપાસી તથા તેની પ્રસ્તાવના તથા સ્નેહસમર્પણ લખી આપી છે જે માટે હુ તેમનો આ તકે ઉપકાર માનુછુ. આ પછી મારે માટે લખવાનુ કાંઇપણ રહ્યું

હોય એમ મને લાગતુ નથી છતા મારા તરફથી બે બોલ લખવાની જરૂર વીચારૂ છુ.

આ પુસ્તક પ્રગટ કરી જાહેરમા મુકવા પહેલાં મને એટલો બધો ઉમગ આવ્યો કે તુર્કી સીપેહસાલારો (મરહૂમ) **નાઝીમપાશા** અને **અબ્દુલ્લાપાશા** તથા **મારશલ શાકતપાશા, અલીરિઝા પાશા** તથા **શુકરીપાશા**ના ફોટા બ્લોક કરાવી મંગાવવાનો ઓર્ડર પણ મુબઇ ખાતે રવાના કરી દીધો પરતુ તે મારી બેહદ નાસીપાસી વચ્ચે માત્ર બેજ સીપે-સાલારો **નાઝીમપાશા** અને **અબ્દુલ્લાપાશા**ના બ્લોક તયાર થઇ શકયા અને આ પુસ્તકનુ કામ પુરૂ થયુ. એટલે બીજા યોદ્ધાઓના ફોટા આ પુસ્તકમા આપવાનુ બની શકયુ નથી. હુ આશા રખુ છું કે આ પુસ્તકની વાંચકમાં મનમાનતી કદર થશે તો ફરી ચાલુ થયલી લડાઇનો બીજો ભાગ પ્રગટ કરવામા આવશે અને ત્યારે બીજા યોદ્ધાઓના ફોટા આપવાને હુ બનતું કરીશ

છેવટે મારો પ્રથમ સાહસ હોવાથી તેમા રહેલ હસ્તદોષ અને ખામી બદલ ક્ષમા ચાહુ છુ. અને બીજા ભાગ પહેલાં આ પુસ્તકના સુધારણા અર્થો કાંઇ પણ સુચના આશ્રયદાતાઓ તરફથી થતી રહેશે તો તે તરફ જરૂર લક્ષ આપવાને બનતુ કરીશ. તે પછી આ પુસ્તકને પ્રથમ આશ્રય આપનારા ગૃહસ્થો અને આ કામે મને પુરતી સલાહની મદદ કરી મારા ઉમગને ઉત્તેજીત કરનારા મારા ઉપયા મીત્રનો ફરી એકવાર ઉપકાર માનુ છુ

હુ છુ.

ડીપો સામે નવસારી } **મુન્શી મુસ્તુફા સૈયદઅલી.**

૭૮૬

અનુક્રમણિકા.

૭૮૬

ટર્કો બાલ્કન લડાઇ

ભાગ પહેલો.

પ્રકરણ--૧લું.

વિરત્વનો નમુનો.

ખાસાને ખુદા રંજો અલમ સેહતે હુંય
હર હાલમેં રાજી બ રજા રેહતે હુંય
હાતી હય પરખ ખુબ ખરે ખોટેકી
માલાકી કસૌટીકો અજલ કેહતે હુય.

તમામ દુનિયાનું લક્ષ્યબિંદુ થઇ પડેલ આ અદ્દના નોવેલ ઇ. સ. ૧૯૧૨ના અકટોબર માસની અધવચના ઇતિહાસિક દુનિયામાં મહાન ઉથલ પાથલ કરનારા દિવસથી શરૂ થાય છે. હમો તે ભૂમી માટે લખવા ઇચ્છીએ છીએ, જે યુરોપના ક્રુર વાદળ સપીલા રાજ્યો વચ્ચે આજ સુધી શૂરવિરતા અને બહાદુરી સાથ ટકી રહી છે, જે ટર્કીની પ્રખ્યાત ભુમી છે તેણે એકવાર તરવારના બળે સમગ્ર યુરોપને ખખ-ડાવી રાજ્ય મેળવી પોતાનો સિક્કો જમાવ્યો હતો. એમા તો કશો

પણ સંદેહ નથી કે ઇસ્લામની જીન્દગીના સમયમાં (એટલે આસરે સાડીતેસો વર્ષમાં) તેની ઉપર નરમી તથા ગરમી બન્ને એક સરખી રીતે ચાલી આવી છે. પરંતુ ઇમામના નૂર અને ઇસલામના પ્રકાશે જે મહાન તાકત મુસલમાનોને બક્ષીસમાં આપી છે તેના પ્રતાપે, અરબસ્તાન, સિરિયા, દમાસ્કસ, રોમ, ઇજીપ્ત, કોન્સટનટીનોપલ, સ્પેન, હિંદુસ્થાન અને ચીન વીગેરે દુનિયાના બીજા ભાગોમાં આ સુલેહ અને શાન્તીને ચાહનારા અમનો અમાનનાં પ્રેમી રાજ્યે પોતાનો બળવાન સિક્કો જમાવી દીધો ઇસલામની જબરદસ્ત ઇશ્વરી વિજળીએ પાપ, પરીતાપ અને પ્રપંચના વિશાળ ક્ષેત્રમાં અગ્નિ સળગાવી દીધી. જેને શત્રુઓની એક સંપીનું ગ્યાસ અથવા એકત્ર ઉશ્કેરણીનું વિજળીક પાવર કશુ પણ નુકશાન પહોંચાડી શકયુ નહીં કારણકે ઇસલામની હસ્તી, શારીરિક અથવા ક્લિસોરીથી ભરેલી નથી, પરંતુ એ એક આત્મિક અને દરેક સમય માટે કાયમ રહેનારી હસ્તી છે. જેને કોઇ પણ ચીજ નુકસાન પહોંચાડી શકતી નથી ઇસલામનો સિક્કો જમાવવામાં ટર્કોને વધારે હિસ્સો મળેલો હોવો જોઇએ, જેથી આ કાર્યને તેઓજ અની વિરત્વતા સાથ છેવટ ઉપર લાવી શકયા

ઇસલામી તવારીખ ઉપર નજર કરીશું તો ઘણાએક દાખલાઓ જોવામાં આવશે કે હાલના જેવી મુશ્કેલીઓ તેની ઉપર કોઇ પણ કાળે આવવા પામી ન હતી, આ કંઈ ફકત ડરનો સવાલ નથી, પરંતુ મૌત અને જીંદગીનો સવાલ છે. કેમકે આગલા મામલાઓ આટલી બધી ગંભીરતા ઉપજાવતા ન હતા, જેમકે ક્રુઝેડની લડાઈ પછી ઇસલામ ઉપર સર્વથી મોટો ભય, બગદાદની ખીલાફતનો ખટપટી વખત હતો તાતારીઓની તોફાની રેલે પાંનસો વરસની અબ્બાસી સલતનતની બત્તી બુઝાવી દીધી હતી, અને ઇરાન, તુર્કસ્તાન તથા ખ્વારઝમના મુસલમાનોને પણ પોતાના મોજાઓમાં ખેંચી લઇ ગઇ હતી. એ સર્વે આફત જો કે ટળી, પરતુ તે સમયે એ વાતો એવી પણ હતી કે ઇસલામના પાકદામન ઉપર ધબ્બો લગાડવાની નીચ

યુક્તિ ચાલી રહી હતી. પરંતુ તેમા કુદરતે ટર્કોનીજ પાશબાની કરેલી જણાઇ કેમકે આ વખતે ઇસ્લામ દરેક તરફથી સંભાળપુર્વક રહ્યો, અને તેણે પોતાની મનહરણ અસર એવી તો લોહચુંબકરૂપે નાંખી કે જેઓએ એને નાબુદ કરવા પ્રતિજ્ઞા લીધી હતી તેઓને પણ પોતાના પ્રેમી બનાવી લીધા.

બીજી બીના ડર ન રખાય તેવી તે સમયમાં એ હતી કે, ખુદાની મહેરબાનીથી દુન્યામાં ચારે તરફ મુસલમાનોની જબરદસ્ત સલતનતો હયાત હતી; એટલુજ નહિં પણ પુરેપુરી મજબુત હતી, તેમા વિજયની નિશાનો પણ જોવામાં આવતી હતી. હિંદુસ્તાનમાં તે સમય **ગ્યાસુદીન બલબન** રાજ્ય કરતો હતો, જેની હુશિયારી તેમજ અકલમંદીની છાપ હલાકુના હૃદયમા જામેલી હતી. પછી ઇજીપ્તમાં ગુલામોના રાજ્યની શરૂઆત એ સર્વથી ઇસલામમાં યુવાવસ્થા પ્રવેશ થઇ ચુકી હતી. ગ્રેનડાના કસરૂલ હમરા (રાજ્યમહેલ) ઉપર ઈસલામનો માહતાબ પોતાના પુરા પ્રકાશ સાથે ચલકી રહ્યો હતો. **સલજુકી** તુર્કમાનોમા હજુ જાન બાકી હતો, અને એનાજ પ્રતાપે બગદાદ પછી પચાસ વરસથી પણ કમ સમયમા **ગાઝી ઉસમાને બરૂસામાં** એક બીજી સલતનતનો પાયો જમાવ્યો, અને જેને **સલીમ યાવઝના** જબરદસ્ત હાથો અંતે ફતેહમંદી સાથે લાવી શકયા. આ ભયના ટળી જવા પછી **સ્પેનની** ફતેહ તેમજ તુર્કસ્તાનની ફતેહમાં કોઇ પણ એવી બીના નથી કે તેને ડર કેહવામાં આવે, જો કે સ્પેનથી મુસલમાનોને ખરાબ રીતે કાઢી મુકવામા આવ્યા, પરંતુ આફ્રિકાની બરબરી રિયાસતોએ સદીઓ સુધી જે કંઇ યુરોપથી અને ખાસ કરી સ્પેનથી બદલો લીધો, તે ખરેજ સ્પેનીશોને જીંદગી પ્રયંત યાદ રહે તેવો હતો, અને તે જાણીતાઓથી છુપો નથી.

એની પછી કોઇ પણ એવો ભય આવ્યો નથી, કે : જે વર્ણવા-લાયક હોય. આ આગલી બીકોનો આજકાલની હાલત સાથ મુકાબલો કરીશું, તો સાફ જણાશે કે આ સમયે ઇસ્લામી દુન્યામાં કોઇ હિસ્સો, કોઈ ખૂણો, એવો નથી કે જ્યાંથી ઉમેદની રોશની પોતાની ઝલક બતાવી શકે. મુસલમાનો આ સમયે આફતોમાં ઘેરાયલા લાચાર છે, અને દુન્યાના દરેક દેશોમાં ખરાબ થઇ રહ્યા છે. રશિયામાં તેમની સ્કુલો સરકારી પહેરા હેઠળ રાખવામા આવે છે. ટયુનિસમાં તેમને હજની ફરજ અદા કરવાની પણ રજા મલતી નથી અલજીર્યામાં તેમની વકફ જમીનો ઉપર પણ ફ્રાન્સીસીઓનો કબજો છે. અને ફ્રાન્સે* મોરક્કોની સ્વતંત્રતાના ગળા ઉપર છુરી ચલાવી દીધી છે. જ્યાં તેમની વાયઝ ઉપર પણ પોલીસ પહેરો રાખવામાં આવે છે. ઇરાનની જે ગતી બનાવવામાં આવી છે તેથી હાલે કોઇ અંજાણ નથી. ખ્રિસ્તી તલવારની ધારથી ત્યાંના શહીદોના લોહીના ટીપાં પડે છે. ટ્રીપોલીમા એક મસીદ ઉપર ક્રોસ ચઢાવવામાં આવ્યો છે, અને ત્યાંના કતલ થયલા નિર્દોષો અને યતીમોની રડારોડ ત્યાંના ઉજડમાં સંભળાય છે. બાલકનમાં તેમના બે ગુનાહ સ્ત્રી બચ્ચાંઓને બકરાંની પેઠે રેંહસી નાંખવામાં આવ્યા છે. ત્યાંની વિધવાઓનો વિલાપ મેદાનમાં ગાજી રહ્યો છે. હવે રહ્યું કોણ? એક કાબુલ ! પણ તે વગરખપનું; અને બીજું ટર્કી ! તે તો આજ ચારો બાજુથી ગીરફતાર છે. તેને યુરો-

* મોરક્કો અને ટ્રીપોલીની માછલીઓ ઉપર ફ્રાન્સીસો અને ઈટાલી બગલા ભગતોની કંઈ મુદ્દતથી નજર હતી, અને તેઓ હિંમત અને બહાદુરી કરી તેને ગળી પણ ગયા હતા. પરંતું તે માછલીઓના કાંટા કંઇક મજબુત અને અણીદાર હોવાથી તેમના ગળામાં ફંસી લોહીલુહાણ કરી દીધા.

પથી હાંકી કાઢવા યુરોપવાશીઓ પોતાના પગથી માથા સૂધીની તાકતનો ઉપયોગ કરી રહ્યા છે, અને દાંત કચકચાવી હાથ ધોઇ બેસી રહેલા છે કે ક્યારે એ યુરોપથી ન્હાસી એશિયા માઇનોરમાં જઇ ભરાય. પરંતું આ યાદ રાખવું કે ટર્કોને યુરોપથી મટાડનારાઓ પણ આખરે મટી જશે. આજકાલ વગર બહાનાના બહાના કાઢી લડાઇ ઉઠાવવામાં જે રીતે યુરોપ આગળ પડયું છે, તે સર્વે કોઇને પ્રત્યક્ષ થઇ ચુકયું છે. અને તેમા મુખ્ય તત્વ કયું સમાયલુ છે તે પણ દુન્યા સારી પેઠે જાણી ચુકી છે.

ટર્કી ઉપર એવી મુસીબતો પહેલા પણ ઘણી ખરી વખત પડી હતી, આ બનાવને તો એક સો વરસ પણ પૂરા ન થયાં હશે કે, એક બાજુ આખો યુરોપ તેના મુકાબલામાં, અને બીજી બાજુએ ત્યાં ઘેરની અંદર એટલે **અપાઇરસ** (ટાપુ)માં એક પાશાએ મોટો બળવો ઉઠાવી તોફાન કર્યુ, અને રાજ્યને જડથી ઉખાડી નાંખવા માટે જાહેરમાં કશી રીતની કસર બાકી ન રાખી. પરંતુ ટર્કી આજ સૂધી કાયમ છે, અને તે પાશાનું નામ પણ રહ્યું નહિં. એનાથી કંઇક વર્ષો આગળ મહાન **નેપોલીઅને** ઇજીપ્ત અને **સિરિયા**પર કબજો કરી લીધો હતો પરંતુ તેબી આખરે કેદમાં જઇ ઘણીજ દયામણી રીતે મરણ પામ્યો અને આ બન્ને જગ્યાઓ ઉપર બરાબર ઉસમાની વાવટો ઉડી રહ્યો છે. એજ ચક્કરમાં ત્રીજું મહા દુખદાયક પ્રકરણ ઉપસ્થિત થયું, અને તે એક ઇજીપ્તના ગવર્નર **મહમદઅલીપાશા**એ માથું ઉઠાવ્યું હતું. તે વેળા એક બાજુએ રશિયન લશ્કર બોસફરસ નદિના કિનારા ઉપર એકઠું થયું ત્યારે બીજી બાજુ મહમદઅલીનુ ઇજીપ્શીઅન લશ્કર **કિનાન** અને **સિરિયા** સૂધીજ નહિં પરંતું એશિયા માઇનોરથી પણ

ટર્કોને એક પછી એક એમ લગાતાર પરાજ્ય આપી **કોન્સટન્ટીનોપલથી** થોડાજ માઇલના ફાસલા ઉપર **બરૂસાની** પાસે પહોંચી ગયું. એટલું છતાં પણ મહમદઅલીને આખરે ટર્કોનાજ દોસ્તોમાં ઉતરવું પડયું. અને ટર્કોએ કંઇ મુદત પછી **રૂમાનિયા** અને **ક્રિમિયા** ફતેહ કરી દુન્યામાં પોતાની શુરવિરતા અને વિરત્વનો સિક્કો બેસાડી દીધો.

હાલમાં ટર્કો તેજ જુસ્સો બતલાવવા લાગ્યા છે, કે જે તેઓએ આગાઉ તેમજ સને ૧૮૫૪–૫૫ માં **સલસટ્રીયા** અને **ક્રોસની** લડાઇમાં બતલાવ્યો હતો, અને સને ૧૮૭૭ ના **પીલુના** તેમજ રોમના બડાયક કાર્યોની વિખ્યાતીથી દુન્યા ગજાવી હતી.

હાલમાં જ્યારે ચોતરફથી, એટલે બલગેરિયા, સરવિયા, મોન્ટિનીગ્રો અને ગ્રીકે લડાઇ જાહેર કરવાની તૈયારી કીધી અને છુપી રીતે એઓ તરફથી લશ્કર સરહદો ઉપર ઉતારવામાં આવ્યું, ત્યારે **બાબેઆલી**ની જાણીતી જગ્યાએ તમામ યુરોપને એ બીના જાહેર કરી, યુરોપે સુલતાન સુલેહના ભરોસામાં રાખી જણાવ્યુ કે લડાઇ કદી પણ ઉઠાવવામાં આવશે નહિં, પરંતુ જ્યારે મામલો બેદપ નજરે પડયો ત્યારે **બાબેઆલી**એ શુક્રવાર તારીખ ૪ અક્ટોબર ૧૯૧૨ ના દિવસે યુરોપના રાજ્યો ઉપર નીચલો પત્ર મોકલ્યો.

“ જ્યારે **બાબેઆલી**એ આ બીનાને સાંભળી કે યુરોપના મોટા રાજ્યના મજબુત અટકાવથી પણ બાલકન રાજ્યના રવાં વટીક હાલતા નથી, ત્યારે **બાબેઆલીનો** એવો વિચાર છે કે આ રાજ્યોના લાગતા વળગતાનો જુસ્સો તેજ દિવસે ઠંડો પડશે કે જ્યારે યુરોપી રાજ્યો તોપ અને ગોળીથી એમને સમજાવા દે. ઉસમાની રૈયત અને ફોજ વર્ષોવર્ષની આવી ઉશ્કેરણીભરી ફીસાદી શરારતોથી કંટાળી ગઇ છે.

તેથી બાલકન રાજ્યોની લડાયક પહેલને તેઓએ અંતઃકરણપુર્વક કબુલી છે. અગર તરતજ યુરોપી રાજ્યો બાલકન વાળાઓને તલવારથી સમજાવવામાં સામેલ કરે તો મામલો ગંભીરરૂપ પકડશે. અને બીજાં રાજ્યોના વચમાં પડવા પહેલાંજ ટર્કીની ફૌજો તેનું અભીમાન તોડતી નજરે પડશે. માટે ટર્કી મોટા રાજ્યને અપીલ કરે છે, કે આ બાબતને દબાવવા તેઓએ તરતજ કામ લેવું."

પરંતુ આખરે બાલકન રાજ્યોએઃ તારીખ ૧૭ અક્ટોબર ૧૯૧૨ ના દિવસે **એલટીમેટમ** આપ્યુ કે, "**મેસિડોનિયાને** સ્વતંત્ર કરો નહિં તો લડાઇ જાહેર કરવામાં આવશે."

બોસેનિયા, હરઝિગોનિયા તથા બલગેરિયા એ સર્વે એક પછી એક એમ ટર્કોના કબજેથી નીકળી ગયા, પરંતુ યુરોપના હીરસની અંગાર વધુ અને વધુ ભડકતી ગઇ. ટર્કોએ દરેક ચાલતી રીતથી કોશેશ કીધી કે, એ આગ કોઇને કોઇ રીતે બુઝાઈ જાય. પરંતુ એજ રાજ્યોએ કે જે આગળ એનાજ હાથ નીચે હતાં, તેઓએ પોતાની સંપીલી ફૌજથી તેના ઉપર ચારે બાજુથી હલ્લો કરી દીધો. ત્યારેજ ટર્કોને માલમ પડયું કે યુરોપની હીરસની અંગાર જો બુઝાવી શકાય તો તે લોહીના જબરદસ્ત છાંટાથીજ બુઝાવી શકાય. છેવટે એ વિચારે લાચારીથી ટર્કોએ વગર તૈયારીએ લડાઇ જાહેર કીધી. ચારે રાજ્યો કે જેઓ લડાઇમાં એકદમ ઉતરી પડયાં તેમાં એક ગ્રીક છે, જે ટર્કોને યુરોપથી કાઢવા અને **અબાસુફિયા** મસીદમાં કોઇ ગ્રીકના માથા ઉપર શહેનશાહી તાજ રાખવા ચાહે છે. જેણે સને ૧૮૯૭ માં ટર્કી વિરૂદ્ધ ગ્રીક વિગ્રહમાં એજ ટર્કોના હાથે સારો સવાદ ચાખ્યો હતો. બલગેરિયા **મેસિડોનિયા** હજમ કરવા ઇચ્છા ધરાવે છે, જેની હદો

એવી રીતે ગોઠવવા ધારે છે કે **રોઢાપના** પર્વોતોનો આખો દક્ષિણ તરફનો ઈલાકો ઇજીયન સમુદ્ર સૂધી કે જેમાં **ડેડાગાજ** અને **સાલુનિકાના** બંદરો પણ સામેલ છે, તે અને **મેસિડોનિયાની** પશ્ચિમ બાજુની હદ **વારદાર** નદિથી લઇ પુર્વની **મેસ્ટઆ** નદિ સૂધી થાય. સરવિયાને ઉમેદ છે કે **અસકોપ** દેશના દક્ષિણ બાજુની હદ અમારા કબજામાં આવવાથી આસ્ટ્રિયા તકરાર લેશે નહિં, કે જે હિસ્સાને સરવિયા પોતાના પગનું નામ આપે છે. મોન્ટીનીગ્રો આ રાજ્યો પાસેથી **સ્કુટરી** તેમજ **માલીસોરીની** બક્ષેશ ચાહે છે. ગ્રીક **અપાઇરસ** ટાપુ અને **ઈજીયન સમુદ્ર** પોતે ખાઇ જવા ઇચ્છે છે. અને તેમ છતાં આ સમયે ચારો રાજ્યો એવુ પરમાર્થી ડોલ દેખાડે છે કે, હમોએ **મેસિડોનિયાને** સ્વતંત્ર કરાવાને માટે લડાઇ ઉઠાવી છે ! યુરોપી પ્રપચી જાળથી જાણીતી દુન્યા આગળ આ કેવી શોખાઇ !

ટર્કીએ જો કે પોતાની આબરૂ બચાવવા માટે તારીખ ૧૭ મી અકટોબર ૧૯૧૨ ના દિવસે લડાઇ જાહેર કીધી, પરંતુ આ ખુલ્લુ છે કે તેનું લશ્કર એ તારીખે એકઠું થઇ શક્યુ નહતું. અને આજુબાજુના લશ્કરને **મુસ્તફાપાશા** તરફ કુચ કરવાને એ માટે હુકમ કરવામાં આવ્યો કે, બલગેરિયનોના આગળ વધવામાં ઢીલ પડી જાય. પરંતુ દુશ્મનોએ તો પહેલાથીજ તૈયારી કરી રાખી હતી, અને તારીખ ૧૮ અકટોબરે તો તેઓ સરહદને પણ ઓળંગી આવી ઇસ્ટન રૂમેલિયાના મુસલમાનોને રેંહસી નાંખ્યા હતા. અને **મુસ્તફ-પાશા** ટર્કીશ રેલ્વેના છેલ્લા સ્ટેશન ઉપર કે બલગેરિયાની સરહદ ઉપર છે, ત્યાં ટર્કીશ લશ્કર થોડું હોવાથી તેમને મારી ત્યા બલગેરિયનોએ કબજો મેળવી લીધો હતો.

ટર્કોની બહાદુરી જગજાહેર છે, કે જેના ડંકા તમામ દુન્યામાં વાગી રહ્યા છે. તેજ બહાદુરી આ લડાઇમાં પણ દેખાડવામાં આવી છે. જ્યારે ટર્કો **મુસ્તફાપાશા** છોડી **એડ્રીઆનોપલની** સડક તરફ ફર્યા અને રસ્તામાં **મેરેટઝા** નદિ ઉપર પહોંચ્યા, જ્યાંનો પુલ જોઇ તેને ઉડાવી મુકવાનો વિચાર કર્યો. તેઓમાંનો એક બોલ્યો, "કોણ એવો શુરવિર છે ? જે આ પુલને ડાયનામેટથી ઉડાવી મુકે ! કે જેથી બલગેરિયનો એના ઉપરથી સહેલાઇ સાથે પસાર ન થઈ શકે."

આ સાંભળતાંજ એક ઓફિસર કે જે **મુસ્તફાપાશાનો** લેફ્ટનટ હતો, અને આ મુકામનો સિવિલ હકામ પણ હતો, તેણે આગળ આવી કહ્યું કે, "ઉસમાની ફૌજ પુલ ઉપરથી સાહી સલામતી સાથે પસાર થઈ જાય તો હું પોતે આ શિર આપવાના કાર્યને અંજામ ઉપર લાવીશ."

આ સાંભળી સર્વે કોઇ જલદી જલદી પુલ ઉપરથી પસાર થઇ ગયા. અને મજકુર લેફ્ટનંટે પુલ ઉપર ડાયનામેટના ગોળાઓ મુકવા શરૂ કરી દીધા, પણ તે અર્ધા પુલ સૂધી પહોંચ્યો ન હશે, તેટલાં તો બલગેરિયન લશ્કર આવતું નજરે પડયુ તેજ સમયે તે લેફ્ટનટ બોલી ઉઠયો કે હુ જ્યાં સૂધી પુલની પેલી પાર જઇશ ત્યાં સૂધીમાં તો દુશ્મનો આવી પહોંચશે, અને પુલનું ઉડાવવું મુશ્કેલ થઇ પડશે. ત્યારે મારી જીંદગી શા ખપની છે ? એ જીંદગીથી મુલક અને ઇસલામી ભાઇઓને જે લાભ આપી શકાય તે ખરો. એ તો શું ? અગર એવા લાખ કાર્યો હોય અને મારા લાખ જીવ હોય તો દરેકને એવા ખેરખવાહીના કાર્યો ઉપર કુરબાન કરવાને હુ મગરૂર થઇશ."

પછી તે લેફ્ટનંટે ગોળાઓમાં આગ સળગાવી દીધી અને એક ધડાકા સાથે પુલની સહીત તે પોતે પણ ઉડી જઈ દેશ તથા દીન ઉપર કુરબાન થયો ! આફરીન એ દેશ માટે જાન અર્પણ કરનાર હિંમતવાન ગાઝીને !

દેતે હૈં સરદાર સર તાજે સરે સરદાર પર,
જીસ તરહ મનસુર ખુદ સર દે દીયા સરદાર પર.

પ્રકરણ ૨ જું.

જે વાતની બીક હતી તે આગળ આવી !

હુવાહય ઇમાં જાહાંસે રૂખસત ઉઠા હય ઇન્સાફકા જનાજા
જહાંમે છા જાએગા અંધેરા, ર્‌હી જો યુરોપકી રોશની હય.

(જમીંદાર)

આજે યુરોપનો ડાબીક ડોળ પુર બહારમાં ખીલ્યો છે. તે કઇ તરફ વલણ લે તે હવે તો ભવિષ્ય અને ભાવિ ઉપર અટકયું છે. કેમ કે અત્યારે તો પુર્વની નજરમાં ભયાનક દેખાવ, અંતરમાં થરથરી અને કાનેન્દ્રીય ઉપર બસ તોપોના ધડાકા ! બંદુકોના અવાજ ! તલવારોનો ઝણુકાર ! ભાલાઓની ચમક ! ક્રોસના ઝુંડાઓ ! ચારે બાજુથી મુકાબલો ! જોતાં બોલાઇ જતું હતું કે "શું આ વધારો, આ ભીડ, આ હલ્લો, અને ચારે બાજુથી ઘેરો ! કયામત ! કયામત ! મહેશર ! મહેશર ! અમાન ! અમાન ! એ શુ છે ? શું ઇસલામના દુશ્મનો ક્રોસ હાથમાં લઈ ચંદ્રમાં પર ધસી આવ્યા છે ? શું બાલકનની જમીન ના મેરી (મરયમ) ને પુજનારાઓ એક ખુદાને માંનનારાઓની છાવણીઓ ઉપર ચઢી આવ્યા છે ? શું ખોટા એ ખરી અને ઇન્સાફી વલણ ઉપર હલ્લો કરી દીધો છે ? "શું આ ખરી ફેસલાનો એજ દિવસ છે ?" શું આજેજ ફેસલાની ઘડી

પસાર થાય છે? શુ આજેજ જુઠ અને સચ્ચાઇનો ખુલાસો થનાર છે? ઓ! શુ ઇસલામની તલવાર મ્યાનથી બહાર નીકળી પડશે? શુ આજે ભાલાઓને શીકલ કરાવામાં આવશે? ઓ! આ મિનારાઓથી કેવા અવાજો ઉઠી રહ્યા છે! તખ્તો ઉપર કયા હુકમો લાગુ પાડવામાં આવી રહ્યા છે! ઓ! મેહરાબો ગાજી રહી છે. ખાનકાઓમાં ચીચયારીઓ પડી રહી છે, મજલીસોમાં અવાજ પડી રહ્યો છે, કે જહાદ વાળાઓ! જહાદ વાળાઓ! "ખુદાના રસ્તામાં જાન અને માલથી જહાદ કરો!" અરેરે! એ કેવો મામલો છે! ઇસલામી મહેલ કંપી ઉઠયો છે! બાદશાહી મહેલમા ધરતીકંપ આવી રહ્યો છે! મદીનાનો લીલો ગુંબજ, આહ! તે પાક ગુંબજ! તે પવિત્ર અને શ્રેષ્ટ ગુંબજ! જે હમારી ઉમેદો અને ઇચ્છાઓનો પોઇંટ છે, તે પણ શુ આજે ગાજી ઉઠશે? શું તેની દીવાલો પણ ધ્રુજી જશે! શુ તેના સુવાવાળાઓ પણ કબ્રામાંથી ચીસો પાડી ઉઠશે! ખુદા એ શો બનાવ છે! મારૂ બદન કેમ કંપે છે! મારૂં અંતઃકરણ કેમ વેહરાઇ જાય છે! હૃદય કેમ બેચેન થઇ રહ્યુ છે! ખેંચાણનો એટલો બધો પાવર કેમ આવી પડયો છે! વિચારોમાં કેમ જુસ્સો પ્રગટી રહ્યો છે! ખુદા શુ વખત આવી પહોચ્યો છે, કે અમો તારા રસ્તામાં ઉભા થઇ જઇએ! શુ તારા પ્યારાના દુશ્મનોએ તારા નાનીનું નામ મટાડવાને તલવારો ઉચકી લીધી છે! શું તેના ગોળાઓ ઇસલામી સરહદમા ઘુસી આવશે? શું તેના કદમો ખુદાની એકત્રતાને માનનારાઓની જમીનને પાયમાલ કરવા ઉઠી ચુકયા છે! ઓ! શું તેમની તલવારો એજ માટે મ્યાનથી નીકળી છે કે, ઇસલામના બચ્ચાંઓનુ લોહી પીએ! તેમની બંદુકોના ઘોડાઓ એને માટે ચઢાવવામાં આ-

વ્યા છે કે કલમો પઢનારાઓની છાતીની હાડકી તોડી નાખવામાં આવે ! તેમની તોપોના મોંઢા શું એ માટે ખોલવામાં આવ્યા છે કે રાજમહેલની દીવાલોને જમીન ઉપર ઢગલા મીસાલે કરી દે ! ઓ ! શું તે ઇસલામને મટાડવા માટે આવ્યો છે ! ખુદા શું એવુજ થશે ! શું મારી આંખો જોઈ શકશે કે અયાસુફિયા મસીદ ઉપર જે તારી પવિત્ર ઇબાદતની જગ્યા છે, ત્યાં ત્રણ ખુદાનો અપવિત્ર ઝુંડો ઉડાવવામાં આવશે ! શું આ મિનારાઓ ઉપર કે જ્યાંથી અલ્લાહો અકબરના સુરીલા અવાજો આવતા હતા, ત્યા હવે ક્રોસ પુજનના ઘંટા વાગશે ! શું આ મિમબરો ઉપર હવે તારી તારીફ તથા તૌસીફની જગ્યાએ ત્રણ ખુદાનો ખુદઓ પઢાશે ! અને શુ આ મસીદોની મેહરાબો હવે ખ્રિસ્તીઓની ગાયનોથી ગાજશે ! નહિ ! અરે નહિ ! "હાય ! તે સમય આવવા પહેલાંજ મારૂ મૌત આવે !" આ હુ જોઇ શકતો નથી, તેમજ જોવાને માટે જીવતો રહી શકતો નથી ! ઓ ! અબુલ આસીમ શુ તું ઇસલામના લોહીથી ઉછર્યો નથી ! શુ તારી રગોમા શુરવિર આરબોનુ લોહી દોડતું ફરતું નથી ? પછી કેમ તારી શરમ જોશમાં આવતી નથી. ઓ વિચારો ગોઠવનાર મુસલમાન ! ઉઠ ! અને તારી તલવાર સંભાળ ! જો દુશ્મનોના ઘોડાઓ સરહદોને ઓળંગી કરકકિલીસેહ તરફ વધવા લાગ્યા છે ! જો તેની લગામો એડ્રીઆનોપલ તરફ ફેરવવામાં આવી છે ! અને તેઓએ પોતાની આંખો કોન્સટન્ટીનોપલની ભવ્ય મસીદો તરફ લગાવી દીધી છે ! ઓ અબુલ આસીમ ! તુ કયા સમયની વાટ જોતો બેઠો છે ? છોડ ! આ બાલ બચ્ચાઓનો વિચાર છોડી દે ! શુ થયુ જો એ નહાના છે ! એઓ યતીમ પણ થઈ જશે તો શુ થયુ ! શું દુન્યાભરના

મુસલમાનો એમને સંભાળવાને થોડાં છે ! શું તારા બચ્ચાંઓ તેમને પોતાના બચ્ચાંઓ પ્રમાણે વહાલા નહિં હશે ! પછી શું એમને માટે કેમ વિચાર કરે છે ! ઉઠ ! અને લડાયક મેદાનની તૈયારી કર ! જો પરિક્ષાનો સમય માથા ઉપર આવી ઉભો છે, અને વફાદારીની શરત પુરી થનાર છે. આજે ખુદાના રસ્તામાં કુરબાન થવાનો દિવસ છે ! ઉઠ ! ઉઠ ! અને આ ફરજને પુર્ણ કરવા માટે તૈયાર થઈ જા ! જો તને બોલાવવાના અવાજો આવી રહ્યા છે ! ઉઠ ! "અને આવુછુ, આવુંછુ" કહેતો હાજર થઈ જા !"

એક સાધારણ વયનો, તુર્કીના **હમીદીઆ** ગામડામાં એક ગરીબ તુર્ક પોતાના દિવાનખાનામાં લડાઈના મેદાનમાં જવાની તૈયારી કરતો ઉપલાં વેણો ઉચ્ચારે છે, તેની આગળ બે બચ્ચાં દોડતા આવ્યાં, બાપને જોતાંજ વહાલથી ભેટી પડી, ન્હાના છોકરાએ અતિ ભોળા અવાજે કહેવાનું શરૂ કીધું "બાવાજાન આજે તમો કઇ તૈયારીમા પડેલા છો ?" છોકરાની બહેન કે જે તેથી ફક્ત બે વર્ષ મોટી છે તેણે રસીલા અવાજે કહ્યું "હાં વ્હાલા પિતા, આજે તો તમો ક્યાંએ જવાની તૈયારીમાં પડેલાં દેખાવ છો ?"

પિતાએ બન્ને નહાના બચ્ચાંઓને વ્હાલથી જોઇ આંખોમાં અશ્રુ ભરી લાવી કહ્યું "હા બેટા આસિમ અને બેટી શમિસા હુ એક ખાસ કામ માટે જાઉંછું."

"પિતાજી હમને નથી બતાવતા, કે તે ખાસ કાર્ય શું છે ?"

"હાય ! બચ્ચાં ! તમો પુછીને શું કરશો ? હું ખુદાના કામ માટે જાઉં છુ."

શમિસા જલ્દીથી બોલી ઉઠી "વ્હાલા પિતા ખુદાનું તે શું કાર્ય હશે ?"

આસિમ વાતને કાપી બોલ્યો, "પિતાજી પાછા કયારે ફરશો ?"

પિતા આંખોમાં અશ્રુ લાવી કહેવા લાગ્યો, જ્યારે પુત્રો તમે બન્ને જવાન થઇ જશો ત્યારે........ ."

બન્ને ભાઇ બહેન એકદમ ગભરાઇ બોલ્યા, "હેં ! પિતા એટલીબધી વાર ! હાય ! હાય ! હમો તો ત્યારે દુઃખના માર્યા મરી જઇશું ! હમારા માથા ઉપર માં તથા નાની નથી, દાદી હતી તે પણ ખુદાને ત્યાં સીધારી છે, ત્યારે અહીં હમો એકલા કેવી રીતે રહીશુ."

"નહિં વહાલા બચ્ચાં હું તમો બન્નેને મદ્રેસામા છોડી જઇશ, જ્યા સુખેથી તમો રહેશો, અને ત્યા તમે સારી રીતે ઇલમ પઢજો. મે તમારા માટે પુરો બંદોબસ્ત કરી દીધો છે." શમિસાએ રડતાં ચહેરાએ કહ્યું, "નહિં બાવા, અમારાથી તો ત્યાં રહેવાશે નહિં. અમારૂં તો ત્યા દીલ લાગવાનુંજ નથી, અમો ખ્રિસ્તીઓના હલ્લાથી ડરીએ છીએ, અને તમો પણ આવા સમયમાં હમને એકલા મુકી જાઓછો. ખુદાની કસમ, હમારો તો જાન નીકળી જશે."

"હા બાપુ ખરેખર આ તમો શુ કરોછો ? અમો ભલાં ત્યા એકલા કેવી રીતે રહીશું !"

બાપે દિલાસો દેતા કહ્યું, "બેટા, હું આ જુલમી યુરોપી ખ્રિસ્તીઓનીજ ખબર લેવા જાઉછું. તમો એમનાથી કેમ બીહોછો ?"

"અહાહા ઠીક અબ્બા ! તમો લડાઇ ઉપર જાઓછો ?'

શર્મિસા ભાઇ પ્રત્યે, "જોયું ભાઇ હું કહેતી નહતી કે સર્વે પુરૂષો લડાઇમાં જાય છે; આપણા બાપુ પણ ત્યાંજ જવાની તૈયારીઓ કરતા હશે."

આસિમે બાપને પુછ્યું, પણ અબ્બા અમને અહિં કેમ મુકી જાઓછો? અમને પણ તમારી સાથેજ લઇ ચાલો, હું તો જરૂર તમારી સાથે આવીશ."

"અને શુ હું નહિં આવીશ ? શુ હું અહિંજ રહીશ ?" છોકરીએ વાત સાંભળી પોતાને લઇ જવાની ખ્વાહેશ બતલાવી.

"બેટા તમો હમણા ન્હાના ન્હાના છો, તમારી ઉમર આવી નથી, કે તમો મેદાનમાં જઇ શકો." બાપે પ્યારના લેહજામાં કહ્યુ

"કેમ બાવા શુ મારી ઉમર દસ વર્ષની નથી ?"

"હા દસ વર્ષની તો છે, પરતુ પછી પણ ન્હાની છે."

"ન્હાની છે તો શું થયુ ? શુ હું મેદાનમાં કઇ પણ કામ કરી નહિં શકીશ ?"

પિતાએ હસીને પુછ્યુ "ઠીક ભલા તું શુ કાર્ય કરશે ?"

છોકરાએ દીવાલ ઉપર ટાગેલી એક નાની સરખી રાયફલ તરફ ઇશારત કરી કહ્યું. "આ જુઓ, મારૂં હથિયાર આહિંજ મૌજુદ છે. નિશાન કરવી તમોએ મને શિખવી દીધી છે. તમો દસ બલગેરિયનોને મારશો તો શુ હું મારી રાયફલથી એકને પણ જહન્નમમા ન મોકલી શકુ ?"

બાપ છોકરાની બહાદુરી ઉપર ખુશી થઇ કહે છે કે, "જો હાથોહાથની લડાઇનો સમય આવ્યો તો ?"

એક નાની સરખી તલવાર જો પોતાની કમરપર લટકતી હતી, તે ઉપર હાથ નાંખી તે છોકરો બોલ્યો "વાહ ! તલવારની લડાઇમાં તો હું મારી આખી ટોળીથી પહેલે નંબરે છું."

બાપે છોકરીને કહ્યું, " ઠીક શમિસા આસિમ તો દુશ્મનો સાથ લડાઇ લડવા માટે મેદાનમા જાય છે. પણ તમો ત્યાં જઇ શુ કરશો."

શમિસા દોડતી જઈ કોઠડીમાંથી એક નાની સરખી પાણીની મશક અને કપડાઓની એક પોટલી ઉઠાવી લાવી, અને બાપને બતલાવી કહેવા લાગી, " આ લેઓ બાવાજાન આ મારા હથિયારો છે."

બાપે અજબ થઈ પુછયુ, " હેં શમિસા આ શુ ! એને શું કરશે ? "

" બાવા જાન આ મશકમાં પાણી ભરીશ, અને મારી ખાંધ ઉપર ઉઠાવી લશ્કરમા આવીશ. આ જુઓ મારી પાસે એક નાનું સરખુ ગ્લાસ પણ છે, એથી હું તમને ભાઇને તેમજ સર્વે લશ્કર વાળાઓને પાણી પીવડાવીશ. અને ઘાયલોના જખમોં ધોઈશ."

" અને આ પોટલીને શુ કરશો ? "

તેવાજ ભોલપણામાં છોકરી વળી બોલી ઉઠી, " એમા પિતાજી રેશમ તથા સુતરના ચીથડાં રાખેલાં છે, અને એને બાળી તમારા જખમોની અંદર ભરીશ, અને ઉપરથી પટ્ટીઓ બાંધીશ."

બાપે આંખોમા આંસુ ભરી કહ્યુ, " બેટા, આ ચીજો તમોએ કયાથી મેળવી ? "

" બાવાજાન જેવી રીતે અમારા મદ્રેસાના સર્વે છોકરાઓ લડાઇના મેદાન માટે જવાને તૈયાર થયા છે, તેવીજ રીતે હમારા મકતબ (મદ્રેસા)ની સહેલીઓ પણ લડાઇના મેદાનમા જવા લાગી છે. તેઓએ આ સર્વે ચીજો એકઠી કીધી હતી. તેઓ પાસેથીજ એ ચીજો હુ લઇ આવીછું."

પ્રકરણ ૩ જું.

કામીલપાશા.

દોલતે હુસ્ન જ્યાદા હો તુમ્હેં ઔર નસીબ
લો મુબારીક હો કે જોબનપે બહાર આઇ હય.

ગાઝી **અહુમદ મુખતાર** પાશા, સદરે આઝમે જ્યારે જાણ્યુ કે, મોન્ટીનીગ્રોએ લડાઇ જાહેર કીધી, અને સરવિયને તથા બલગેરિયને ટર્કીશ હદ્દોમાં ધુસી આવ્યા, ત્યારે પોતાનો જુસ્સો કાબુમા ન રહી શકવાથી **બાબેઆલી** પાસે તરતજ લડાઈ જાહેર કરવાની ઇચ્છા પોતે બતાવી અને આ સવાલને પ્રધાન મડળમા મુકયો. પણ કામીલપાશા અને શેખુલ ઇસલામ, સદરે આઝમના આ જલદીના વિચારોથી વિરૂદ્ધ પડયા; અને કહ્યું, "પહેલાં એક મજલીસ બોલાવવી જેમાં રાજ્યના મોટા અધીકારીઓ તથા પ્રતીષ્ઠીત માણસોને બોલાવી લડાઇ બાબત તેમના વિચારો લેવા જોઇએ. તે પછી તેમના વધુ વિચારો ઉપર કાર્ય કરવુ ઠીક પડશે."

નાઝીમપાશા જેઓ લડાઇ ખાતાના પ્રધાન છે તેઓ બોલ્યા, "મે હમણાજ લડાઇ ખાતાનું પ્રધાનપણુ લીધુ છે, અને **રૂમેલીઆની** સર્વે સેંકડો માઇલની લાંબી સરહદ અને સરહદના કિલ્લાઓ ઉપર ફક્ત નેવુ હજાર લશ્કર હાલમાં છે; તો એટલુ નાનું લશ્કર દુશ્મનોનાં મોટા સૈન્યને કદી પણ રોકી શકવાનું નથી, એને માટે વધુ

મુદ્દતની જરૂર છે, કે જેથી ફોજો તમામ ગોઠવી શકાય, અને પછી લડાઇ જાહેર કરવામા આવે. હાલમાં તો ફક્ત મોન્ટીનીગ્રોના મુકાબલામાંજ લડાઇ જાહેર કરવી જોઇએ. અને બાકી રહેલા બાલકન રાજ્યો સાથે જવાબ સવાલમાં ઢીલ નાંખવી ઠીક થઈ પડશે. ”

પણ સદરેઆઝમ **અહમદ મુખતારપાશાએ નાઝીમપાશાના** મતથી વિરૂદ્ધ પડી પોતાના વચનોની સાબેતીમાં જણાવ્યું, “ હજુ સૂંધી બલગેરિયન લશ્કર બરાબર રીતે તૈયાર થયું નથી, તેથી જો આપણે દુશ્મન ઉપર પોતે હલ્લો કરવામા ઢીલ કીધી, તો બલગેરિયનો તે સરહદો ઉપર પોતાનુ લશ્કર પુરી રીતે ગોઠવી આપણીજ ઉપર હલ્લો કરી દેશે. ”

આ સુચના લશ્કરી મજલીસને પસંદ આવી, અને સર્વાનુમતે લડાઇ જાહેર કરવાનો ઠરાવ થયો.

એ પ્રમાણે લડાઇ જાહેર થઇ, અને જ્યારે તુર્કીના છેલ્લા સ્ટેશન **મુસ્તફાપાશા** અને **ટુંડજા** નદિ ઉપરથી **ટર્કો** વગર તૈયારીથી લડયા, ત્યારે તેમને પાછુ હઠવુ પડયું, તેથી ગાઝી **અહમદ મુખતારપાશા** એકદમ જુસ્સામાં આવી ગયા, અને **કાહેરા**ની ફોજના સિપેહસાલાર થઈ લડાઇના મેદાનમાં જવાની ઇચ્છા બતાવી.

સુલતાનુલમુઅઝઝમે જ્યારે આ જાણ્યું ત્યારે **કામીલપાશાને** બોલાવ્યા, કે જેમની ઉમર ૭૫ વર્ષની થઇ ચુકી છે, પરંતુ તેમને અંતઃકરણ ખુદાએ એવું આપેલુ છે કે એક જવાનને પણ દુર બેસાડે. તેમને સુલતાનુલ મુઅઝઝમે બોલાવી સદરેઆઝમનો ઓદ્દો કબુલ કરવાનુ જાહેર કરતાં ફરમાવ્યું કે, “ હુ તમને સદરેઆઝમ

બનાવી તમારાથી ઉમેદ રાખું છુ કે ઉસમાની સલતાનતને જે ઠોકર લાગી છે તેને તમો એથી બચાવી પાછી ઉઠાવી ઉભી ફરી લેશો."

કામીલપાશા આ હોદ્દા કબુલ કરવાને આનાકાની કરવા લાગ્યા પણ નામદાર સુલતાન તરફથી વધુ ભાર આપી કેહવામાં આવ્યુ તે અહિં સુધી કે, સુલતાનુલ્ર આઝમે કામીલપાશાને પોતાની આબરૂ તથા માન અને દેશની દાઝ તથા શાહી ખાનદાનની આબરૂના કસમ આપી તેમને લાચાર કર્યા, ત્યારે કામીલપાશાએ ઇન્કાર કરવાનો મોકો ન જોઈ અરજ કીધી કે, "હુ આપનો ફરમાબરદાર છુ, અને અ. મારી સાચી આબરૂ છે કે મારે છેવટનો શ્વાસ આપણુ રાજ્ય તથા રૈયત તેમજ સુલતાનની ખીદમતમા કુરબાન કરૂ." વધુ જણાવતા કહ્યુ, "એ તો થઇ શકશે કે યુરોપ હમને મેસિડોનિયાથી કાઢી મુકે, પરંતુ તેને તે માટે અતિ મોંઘી કીમત આપવી પડશે."

હવે સદરેઆઝમની ખુરસી ઉપર એજ હીઝ હાઇનેસ **કામીલપાશા** બીરાજી રહ્યા છે. અને ગાઝી **અહમદ મુખતારપાશા** ઉસમાની લશ્કરના સિપેહસાલાર થઇ લડાઇના મેદાનમાં જાય છે. આ તે શુરવિર નર રત્ન છે કે જેણે રોમ અને રશિયાની લડાઇમાં એ વખત સામેલ થઇ ફતેહમંદી સાથે વિજય પ્રાપ્ત કર્યો હતો. આપની આખો કે જેણે હજારો લડાઇ જોઇ છે, આપના હાથો કે જેણે લાખોની કમાન કીધી છે, તે નાઝીમપાશા, અબદુલ્લાપાશા, અને મહમુદ મુખતારપાશા બલ્ગેરિયન લશ્કર સાંમે અને મારશલ્ર શૌકત પાશા. અલીરઝાપાશા અને શૌકત તોરગોદપાશા સરવિયન સામે, મારશલઝકી પાશા અને જનરલ સઇદપાશા મોન્ટિનીગ્રોની સામે મુકાબલો કરશે. એ સર્વેની સરદારી ગ્રાન્ડ મારશલ ગાઝી અહમદ મુખતારપાશા કરશે.

ગ્રીકનો પરાજય કરવા માટે મારશલ ઇબ્રાહીમપાશા બે લાખ ફોજ લઈ નીકળી ગયા છે. જેનું પરિણામ નજીકના ભવિષ્યમાં સમજી શકાશે. હમણાથી બલ્ગેરિયાના અંતઃકરણમાં ધ્રુજારો પેદા થઇ ચુકયો છે. એવા નાજુક સમયમાં જ્યારે યુરોપના રાજ્યની હવામાં ઝેરી બીગાંડો થયો છે, ત્યારે યુરોપમાં આ એક જબરદસ્ત અકલમંદ અને સમજદાર સરદારનું ટર્કીશ પ્રધાન મંડળમાં સદર થયું અગ્ર ગણાય, અને રાજદ્વારી અતિ ઉપયોગી સુચનાઓ આપનારનું વઝીરની ખુરશી ઉપર બેસવું ટર્કીશ રાજ્યક્રિય મુદ્દાઓથી અતિ શ્રેષ્ઠ સુકન થયલો ગણાવો જોઇએ. હમો કામીલપાશાને વડો પ્રધાન થયલો તથા ગાઝી અહમદ મુખતાર પાશાને સિપેહ આલાર થયલો જોઇ અતિ ખુશી થયા છીએ.



પ્રકરણ ૪ થું.

ખુની બગીચો! અથવા કરકકિલીસેહ.

ભવર પડતે હુંચ મૌજ ઉઠતી હુય બર્ક આંખે દીખાતી હુય.
કિનારા દુર શબ તારીક ચાસ આકર ડરાતી હુય,
ઉમેદ બીમકા ગુફાં હુય, હિમ્મત ડગ મગાતી હુય,
બચા અય નાખુદા કિશ્તી અબ અપની ડુબી જાતી હુય.

તારીખ ૨૨ અકટોબર ૧૯૧૨ ના રોજ મુસ્તફાપાશા અને ટુંડજા નામના બે મથકો બલગેરિયનોએ કશી રીતની મુશ્કલીઓ વગર લીધા. કારણ કે ટર્કો હજુ સૂધી લડાઇ માટે તૈયાર ન હતાં. તેથી તેઓ કાયદેસર પાછળ હઠતા જતા હતા, અને દુશ્મનને રસ્તો આપતા હતા. બલગેરિયનો ટર્કીશ કિલ્લા કરકકિલીસેહ તરફ એકઠા થવા લાગ્યા, કે જે કિલ્લો એડ્રીઆનોપલની પૂર્વમાં આવેલો છે. એ કિલ્લો વધારે મજબુત ન હોવાથી અહિં વધુ લશ્કર રાખવામાં ન આવ્યું હતુ.

ટર્કી અને બલગેરિયન હદોની વેંહચણી, બે સપાટ અને ઢીલુના બે ડુંગરાઓની ટોચથી થાય છે. આ બન્ને ડુંગરાઓની હાર પોતાની પોહળાઇમાં બે જુદા જુદા ઇલાકાઓ રાખે છે. જેમાંથી એક મેદાન બલગેરિયાની રાજધાની સુફિયા સુધીનું છે, અને બીજું

ટર્કીશ શહેર ફીલીપ્પો-પોલીસનું મેદાન છે, હવે એ તો ખુલ્લું થઇ ચુકયું છે કે, બલગેરિયનો પોતાના લશ્કરને ટર્કોના મુકાબલા માટે ઇસ્ટર્ન રૂમેલિયામાં એકઠું કરે છે. એની મોટી લશ્કરી તાકત એ છે કે તેની સાથે સરવિયન લશ્કરના ડીવીઝનો મદદમાં છે. બોલીઇસ્કી, ઝકોરા, ટર્નોવા અને સીમાનકી શહેરોના પોઇંટો ઉપર એકઠા કીધા છે, અને સદર કેમ્પ ઝકોરામાં રાખવામાં આવી છે. એ ઇલાકામાં દુશ્મનો સાથે બે સડકો ઉપર લડાઇ થઇ છે. એક સડક સીધી એડ્રીઆનોપલથી કોન્સટન્ટીનોપલ સુધી છે, જેની ઉપર હફસા, બાબા એસ્કી, લુલેબરગાસ અને ચોરલુ શહેરો આવેલાં છે. અને આ સર્વે લડાઇની એજ સડક છે. જે ફકત કોઇક જગ્યા ઉપર પાકી છે. બીજો રસ્તો ટર્કીશ શહેરો કરકકિલીસેહ, બોનાર હિસાર, વિઝા, સરાઈ અને ચટાલજા થઇ પાયતખ્ત કોન્સટન્ટીનોપલ ઉપર જાય છે. જેથી ટર્કોએ બીજો રસ્તો તેઓના અટકાવ માટે અખત્યાર કર્યો છે.

ઇસ્વીસન ૧૮૫૮ માં સરવિયા અને બલગેરિયાની લડાઇ પછી આ સડક ઉપર કરકકિલીસેહનો કિલ્લો બનાવવાની તજવીજ થઇ હતી. વખત લેતાં લેતા વીસ વર્ષથી પણ વધુ મુદ્દત સુધી કામ ચાલ્યું, અને હાલમાં આ કિલ્લો બનાવવાનું કાર્ય પુર્ણ કરવામાં આવ્યું છે. આ કિલ્લો સાધારણ માટીથી બનાવવામા આવ્યો છે; અને તે પણ જેવો જોઇએ તેવો નથી. કિલ્લાની આગળ અગુરના ખેતરો એક અજાયબ સમો બતાવે છે.

બલગેરિયન જનરલ સેવોફને સદર કેમ્પથી હુકમ થયો કે ટર્કીશ કિલ્લા કરકકિલીસેહ તેમજ શહેર ઉપર હલ્લો કરવો. આ

કિલ્લામાં ટર્કીશ લશ્કર દસ હજારનુ હતું. કોઈના વિચારમાં પણ નહતું કે ટર્કોના આવા કિલ્લા ઉપર એ લોકો બેજીગરીથી હલ્લો લાવશે, કારણ કે આ હલ્લાથી બલગેરિયનોની મુર્ખાઇ દેખાતી હતી.

પહેલા હલ્લામાં એઓ કિલ્લા ઉપર ગોળાઓ વરસાવતા આગળ વધ્યા. પરંતું ટર્કોએ એવો તો મજબુત જવાબ વાળ્યો કે તેઓ જીવ લઇ નાઠા. તેમને એવા અવિચારી ન્હાસતા જોઇ મુસલમાન કુર્દ અને તાતરિયોના ઘોડે સ્વાર લશ્કરે તેમની ઉપર હલ્લો કરી દીધો. આ ઉસમાની લશ્કરે બલગેરિયન પાયદળનો ઘાણ કાઢી નાંખ્યો, એટલુંજ નહિં પરંતુ જે કોઇ પણ બલગેરિયન હાથ લાગ્યો તેનો જીવ લઇનેજ છોડવામાં આવતો હતો.

વળી શત્રુઓએ પોતાના તુટા ફુટા લશ્કરને નવા લશ્કરની મદદ આપી જમે કર્યું, અને બીજો હલ્લો આ કિલ્લાને ઉડાવવાને માટે કર્યો, પરંતુ ટર્ક શુરવિરોએ એટલી તો શુરવિરતા અને વિરત્વ બતાવ્યું કે સામા પક્ષનો એ વિચાર પણ રદ થયો, અને શત્રુઓ નુકસાન સાથે પાછા નાઠા. બલગેરિયન અફસરો કે જેઓ સખત ઘાયલ થઇ ગયા હતા, તેઓ અતિ જુસ્સાથી પુકારી ઉઠયા, “બલગેરિયા અને બલગેરિયાના ઝાર માટે પણ આગળ વધો!”

ત્રીજા હલ્લાનો પાક્કો બલગેરિયનોએ વિચાર કર્યો, કારણ કે બગગેરિયન કમાનડરોએ જાણી લીધુ હતું કે ટર્કોનો દારૂ ગોળો ખલાસ થવા આવ્યો છે. સિપાઇઓને હુકમ થયો કે બેજીગરીથી હલ્લો કરવો. આ હલ્લો એવી હાથો હાથની લડાઇ ઉપર ખતમ થયો કે જેને જમાનાની આંખોએ આજ સુધી જોયો નહશે. ટર્કો અને બલગેરિયનો બીહામણા અવાજો કાઢી તલવારો ભાલાઓ અને સંગીનોથી બીલકુલ

બેભાન થઇ લડતા હતા. એ લોકો એવા મેદાન ઉપર લડતા હતા કે જેની નીચે સુરંગો, દાયનામેટથી ભરેલી હતી. જેને ટર્કો તરફથી ઉડાવી દેવામાં આવી, અને જેને ઉપરથી હજારો બલગેરિયનો ટુકડા થઈ ઉડી ગયા. જે ટર્કોના હાથમાં હથિયારો ન હતા, તેઓએ મુક્કા-થી કામ લીધુ. અને દાંતો વતી શત્રુઓને કરડી ખાધા. આ હલ્લો રાતના એક વાગ્યા સૂધી સર્ચ લાઇટની રોશનીમાં થતો રહ્યો. સોમ-વારે પોહ ફાટતાજ બગગેરિયનોએ ઘણા ખરા ટર્કીશ મોરચાઓ ઉપર કબજો મેળવી લીધો. બલગેરિયનોએ પછી પણ કિલ્લો લેવાને માટે બેશુમાર હલ્લાઓ કર્યા, પરંતું દરેક હલ્લામાં નાસીપાસી સાથેજ આવ્યા તે રસ્તે સાધાર્યા.

આખરે ટર્કોએ બહાર પડી દુશ્મનોને મારવાનો નિશ્ચય કર્યો. અહિં જે લશ્કર હતુ તે નિચે પ્રમાણે સરદારોની સરદારી હેઠળ ગોઠવવામાં આવ્યું હતું. તેમાથી સાતમું ડીવીઝન જે લશ્કરની સીધી બાજુએ હતુ, તેની સરદારી **હીલમીબીક** કરતા હતા, અને પાછળ જે સૈન્ય હતું તે નવમું ડીવીઝન હતું, તેની અંદર સ્વારોની જુદી જુદી ટુકડીઓ હતી, અને **ઇઝઝતપાશા** તેમના સિપેહસાલાર હતા. આ ડાબી બાજુ ઉપર જે ફોજ હતી તે આઠમું ડીવીઝન હતું. અને એ ડીવીઝન **ફુવાદ ઝયાબીક** સિપેહસાલારના હાથ નીચે હતું. અને એ સર્વે લશ્કર **અહમુહમુખતારપાશાની** મુખ્ય સિપેહસાલારીમાં હતું. જે લશ્કર **ઉમર યાવરપાશા**ની પાસે હતુ, તે સર્વે લશ્કરની સીધી બાજુએ હતું, અને પશ્ચિમ તરફ એક લશ્કર **શોકતતુરગોદ-પાશાની** સરદારીમાં હતું, અને બીજો હિસ્સો **અહમદઆબુક-**પાશાની કમાનમાં હતો.

આખરે હુકમ થતાંજ મંગળવારની સવારે સર્વે લશ્કર આગળ વધી, બલગેરિયાની સીધી બાજુને હાર ખવાડી **અરીકલર** મુકામ સુધી પહોચી ગયું. અહિં વચલા લશ્કરથી વધારે નુકસાન થયું. જે બે રીજમીટાએ અરીકલરમાં બલગેરિયનો ઉપર હલ્લો કર્યો હતો, તેઓ દુશ્મનોની તોપો અને મિટ્રાલ્યુઝોન જે થોડી દુર ઉપર હતી, તેને પુરી રીતે ફના કરી દીધી; પરંતુ વચલુ લશ્કર અને સીધી બાજુ ઉપર અટકાવવાની લડાઇ ચાલુ હતી. બીજી સ'વાર સુધી લડાઇની એવીજ સ્થિતી રહી, અને સ'વાર થવાના એક કલાક આગળ કિલ્લામાંની એક સ્વારોની ટુકડી દુશ્મનોને અતિ તાકત સાથે મારતી મારતી દુશ્મનોની આગળ આવી પહોંચી, અને શત્રુઓ આગળ ધસારો શરૂ કીધો. આ સ્વરોના સિપેહસાલારને ન જણાય તેવો હુકમ થયો કે આતશ બારી બંધ કરો. જે બંધ કરતાંજ કોઇને એ ખબર ન પડી કે શું થયું. કંઇક માણસો કહેવા લાગ્યા, કે આવનારા પુરૂષો તે મુસલમાન બલગેરિયનો હતા; જે ટર્કીશ બોલી બોલતા હતા. અને કોઈ પણ બોલ્યું નહિં, જે આવનારા સિપાઇઓ ખાસ ટર્કીશ સિપાઇઓ હતા, જેઓ પાછળ ખસી ગયા. આખરે આતશબારી થોડા વખત બંધ રાખી. પરંતુ એકાએક મિટ્રાલ્યુઝોન અને બંદુકોની ગોળીઓ અતિ જોશભેર પડવા લાગી. અને આ ગોળાઓ પાસેજ પડતા હતા, અને કિલ્લા તરફના સ્વારોનું નુકસાન શરૂ થયુ. એની પછી ખબર પડી કે બલગેરિયનોએ દગો કર્યો હતો, અને તેમનો દગો ફતેહમંદ નીવડયો હતો. પછી તેઓ પાસે આવી ગોળાઓ વરસાવા લાગ્યા, કારણ કે તેઓ એક તો રાતની પહોરે આવ્યા હતા અને આવી રીતનો અવાજ આપ્યો કે, "ચૌક્કયશા" જેથી ટર્કો

એમ સમજયા કે એઓ મુસલમાન છે. જેથી આતશબારી બંધ કીધી. કિલ્લાના જે સ્વારો હતા. તે હમણાં હમણાંજ નવા આવેલા હતાં, તેમની સાથે સિપેહ સાલારો ઘણા થોડા હતા. આ અચાનક મારને લીધે તેઓ ન્હાસવા લાગ્યા. આ સમયે ખબર પડી કે જે સિપેહસાલારોએ આતશબારી બંધ કરી હતી તેઓ ખરૂં જોતા બલગેરિયનો પાસેથી રૂશવત લઇ ચુકયા હતા. ન્હાસવાવાળાઓને થોડાક ઓફિસરોએ અ-ટકાવવા અને કદમ જમાવવાનું કહ્યું, પરંતુ તેઓ ફતેહમંદ નીવડયા નહિ. જેને લીધે ટર્કીશ લશ્કરની આખી લાઇન પાછળ હઠી ગઈ. તે વખતે તોપના ગોળાઓ સાંભેજ પડતા હતા. કિલ્લામાં જે ખ્રિસ્તી સિપાઇઓ હતા, તેઓએ બલગેરિયાનોને કિલ્લામાં ઘુસાવી દીધા. અને તેમની સાથે મળી ગયા.

મહમુદ મુખતારપાશા પોતાની તલવારથી જેઓ ન્હાસતા હત તેમને પાછા ફેરવતા હતા, ગોળીઓ ચાલી આવતી હતી, અને એવું દેખાતું હતુ કે મજકુર પાશા ઘાયલ થઇ જાય, પરંતુ તેઓ મુર્ખાઇ સાથે પણ પોતાની ફરજ અદા કરતા હતા. એક ઓફિસર કે જેના જવાનો ન્હાસી ગયા હતા, તે તેમને ફેરવવા લાગ્યો, ત્રણ વખતે ફેરવ્યા, પરંતુ તેઓ ત્રણે વખત ન્હાસી ગયા, ત્યારે એ પોતે ઓફિસરે આપઘાત કરી લીધો. એની પછી **અંગુરાના** સ્વારો અને હિલમીબીકના ડીવીઝનવાળા પણ લાચારીએ કાયદેસર પાછળ હઠયા, અને બરાબર દુશ્મનોને જવાબ દેતા રહ્યા, અને કિલ્લો છોડી શહેરમા મુકામ કર્યો.

રાત્રે **પ્રીન્સ હસન પાશા** મિસરી અને **મહમુદ મુખતાર** પાશા બન્ને પોતપોતાના ડીવીઝન એ માટે તૈયાર કરવા લાગ્યા કે

દુશ્મનો ઉપર છાપો મારવો. પરંતુ તૈયારી થતા સવાર પડી ગઇ, અને વિચારોમાં ફતેહમંદી ન મળી. બીજે દિવસે પ્રીન્સ હસનપાશા મિસરી એકલાએજ પોતાના કોલમથી છાપો મારવાનો વિચાર કર્યો, એની તૈયારી આગમચ પોતાના જનરલ સ્ટાફ અફસરોની એક મીટીંગ બોલાવી જેમાં આ સવાલ મુકયો જવાબમા સર્વે કહેવા લાગ્યા કે, "દુશ્મનો વધારે છે, અને હમારૂં લશ્કર થોડું છે તો બેહતરતો એજ છે કે થોડો સમય થોભી જઇ મદદની વાટ જોઇએ. જ્યારે પુરેપુરી તાકત મળશે તેજ સમયે આવું કરવુ ઠીક પડશે."

શાહઝાદાને કંઇક લડાયક માહીતી ન હોવાથી અને વધુ તો એવી શરમની હારના જુસ્સાથી પોતાના હાથ નીચેના ઓફિસરોનો વિચાર કબુલ કર્યો નહિ, અને પોતાના વિચાર ઉપર કાયમ રહ્યો. હાથની નીચેના ઓફિસરો લશ્કરી કાયદાથી તેના વિચારો વિરૂદ્ધ ચાલી શકતા નહતા પરંતુ પછી પણ ઘણા ખરા ઓફિસરો પોતાનાજ વિચારો ઉપર અડયા રહ્યા. જ્યારે તેઓ દુશ્મનો ઉપર હલ્લો લઇ ગયા ત્યારે શત્રુઓના ઘણા લશ્કરે તેને પાછળ હઠાવ્યો, અને આ હારને લીધે તેના ડીવીઝનમાં સખ્ત ખરાબો થયો. શત્રુઓની વધારે તાકત હવે મહમુદ મુખતાર પાશાના ડીવીઝન ઉપર તુટી પડી; અને તે પણ તેનો મુકાબલો ન કરી શકવાથી પાછળ હઠતો ચાલ્યો. પુર્વ બાજુના લશ્કરને લડાઈ ખાતાના સિપેહસાલાર **અબદુલ્લા પાશાએ** જાણી બુઝી પોતાના ડીવીઝનોને પાછળ હઠવાનો હુકમ આપી દીધો હતો. કે તેઓ આજ વખતે બલગેરિયનો સાથે ફેસલાની લડાઇમા ફસાઇ ન પડી, અને પોતાના સિપાહની તાકાત મજબુત કરવા માટે મદદના ડીવીઝનોની રાહ જોઇ, ન્હાની ન્હાની બચાવ માટેની લડાઇ ઉપર વખત

કાઢવો, જેને માટે સર્વે પુર્વ બાજુનુ લશ્કર હઠી ગયું. અને તેમના ન્હાસવાની બુમ પડી, તેની સાથેજ ટર્કોએ કરકકિલીસેહને ખાલી કરી દીધુ, અને રાજ્યના હાકમો ત્યાથી ન્હાસી નિકળ્યા. શહેરના રહેનારાઓમા ખલબલાટ પડી ગયો અને આજુબાજુના ગામડાઓમા પણ બુમરાણ થઇ ગયું. મુસલમાની રૈયત કોન્સટન્ટીનોપલ તરફ ન્હાસવા લાગી. જનરલ હિલમીબીક સ્વારોના કોલમના સિપેહસાલાર આ પરાજય પામેલાં લશ્કર પાસેજ બીજી જગ્યાએ પોતાની કોલમ સાથે મોજુદ હતા. તે અતિ જલદી જલદી હલ્લો લાવતાં મદદ ઉપર પહોંચી ગયા. પણ તેમણે જોયું કે શત્રુનું તમામ લશ્કર ટર્કીશ લશ્કરને મારતુ હઠાવતુ ચાલ્યુ આવે છે, તે જોતાંજ તેમનુ લોહી જોશ ખાવા લાગ્યુ, અને પોતાના ડીવીઝન સાથે દુશ્મન ઉપર પથ્થર ચીરનારો હલ્લો કરી તેમને આગળ વધતા એક સેકન્ડમાં અટકાવી દીધા. આ એક અતિ ખુનરેજીનો દિવસ હતો, અને તેનો દેખાવ અતિ હેબતાવનારો હતો. ગલીઓમાં લોહીની નદિઓ વેહતી હતી. દરેક ગલીકુચીઓમાં ટર્કીશ સિપાઇઓ હાથોહાથની લડાઇ કરતા હતા. દિવસના એક વાગ્યા સૂધી એજ સ્થિતી હતી આખું મેદાન એવી તડપતી લાશોથી ભરેલુ હતું. એ સિપાઇઓ જ્યાં લડતા હતા, તેમાનો એક અથવા તે બન્ને મરી ન જતાં ત્યાસુધી લડાઈ ચાલુજ રહેતી. જ્યારે શહેરમાં લોકો દાખલ થયા, ત્યારે બલગેરિયન અને ટુર્કોની લાશો લોહીની નદિમાં વેહતી જોઇ. એવી રીતે પોતાના લશ્કરની કોલમની બરાબર (દસ હજાર) બલગેરિયનોને કત્લ કર્યા, અને દસ હજારને ઘાયલ કર્યા. અને એવી રીતે દુશ્મનોને કરકકીલીસેહથી કાઢી તારીખ ૨૮ અકટોબરે દુશમન પાસેથી કરકકિલીસેહ પાછો મેળવી લીધો.

નાઝીમપાશાએ આવી આ બહાદુરીના કાર્યમાં જનરલ હાલમીબીકને ગાઝીના માન અને ખિતાબથી નવાઝયા, અને કરકકિલીસેહની સરદારી એમને સ્વાધીન કીધી. અને ૫૩ ફોજી અફસરો તથા સિપાઇઓને ન્હાસવાના તેમજ લાલચ લઈ દુશ્મનોને ફતેહ કરવાના ગુનાહ માટે ગોળીથી ઠાર કીધો.

અહિંથી જ્યારે બલગેરિયનો હારી ચુકયા અને **ટરનોવાની** ક્યુલરી અને બલગેરિયન છઠ્ઠી ક્યુલરી સ્વારો કે જે ખાસ બલગેરિયન રાજા **ફરડીનેન્ડનાજ** હતા તે જનરલ **ટોચીકની** અતી ભયંકર ભુલના પરિણામે લડાઇનો ભોગ થઇ પડયા હતા. જેથી કરી આ શરમને લીધે મજકુર બલગેરિયન જનરલે આપઘાત કરી લીધો.



જનરલી સીમો મરહુમ હીઝ એકસેલંસી ગ્રાંડ મારશલ નાઝીમ પાશા.

પ્રકરણ ૫ મું.

લશ્કરી તૈયારી.

ઇજ્જતે સાલિમકા બચના તબ તલક હોગા મહાલ,
હોગી જબતક ખુનકી બારીશ ન ઉસકે આસપાસ.

હવે વાંચક આજે આપણે કોન્સટેન્ટીનોપલ આવ્યા છીએ. કે જે દુન્યાના શોભિતા શહેરોમાંનું એક આતિ રળિઆમણું શહેર છે. કોન્સટન્ટીનોપલ બોસફરસ નદિ ઉપર વસેલું છે. કે જે નદિ સત્તર માઇલ સૂધી સર્પ રૂપી લાંબી વહે છે. અને મારમોરા સમુદ્ર સાથે ઇજીયન સમુદ્રને મેળવે છે. આ નદિની પોળાઇ અર્ધા માઇલથી એક માઈલ સૂધી છે. એના સર્વથી સાંકડા મુકામ ઉપર બે માણસ કે જેમાથી એક યુરોપિયન ટર્કી અને બીજો એશિઆ માઇનોરનો સાથે મળી સારી રીતે વાત કરે શકે, તો સ્પષ્ટ સમજી શકાય.

બોસફરસ નદિને લીધે અહિના દેખાવમાં કુદરતી વધારો થાય છે, કારણ કે સમુદ્રથી શહેરની મસીદો, મહેલો, તેમજ બીજી ઇમારતોનો સીન અતિ મન મોહક માલમ પડે છે.

ઐતીહાસીક વેત્તા સારી રીતે જાણે છે કે કોન્સટન્ટીનોપલ બે ભાગમાં વહેંચાયલું છે. એક ટર્કીશ કોન્સટન્ટીનોપલ દક્ષિણ બાજુએ છે, અને બીજું પૂર્વ બાજુએ ક્રિશ્ચીઅન કોન્સટન્ટીનોપલ આવેલું છે. આ બન્ને ભાગ એક સાંકડી ચક્કર ખાતી ખાડીથી જુદા થાય છે, કે જે ગોલ્ડનહારનના નામથી જાણીતી છે.

ગોલ્ડનહારનના માથા ઉપર એક મનહર બગીચો છે, કે જ્યા કાલે સાંજે સાડાપાચ વાગે નવુ પ્રધાનમંડળ કાયમ થયુ હતુ; અને આજે તેના રસ્તામાં અતિ મુશ્કેલીઓ અને આશ્ચર્યકારક મુશ્કેલીઓ ઉભી થઇ ગઈ. જે ખરી રીતે જોતા એક અજમાયશનો નમુનો છે. પ્રધાનો જે સમયે ટ્રીપોલીની સુલેહની મુશ્કેલીઓમાં પડેલાં હતા/ તેજ સમયે તેને યુરોપી રાજ્યના દીલમાંથી આ બાબતો દુર કરવી જરૂરની હતી કે જે બાબત બાલકનવાળાઓ પોતાની સપીની કોશેશથી જાહેર કરવાનો વિચાર કરી યુરોપની આખી પ્રજાને ભડકાવવા ચાહતા હતા.

પહેલ વહેલાં ટર્કીશ રાજ્યે ઇચ્છયુ કે બને ત્યા સૂધી શત્રુવટ ઉભું ન થાય, અને સુલેહથી કામ પાર પડી જાય. અને વગર કારણે એક કચડી નાખનારી મહાન લડાઇ કે જેમાં શરીર, આત્મા, અને રક્તની પાયમાલી થાય છે, તેવી ન થાય. પરંતુ જ્યારે બાલકને પોતાની સંપીલી યાદીમાં લખી દીધુ કે, "ફેસલો ફક્ત તલવાર છે." તો ટર્કો જે દરેક વખતે લડાઇ માટે ખુદાથી દુઆ માગે છે, તે તરતજ પોતાના ડ્રેસો પહેરી મેદાનમાં કુદી પડયા. કે તલવારનો ફેંસલો કેવો થાય છે, તે દુશ્મનને બતાવી આપવુ.

આજે પાયતખ્તનો જે રમણ્ય દેખાવ દ્રષ્ટીગોચર થાય છે તે દરેક હૃદયમા આનંદ અને દરેક શ્વાસમાં શૌર્ય, અને દરેક છાતીમા ઉમેદ પેદા કરનારો છે ટર્કી સિપાઇઓ સર્વ તરફથી ચાલી આવતા જણાય છે. માર્ગમાં દારૂગોળા અને લડાયક અસબાબથી ભરેલી ગાડીઓ હાર કતાર પોતપોતાને કાર્યે વળગેલી જણાઇ રહી છે.

* * *

પહેલી રાત્રીએ પોતાનો અંધકાર પૃથ્વી ઉપર પાથર્યો છે. બોસ-

ફ્રસ નદિના કિનારા ઉપર જતાં સુધીમાં તો પુર્ણિમાનો (એટલે ચૌદમી રાતનો) ચંદ્રમાં પોતાનો પ્રકાશ પૃથ્વીપર ફેલાવાની તૈયારી કરતો હોય તેવા ચીન્હ નજરે પડે છે. જેથી સામસામી એક બીજાને કુદરતી મદદ મળતી હોય એમ લડાયક તૈયારીથી નવું શુર છુટતુ હતું. દરિયાના મોજાઓ આ પ્રકાશને લીધે એવી તો ઝકઝકાટ કરી રહ્યા છે કે તેટલી સપાટી ગોયા સુવર્ણ બની રહી હતી. આ સિપાઇઓનો જુસ્સો અને તમામ શુરા ટર્ક શુરવિરોની શુરવિરતા નિહાળતાંજ શહેરનો આ સમયનો દેખાવ જોતાં એક પર પુરૂષનુ અંતઃકરણ ગુપ્ત રીતે જાણે કબુલતું હોય કે આખરે ફતેહ ટર્કોનીજ થશે. અને ફતેહ પછી ટર્કીશ સલતનતમા ભવિષ્ય માટે એક નવી જાહોજલાલી પેદા થઇ જશે, એમાં શક નથી એમ સ્પષ્ટ જણાતુ હતું.

બોસફ્રસ ઉપર હમણા સુધી જે ખુબસુરતીના દેખાવો થતા હતા, તે **સુલતાન અબ્દુલ હમીદખાન**ના ગાદી નશીનના સમયમાં થતા હતા. પરંતુ આજની સુંદરતા સાચા અંતઃકરણ અને સાચી પ્રીતિથી થઇ રહી તેની કાતીમા ઔર વૃદ્ધી કરતો હતો એની મતલબ અજાણી દ્રષ્ટીએ એમ થાય છે કે ટર્કો પોતાના દુશ્મનોનું લોહી પીવા તૈયાર છે. જેઓ તેમની સલતનત ઉપર ખરાબ નજરો નાંખનારા અને પાયતખ્તની હવામાં રાતદિવસ આઠે પહોર બીગાડો કરનારાઓ ઉપર ટર્ક જવાનોના જોશભેર અવાજો ગાજી રહ્યા છે. જે જહાદ માટે એક ક્રોધી અતઃકરણને પોતાના બાજુમા લઇ જબાનથી **આલા હઝરત સુલતાન**ના હકમાં દુઆઓ કરતા લડાઇના મેદાનમાં યા હોમજ ઝુમવા ચાલ્યા આવે છે. અને રાજધાનીના રહેનારાઓ ઠડા દિલે મસાલ તેમજ ઝુંડાઓ સહીત ખીલાફત થનારી નેક પુરૂષોને લેવા નીકળી પડે છે.

લશ્કર સરકેજી સ્ટેશનથી રવાના થાય છે, એને માટે હમો પણ આ સ્ટેશનના મેદાન ઉપર ત્યાંનો દેખાવ જોવા માટે જઇએ. અહિં આવી જોયું કે આખું મેદાન સિપાઇઓથી ખીચોખીચ ભરેલું છે. જેમાં બાલકની સિપાઇઓ લડાઇના મેદાનમાં પહોંચી જવા માટે અતિ બેચેની સાથે ટ્રેનની વાટ જુએ છે. હમો આમ તેમ ફરવા લાગ્યા, તો હમારા જોવામાં આવ્યું કે એક ટર્કીશ ડોશી કે જેની ઉમર આસરે સીત્તેર વર્ષની હશે, તે પોતાના જવાન છોકરા સાથે ઉભી રહી વાતો કરે છે. આપણે પણ તેની પાસે ઉભા થઇ તેની ગુપ્ત અરબી વાતો સાંભળવાની લાલચે ઉભા થઇ ગયા, જે વેળા આ વિક્રાળ વાઘણ જેવી બુઠ્ઠી ટર્ક સ્ત્રી પોતાના સિંહ સમાન નવ યુવાન પુત્ર સાથે નીચલી વાત કરતી સભળાઈ.

" પ્યારા પુત્ર ! જો તેં શહાદતનો મરતબો મેળવી લીધો તો હું અતિ આનંદિ થઇશ. કેમ કે જેમા મારા વ્હાલા પુત્રની ખુશી હોય તે મારા માટે સર્વથી વધારે આનંદની વાત છે. તને ખબર છે કે તારા બે ભાઇઓ તારાથી પહેલા દેશની સંભાળ માટે આ દરજ્જો મેળવી ચુકયા છે. યાને આગલી ગ્રીક સાથની લડાઇમાં તેઓને આ પાક રુતબો મળી ચુકયો છે. અને હવે તેઓ આ કાર્ય તારા આધાર ઉપર છોડી ગયા છે, કે મુલકની સંભાળનો બાકી રહેલો ફરજ તું પુર્ણ કરે. હા જો તુ ફતેહમદી સાથે લડાઇથી પાછો ફરી આ તારી પ્યારી માદર કને આવ્યો તો મારી નજરોમાં અતિ વહાલો થઇ પડીશ અને તારી બલાઓ લઇશ. તારી ઉપર વારી જઇશ. અને તુને હૂજ નહિં પણ તારા દેશબંધુઓ ગાઝી કહી મુબારકબાદી આપશે. પણ વ્હાલા પુત્ર ! ખબરદાર ! દુશ્મનથી મુહ છુપાવી પાછી પાની

કરવા કરતા ત્યાંજ તારા પ્રાણુનો ત્યાગ કરજો. કેમ કે તેવી સ્થિતીમાં તો તુ મારૂં બારણું બંધ જોશે. માટે તેવી સ્થિતીમાં તું તારે માટે કોઇ બીજીજ ઝુંપડી તપાસ કરી આવજો કે જ્યાં તું હાર ખાધા પછી ખરાબી ભરેલુ જીવન પુર્ણ કરી શકે."

વાંચનાર સિંહસમાન શુરવિરતાવાળી ટર્કીશ ઔલાદ પરાજય પામવા માટે પેદા થઇજ નથી, એમ મેહજ માનવાને કારણ મળે છે. આજ **સુલતાને આઝમ** પોતાના બહાદુર સિપેહ સાલારોની મુલાકત અને લડાયક બોધવચન માટે કેમ્પમાં આવેલા છે. રસ્તામાં જોનારાઓના ટોળેટોળાં એકઠાં થયલા છે. જે રસ્તેથી આપ પધારતા હતા ત્યાં તાલીઓ અને દુઆઓના અવાજો એવી રીતે થતાં કે આવી ખુશનુમા હવામા આરગન વાજાની ગમ્મત આપતા હતા. આપે કેમ્પમાં પધારી નીચે પ્રમાણે ફરમાવ્યુ.

"મારા વહાલા બેટાઓ જો કે ટર્કીશ સલતનત દરેક સમયે અમન ચેનની ઇચ્છા રાખતી આવી છે. અને ટર્કો કદી પણ કોઇના હકો પાયમાલ કરવા ચાહતા નથી તેમજ તેઓ કોઇપણ રાજ્યને માટે અંતઃકરણમા ખોટા અભિપ્રાયો રાખી તેઓને નુકસાન પહોચાડનારા વિચારો રાખતા નથી. એ ઉપરાંત તેમની ચાલચલણ દરેક સમયે એવીજ રહી કે દરેક કોમો સુધારાની ટોચ ઉપર આવે, અને પોતપોતાની છેલ્લી મંજલ ઉપર સારી રીતે પહોંચી શકે. એટલુજ નહિં પણ તરેહવાર જુદી જુદી તરેહની અંદર તેમજ બાહેરની મુશ્કેલીઓ અને દુખોથી કંટાળી જઇને પણ હમોએ, હમારા મુલકની અંદર સુધારાના ફરમાન કાઢવામા કમી કરી નથી. પરંતુ બીજી પાડોશી તાકતો કે જેઓને હમારી સુલેહ પસંદીનું માન અને પાડોશીના હકનો

પુરો વિચાર કરવો જોઇતો હતો. તેઓ હમારા રાજ્યમાં સુધારાના ફરમાનોના બહાને પોતાના રસ્તાની ગરજોને એક જબરદસ્ત વિચાર કરી હમારી મુશ્કેલીઓથી ફાયદો ઉઠાવવાને માટે એકસંપ થઇ ગયા છે. દુન્યાએ ઘણી વખતે ટર્કીશ શુરવિરતા અને બહાદુરીની આશ્ચર્ય-કારક બાબતો જોઇ છે. બલગેરિયા, સરવિયા, ગ્રીક અને મોન્ટિનીગ્રોને તો ખરેખર અનુભવ થયો છે કે ટર્કો દેશની સંભાળ માટે પોતાના જાનોની પણ પરવા રાખતા નથી. આ સીફત આજથી નહીં પરંતુ વંશપરંપરાથી ચાલતી આવેલી મીરાત છે. પરંતુ મજકુર રાજ્યો જાણી જોઇ આખરે ખરા કાર્ય તરફ આંખો ઉપર સ્વાર્થના પાટા બાંધવાથી આપણી એક (વિલાયત) ટ્રીપોલીની જાનિસાર રૈયત પોતાની શુરવિરતા અને બહાદુરીની આ આશ્ચર્યકારક કાર-નામાઓ તે સ્વાર્થ અંધોને બતાવી રહી છે. પોતાનું લશ્કરી બળ આપણી હદો ઉપર જમાવી જુલમનો હાથ લાંબો કરી રહ્યું છે. માટે આપણે આપણા વતનની સંભાળને લીધે હમારા શુરવિર અને પ્યારા સિપાઇઓને હથિયારથી કામ લેવાનું કાર્ય સોપીએ છીએ. આ પાક વતન હમારા પૂર્વજોના લોહીથી રંગાયું હતું. અહીંના રજરજમાં હમારા બાપદાદાઓની હાડકીઓની રજો મોજુદ છે. માટે આપણી ખાસ ફરજ છે કે આ જમીનને આપણા શત્રુઓના નાપાક કદમોથી નાપાક અને પાયમાલ થવા ન દઇએ. અને આપણી આવ-નારી ઔલાદના હકોનું તલવારના જોરથી રક્ષણ કરીએ આપણા પૂર્વજોના મુલકો અને ઔલાદ તથા નોકરોની ભલાઇ અને સરસાઇની બાબતો અને નિશાનીઓ મટાડવાના નિચ વીચારે સર નાબુદ તેમજ તારાજ કરવા આપણા શત્રુઓ આપણી હદોની આસપાસ લશ્કર

જમે કરે છે. માટે પુરેપુરિ શુરવિરતા અને વિરત્વથી તેમને અટકાવવાને માટે હદોની તરફ અતિ ત્વરાથી જઈ દુશ્મનના ગાત્ર ઢીલા કરવાની આપણી શુરવિરતા અને પૂર્વજોની નામના સમાયલી છે માટે દુશ્મનોના હાથો કે જે ખરાબ નજરથી હમારા વતન ઉપર લાંબા થયા છે તેને પહેલાંજ તોડી નાંખીએ, અને એજ લોકો પાસેથી આપણી શુરવિરતા તેમજ બહાદુરીનો એકરાર કરાવી લઇએ. જેવી રીતે કે બેનગાઝી અને ટ્રીપોલીના મુજાહેદીનો પોતાના શુરવિરો અને પ્રખ્યાત બાપદાદાઓના સપુત અને સાચા જગ્યા રાખનારા છે. મને યકીન છે કે તમો તમારા બાપદાદાની અભિમાની વિજયોના સોનેરી કારનામાઓને તમારી નવી શુરવિરતાની જીતોને પણ સામેલ કરી દેશો."

આ લેકચર સાંભળનારાઓએ તાળીઓથી વધાવી લીધું. અને આપ ત્યાંથી વિદાય થઇ સિપાઇઓની રવાનગીને જોવા માટે સ્ટેશન ઉપર પધાર્યા. સિપાઇ આપને એવી પ્રિયતાની નજરથી જોતા હતા, જેથી એમ જણાતું હતું કે તેમની બાજુથી અંતઃકરણ નીકળી પડે છે. અને તેમના દેખાવથી એમ માલમ પડતું હતુ કે પુત્ર પોતાની વહાલી માતાના વહાલને માટે અતિ બેકરાર છે. આપે ત્યાં પધારી નીચે પ્રમાણે કહ્યું.

" પ્યારા પુત્રો ! થોડીક સદીઓથી ટર્કીશ રાજ્ય ઉપર કદીપણ એવો સખત્ સમય આવ્યો નથી. હવે હમારા પાંડોશી રાજ્યો પોતપોતાની ગરજો પુરી પાડવા માટે એકજ થઇ આવ્યા છે. એને માટે ઓ પુત્રો ! સર્વે કૌમ પોતાનો કુલ્લે મામલો તમને સ્વાધીન કરે છે, તમો તમારી ફરજને વિચારીને સારી રીતે પુર્ણ કરશો અને કૌમના માનનો બદલો લેજો, કે જેને હલકુ પાડવા માટે આ સર્વે

રાજ્યો જાણીબુઝી તૈયાર થયા છે. અને આખી દુન્યા ઉપર સાબીત કરી દેવું કે તમોં તમારા આગલા વિજઈ બાપદાદાઓની ઔલાદ છો, અને સાથેજ ઇન્સાનીઅતની જડને હાથથી ખોશો નહિં. તમારા અફ્સરોની પુરેપુરી તાબેદારી કરો, કેદાઓની સાથે નરમી તેમજ મોહબ્બતથી વર્તો, જેઓ લડાઇથી અલગ છે, તેવા પુરૂષો ઉપર જુલમનો હાથ લંબાવતા ના. ખાસ કરી બુઢ્ઢાઓ, સ્ત્રીઓ અને બચ્ચાઓ ઉપર હાથ ઉઠાવશો નહિં. આ તે કાર્ય છે કે જેનાથી તમારા બાપદાદાઓની હાડકીઓ ખુશી સાથે ઉછળી પડશે. અને આજે પણ તારીખના પાનાઓમાં તમારૂ નામ નેક અને યાદગાર રહેશે. બહાદુરો હવે આગળ વધો; આગળ વધો અને જયવંત બનો."

બંદુક લેકે બયઠે હંય સૈયાદ ઝાડમેં,
મુસ્લીમ શિકાર હોતે હંય ટટ્ટીકી આડમેં.

પ્રકરણુ ૬ ઠું.

સેન્ટ સ્ટિફાનોમાં ટરકીશ કેમ્પ.

આબરૂ હીમ્મતકી હય હીમ્મત હય ઉનકી આબરૂ,
જીસતરહ મોતીમેં હો આબ ઔર મોતી આબમેં.

સ્ટિફાનોસ જે સને ૧૦૦૦ ઇસવીમાં એની ઉપર રશિયાના લશ્કરનો કબજો થઈ પાછળથી તારીખમાં પ્રખ્યાતી પામી ચુકયો છે. જેની પાસે એક નાની સરખી વસ્તી અને કરપાસીઘરો એટલે તંબુની લાઈન લાગેલી છે. અને આજે આ તંબુઓ પંદર હજાર સિપાઈઓથી ભરાઈ ગયલા છે, આ સિપાઈ આગલા દિવસે આ તંબુઓમાં નહિં હતા, અને એવીજ રીતે આવતી કાલે પણ એ લોકો રહે તેમ લાગતું નથી. ટર્કીશ લડાયક અફસરોએ સફરના દિવસોમાં કમી કરવા માટે લશ્કર મોકલવામાં આ કાર્ય કર્યું કે સ્મિરનાના બંદર ઉપર એશિયા માઇનોરથી લશ્કર લાવનારી રેલ્વે ટ્રેનોમાં થોડી ટ્રેનો ખાસ લશ્કરી યુવાનોને સફર ઉપર લઇ જાય. અને બંદર ઉપર ઘણી આગબોટો તૈયાર રાખે કે તેઓ ટ્રેનમાંથી ઉતરતાંજ સિપાઇઓને સેન્ટ સ્ટિફાનોમાં પહોચાડવા માટે સ્વાર કરે. એવીજ રીતે ટર્કી સિપાઇઓને કોન્સટન્ટીનોપલમાં આવવું પડતુ નથી. અને તેઓનો ખોટો વખત પણ જતો બચી જાય ! હમો આ કેમ્પમાં પહોંચતાં જોયું કે ઘણું ટોળું એક મોટા ઓફિસરને ઘેરી ઉભું રહેલું છે, જે ઓફિસર સુલતાની ફરમાન તેઓને સંભળાવે છે.

"...... .....જાણનારાઓ જાણે છે કે ટર્કીશ રાજ્ય સુલેહ અને અમનનું સદાથી તરફદાર રહ્યું છે. અને સર્વે ટર્કો પણ દરેક કોમની ઇજ્જત કરતા અને તેમના અંતઃકરણના વિચારો તથા હીલચાલોનું માન રાખતાં અને તેમના ધર્મને પાક સમજતા આવ્યા છે. અને તેમના મુકાબલામાં એમની એવી દરખાસ પણ છે કે, દરેક કોમ એમની હીલચાલોનો વિચાર રાખે, અને તેમના હકોની સંભાળ વાજબી રીતે કરે. ટર્કો કોઇપણ રાજ્યની બુરાઇ જાણતા નથી. અને તેમનો એવો પણ વિચાર નથી કે કોઇ કોમને એકાએક કષ્ટોમાં ઘેરી લે. અને આવી હાલતમા આ કાર્ય પણ તેમના માનભર્યા હકોમા દાખલ કરવામાં આવ્યો છે, કે તેઓ બીજી કોમો તથા ગવર્નમેન્ટથી એવી દરખાસ્ત કરે કે એમની દોસ્તીનો જવાબ દોસ્તીમાં અપાય. અને કોઇ પણ કાર્યમાં એવું કરવામાં ન આવે કે જેમા એમના ખુલાસામાં કશી રીતની ખલલ થાય. ટર્કો એ ઇચ્છતાજ નથી, કે કોઇ પણ કોમની ભલાઇ અને તેમના સુધારાની બાબતોમાં અટકાવ થાય. અને એનેજ માટે તેઓ એમ પણ કોઇને રજા આપતા નથી કે કોઇ બીજો પણ સુધારા અને ભલાઈના મેદાનમાં અટકાવ કરે. જો કે અમારા મુલકી સુધારાઓમાં ઘણીખરી રોકાવટો પેદા થતી રહે છે, તે છતાં પણ અમારાથી બની શકે ત્યાં સુધી આપણી પ્યારી કોમની ભલાઇ અંને સુધારાં માટે કોઇ પણ કીસમની કોશેષ કરવામાં કચાસ રાખતા નથી. પરંતુ જે સમયે હમો આવા સરળ માર્ગ ઉપર ચાલ્યા જતા હતા તે સમયે હમારા થોડાં નાનાં નાનાં પાડોશી રાજ્યોએ અમારી આ કોશેષને (જે અમો અમારા મુલકની દરસ્તીને લીધે ખરચી રહ્યા હતા તેને) ખરાબ નજરોથી જોવા લાગ્યા. તેનો સબબ એ છે

કે એઓને હાલની ટર્કીશ સલતનતમાં સુધારો ફેલાઇ તે મંજુર નથી; ઉપરાંત રૈયતમાં સંપનો આત્મા અને મોહબ્બત ફેલી જાય. આ રાજ્યો કે જે હમારા પાડોશના છે, તે પોતાનો ફાયદો સમજી આંખોમાં ધુળ નાંખી અમારા મુલકની દુરસ્તી અને સુધારા દરમ્યાન તે અતિ જાડો પડદો નાંખવા ઇચ્છે છે. એને માટે તેઓ મારા માટે ખોટું ખરૂં બકી અમારા તરફ ખરાબ રીતે જુએ છે, સબબ આપણો સુધારો તેના સ્વાર્થપરાયણુતાનો કટ્ટો શત્રુ થનાર છે, એમ તે સ્વાર્થી ગીધોએ માની લીધું છે.

બલગેરિયન સરવિયન, ગ્રીક અને મોન્ટીનિગ્રો આ કાર્યથી જાણી જોઇ પોતાને અંજાણ્યા માનવાની કોશેશ કરી રહ્યા છે, કે આજે છસો સાલ થયા, ટર્કો પોતાના વતન ઉપર પોતાની જાનો કુરબાન કરે છે; અને એ જાનોને પોતાના દુશ્મનોને મારવા આપે છે. એ ઉપરાંત આ રાજ્યોએ ટર્કીશ સલતનતની આ કોશેશથી પણ જાણી જોઈ પોતાની આંખોને આંધળી બનાવી લીધી છે, જે તે પોતાના જીવનની સંભાળ માટેજ કરે છે. પછી તો એ આ વાતથી પણ પોતાને જાણી જોઇ અંજાણુ બનાવી લીધા. શું આજે અમો એક વર્ષની મુદ્દતથી એક બીજા રાજ્ય સાથે અમારા ઇલાકાની સંભાળ માટે જાન આપવાની અતિ જોશભેર કોશેશો કરી રહ્યા છીએ, તેની દુશ્મનને ખબર નથી ? જે અમારી કમ નસીબીને લીધે અમારાથી દુર છે. આ રાજ્યોએ એ સર્વે બાબતોને ભુલાવી દીધી, અને આ બાબતોથી પોતાને આંધળા બનાવી લીધા, અને અમારી સરહદોની ઉપર લશ્કર એકઠું કરવું શરૂ કરી દીધું. બસ હવે આ હાલતની એજ ઇચ્છા છે કે હું પણ મારા પ્યારા પુત્રો, વ્હાલા સિપાહીઓ, દેશના

હિમાયતીઓ અને શરમ તથા જુસ્સાને શૌર્યની ખરેખરી તસ્વીરો અને શુરવિરતામાં આખી દુન્યામાં પોતાની મીસાલ ન રાખનારાઓને વતનના બચાવ માટે બોલાવુ. એ ઉપરાત આજે હું મારો વિચાર લશ્કર ફેલાવવા, પહેલુ તથા બીજું લશ્કર એટલે ઘોડેસ્વાર અને બંદોબસ્ત રાખનારૂં લશ્કર તેમજ. પાયદળ તથા ફેલાવવાનું ત્રીજું લશ્કર એટલે દુરસ્તીનુ લશ્કર ઘોડેસ્વાર તથા પાયદળને માટે હુકમ કરૂં છું.

ઓ શુરવિરો ! તમારા બાપદાદા તમારી દીની દુન્યવી ભલાઈને માટે પોતાનુ પાક રક્ત (લોહી) જમીન ઉપર નાંખી ગયા છે, એટલે તેઓએ તમારી ઉપરથી પોતાના જાનો કુરબાન કરી તમારા માટે આજ સુધી આ તમારા પાક વતનને બચાવ્યો. હવે તમારી પણ ખાસ ફરજ છે કે તમો પણ તેની હીમાયત કરો. જો તમો આજે તમારા વતનની સંભાળ માટે તૈયાર થઈ ગયા તો જરૂર તમને હદથી વધારે માન મળશે. અને ખુદાએ તો તમારી કીસમતમા લખીજ આપ્યું છે કે તમો ઈજજત અને આબરૂના બચાવ માટે માન મેળ-વનારા છો. હુ તે પાક પરવર દિગારની કસમ ખાઈને કહુ છું કે, ખુદાની મહેરબાની તેમજ તેની બક્ષેસો એક અતિ મોઘી કીંમતનું ઈનામ તે આજ સમય છે. આ વતન કે જેની રજરજમાં તમારા બાપદાદાઓના શરીરના ભાગો તથા તેમના લોહીના ટીપાં મૌજુદ છે. આ એક એવો કબ્રસ્તાન છે કે જ્યા તમારા ગાઝી મુજાહેદીન બા-પોએ એને લોહીથી પ્રકાશીત કરી રાખ્યો છે, તે હવે તમને પોકારે છે કે તેને તમારી પછી તમારા બેટાઓ તેમજ તેમના બેટા અને તેમના પણ બચ્ચાંઓને માટે બચાવીને મુકી જાય. અને એમ ન થાય કે તમારા જીવનમાંજ દુશ્મનોના કદમ તે પાક શરીરોને નજીસ કરવા પામે.

• અમારા દુશ્મનો અમારી સરહદો ઉપર એકઠાં થઇ રહ્યાં છે, અને તૈયારીઓ કરે છે કે, અમારી દરેક પાક વસ્તુઓને એને માટે પીસી નાંખીએ કે અમારા બાપદાદાની મીલકતો અમારા હાથોથી નીકળી તેમના કબજામાં ચાલી જાય. અને અમારા ફરજંદો તેમજ તેમના છોકરાના છોકરાઓની ભલાઈ અને દુરસ્તી નાબુદ તેમજ બરબાદ થઇ જાય. હું આ કાર્યનો પુર્ણ ભરોસો રાખું છું કે તમો વતનની જરૂર એવીજ રીતે સંભાળ લેશો: જેવી રીતે તમારા વડીલો કરી ચુકયા છે. અને આપણે પથ્થર ચીરનાર તલવારથી તે ગુન્હેગારોના હાથોને કાપી નાખીશું, જે હમારી સરહદો અમારા બાપો અને માંઓની પેદાયશની છે, તે તરફ આગળ વધી આવેલા છે. એમાં જરા પણ સંદેહ નથી કે તમો ! ઓ ! પ્યારાઓ ! ! જરૂર એક બીજામાં સંપથી વર્તશો. અને તમારા તે મુજાહેદીન ગાઝી ભાઇઓની મીસાલ થઇ જશો, જે ટ્રીપોલી અને બેનગાઝીમાં મૌજુદ છે. અને ભાઇઓ કે જેઓ આવી રીતની શુરવિરતા બતાવી ચુકયા છે, કે જેને જોઈ સઘળી દુન્યા અજાયબીમા આવી રહી છે. તેમજ તેઓ તમારા બાપદાદાના કાર્યોને ભુલાવી દેવાની કોશેશ જારી કરી રહ્યા છે, કે તમો તેમના બેટાઓ છો. આ કાર્યનો પુર્ણ ભરોસો રાખીએ છીએ કે જ્યારે તમો તમારી જોશભેર બહાદુરી સાથે, તમારા બાપોની ફતેહમંદી સાથે, એક નવી ફતેહ સામેલ કરી દેશો, તો તેમની પાક રૂહો પણ તમને બરકત આપશે. અને કયામત સુધી ખુશનુદીમાં રેહશે. હવે હું દુઆ કરૂં છું કે ખુદા તમને વિજય અને સર્વે ટર્કોને તમારી આ નવી ફતેહમંદીથી ખુશ કરે. ”

“ મહમદ રશાદ. ”

આ અફસર આ લડાયક ફરમાન વાચી બતાવી પોતે વૃદ્ધ હોવા છતાં છેવટે લાલચોળ દ્રષ્ટીએ જાણે દુશ્મનો સાંમેજ ઉભો હોય એવી તેની આંખોમાં શુરવિરતાએ ધર કરી લીધુ, અને કંઇક વધુ પોતા તરફથી ઉમેરવાની કોશેશમાં હતો તેટલેજ નીચે સહી મહમદ રશાદ આવતાં કુદરતી અટકી પડયો.

આ સાંભળી સર્વે જોસમાં આવી ગયા, અને જલદીથી પેટીઓ અને સામાન દુરસ્ત કરવા લાગી કુચ કરવાની રાહ જોતા બેઠા. આ લોકો અતિ જુસ્સામાં મજબુત, તાકતવર અને નવા ડ્રેસો પહેરેલા જોવામાં આવતા હતા. અમોએ ઓફિસરને કહ્યુ કે થોડીકવાર સુધી એક સિપાઇ સાથે વાત કરવાની રજા આપો. તેની રજા મળતાજ એક અતિ ચાલાક અને મજબુત સિપાઇને પુછવુ શરૂ કીધુ.

" તમો કયા મુકામ ઉપર રહો છો ? "

" હું બોસફરસના કિનારાથી પાંચસો માઇલ દુર અંગોરાનો રહનારો છુ. "

" તમને સફરમાં કેટલા દિવસો લાગ્યા ? "

" સાત દિવસ. "

" તમોએ તમારી પાછળ બીજુ કેટલું લશ્કર મુકયું છે ?'

" લાખો. "

" તમો રોજ કેટલો પગાર મેળવો છો ? "

" ત્રણ કુરશ, (આઠ આના) જે દરરોજ મલી જાય છે. "

" તમો કયાં સુધી ઘેરે પાછા ફરવાની ઉમેદ રાખો છો ?'

"બે માસ અથવા તેથી કંઈક પછી, કારણકે અમો તો સહેલ અને કસરત કરવા આવેલા છીએ."

"શું તમોને કાંઈ ચીજ ના છોડી આવવાનો પણ અફસોસ છે?"

"હા, ફક્ત અમારા વાજા ના છોડી આવવાનો, પરંતુ તે પછી અમને અતિ જલદીથી મળી જશે; કેમકે જ્યારે બલગેરિયાની નાચનારી સ્ત્રીઓ અમને પોતાની પ્રીતી બતાવવા ઉપર લાચાર કરશે, તે સમયે અમને વાજાની જરૂર પડશે." હમો અહિંજ સુધી વાતો કરી રહ્યા હતા કે ઓફિસરે સિપાઇને ઈશારતથી બોલાવી લીધો. અને એની પછી લશ્કરમાં અતિ ગડબડાટ થવા લાગ્યો. એ ગડબડાટ એક ટ્રેનની રવાનગીથી થયો હતો. જેની અંદર એક એન્જીન સાથે પંદર ડબ્બા જોડવામા આવ્યા હતા. અને દરેક ડબ્બા ઉપર મોટા અક્ષરોએ લખવામાં આવ્યુ હતુ કે, "પાંત્રીસ સિપાઇઓ માટે." પંદર મિનીટથી પણ કમ સમયમાં આ ડબ્બાઓ સિપાઇઓથી ચીકાર થઇ ગયા, અને ટર્કીશ લશ્કરી જવાનો હિંમત અને જુસ્સા સાથે ખુશી ખુશી તેની ઉપર સ્વાર થયા. ટ્રેનના ચાલતાંજ મુસાફરો અને પહોચાડી આવનારાઓ તરફથી "હુર્રે, હુર્રે"ના પોકારો પડવા લાગ્યાં. અને જ્યા સુધી ટ્રેન નજરે પડતી હતી ત્યા સુધી આ અવાજો ચાલુજ રહ્યા. ટ્રેનનો પાછલો લાલ લેમ્પ ટ્રેનના જવાનો પત્તો આ-પતો હતો અને આ રોશનીના ગુમ થવા સાથે અહિં પાછી ચુપકીદી પથરાઈ ગઇ."

એની પછી અમો સેન્ટસ્ટીફાનોના શહેરમાં ગયા જ્યાં સિપાઇઓ મેવા, સીગરેટ અને મીઠાઇઓ ખરીદતા જોવામા આવ્યા. હવાલદારો તેમની સંભાળ માટે તેમની સાથે હતા, અને તમામ શહેરમાં

સિપાઇઓનાં ટોળેટોળાં ફરતાં નજરે પડતાં હતાં. ખબર પડી કે દર રોજ છસાત આગબોટો લશ્કર લઈ આવે છે જેથી સાતથી આઠ હજાર સુધી સિપાઇઓ કેમ્પમાં આવી જાય છે. એ સિપાઇઓને અડતાલીસ કલૅાકથી વધારે કેમ્પમાં અટકાવી શકાતા નથી. પછી એમને આગળ રવાના કરી દેવામા આવે છે. જો અમો આ કેમ્પની અંદરના સાત આઠ હજાર સિપાઇઓ ઉપર તે સિપાઇઓ પણ વધારી આપીએ કે જે દરરોજ બોસફરસ નદિના રસ્તાથી આવે છે, તો દરરોજ પંદર હજાર લશ્કર એશિયા માઇનોરથી આવે છે, એમ ખુલ્લુ જણાય.

પ્રકરણ ૭ મું.

ખુનખાર જંગ.

ખુલેંગે દસ્તે કુવી કે જોહર ચલેગી મેંદાંમેં તેગ જોલા
બહેંગે રનમે લહુકે દરિયા, કરેગી બીજલી ઉસીકા તુફાં
મચેગી હલચલ જમીન પરભી, યું ખૌફે દહેશતસે હોગી લરજાં
છુટેંગે લશ્કર ખુલેંગે જોહર ઉસીકા લાશોમેં જેર મેદાં.

પ્રાતઃકાળ પોતાની ફરજ અદા કરવાની શરૂઆત કરે છે. ને પોતાના ઝાંકા કીરણો પૃથ્વીપર પાથરી ઉદ્યમી પુરૂષોને ચેતવણી આપી રહ્યો છે. અને સવારની નમાજથી પરેહજગાર મુસલમાનો પરવારી ચુકયા છે. પક્ષીઓ હજી સુધી પોતાની યાદમા મશગુલ છે. પર્વતોના પાછલા ભાગમાં આફતાબ ઉદય થઇ ચુકયો હોય તેમ જણાય છે. કારણ કે થોડું થોડું અજવાળું પૃથ્વીના પૃષ્ટ ઉપર નાચી રહેલાં નદિના નીરને ચળકાટ કરવા લાગ્યુ છે. અતિ સ્વચ્છ અને ખુલ્લું લીલાસ જાહેર કરનારા આકાશ ઉપર વાદળાના ફાટેલાં ટુકડાઓની સાકળ ગોયા આફતાબને આ પ્રાતઃકાળની નવી ખુશીમાં આરોપવાના ગજરારૂપી હાર લઈ પોતાને ઠામે સફ સમારી ખડી રહી હોય ના તેમ ભાસે છે. ઇશ્વરની સ્વતંત્ર વિચારની એક પેદાયશ એટલે પક્ષીઓ ચોથા પહોરના લાગેલા પ્રેમબાણના ઘાને તાજો કરવાને માટે એક અજાયબ જુસ્સાની સાથે આ સુનસાન સીનમાં મનહરણી ડીલચાલ કરી રહેતાં તેના મધુર ચહચહાટ વચ્ચેના સંબંધીઓના મેળમેળાપના

આમતેમ ઉડવાના અલૌકીક દેખાવથી દ્રષ્ટિમર્યાદા સમક્ષ નવી મોજ ઉત્પન્ન કરતા હતાં. તેના ફેલાયલા ખુલ્લા પરો સાથનું ઉતાવળું ઉડવું જાણે આ લડાયક સમયના દિલ ઉશ્કેરનારા દેખાવની યાદમાં નવીનતા બતાવી રહ્યું હતુ. જ્યારે તોપોના કોઇક ધડાકાનો આકાશમાં ગડગડાટ થતાંજ આ મધુર હેવાનો મોટી સંખ્યામાં ટોળાબંધ લશ્કરી કુચની યાદ આપતાં આમતેમ ઉડતાં ચાલ્યાં જાય છે. પર્વતમાળાના શિખરો, ચક્કર ખાધેલી ધાટીઓ અને જગ્યા જગ્યાએ પોશ માસની સખત સરદ રૂતુની રાત્રીએ થોડું થોડું બરફ જમાવી પૃથ્વીપર જાણે નવું પડ ચડાવી દીધુ છે. આ સર્વે દેખાવને પ્રભાતના કોમળ પ્રકાશે તેવાઓની આગળ રજુ કર્યો છે કે; જેઓ કુદરતની કારીગરીની ગમ્મત જોવા ઇચ્છે છે. ઉત્તર પુર્વના આકાશના ખુણા તરફ કે જે તરફ પહાડોની હાર આવી ગઇ છે, ત્યાં ટર્કોના લાંબા લાંબા ચળકાટ કરતા ભાલાઓ, આફતાબના સોનેરી કીરણોની મદદથી નેમા વૃદ્ધી કરતા હતા; એમ લુલેબરગાસની ઇમારતો અને મસીદો ઉપર પડી રહેલા તેના ઓળાથી સાબીત થતુ હતુ. આ વખતે અહિંઆ બે ત્રણ માણસો જેઓ ડ્રેસ તેમજ ચહેરાથી લડાયક ઑફિસરોની ગવાહી આપી રહ્યા હતા, તેઓ પોતપોતામાં વાતો કરતા એક પછી એક પોતાની લુલી ચલાવતા દુરથી જણાતા હતા, પરંતુ છેક નજીકમાં આવતાં તેઓમાંનો એક અતિ ચિંતામાં એટલુ કહેતો સંભળાયો—

"..........હમણાજ માલમ પડયુ છે કે બલ્ગેરિયનોનું એક અતિ મોહટુ લશ્કર અમારી તરફ ધસ્યુ આવે છે. અને અમારી પાસે તેમને અટકાવવાના સાધનોમા ફક્ત બેજ પલટનો છે.'

એ પછી પોતપોતામાં મસલત ચલાવી આ ત્રણે જણા તે ટુક-

ડાઓની પાછળ ચાલવા લાગ્યા, કે જે બલગેરિયનોના મુકાબલામાં નીકળી ચુકી હતી. જેઓ અર્ધા માઇલ સુધી સપાટ ઉપર ચાલી ઉંચા પુશતા ઉપર ચઢવા લાગ્યા, જ્યાં રાઇફલફેરના અવાજ સંભળાવા લાગ્યા. અહિંથી આ પાયદળ ટુકડીના બેએક ફર્લાંગ આગળ વધવા ઉપર શત્રુઓના ફાટનારા તોપના ગોળાઓ ગડગડાટ કરતા આ ટર્કીશ પાયદળ સફોની અંદર આવી પડવા લાગ્યા. અને લડાઇ શરૂ થઇ. હવે આફતાબ પોતાના પુર બહારમાં પહોંચતા પહોંચતાં ઘડીઆળે અગિયાર વગાડયા. અને એજ સમયે ઘાયલ થયલાઓને આતશબારીની લાઇનથી કાઢી શહેર તરફ લાવતાં જોવામાં આવ્યા. આ ત્રણુ અફસરો આગળ વધતાં હતાં ત્યા એક લડાયક ફોજી ઓફિસરે અટકાવી કહ્યું કે "આગળ વધશો નહિં, કારણુ કે તે તરફની સ્થિતી અતિ ભયાનક થઇ પડી છે. શત્રુઓનું બળ વધારે હોવાથી અમોને અમારૂ પોઝીશન જાળવવાનું પણુ ભારી પડે એમ જણાય છે."

એ કહેતાંજ એમની આગળ ગોળા તેમજ ગોળીઓનો વરસાદ પડવો શરૂ થયો. બન્ને તરફના તોપોના ગોળા અગ્નિનો વરસાદ વરસાવવા લાગ્યા. તોપોનો ગડગડાટ અને બદુકોના અવાજો સિવાય કંઇ પણુ સંભળાતુ નથી. 'ઠા, ઠા.' અને 'શાએ, શાએ.'ના અવાજો નીચે તલવારોના ઝણુકાટ અને કેચોની ખટાખટથી એક જુદોજ મામલો નજરે પડે છે. જીવન અને મૃત્યુમાં લડાઇ ચાલી રહી છે, અને દરેક પળે રણની ભેટ થનારાઓ માટે નવુંજ જીવન અને નવીજ દુન્યાનો હુકમ રાખે છે. હવામાં તરતી ગોળીઓ આવે છે, અને મનુષ્યના શરીરને અડકી જોતજોતામાં તેની ભીજીઓ ઉડાવી દે છે. ગોળાઓ માથા ઉપર આવી ફાટે છે, અને એક પળમાં મોટી

જમાતની જમાતને પીંજણ ઉપર રૂની માફક ઉડાવી દે છે. સંગીનો ઉડે છે, અને ફક્ત એકજ ધક્કામાં છાતીની હાડકીઓ તોડી દિલમાં પેસી જાય છે. તલવારો ઉંચી થાય છે, અને ફક્ત એકજવારમાં મગરૂર દુશ્મનોને જમીન ઉપર મસ્તકની જુદાઇ સાથે સુવાડી દે છે.

કાટા પલકમેં આંખકા પુતલીમેં નૂરકો
પાઉમેં કજ રવીકો સરોંમે ફગુરકો
સીનેમે બુગજો કીનેકો દિલમેં ફતુરકો
નિયતમેં મઅસિયતકો તબિઅતમે જુરકો
જાત એક તરફ મીટા દિયા બીલકુલ સીફાતકો
કયસી જબાં, જબાં મેં યેહ કાટ આઇ બાતકો.

આ એક અતિ હેબતાવનારો મહાન દેખાવ આપણી નજર સમક્ષ ખડો થયો છે. મનુષ્યના જીવનના પાનાઓ જલદી જલદી ઉલટાય છે. માથા ઉપર ધુપધાર ગોટેગોટાએ આકાશપર પરદો નાંખ્યો છે, ત્યારે પગની નીચે રક્તની નદિઓ વહે છે. હેવાનો અને ઇનસાનોની લાસો, વગર પાણીની માછલી પેઠે તરફડે છે. અને દારૂગોળાથી દાઝી ગયલા અવયવો પક્ષીઓની પેઠે હવામાં ઉડતં નજરે આવે છે. આ દેખાવ ત્રણે ઓફિસરે જોઇ ડાબી બાજુ હટી જે તરફ ટર્કીશ સ્વારોએ ટેકરા ઉપર સફસમારી હતી તે તરફ ધસ્યા. આ સ્વારો અચાનક ઘોડા ઉપરથી હતરી પડી રેલ્વે સ્ટેશન કે જેની ઉપર બલગેરિયનો કબજો કરવા ઇચ્છતા હતા, તેને બલ્ગેરિયનોથી બચાવવાની યુક્તિ કરવા લાગ્યા. અને એક ટેકરા ઉપર સફસમારી પોતાના કદમ જમાવી ઉભા થઇ બલ્ગેરિયન ઉપર તોપોના ગોળાઓ અને બંદુકોની ગોળીઓ ફેંકવા લાગ્યા, એટલામાં એકાએક ટર્કીશ પાયદળ લશ્કર વીખરાવા

લાગ્યા, અને તેઓ પાછા હટી શહેર તરફ ચાલ્યા. હવે આપણે પણ એવી સ્થિતી જોઇ પાછળ ખગી શહેરના મકાનોની આગળ આવેલા પુલની નીચે સંતાઇ જઇશુ. જ્યાં અર્ધુ પાયદળ લશ્કર શહેરના બચાવ અર્થે ઉભુ રહેલુ છે, અને આગલી લડાઇમાંથી ટર્કોના ન્હાસવાની કોઇપણ અસર શહેરના બચાવ માટે ઉભેલા લશ્કર ઉપર થઈ નહિં, જેને જોઇ ન્હાસનારા લશ્કરની ઉદાસી આનંદમાં ફેરવાઇ ગઇ. અને તેમની સાથે મળી જઇ પોતાના કદમો જમાવી નિશ્ચય કરી લીધો કે છેલ્લાં દમ સૂધી શહેરને બચાવવું.

ઘાયલ થયલાઓ ધીમેધીમે ચાલતા ટેકરા ઉપરથી લથડતાં પડતા અખડતાં નીચે આવતા નજરે પડતા હતા. કારણકે તેમના લાવવાના સાધનો ત્યા હાજર નહિં હતા એજ સમયે સઃલેહ–પાશા અને તેના સ્વારો અતિ જુસ્સામા આવી પાયદળ લશ્કરની પાછળથી નીકળી "અલ્લાહો અકબર" નો ધ્વની ગજાવતો સાદ ઉચો કરી અતિ ત્વારાથી દુશ્મનો ઉપર હલ્લો કરતા શત્રુઓની સફો ચીરતા, જઓ ટેકરા ઉપર પાયદળ થઇ ઉભેલાં હતા, અને સ્ટેશનનો બચાવ કરતા હતા, તેમની સાથે જઇ મળ્યા. અને દુશ્મનો ઉપર આગ વરસાવવી શરૂ કરી દીધી. સાડા અગિયાર વાગ્યા હશે કે જે તરફના ટેકરાઓ ટર્કોએ ખાલી કરી દીધા હતા, તેમની ઉપર કેટલાક. કાળા ડ્રેસના માણસો નજરે પડયા. અને એકદમ ગડબડ ફેલાઇ ગઇ કે બલગેરિયનો આવી પહોચ્યા, પણ એ ગડબડ થતાં તેમની ઉપર અગ્નિનો એવો તો સખત વરસાદ વરસાવ્યો કે તેઓને થોડીક મિનીટ સુધી પાછળ હઠવુ પડયું. અને પછી પાછા એક મજબુત લાઇનની દપમાં આતશ વરસાવતા જાહેર થયાં. અને તેઓ જુસ્સાથી આગનો વરસાદ

વરસાવતા મજબુતાઇ સાથે આગળ વધવા લાગ્યા. આપણી બાજુના ટર્કીશ લશ્કરે પણ શત્રુઓની ઉપર અતિ સખત આતશબારી ચાલુ કીધી. પરંતુ ટર્કીશ આતશબારીથી દુશ્મનો કશા પણ ડગ્યા વગર આગ વરસાવતા ચાલ્યા. આગળ ધસતા આવ્યા એટલામાં ટર્કીશ ઓફિસર **સાલેહપાશાએ** હુકમ કર્યો. " સર્વે માણસોએ શહેરથી નીકળી તેની પાછળના પહાડો તરફ ચાલ્યા જવું જોઇએ, કારણકે ત્યા હમારા પાયદળો મૌજુદ છે. અને હમો શહેરને હાલમાં બચાવી શકીએ તેમ નથી. અહિં ફક્ત પાયદળ લશ્કરનો પાછલો ભાગ દુશ્મનોના અટકાવ માટે રહેશે કે જેટલીવારમાં શહેર ખાલી થઇ શકે. " આ સાંભળતાંજ લોકો આ તરફથી ખસવા લાગ્યા. હમો પણ પાછળ જઈ જોયુ કે ઘાયલો, બુઢાઓ, સ્ત્રી, બચ્ચાઓ અને ગાડાગાડીઓ સર્વે ટોળેટોળાં શહેરથી નીકળે છે. **લુલે બરગાસ** શહેર નીચાણના ભાગમાં આવેલુ છે. અને સડક ઉચાણુ તરફના મેદાનમા જાય છે, જે સડકની ઉપરથી એ લોકોને જતા જોઈ એક રીતની દયા સાથે યુરોપી રાજતંત્રની સ્વાર્થી બુદ્ધિની આ કરૂણાજનક ખાનેખરાબી નજર આગળ આવે છે. આપણને પણ એજ રેલની અંદર ખેંચાવા પડ્યુ. આખી સડક ન્હાસનારાઓથી ચીકાર ભરાઇ ગઇ હતી. અને તે તરફ ટર્ક યોદ્ધાઓ દુશ્મનોને અટકાવી તેમની સાથે એવી તો શુરવિરતા દેખાડતા હતા કે દગાખોર પ્રપચ કે જેઓ ઇસ્લી દીનને પોતાના સ્વાર્થને ખાતર એજ દુન્યામા વગોવી રહ્યા છે તેની છટ્ટીનું દુધ યાદ અપાવતા હતા. એક તરફ શહેરની અંદરનું જુનું હથિયારખાનુ ખોલી દેવામાં આવ્યુ હતુ. જેમાથી જેઓને જે હથિયારો ઉપયોગી જણાતા તે લઈ સ્વદેશ સેવાની ગુલામીમાં જોડાતા જણાતા હતા.

અહિંના ઉચા મેદાનમાં અતિ સારા સ્થળ ઉપર ટર્કીશ બહાદુરોની બે લાંબી સફો ઉભી રાખવામાં આવી છે. જેમની આગળ બે તોપખાના ગોઠવવામાં આવ્યા છે, જેથી હમો પણ અહિથી બલગેરિયન હલ્લો જોવાને માટે અહિંજ થોભી પડયા, કે તેઓ કેવી રીતે **લુલે બરગાસ** શહેરની ઉપર હલ્લો લાવે છે. અમો શહેરથી એક માઇલ દુર હતા, જ્યાંથી શહેરનો દેખાવ અતિ રળિઆમણો નજરે પડતો હતો, અને લડાઇનું મેદાન નજર આગળજ હતું.

અહિંથી સાફ જણાતું હતું કે બે યુદ્ધ એકજ મેદાનમાં અતિ શૌર્યતાથી થાય છે. એક તરફ બલગેરિયન પાયદળ સિપાઇઓએ સીધી બાજુથી પલટીને **સાલેહપાશાના** સ્વારોની ઉપર હલ્લો કર્યો, ત્યારે બીજી તરફના ટેકરાપરના પાયદળો દુશ્મનને અતિ શુરાવિરતાથી રેલ્વે સ્ટેશનનો કબજો લેતાં મારી હઠાવતા હતા. **લુલે બરગાસના** સ્ટેશન ઉપર જો દુશ્મનોનો કબજો થાય તો એ શહેર સાથનો એડ્રિયાનોપલનો સંબંધ તુટી જાય. આ તરફની લડાઇ અતિ ભયાનક અને હૃદય કંપાવનારી અને દિલ ઉશ્કેરનારી હતી. અહિં ફક્ત આઠસો ટર્કીશ સ્વારો હતા, જેમાંથી દોઢસો માર્યા જવાથી તેઓ લાચારીએ કાયદેસર પાછળ હઠવા લાગ્યા.

બીજી બાજુએ એથી પણ અતિ ઉશ્કેરણી ભર્યો દેખાવ હતો, કે જ્યાંથી શત્રુઓ શહેરની ઉપર હલ્લો લાવ્યા. બલગેરિયનો અર્ધ ગોળ આકારમાં શહેર પર ઘેરો લાવતા વચમાંની સડક ઉપરથી શહેરની સંભાળ લેનાર લશ્કર ઉપર આગ વરસાવતા આગળ વધી આવ્યા. આ બાજુનું ટર્કીશ લશ્કર દુશ્મનોને અતિ નુકસાન પહોચાડતુ હતું. કારણ કે શત્રુઓનું સૈન્ય ખુલ્લા મેદાનમા હતું. બલગેરિયનો

પોતાને આવી રીતનું નુકસાન પહોંચતું જોઇ અતિ ઉતાવળે પોતાની તોપો એક ઉંચી મેદાનની સપાટી ઉપર લગાવી. ટર્કીશ લશ્કર ઉપર ગોળા ફેંકવા માંડયા. આ સમયનો દેખાવ અતિ કંપાવનારો હતો, કારણ કે એ લોકોની નિશાન સાચી ગોઠવેલી હોવાથી ટર્કીશ સૈન્યનું અતિ નુકસાન થવા લાગ્યું. તે છતાં પણ ટર્કો શહેરને ન છોડતાં અતિ શુરવિરતા તેમજ બહાદુરી સાથે બે કલાક સુધી તેમનો મુકાબલો કરતા રહ્યા. આ પાછલા વિર યોદ્ધાઓ અતિ વિરત્વથી પોતાની શુરવિરતાનો છાપ દુશ્મનના હૃદય ઉપર બેસાડી રહ્યા હતા. આસરે બે કલાકના શુમારમાં બલગેરિયનોના બીલકુલ નવા સિપાહો કે જેઓ થાકયા વગરના હતા, હલ્લો લાવનારા લશ્કરની મદદમાં ટેકરીઓ ઉપરથી આવી ગયા, અને વધુ પ્રમાણમા અગ્નિ વરસાવવા લાગ્યા. આ તરફ પણ ટર્કીશ મરણ્યાઓની આતશબારીએ ગોયા એક કયામતનો સમો લાવી દીધો હતો. અને તડાકફડાક સિવાય બીજા અંદાજોની તો નવાઇજ પડી ગઇ હતી. અગણિત બલગેરિયનો એકેક ફેરમાં રણક્ષેત્રમાં હમેશને માટે પ્રાણ છોડી જતા હતા. જેથી તેમની સફો વિખેરાવા લાગી, તે છતા પણ તેઓએ આગળ વધવાનું ચાલુજ રાખ્યુ. તે અહિ સુધી કે ટર્કોથી ફક્ત થોડાક ગજના ફાસલા ઉપર રહી ગયા; જ્યાં તેઓએ ઉભા રહી કદમ જમાવવુ શરૂ કીધું.

આ સમયે ટર્કીશ લશ્કરે પોતાની તરફનો છેલ્લો ફેર કર્યો હતો, કારણ કે તેમની પાસે દારૂગોળો ખલાસ થઇ ચુકયો હતો. અને તોપોના ગોળા તેમજ કારતુસ પણ ખલાસ થઇ ચુકયા હતા, જેથી કરી ટર્કો હઠવા ઉપર લાચાર થયા.

હમને અતિ અજાયબી ઉપજે કે ટર્કીશ તોપખાનું કે જેની

સાથે આપણે છીએ તેણે પોતાના અતિ સારા સમયે કે જે સમયથી તેને ફાયદો ઉઠાવવો જરૂરનો હતો, તેમાં કોઇ પણ રીતનો ફાયદો ઉચક્યો નહિં. કારણ કે **લુલેબરગાસ** ઉપર વધનારા બલગેરિયનો ટર્કીશ તોપખાનાના મોઢા આગળ ખુલ્લાં મેદાનમા હતાં. છતાં પણ તેણે તેઓ ઉપર એક ગોળો ફેંક્યા વગર તેમને ધસી આવવા દીધા. હમોએ જ્યારે ટર્કીશ તોપખાનાના ઓફિસરથી આવી રીતની બેપરવાહથી ઢીલ કરવાનુ કારણ પુછયુ, ત્યારે તેણે જવાબમાં જણાવ્યું કે "મને બરાબર ખબર નથી કે એઓ અમારા માણસો છે કે બલગેરિયાના." એ ઉપરાંત મને મારા વડા તરફથી ગોળા ચલાવવાનો પણ હુકમ મળ્યો નથી!"

આખરે જ્યારે તેઓ સાહેબ ગોળા ચલાવવા ઉપર આવ્યા, ત એવી રીતે કે શત્રુઓની સફ સૂધી પણ એક ગોળો પહોચી શક્યો નહિ.

આ પાછલી ટર્કીશ પાયદળના પાછળ હઠવાથી બલગેરિયન લશ્કર **લુલેબરગાસ** શહેરમા દાખલ થઇ ગયુ, તેણે શહેરની અ દર કદમ મુકતા મોટી મસીદના મિનારા ઉપર પોતાની ફતેહનો વાવટો ચઢાવ્યો. એટલું છતાં પણ તેઓ કંઇકવાર સૂધી આખા શહેર ઉપર કબજો મેળવી શકયા નહિ. માત્ર અર્ધા શહેર ઉપર કબજો અતિ જબરાઇથી રાખી શકયા! કારણ કે શહેર ઉપર કબજો કરનારા બલગેરિયનો ઉપર બધા ટર્કીશ તોપખાના એકત્ર થઈ પોતાની આતશબારી સભાળભરી રીતે ચલાવતા હતા.

પ્રકરણ ૮ મું.

ભયંકર લડાઇ.

હજારો જાન ઔર હજારો તન ઇસ સીતમ મેં આકર તબાહ હોંગે;
જો ઘર થે કુલતક કે ઝગમગાતે વોહ કોઇ દમમેં સિયાહ હોંગે.

હજુ સુધી આપણે ટર્કીશ સૈન્યની ડાબી બાજુની અને બલગેરિયન લશ્કરની જમણી બાજુની લડાઇ કે જે બન્ને લશ્કરના વચલા ભાગમાં ચાલુ છે તે જોતા હતા.

જ્યારે બલગેરિયન લશ્કર **લુલેબરગાસ** શહેરની ઉપર કબજો મેળવી ચુક્યું, અને ટર્કોએ તોપોનો મારો તેમની ઉપર ચાલુ રાખ્યો, ત્યારે આપણને બીજી બાજુ નજર કરવાની ફુરસદ મળી, કારણ કે આજનો દિવસ અતિ ખુનરેજ, અને દેખાવ અતિ દિલ ઉશકેરનારો હતો. કેમકે ઉત્તર અને પૂર્વ બાજુ વીસ માઇલની લાંબી સરહદ ઉપર એકી વખતે લડાઇ ચાલુ હતી, અને અહિં ટર્કીશ પુરા ૭ ડીવીઝન કે જેની એકેકની ગણુત્રી વીસ વીસ હજારની થાય છે, તે માર કાપમાં પડેલા હતા.

આ એક અતિ વિશાળ મેદાન છે, જેમાં ખાડાઓ અને ઘાટીઓ વધારે આવેલી છે. અને વચમાં થોડાંક ગામડાઓ પણ જ્યા જ્યાએ આવેલા છે; જેમાંના શુરા તાયફાવાળાઓ વખત આવે હલ્લો

લાવવા અને હલ્લાનો અટકાવ કરવાના બન્ને કાર્યોમાં અતિ કુશળતાથી મોટો લાગવગ ધરાવે છે. આ વિશાળ મેદાન એવી જગ્યાએ આવેલું હતું કે કોઈપણ પુરૂષ પાસે અથવા દુર ઉંચાણ ઉપર ગોઠવાયલો હોય તો મેદાન બીલકુલ નજરે આગળજ આવી જાય, અને ત્રણે ઉસમાની ડીવીઝનોનો લડાયક પાસો અતિ સ્પષ્ટાથી નિહાળી શકે.

આ તરફ ૨૯ અકટોબરના યુદ્ધમાં ફક્ત ત્રણ ટર્કીશ ડીવીઝનોએ ભાગ લીધો હતો, જ્યારે ચોથા ડીવીઝને ભાગ લીધો હતો, ત્યારે ચોથું ડીવીઝન **લુલેબરગાસ** તથા તેની આજુબાજુએ ગોઠવાયલું હતુ. **લુલેબરગાસ** હદની ઉત્તર અને પુર્વે તરફની લડાયક લાઇન **ટર્કબીક** નામનાં ગામડાં સૂધી લાંબીને લાંબી ચાલી ગઇ હતી, કે જે ગામડા ઉપર **ચાવરપાશાની** કમાનમાં પહેલુ આરમીકોર હતું, અને ત્યાંથી જ ગીલાઇન આગળ વધતા **બુનારહિસાર** શહેર કે જે **લુલેબરગાસ**ના ઉત્તર તરફ આવેલું છે, ત્યા સુધી પહોંચતી હતી. આ જગ્યાએ બીજા આરમીકોરની કમાન **શૌકતતોરગોદપાશા** પાસે હતી. અને જે સીધી બાજુની દુર સૂધીની લાઇન હતી, કે જે **વીઝા** મુકામ સૂધી પહોંચી હતી; તેની હિમાયત અને સભાળમાં ઘોડેસ્વારોનો એક આખો રસાલો શુરવિરતા બતાવતો હતો.

. આ આખી જંગીલાઈન ઉપર તારીખ ૨૯ અકટોબરે આખો દિવસ અતિ યાદગાર લડાઇ થઇ, કારણ કે બલગેરિયનોએ આખી લડાયક લાઈન ઉપર પુરેપુરા બળ સાથે હલ્લો કર્યો હતો. અને તેવી તેમની ઇચ્છા પણ હતી કે ટર્કીશ પહેલા આરમીકોરની સીધી બાજુ અને બીજા આરમીકોરની ડાબી બાજુના વચમાંથી થઇ આગળ વધવું. આ બન્ને ટર્કીશ ડીવીઝનો **ટર્કબીક** અને ગાઝ શહેરના

વચલા મેદાનમાં હતા: જેથી કરી વચલું મેદાન હલ્લો લાવનારાઓને જવા માટેનો રસ્તો થઇ શકતો હતો.

વાંચનાર, અતિ સંભાળ અને ચાલાકી સાથે સર્વે બાજુની હોશિયારીથી મારી સાથે રહેજો, કેમકે આ કરૂણારસ્સીક બનાવમાં હુ આખો લડાયક મેદાન બતાવીશ. અગર વાચક મારાથી છુટો પડી આવે તેમ ભટકયો તો પછી હું જોખમદાર નથી. કારણુ કે આજનો મારેકો એટલો તો બીહામણો અને હેબતાવનારો છે કે, કોઈ પણું આખોએ જોયો હશે નહિ; અને તોપોનો મારો તેથી પણુ વધુ સખત છે કે, કોઇ પણુ કાને સાભળ્યો હશે નહિ.

બલગેરિયન બેટરીઓ ટર્કીશ બેટરીઓ કરતાં છગણી વધારે હતી. એ ઉપરાંત બલગેરિયન તોપચીઓ નિશાન લગાવવામાં અને એકથી દસગણુ મારવામાં માહેર હતા. જેથી તેઓ ટર્કીશ તોપના મારાથી બીલકુલ ડર્યા નહિં, અને એ છતાં બલગેરિયનો ટર્કીશ તોપખાનાને ચુપ કરી શકયા નહિં, ત્યારે પોતાની આખી તાકતથી ટર્કીશ પાયદળની સફો ઉપર ફાટનારા ગોળાઓનો વરસાદ વરસાવવો અતિ ઝડપે શરૂ કીધો, એથી ટર્કોને વધારે નુકસાન થવા લાગ્યું, અને ટર્કીશ પાયદળ ફોજના કદમો ડગમગવા લાગ્યા.

લુલેબરગાસ શહેરની ઉપર બલગેરિયન કબજો થઈ જવા પછી ટર્કીશ તોપખાનાઓ પ્રચંડ ગોળા, અગ્નિનો વરસાદ અતિ શુરવિરતા અને બહાદુરી સાથે વરસાવી દિવસની બાકી રહેલી છેલ્લી ઘડી સુધી શત્રુઓને એક ઇંચ બરાબર પણુ આગળ વધવા ન દેવામાં અતિ ફતેહમંદીથી ફાવ્યા.

હવે દિવસ આખર થતો ચાલ્યો. આફતાબ ગુરૂબ થવાની તૈયારીમાં ઝાંકો પડતો ગયો, ચાલુ વપરાસથી સાફ થયલાં ઝકઝકાટ કરતાં હથિયારો ઉપર દિવસના છેલ્લા સમયનો સોનેરી તડકો પોતાનો સોનેરી પડછાયો પાડવા લાગ્યો. લડાઇ તેવીજ રીતે સંપૂર્ણ જુસ્સાથી ચાલુ હતી, સંધ્યા સમયના એક કલાક આગળ ચોથા ટર્કીશ આરમીકોરના સિપેહ સાલારે પોતાના લશ્કરની એક કોલમ સાથે શહેર ઉપર અતિ ઝડપે ધસારો લઇ જવાનો વિચાર કર્યો. અને ઉંચા મેદાન ઉપરથી નીચાણની ધાટી ઉપર અતિ ત્વારાથી જુસ્સાબંધ "અલ્લાહો અકબર" નો વિજય નાદ ગજાવતો ધસારો લઇ ગયો. આ ધસારો અતિ બહાદુરીથી કરવામા આવ્યો હતો, અને ઉમેદ પણ રાખવામાં આવી હતી કે, એ ધસારો દુશ્મનો પાસેથી શહેરને પાછું છીનવી લેવામાં ફળીભુત થશે.

આ હલ્લો લઇ જનાર બારમી કોલમનો સિપેહ સાલાર, અને આ આરમીકોરનો મદદગાર હતો, તે આનંદમાં અને અતિ ખુશાલી સાથે પોતાની ફતેહમંદીમાં પ્રફુલીત હ્રદયે પોતાના સાથ વાળાને કહતો સંભળાયો કે, "માલમ તો એવું પડે છે કે દુશ્મનો પાછળ ભગી જશે. કારણુ કે તેઓ અતિ કમજોરી સાથે હમારો મુકાબલો પોતાની તોપોની બેટરીઓ તેમજ મીટ્રાલ્યુઝોનથી કરે છે.'

આ સિપેહ સાલારની ભવિષ્ય વાણીજ આખર સત્ય નોવડી, કેમ કે ટર્કોનો આ ધસારો અતિ ફતેહમંદ નિવડયો, અને બલગેરિયનો ટેકરીઓ તરફ નહાસવા લાગ્યા. કારણુ કે ટર્કોના આ હલ્લાને રોકવું અતિ મુશ્કેલ હતું. આ ટર્કોની ફતેહમંદીની ગાયા આફતાબને પણ અદેખાઇ લાગી હોયના, તેમ તે પણુ હવે ધરતીના પેટામાં ગર્ક થઇ

ગયો, અને અંધકાર પથરાઇ ગયો. તારાઓ એક પછી એક પોતાનું મોઢું બતલાવવા લાગ્યા ટર્કોની કમનસીબીએ રાત્રી પડવાથી લડાઇ બીજા દિવસ ઉપર મુલત્વી રાખવી પડી.

આજરોજે સાંજના ચાર કલાકથી તે સાંજના ૭ કલાક સૂધી સીધી બાજુના ટર્કીશ લશ્કર ઉપર અતિ સખત રીતે લડાઇ ચાલુ રહી હતી. બંદુકો તેમજ તોપોની આતશબારી સખત હોવાને લીધે એમ જણાતુ હતું કે એકજ મશીનથી સર્વે ગોળા અને ગોળીઓ બહાર પડે છે. જેનો ધુંવો ધીમે ધીમે સીધી બાજુ આગળ વધતો ચાલ્યો આવતો હતો. અને જેટલા ટર્કીશ ઓફીસરો હતા અને તેઓ પોતાની ફતેહમંદીની અતિ મજબુત ઉમેદ રાખતા હતા, પરંતુ કમનસીબે અંધારૂં થઇ જવાથી તેઓની આશા ફળીભુત થઇ નહિં. અંધારૂં થવાની થોડીવાર આગળ બલગેરિયન લશ્કરે બીજા ટર્કીશ આરમીકોર ઉપર પોતાની આખી તાકાત એકઠી કરી એક અતિ જુસ્સા સાથનો હલ્લો કર્યો હતો, જે હલ્લો ટર્કોએ મજબુતપણે અટકાવ્યો હતો ખરો, પરંતુ અતિ લાચારી સાથે દુર સૂધી પાછળ હઠવુ પડયુ હતું. ટર્કોના પહેલા ધસારામાં બલગેરિયનોએ જેટલુ નુકસાન ઉચકયું હતું, તેનો બદલો તેઓએ આ હલ્લામાં લઇ લીધો હતો. અને સાંજના ૭ કલાકે લડાઇ બંધ કરવામાં આવી હતી, જેથી દરેક લશ્કરે લડાઇ થવા અગાઉના મુકામ ઉપર રાત પડી જવાથી પલટી મુકામ કર્યો.

લડાઇ બંધ પડતજ લશ્કરીઓને પેટની ફીકર પડી ગઇ. ગઇ રાત્રીથી ટર્કીશ સિપાઇઓને કશું પણ ખાવાનું મળ્યું નહતું. તેમજ સરદીથી પણ બચવા માટે તેઓ પાસે કશું સાધન નહતું, ત્યારે

આરામ કરવાનું તો પુછવુજ શુ ! જે ઓફિસરની સાથે આપણે હતાં તે પણ રોટલીની તપાસ તથા માથું ઢાંકવાની ફીકરમાં દોડધામ કરવા લાગ્યો. અને જ્યારે એક કલાક પછી ટર્કીશ ચોથા આરમીકોરના સિપેહસાલાર પાસે આવી પહોંચ્યો અને પોતાનો રાગળો ગાઇ સંભળાવ્યો, ત્યારે જવાબ મળ્યો, "હું તમને ખોરાક તેમજ આરામની જગ્યા અતિ ખુશી સાથે આપતે, પરંતુ મારી સ્થિતિ આપથી પણ વધારે ખરાબ છે. મને એટલુ પણ ભાન નથી કે શું કરીશ ! અને ક્યાં પડયો રહીશ ! ઘણું કરી તો આખી રાત્રી એવીજ સ્થિતીમા કરતાં રહેવુ પડશે. હુ આપને સલાહ આપુછુ કે આપ સાકઝ કુઇ ગામડામાં અબ્દુલ્લાપાશાની કેમ્પમાં ચાલ્યા જાઓ, કે જે ઉત્તર બાજુએ આવેલી છે, અને અહિથી ફક્ત દસ કેલોમેટર* જેટલી દુર છે.

જગતમાં અંધકાર ફેલાઈ ગયો હતો. ધીમે ધીમે અંધારૂં એટલું તો ગીચ થઇ ગયું હતું કે એકેકનાં મોઢા પણ ન જણાતાં હતાં, તારાઓ એક પછી એક અતિ ઝકઝકાટ કરતા નીકળી ચુકયા હતા.

હમો પણ તે ઓફિસર સાથે આવી અંધારી રાત્રીમાં અબ્દુલ્લાપાશાની કેમ્પ તરફ ચાલ્યા. આ ઘોર અંધારૂ, બીહામણી રાત્રી, તેમાં વળી ઘુવડોનું બોલવુ સાંભળી હૃદય કંપી ઉઠતું હતુ. લડાઇ તો ખતમ થઇ ચુકી હતી, પરંતું હજુ પણ એક બે તોપોના ફુટવાના અવાજોના પડઘા હવાના સપાટામા સડસડાટ કરતા ચાલ્યા આવતા હતા; અને ખુલ્લું જણાતું હતુ કે આ મેદાનની અંદર બે લાખ શુરવિર યોદ્ધાઓ સવાર પડયાની અતિ અધીરાઇ સાથે વાટ જોતા હતા. દરેક એજ ઇચ્છતા હતા કે ફતેહ હમારીજ થશે; પરંતુ હમોને

---

* સાત કેલોમેટરના પાંચ માઇલ થાય છે.

આ મેદાન નસીબને સ્વાધીન કરવું પડશે. દરેક એક બીજાને નાબુદ કરવાની કોશેશમાં મશગુલ હતા, આકાશના નીચલા ભાગે ગામડાઓ ના હાર કનાર ઝુપડાઓના સળગવાથી રતાશ રંગ ધારણ કર્યો હતો. બલગેરિયનોએ જેટલા ગામડાઓ ઉપર કબજો મેળવી લીધો હતો, તેટલાઓને સળગાવી મુકયા હતા. દયાહિણ બલગેરિયનોની નિર્દયતાએ ટર્કોને પણ લાચારીએ એવીજ ફરજ પાડી, તેથી ટર્કીશ શુરવિરો પણ આખા દિવસના બહાદુરી ભર્યા કાર્યો પછી, રાત્રે એઓ પણ એવુંજ કાર્ય આરંભ્યું. ટર્કોનું આ કાર્ય પોતાના કબજાના ઝુંપડા પોતેજ સળગાવવા તે અતિ ભેદ ભરેલુ હતું એમનો વિચાર એવો હોવો જોઇએ કે દુશ્મનો આ ગામડાઓથી કશી રીતનો ફાયદો ઉઠાવી શકે નહિં; જેથી કરી ત્યાના રહેનારાઓને નસાડી ઝુંપડાઓમાં આગ સળગાવી દેતા. અહિંના ટર્કીશ શુરવિરોએ તો ચકીત કરી લીધું હતું કે સવાર પડતાંજ દુશ્મનો આ મેદાન ખાલી કરી ન્હાસી જશે. કારણ કે તેમના કદમ ઉખડી ગયા હતા. અને આજની ભયંકર લડાઈથી તેઓ અતિ ધાભરા અને બેબાકલા બની ગયા હતા.

રાત્રીના નવ વાગી ચુકયા છે, વાચનાર, હવે આપણ **સાકઝકુઈમાં** આવ્યા છીએ. આ શહેર લડાયક મેદાનના ઘાયલોથી ભરાઇ ગયલુ હતું. સિપાઇઓ બે દિવસના ભુખ્યા રહ્યા પછી મકાઇને વાટી તેની કાચી પાકી રોટલી જેવી તેવી થેપીને અથવા કોઇ કોઈ પુ–પુ (રાબ) ઉકાળીને ખાતા હતા. અબદુલ્લા પાશા તેમજ તેમના જનરલ સ્ટાફના ઓફિસરો એક સાધારણ મકાનની અંદર હતા, કે જે મકાનમાં ચાર કોઠડીઓ હતી. અહિંનુ ટર્કીશ લશ્કર પણ અતિ ખરાબ સ્થિતીમાં હતું; કારણ કે **ચોરલુથી** એ લોકો સર-

સામાન લીધા સિવાય એકદમ આ તરફ ચાલ્યા આવ્યા હતા. અબ્દુલ્લા પાશાએ પોતાના જનરલ સ્ટાફના ઓફિસરો સાથે ખાવાનું લીધું. એ લોકોના બોલવા ઉપરથી એમજ જણાતું હતું કે ફતેહમંદી અમારી દોસ્તી કરવા આવી પહોચી છે. છેવટે હમોજ વિજઇ થઇશુ. તેઓ સમજતા હતા કે બલગેરિયનો સવારની પહોરમાજ મેદાન છોડી ન્હાસતા નજરે પડશે.

ખાવાનુ લીધા બાદ સર્વ ખુશી સાથે પોતપોતામા વાતો કરવા ગુથાયા, જેમા આજના બનાવો ઉપર વાતો ચાલી. જ્યારે અબદુલ્લા પાશાએ જાણ્યુ કે, **લુલેબરગાસ** ઉપર બલગેરિયનોએ કબજો મેળવી લીધો છે, તો અતિ ખેદ ઉપજ્યો; કારણકે હજુ સુધી તેમને એ ખબર પડી હતીજ નહિં. અબદુલ્લાપાશાએ પોતાની પાસવાળા ઓફિસરને કહ્યુ.

" હું આપણા બીજા આરમીકોરની ફતેહમંદી માટે પુર્ણ ઉમેદ રાખું છું; કારણ કે આ આખુ આરમીકોર દરેક મારકામાં આજ સુધી ફતેહમંદી સાથેજ રહ્યુ છે. અને આજે પણ અંધારૂં થવા અગાઉ એજ આરમીકોરના હલ્લાએ શત્રુઓના કદમ ઉખાડયા હતા."

એ પછી અબદુલ્લાપાશાએ આવતી કાલનો લડાઇનો નકશો કહી બતાવ્યો, જેમાં જણાવ્યુ કે—

" કાલ સવાર પડતાંજ જનરલ **મહમુદ મુખતારપાશા વીઝાથી** અહિંઆ આવી પુગશે. જેમની સાથે ત્રીજો આરમીકોર હશે, જેથી કરી મને પુરી ઉમેદ છે કે આ લડાઇનું છેવટ આપણા લાભમાજ આવશે, અને બલગેરિયનોને ન્હાસવા સિવાય છુટકોજ નથી."

એ પછી દરેક ઓફિસરે જુદી જુદી બાબતો ઉપર નુકતેચીની કીધી, જેમાંથી પ્રાગ્રામ તો નક્કી કરી લીધુ હતું કે સવારે તેઓ

દુશ્મનો ઉપર જરૂર ફતેહ મેળવી લેશે. પરંતુ એક ઓફિસરે કહ્યું.

" હાલમાં આપણી હાલત સારી નથી, બીજો આરમીકોર કે જે એક ખાસ સમય સૂધી અતિ ફતેહમંદીથી કાર્ય કરતો ચાલ્યો જતો હતો તેને પણ બલગેરિયનના છેલ્લા હલ્લાએ પાછળ હઠવા ઉપર લાચાર કીધો. એ ઉપરાંત શત્રુઓ અમારા બીજા આરમીકોરના મુકબલામાં પોતાનું ઘણું ખરૂં લશ્કર કપાવતા ચાલ્યા જાય છે. તમો જરૂર જોઇ લેશો કે કાલે એક સખતમાં સખત ખુનરેજી થશે. "

એ પછી સર્વે પોતપોતામાં બલગેરિયન બહાદુરીના વખાણ કરવા લાગ્યા, અને પછી સુવાની ગોઠવણ કરવા લાગ્યા. ઓઢવાનું તો હતુંજ નહિં. માટે થોડું ઘણું ઘાંસ ફરેકે એકઠું કરી તેઓએ ઓઢવા પાથરવામાં લીધુ.

* * * *

હવે આપણે બલગેરિયન કેમ્પ તરફ ફરીશુ, આ તરફ કઇ જુદોજ રંગ નજરે આવતો હતો, કારણ કે ટર્કોએ છેલ્લા હલ્લામાં જે ફતેહ મેળવી હતી, તેમાં રાત પડી જવાથી તેઓને મુકામ ઉપર પાછા ફરવુ પડયું હતું, તે સમયે બલ્ગેરિયનો પણ પોતાની કેમ્પમાં પાછા ફર્યા હતા. આ સમયે બલગેરિયનો અતિ ના ઉમેદીમાં હતા, પરંતુ એમની સાથે જ્યારે સરવિયન લશ્કર આવી મળ્યું, એ ઉપરાંત રૂમાનિયાને રસ્તે હજારો રશિયન વોલંટિયર કે જેઓ રશિયન લશ્કરના ઓફિસરો હતા તેઓ આવી બલગેરિયનો સાથે મળી ગયા. ત્યારે આ નવી મદદ બલગેરિયનોને મળવાથી તેઓ પાછા પુર તાકાતવર થઇ ગયા. અને ત્યારેજ બલગેરિયનોએ ઉમેદ બાંધી કે સવારે ટર્કોને જોઇ લઇશું.



ટરકીશ સલતનતના મહાન રક્ષક યોદ્ધા જનરલ અહમદ્ફીઆ પાશા.

પ્રકરણ ૯ મું.

ઝઝુમી રહેલું રણક્ષેત્ર.

ખુનકે દરિયા બહેંગે, ખુન હોગા મૌજ્જન,
ખુનમેં બેહતે ફીરેંગે હર તરફપર સરવ તન.

આફતાબ આજે પોતાના પુરા ઝકઝકાટ સાથે નીકળી ચુક્યો છે. તે ક્રોધયુક્ત થઇ લડાયક મેદાનને ધ્રુજાવશે, એમ સાફ મેદાન ઉપર લાલ રંગની છાપ પાડી એક ગાલીચા જેવા રંગમા મેદાનને રંગી આપનારા જણાતા ચીન્હો ઉપરથી અનુમાન થાય છે.

સાકઝકુઇથી અબદુલ્લાપાશા તેના હાથ નીચેના લશ્કર સાથે કુચ કરી ચુકયા છે. આ સમયે સરદી અતિ સખત પડતી હતી, અને આકાશ તરફ નજર કરતા તેણે લીલો રંગ ધારણ કરી લીધો હતો. આ સર્વે લશ્કરે ગઇ રાત્રી અતિ દુખમા પસાર કીધી હતી; કારણંકે કોઇપણ સિપેહસાલાર તેમજ તેમના સાથવાળાઓએ કંઇપણ ખાધુ હતું નહિ. અને તે અહિં સુધી કે કોઇને એક પ્યાલો ચાહનો પણ નસીબ થયો નહતો. કારણંક **સાકઝકુઇમા** કોઇપણ જાતની ખાવાલાયક ચીજ મોજુદ નહતી, જ્યારે ટર્કીશ સિપેહસાલારોનીજ એવી સ્થિતી હોય તો વાંચનાર સાધારણ સિપાઇઓના હાલ માટે વિચારવું તમારીજ મુનસફી ઉપર છોડીશું; કેમકે એ લશ્કરમાના ઘણા-ખરા સિપાઇઓએ તો ત્રણ દિવસથી ખાધુ પણ નહતું, અને જેઓ

ફક્ત થોડા પાણી ઉપરજ દિવસ કાઢતા હતા. આખી આખી પલટણો પાણીના શીશાઓ ભરવા જતી, પરંતુ તળાવમા કીચડ વગર કાંઇપણ તેમના જોવામાં આવતુ નહિં. ઉપરાત પુરા ત્રણ દિવસ સુધી સુકાં પાંતરાઓ અને ઘાસ ઉપરજ સુકરાના કરવા પડયા હતા, જ્યારે સખત સરદીમા શરીર સંવરક્ષણનું સા'ાન ફક્ત એક કોટ, પાટલુન સિવાય બીજા કશું નહતું. લશ્કરીઓના બદન ઉપર તેમના સાધારણ ડ્રેસ સિવાય કોઇપણ કપડું હતુ નહિ, અને જખમીઓ તો બીચારા જ્યા ઘાયલ થઇ પડયા હતા, ત્યાજ તેઓને છોડી દેવાની ફરજ પડી હતી.

આવી ખરાબ હાલતને લીધે ટર્કીશ સિપાહોને કોઇપણ રીતે જવાબદાર ઠેરવી શકાય તેમ નથી. સિપાઇઓ હજુ સુધી પણ તેવાજ શુરવિર અને બહાદુર સાબેત થઇ ચુકયા છે; કે જેવા તેઓ પહેલા હતા. એજ તેમની બહાદુરીની કસોટી કહેવાશે. કેમકે આ અસહય સંકટ સમય આ લડાઇ ત્રણ દિવસ સુધી તેઓએ લંબાવી. જેથી અપક્ષપાતપણે કેહવુ જોઇએ કે કોઇપણ બીજા લશ્કર આવી સ્થિતીમાં ત્રણ દિવસ તો શું? પણ એક કલાક પણ દુશ્મનોના મુકાબલામાં થોભી શકે નહિ. ખરેખર એ બાબતના જોખમદાર તો તેજ ઓફિસરો અને અખત્યારવાળા ટર્કો છે, કે જે પોતાને મોટે હદથી વધારે મગરૂર હતા. અને બલગેરિયનોને સ્કુલના વિદ્યાથી સમજી એટલુજ વિચારીને બેશી રહ્યા હતા કે ટર્કીશ સિપાહો ઉપર કોઇપણ કાળે ફતેહમંદી મેળવી શકશે નહિં. હલ્લા વખતે ટર્કીશ લશ્કર બીલકુલ તૈયાર હતુ નહિં, અને જોખમદાર લશ્કરી ઓફિસરો એટલુજ સમજીને મનતરગ બાધી બેઠા હતા કે માત્ર આપણા લશ્કરની ગણત્રીજ કાગળ ઉપર જોયા પછી દુશ્મન નાસીપાસ થઇ જશે.

પરતુ તે વિચાર ખોટો ઠર્યો. ને જોકે ટર્કોનું આ તર્ક કંઈ છેકજ ખોટો તો નહતો, કેમકે દુશ્મનના લશ્કરી માણસો ગણત્રીમાં તો થોડા હતાં પણ ગયા પચીસ વર્ષથી તેઓ લડાયક કામમાંજ લાગેલાં હતા. તોપણ ટર્કીશ લશ્કરમા દરેક જગ્યાએ જે જોવામાં આવતું હતુ, તે એકે ટર્કો ત્રણ દિવસ અને રાત્રી સુધી વગર ખાધેપીધે અને કશી રીતના બચાવ વગર પડયા રહ્યા છતા, તેણે બહાદુરીથી મોઢું ન ફેરવતાં પોતાની અસલીઅતનું પાણી બતાવી ઉસમાની તાજને પોતાનો જાન અર્પણ કરી દીધો. અફસોસ છે કે દુન્યાની અતિપિરસ્સમાં મસ્તાન ગણાતી કોમની ફોજ પોતાના વડાઓની બેપરવાઇ, નાદાની અને ભુલભરેલા બંદોબસ્તની ભોગ થઇ પડી!

ફોજમા કાયદેસર કમસ્રીટનો બદોબસ્ત પણ હતો નહિ. પાય-તખ્તથી રણક્ષેત્ર પચાસ માઇલ ઉપર હતુ વધારે સવળતા તો એ હતી કે રેલ્વે લાઇન પણ લશ્કરી છાવણીની પાછળજ હતી છતાં, આ સ્થિતીમા પણ ટર્કીશ ઓફિસરો એક બ્રીગેડને ખાવાનું સુધા પહોંચાડી શકયા નહિં. અને તેઓએ ચાર લશ્કરી ડીવીઝનોને ખોરાક અને લડાયક સામાન મોકલવાની કોશેશ કરવામાં મોડા પડયા, અને ચોતરફની મુશ્કેલીમા ફસેલા સરદારોએ તેમને ખુદાને ભરોસેજ ભુખ્યા રાખવા પડયા, કે ગેબી રીતે સર્વેને ખાવાનુ મળશે, અને પાણી માટે પહાડોને આશરે મુકયા! આ મસ્તક આપનારા મનુષ્ય આત્માઓને રણક્ષેત્રમા તો મોકલી આપ્યા, પરતું કોઇને એટલો સુધાં વિચાર ન આવ્યો કે ઘાયલોની સારવાર માટે કાઇપણ બદોબસ્તની જરૂર પડશે યા નહિં? જોકે તોપખાનું પણ મોકલી આપ્યુ: પરતુ સામાન થોડાજ કલાકનો તેમને માટે પુરતો સમજવામા આવ્યો, અને પચાસ માઇલ

સુધી તેમને માટે મદદનું લશ્કર મોકલવાની કશીપણ જરૂર જોઇ નહિં !!!

આખરે બુધવારના પ્રાત:કાળના નહેસત કદમની શરૂઆતથીજ ટર્કીશ લશ્કર બીલકુલ લડાઇ કરવા કાબીલ હતુ નહિં. સિપાઈ તેમજ તોપખાનાનો ખોરાક ખલાસ થઇ ચુકયો હતો, ઉપરાંત તેઓ પાસે સરદીથી બચવાની જગ્યાઓ પણ નહતી. માથું ઢાકવાને તંબુઓ પણ હતા નહિ; આવી સ્થિતી હોવા ઉપરાત દુશ્મન કાળ જેવા માથા ઉપર આવી, ગોળા આગનો વરસાદ વરસાવી રહ્યો હતો, જેથી ખુલ્લું જણાતું હતુ કે એમની સલામતીનો ઉપાય કોઇ રીતે થઇ શકે તેવો નથી, તેમજ પાછળ હઠવાથી પણ બચાવ થાય તેમ નથી. ઉપાય ફક્ત એટલોજ હતો કે જો **મહમદ મુખતાર** પાશા પોતાના ત્રીજા આરમીકોર સાથે દુશ્મનોની ડાબી બાજુને મારી હઠાવે, અથવા બલગેરિયન પોતે હાડમાળ થઇ પાછળ ખસે, તોજ એઓને બચવાનો માર્ગ મળી શકે; અને એ ઉમેદ રાખવી તો અતિ મુશ્કેલ હતી, કારણકે બલગેરિયનોને ગઇ રાત્રે નવી મદદ મળી ચુકી હતી. આ વખતે જો ટર્કોને નવી મદદ મળી જાત, તો આ લડાઇનો કંઇ ઓરજ રંગ આવી જાત.

સવાર પડવા આગળ બીજા આરમીકોરના સિપેહસાલાર **શૌકત તુરગોદ** પાશા તરફથી જે ખબરો આવી તેથી જણાયુ કે દુશ્મનોમા વધારો થયો છે, અને તેઓ અતિ મજબુતી સાથે પોતાના સૈન્યને અમારાં મુકાબલાં માટે **ટર્કબીક** અને **ગાઝ** એ બન્ને ટર્કીશ શહેરોના વચલા મેદાનમા જમાવે છે.

અબદુલ્લાપાશા પાસે એકપણ વિશ્રાતિવાળું લશ્કર નહતુ, કે જેને **શૌકત તુરંગોદ** પાશાની મદદમાં મોકલવામા આવે. એને લીધે આ પોતાના ભયંકર ભયમાથી નીકળી પોતાની સ્થિતી ને દરૂસ્તીપર

લાવવા માટે ટર્કો પાસે એકજ ઉપાય હતો, અને તે એકે **વીઝાના** ચથકથી **મહમુદ મુખતાર**પાશા પોતાના ત્રીજા આરમીકોરની સાથે અહિંની મદદ માટે આવી પહોચે, પરંતુ તેમ બનવુ અશક્ય હતુ. હવે આપણે લડાયક હીલચાલ જોવા માટે **ટર્કબીક** શહેરની પાસેના ટેકરા ઉપર જઇશુ. જયાથી રણક્ષેત્રનો દેખાવ બીલકુલ આપણી નજર આગળજ આવી રહેશે.

હવે **અબદુલ્લાપાશાએ** પોતના જનરલસ્ટાફના ઓફિસરો સાથે મળી લશ્કરની ગોઠવણ કીધી, અને તેઓ લડાયક મેદાન તરફ ચાલુ થયા જેમની સાથે અમો પણ **સાકઝકુઇ** સામેના ઉચા ટેકરા સૂધી પાછળ પાછળ ગયા. અમને આ જોઇ અતિ અજાયબી ઉપજી કે ટર્કીશ સિપાહોએ એક જગી લાઇન છોડી, કે જે લાઇન ઉપર લોહાની દિવાલ મીસાલે એમને ઉભા રહેવુ જોઇએ તેને બદલે ગામ તરફ ખાવાનુ શોધવા જવા લાગ્યા, અને પોતાના અફસરોનું કહેવુ પણ સાંભળ્યું નહિ. એમાથી ઘણાઓની સ્થિતી તો અતિ દયા ઉપજવા જોગ હતી: કારણકે બે ત્રણ દિવસની ભુખ સાથની સામટી ચાલુ લડાઇએ તેઓને થકાવી લુસ કરી દીધા હતા, અને આ અરસામા તેઓને ખાવાનું મળવુ પણ નવાઇ સમાન થઇ પડયું હતુ. જેથી કરીને તેમને બે ડગલા ભરવા પણ કઠણ થઈ પડયા હતા.

સવારના આઠ વાગતાની સાથે લડાઇ શરૂ થઇ ગઇ. અને બલગરિયન બેટરીએ **લુલેબરગાસ**ની નીચેથી તે ગાઝ શહેર સૂધીની આખી લાંબી સરહદ ઉપર તોપોના ગોળાઓ ફેંકવા શરૂ કીધા. શત્રુઓ ગઈ કાલે પણ પોતાના ઘણાખરા ગોળાઓ ચલાવી ચુકયા હતા, છતા પણ તેઓ પાસે હજુ ઘણા ગોળા બાકી હતા, જેને તેઓ અતિ

ઉતાવળે ટર્કો ઉપર ફેંકતા હતા. ટર્કોએ આ તોપોનો પુરો જવાબ આપ્યો, પણ તે જુજ જેટલોજ. કારણકે બલગેરિયનોને જેવી રાત્રે નવી મદદ મળી ચુકી હતી, તેવી મદદ ટર્કોને મળી હતી નહિં. અને તોપચીઓની પાસે જે કંઇ થોડો ઘણો સામાન હતો, તે તેઓએ મુશ્કેલીના સમય ઉપર વાપરવા માટે તૈયાર રાખીઓ હતો. આ સમયનો એક દયામણો દેખાવ, તે પાયદલોની સફો ડુંગરીઓ ઉપર હારબંધ ગોઠવાયલી હતી; જે આ અગ્નિ વરસાવનારી લાઇનથી એક માઇલ છેટે હતી; અને આ સઘળા ગોળાઓ તેમની ઉપરજ ફાટતા હતા, જેથી સ્વાર તેમજ ઘોડાના ટુકડેટુકડા ઉડાવી દેતા હતા. આ લોકો દુશ્મનોનો જવાબ પણ કશી રીતની ગેરહાજરીને લીધે વાળી શકતા નહતા. તેમજ શત્રુ આગળથી ખસી જવાની કોશેશ પણ ન કરતા હતા.

એની પછી જાણવામા આવ્યુ કે બલગેરિયનો ટર્કોની સીધી બાજુને ચીરીને તેમની પાછળ નીકળી જઈ ટર્કોના મથક **ચોરલુ** જવાના રસ્તાને બંધ કરવાની કોશેશ કરતા હતા. અને એની સાથે સાથે **અબદુલ્લા પાશા**ના લશ્કરના વચલા ભાગને પુરેપુરી હાર ખવડાવવા, અથવા તો બીજા ટર્કીશ આરમીકોરને આગળ વધતા અટકાવવાની ઇચ્છા ધરાવતા હતા. આ સમયે **અબદુલ્લાપાશા**નો વિચારેલો લડાયક નકશો ફક્ત એકજ બાકી રહેલી આશા આપી શકતો હતો.

એટલે તેઓ એમ ચાહતા હતા કે પોતાની સીધી બાજુના લશ્કરને પહેલી અને ચોથી આરમીકોરથી મદદ આપવી. અને મારે પોતાએ શત્રુના વચલા સૈન્ય ઉપર કે જે બીજા આરમીકોરથી મળીને ઉભું રહ્યું હતુ, તેની ઉપર ધસારો લઇ જવો અને શત્રુની સીધી

બાજુ ઉપર **મહમુદ મુખતાર** પાશાના ત્રીજા આરમીકાર પાસે હલ્લો કરાવી પીસી નાંખવો. **મહમુદ મુખતાર** પાશાને વીઝાથી આવતા વાંર હતી. જેથી **અબદુલ્લાપાશાએ** તેટલોજ સમય આ નકશાના અમલમાં મુકવાને શુભ જાણી એટલી ધીરજ ધરી કે **મહમુદ મુખતાર** પાશા તેમની પાસે આવી જાય. **અબદુલ્લાપાશાએ** એમ વિચાર્યુ કે એને માટે બીજા આરમીકારના સિપેહ સાલાર **શૌકત તુરગોદ** પાશા સાથે તુરતજ પોતાના સર્વ સ્ટાફ સાથે દુશ્મન ઉપર પથ્થર ચીરનારો હલ્લો કરવો, જે હલ્લો એક ગોળ સકડામણુમાં થવો જોઇએ. **શૌકત તુરગોદ** પાશાએ આ હુકમપર તરતજ અમલ કર્યો, અને ટર્કીશ તોપખાના એઓની હિમાયત માટે આગળ વધારવામા આવ્યા. જ્યારે આ સૈનિકો આગળ વધ્યા, ત્યારે દુશ્મનની આતશબારીએ એમને સખત નુકસાન ખવાડયુ, આ કાર્ય કરવાની મતલબ એટલીજ હતી કે દુશ્મન પોતાના બીજા આરમીકાર ઉપર હલ્લો લાવશે. પરંતુ જ્યારે તેમણે જોયુ કે એ બીનાથી દુશ્મનો ઉપર કશી પણ અસર થઇ નહિં અને તેઓ વળતો હલ્લો લાવ્યા નહિં, જેથી કરી એમણે પોતેજ ધસારો લઈ જવાનો વિચાર ગોઠવ્યો.

એ બાબતોનો ખુલાસો એ છે કે ગઇ કાલે સાંજના જયારે બીજા ટર્કીશ આરમીકારે શત્રુઓ ઉપર જીવલેણુ છેલ્લો હલ્લો કર્યો હતો અને તે હલ્લાને દુશ્મનોએ રોકયો હતો, જેથી કરી દુશ્મનોને અતિ ભારે નુકસાન ખમવુ પડયુ હતુ. અને એનેજ લીધે બલગેરિયનો આજે પણ વળતા જવાબમાં હલ્લો કરી શકયા નહિ તેઓએ તો એવોજ વિચાર કરી લીધો હતો કે આપણી પોતાની સભાળમાજ જેમ બને તેમ વખત ગાળવો. કારણકે ટર્કો ઉપર હલ્લો લઇ જવામાં પોતાનેજ

નુકસાન ઉઠાવું પડશે; અને આ વિચાર પણ આગળ ચાલી પ્રત્યક્ષ થઇ ગયો. કારણકે તેઓ આ મેદાનમાં પોતાના બચાવને માટેજ લડાઇ કરતા રહ્યા, અને બચાવ કરવાની સાથે તેમનો એવો પણ વિચાર હતો કે અબદુલ્લાપાશાની સીધી બાજુ પાસે નવુજ લશ્કર હોત, અથવા તો કાઇ પાયદળ ડીવીઝન તેમની પાસે હોત, અથવા તો થોડીક તોપો યા તોપોને માટે દારૂગોળો હોત તો તેમને બીજા આરમીકારના આ ધસારામાં જરૂર ફતેહમંદી મળી શકત. પરંતુ અફસોસ કે તેઓનું લશ્કર થાકીને લુસ થઈ ગયુ હતું, તેમ તોપોના ગોળા પણ ઘણાજ જુજ રહી ગયા હતા, એ ઉપરાત પેટની મારથી તેઓ લાચાર થઈ ગયા હતા ! !

આ સર્વે બાબતો ઉપર પણ શૌકત તુરગોદ પાશાનું લશ્કર અતિ શુરવિરતા અને બહાદુરી સાથે ધસારા માટે આગળ વધતુ ચાલ્યુ, અને એ લશ્કર અર્ધા માઇલની લાઇન ઉપર તોપોના ગોળાના વરસાદથી અગ્નિની એક લાઇન બનાવી દીધી, અને સરખી જમીન ઉપર આગળ કદમ મુકતા ચાલ્યા; કે જે આ મુકામ ઉપરથી જોનારાઓને ઘણીજ સારી રીતે જોવામા આવતી હતી, જે મેદાનના જગલી. ઝાડા, એ મેદાનની છેલ્લી હદોને નજરથી છુપાવી રાખતા હતા. આ ટર્કીશ ધસારો લઈ જતું લશ્કર તે ઝાડોની અંદર જઇ જોનારાઓની નજરથી બીલકુલ ગાયબ થઇ ગયા. થોડીવાર સૂધી તો એમજ લાગ્યુ કે ધસારો લઇ જનારા ટર્કો પોતાના કાર્યોમાં ફતેહમંદ નિવડશે, કારણકે એમના હલ્લાનું જોર તેમજ પુરતો જુસ્સો વર્ણન ન કરી શકાય તેવો હતો. આ સિપાહોનો મુકાબલો ફક્ત દુશ્મનની તોપોએ કર્યો, પરંતુ થોડાજ સમયમા એકદમ તોપો અને બંદુકોના ફેર થઇ ગયા, અને થોડીજવાર પછી જંગલની

ઝાડીમાંથી બાકી રહેલા ટર્કીશ સિપાહો પાછળ હઠતા પાછા નીકળી પડયાં. જેમાંથી સેંકડે પચાસ ટકા માર્યા ગયા હતા, અને બાકી રહેલા વિખરાઇને પાછળ હઠતાં આવતાં હતા, જેઓ ટર્કબીક શહેરની ટેકરીઓની નીચે સૂધી ચાલ્યા આવ્યા. એ જોઇ સિપેહસાલારે એમને માટે મદદનું લશ્કર આગળ કર્યું, પરંતુ આ મદદનીશ લશ્કરને પણ જંગલની હદ સૂધી પહોંચતાં શત્રુઓની કાળરૂપી અગ્નિએ ખાવાનું શરૂ કરી દીધું. જેથી ટર્કીશ લશ્કરની સફો આ ગોલા બારીથી નાબુદ થવા લાગી. ટર્કોની પાસે ફક્ત બે બેટરીઓ એવી રહી ગઇ હતી કે જેની સાથે થોડો કંઈ દારૂ ગોળો તથા લડાયક સામન હતો; તે બેટરીઓથી તેઓએ પોતાના લશ્કરની હીમાયત કરવાનો વિચાર કર્યો; પણ બલગેરિયન તોપખાનું નજરે પડતુ ન હોવાથી ટર્કીશ તોપખાનું તેની ઉપર કંઇપણ અસર કરી શકયુ નહિં. છેવટ એ આવ્યુ કે શત્રુઓની તોપો ટર્કીશ તોપોની ઉપર ગોળા મારવા લાગી. અને તેના ઉપર ગોળાઓનો વરસાદ વરસાવવો શરૂ કરી દીધો. જેથી થોડાજ સમયમા ટર્કીશ બેટરી બીલકુલ રદ થઇ ગઇ, એક બેટરીનાતો લગભગ સર્વે માણસો રણક્ષેત્રના ભોગ થઇ પડયા જેમાંથી ફક્ત સાતજ બચવા પામ્યા હતા, એ ઉપરાત દોઢસો ઘોડાઓ પણ માર્યા ગયા. આ સર્વે બનાવો બપોર અગાઉ થવા પામ્યા હતા, અને બીજા આરમીકારે જે હલ્લો કર્યો હતો તે પણ કંઇ કરી શકયો નહિં, જેથી પાછળ હઠાવવામા આવ્યો. પાયદળ ફોજ પણ દુર સૂધી પાછળ ખસી આવી, અને કેટલાક કલાક સુધી તો દુશ્મનોની તોપોના નિશાનની અંદરજ રહી, કે જયારે તેઓ આગળ પણ વધતાં ન હતા તેમ પાછળ પણ હઠતા ન હતા.

બરાબર એજ વખત ઉપર શત્રુઓએ સખતાઇ તેમજ. અતિ જુસ્સાની સાથે **અબદુલ્લા પાશા**ની ડાબી બાજુના વચલા લશ્કર ઉપર હલ્લો કરી દીધો. એ ઉપરાંત લડાઇનું વધારે જોર ચોથા આરમીકાર ઉપર પણ હતું, જે આરમીકાર જોકે અતિ કમ તાકત થઇ ગઈ હતી, છતાં **લુલેબરગાસ**ના સાંભેની ટેકરીઓ ઉપર અતિ વિરતાથી કદમ જમાવી ઉભી રહેલી હતી. હવે જોકે શત્રુઓ ટર્કોના હલ્લાને દરેક રીતે રદ કરી ચુકયા હતા, કારણ કે ટર્કો પાસે લડાયક સર સામાન ખલાસ થઇ ચુકયો હતો. આ વખતે ટર્ક શુરવિરો પણ મેહનત અને ભુખમરો વેઠીને દુશ્મનને હંફાવવામાં એક્કા નિવડયા હતા

જ્યારે શત્રુએ રેલ્વે સ્ટેશનનો કબજો લીધો, ત્યારે તેણે ટર્કીશ ચોથા ડીવીઝનને પાછળ ખસેડવા ઉપર લાચાર કીધો.

હવે બપોરના એનો સમય થવા આવ્યો, અને **અબદુલ્લા પાશા**ના સિપાહો અતિ નાજુક સ્થિતિમાં આવી પડયા. જ્યારે આવી હાલત જનરલ સ્ટાફના ઓફિસરોએ જોઈ તો દુરબીનથી વીઝા તરફ તેઓ જોવા લાગ્યા, કે જ્યાં **મહમુદ મુખતાર** પાશા પોતાના લશ્કર સાથે અહિંના (લુલેબરગાસ) આરમીકારો સાથે આવી મળવા માટે અતિ બહાદુરી તેમજ જુસ્સા સાથે લડાઇમાં રોકાઇ ગયો હતો, જ્યા પણ સવારથી અત્યંત જુસ્સામા લડાઇ ચાલુ હતી. અને ધુમાડાથી માલમ પડવા લાગ્યુ કે **મહમુદ મુખતાર** પાશાનુ સેન્ય આગળ વધતુ ચાલ્યુ આવે છે. અને દુશ્મનોના રોકવાની કશી પણ પરવા કરતો નથી. એટલામાં કાસદો પણ આવી મળ્યા જેમની જબાનીથી માલમ પડયું કે, “ **મહમુદ મુખતાર** પાશા ધસારો કરતો દુશ્મનોને મારતો કાપતો એકદમ ધસ્યો ચાલ્યો આવે છે, અને ઘણાખરા બલગેરિયન

શત્રુઓને તો મારીને નસાડીઆ છે. અને તેમનું આવવું તે સમય લાખી મુકશે; કે દુશ્મનો નામર્દીથી ન્હાસી જાય. અને તેઓ બપોર પછી બીજા આરમીકોરની સીધી બાજુ સૂધીતો પહોંચી આવવાની ઉમેદ રાખે છે."

આ ખબર સાભળતાજ જનરલ સ્ટાફ ઓફીસરોની ઉમેદો પાછી સજીવન થઇ ગઇ. અને કેટલાક કલાક સૂધી તો એમના અંતઃકરણો એમની ઇચ્છાઓ, તેમજ દુરબીનો ત્રીજા આરમીકોર તરફ લાગી હતી. એ લોકોને આ સ્થિતીમાં મુકી આપણે બુનાર હિસાર તરફ ફરીશુ, કે જયાંની લડાઇ પણ આ લડાઇ સાથેજ જારી હતી.

બુનાર હિસારની લડાઇ પણ એજ સરહદ સાથે ચાલુ છે. જે બાબત વિષે આગલા પ્રકરણમા ઇશારત કરવામાં આવી છે. અહિ બલગેરિયનો વાદળાંની પેઠે છવાઇ ગયાં હતા, પરંતુ આ સમયે ટર્કોએ પોતાની પ્રાચીન તવારીખી શુર વિરતાની સાબેતી આપી, અને વિકાળ ટર્કીશ સિંહોએ બલગેરિયન શિયાળવાઓનો શિકાર કરી લીધો. જયાંથી બલગેરિયન લશ્કરે જીવ લઇને ન્હાસવા માડ્યુ, પરંતુ શું ટર્કો અર્ધ ખાધેલા શિકારને છોડનારા હતા? તેઓએ આગળ વધી તે ટુકડીનો છેવટનો ફેસલોજ કરી દીધો. બલગેરિયન લશ્કરમાં એક પાદરી સાહેબ પણ હથિયાર બાંધી હાથમાં માળા (તસબીર) ધરી ઇસુ, ઇસુ કરતા નીકળી પડ્યા. જેમને બલગેરિયનોએ પોતાના લશ્કરને 'ધાર્મીક જુસ્સો અપાવવા માટે મોકલી આપ્યા હતા, પરંતુ તેવણુ ટર્કોના હાથમા પડી જવાથી નવાઈ જેવા વેંહચાઇ ગયા.

બપોરના બે વાગ્યાના શુમારે ઉત્તર અને પુર્વ તરફ લડાયક જુસ્સો એકદમ વધી ગયો, કારણ કે બલગેરિયનોએ બીજા ટર્કીશ આ-

રમીકારના મુકાબલાના લશ્કર તરફ આ બાજુથી અતિ જબરદસ્ત મદદ મોકલી આપી હતી, જે વિશ્રાંતિવાળુ બીલકુલ નવુજ લશ્કર હતું. જે બીજા ટર્કીશ આરમીકારની ડાબી બાજુ ઉપર સીધુ અને સીધુ ચાલ્યુ ગયું હતુ. અને પોતાની આખી તાકાત ત્રીજા આરમીકારને રોકવા માટે એને લીધે જમા કીધી હતી કે, **મહમુદ મુખતાર** પાશા તે તરફથી આ તરફના ટર્કીશ લશ્કરને મદદ રૂપે થઇ ન પડે. કોઇ પણ કાને આ સમયના જેવો હેબતાવનારો તોપોનો અવાજ સાંભળ્યો ન હશે. **મહમુદ મુખતાર** પાશાનુ લશ્કર આજે એટલુ તો ચાલાકીથી અગ્નિ વરસાવી રહયુ હતુ, અને તોપોનો ફાકડો મારો ચલાવી રહયુ હતું, કે જોતજોતામાં તેમના આ અથાક પરિશ્રમનો વિજય વાવટો ફરકતો થયો

દિવસના ત્રણ વાગ્યાના સુમારે બલગેરિયનોએ ધસારો કરી **મહમુદ મુખતાર** પાશાનો હલ્લો પણ રદ કર્યો. અને તેને થોડુંક કંઇ પાછળ હઠવા ઉપર લાચાર કર્યો, અને હવેજ **અબદુલ્લા** પાશાને વિચાર આવવા લાગ્યો કે હાલમા તો અહિંથી પાછળ હઠવા સિવાય છુટકો નથી. **નેપોલિયન બોનાપાર્ટ** પણ **વોટરલુ**ની લડાઇમાં પોતાના જનરલ ગુરૂછીની એટલી વાટ જોઇ ન હશે, તેટલી **અબદુલ્લા પાશા** અને તેના જનરલ સ્ટાફ ઓફિસરો **મહમુદ મુખતાર** પાશાની વાટ જોતા હતા.

હજુ સૂધી આટલો સમય તો બાકી હતો કે જો **અબદુલ્લા પાશા** બીજા આરમીકારની સામે મુકાબલામા એક સખત ધસારો કરી શકત તો, આખા દિવસના ખેલનો દેખાવ એક સેકંડમા બદલાઇ જાત. કેમકે જો આ હલ્લામા ફતેહમંદી મળી જાત તો દુશ્મનને પાછળ હઠવા સિવાય છુટકો ન હતો, તો પછી વધુમાં પાછળથી **શૌકત**

તુરશોદ પાશા અને આગળથી **મહમુદ મુખતાર** પાશા તેની અચ્છી રૂવેશે ખબર લેવામા ફાવી શકતે. કેમકે આ બન્ને સરદારોના હાથ તબાહખારી કરવામાં "મુલ્કમૈદાન" તોપ મીશાલ જાણીતા છે. પરંતુ હવે પાછો તેજ સવારવાળો સબબ નજરે આગળ આવ્યો આ સમયે પણ ટર્કીશ સિપેહસાલાર પાસે બીલકુલ વિશ્રાંતિવાળી નવી ફોજ તોપખાનુ, અથવા દારૂગોળો હતોજ નહિં, અને હતો તેટલો ખુટી પડવાથી હાલની તોપો પણ વગર ખપની થઈ પડી હતી. જેથી પાછળથી હઠવાનો સમયને માન આપવાનુ અતિ છેવટની લાચારીએ દોરવાવુ પડયુ. આ સમયે પણ **અબદુલ્લા પાશા** નેપોલિયન બોનાપાર્ટ વોટરલુના મેદાનમાં પોતાના જુના બોડીગાર્ડને લડાઇની ભેટમાં ચઢાવી ચુકયો હતો, તે પ્રમાણે આખરે એટલી બધી તૈયારી પર આવી ગયા કે પોતાના બોડીગાર્ડનો આખરી ભાગ દેશ સેવા ઉપર કરી દેવાનો નિશ્ચય કર્યો, અને છટુ આરમીફોર સામે ધસારો લઇ જાય, એ હિલચાલ શરૂ થવાજ પામી હતી કે દુશ્મનો જાણી ગયા, અને તેઓએ પોતાના ઉંચા તોપખાનાની બાર તોપોના મોઢા આ કોલમો તરફ ફેરવી દીધા. સિપાઇ દમ સાધી એક બીજા સાથે મળી ગયા. આ દમ સાંધેલા સિપાઇઓના માથા ઉપર ધુમાડાના ગોટા એવી રીતે ઉડી ઉંચા જતા હતા કે જેવી એક ધનઘોર ઘટા ચઢીને આવી છે, જેની અંદરથી ગોળા ગોળીઓ અને કાળ રૂપી કહેર વર્ષી રહયો છે, તે એટલે સુધી કે, આ સમયે જોઇએ તેવુ લશ્કર મુકાબલામા હોત તોપણ આ ગોળા બારી આગળ કોઇપણ રીતે ટકી શકત નહિં. આ જોનારાઓને એમ જણાતું હતુ કે સિપાઇઓ હવે આગના દરિયામા ડુબકીઓ ખાય છે, અને મૃત્યુની દોરીથી બાંધી લેવાની તક સાધતો કાળ માથા ઉપર ભમી રહયો છે.

પ્રકરણ ૧૦ મું.

બહાદુર શમિસા અને શુરવિર અબુલ આસિમ.

સરભી કટ જાય તો વસવાસ ન મુતલક્ આયે,
ખુનકે કુતરોંસે આવાજ અનલહક આયે.

પુરા અડતાલીસ કલાક થઇ ચુકયા છે પણ અબુલઆસિમનો હાથ તલવારના કબજાથી નીકળવા પામ્યો નથી. આગળીઓ અને હાથના પહોંચા સાથે બાજુ પણ સુઝી ગયા છે, શરીર ઉપર ઘા લાગવાથી અતિ ખરાબ હાલતમા છે. અને સર્વે કપડા લોહીમા રંગાઇ ગયલા છે. શુરવિર પિતા સાથે બહાદુર પુત્રે પણ તેવીજ વિરતાનો પુરો નમુનો બતાવ્યો. અને બાપની સાથે રહી, જેટલા શત્રુઓને બાપે નર્કદ્વારે મોકલી દીધા હતા, તેટલા નહિ પણ તેથી અર્ધા શત્રુઓને તો જરૂર નર્કમા પહોચાડયા છે. પરંતુ અફસોસ તો એ છે કે વિરપુત્રીને હમણા સુધી પિતાની તથા ભાઇની મલમપટ્ટીનો મોકો મળ્યો નથી. એમ તેની જેટલી પટ્ટીઓ બીજા મુજાહેદીનોના ઝખમ ઉપર વપરાઇ છે, તેમાથી એક પણ પોતાના પ્યારાઓના ઉપયોગમા આવી નથી ! હા, તે આ વાતથી તો ખુશી છે કે આ ત્રણ દિવસની અંદર જાતે બસો વખત પોતાની નાની સરખી મશકમાં ઠંડું પાણી ભરીને લાવી છે, તો કમમાં કમ વીસ ત્રીસ વખત તો

તેણે પોતાના બાપ અને ભાઇને જરૂર પાણી પીવડાવ્યુ છે. આ સમયે પણ તે પોતાના લડાઈમાં પડેલા પિતાને એક ગ્લાસ પાણીનું આપતી હતી, કે એક શત્રુની ગોળી અબુલઆસિમની ડાબી બાજુ પર પેશી ગઇ, અને તે એક દુઃખદાયક અવાજમાં "અલ્લાહ" કહી જમીન ઉપર આવી રહ્યો. શમિસાએ પોતાના પિતાનું માથુ બન્ને હાથે સીધુ કર્યું; અને હજુ તે માટીના બીસતરા ઉપર સરખો કરી સુવાડતી હતી કે આસિમ પણ પોતાના પ્યારા પિતા પાસે આવી પહોચ્યો. બહેન અને ભાઇએ સાથે મળી બાપના મોઢામાં થોડુ સરખુ પાણી નાખ્યુ, અને હજુ બીજો ઘુટ પાણી આપવાનો સમય પણ આવ્યો ન હતો કે એક બલગેરિયન ભાલાની અણીએ બેટાની પીઠ છેદી નાખી. જેથી તે એક દરદથી ભરેલો અવાજ કાઢી જમીન ઉપર પટકાઇ પડ્યો!

નાની શમિસા! બાળ શમિસા! આખરે પણ અબળા બાપ અને ભાઇની આવી સ્થિતી જોઈ, એકદમ ગભરાટમાં પડી ગઇ, અને મદદ કરવાની નજરો આમ તેમ નાખવા લાગી, પરંતુ અહિ લડાયક નકશો બદલાઇ ચુક્યો હતો. અને બલગેરિયનોએ પોતાના દારૂ ગોળાનો સખત વરસાદ વરસાવી ટર્કોને પાછળ હઠવા ઉપર લાચાર કર્યા હતા, જેથી કરી ટર્કીશ લશ્કર કાયદેસાર હારબધ પાછળ હઠતું હતુ, અને દુશ્મનો તેમને સખતાઇથી ઢેલતા આવતા હતા, બહાદુર શમિસાના સુભાગ્યે આ અફરા તફરીમાં એક વોલંટિયર "**તિલઅત બે**" કે જે ટર્કીશ માજી પ્રધાન હતા, તે પણ ગભરાયલા અકળાયલા શમિસા પાસે આવી પહોચ્યા, અને બચ્ચીની દરખાસ્તથી તેના પિતાને ઉચકી મુકામ ઉપર લઇ ચાલ્યા. ભાઇને શમિસાએ પોતે

ઉંચકી લીધો, અને અતિ મુશ્કેલીએ પડતી અખડતી પોતાના સાક-ઝકુઇના મુકામ સુધી પહોચી ગઈ.

એની પછી જે સિપાઇઓ દુશ્મનોને મારવા આગળ વધ્યા હતા, તેઓ પાછા પોતાના પોઈંટ સૂધી પાછળ ખશી ગયા, અને તેઓ બે કલાક વધુ પોતાનો મુકામ સંભાળી શકયા, તે અહિં સૂધી કે રાત્રી પોતાનુ તિમીર પ્રસરાવવામા ફતેહમદ થઈ. અને ચારે બાજુ ઘોર અંધકાર છવાઇ ગયો, અને ચારે બાજુ પોતાના સનસનાટનો અવાજ ચાલુ કરી ચુકી.

આ આખી લડાઇમા બલગેરિયન ફૌજની સર્વે તાકત ઉતરી ચુકી હતી, અને પાછળ તેમના મુલકમા કોઈ હથિયાર ઉચકવા જેવો પણ પુરૂષ રહ્યો ન હતો. પણ ટર્કોની લડાયક તાકતની નહેરો એશિયા માઇનોરથી હજુ પોતાના યુવાન વોલટિયરો, લડાયક યગમેન. લડાયક લશ્કર, સભાળનારી ફૌજ તથા સ્વારોની ટોળકીઓ બરાબર પોતાને કામે લાગેલી જણાતી હતી. જો આ જબરદસ્ત તાકતથી દુશ્મનોના મુકાબલા માટે બે મહાન તાકતો કરી દેવામાં આવે તો દુશ્મનનો મુકાબલો અતિ બહાદૂરી સાથે કરી શકે. પરંતુ પહેલ વહેલાં ટર્કીશ લશ્કરનુ આવી સ્થિતીમા ફતેહમદ નિવડવુ, અને શત્રુઓથી થોડી ગણત્રીમા રહેવુ બીક ઉપજવા જેવુ, અને નુકસાન પહોચાડનારૂં કાર્ય હતુ; ત્યારે ટર્કીશ લશ્કરી સિપેહસાલારોએ આપસમા વિચાર કર્યો કે તેઓ પાછળ હટી કોઇ એવુ લડાઈનુ મેદાન પસંદ કરવુ જોઇએ, કે જે જગ્યાએથી મુકાબલો કરવા પહેલાં લશ્કરી ગણત્રી કરવાની કુદરતી જીજ્ઞાસા આકર્શાઇ ! આ મસલેહત ચાલતી હતી તેટલામા વચ્ચેથી બોલી ઉઠયો, “ હા એવી જગ્યા એક છે

અને તે **ચટાલજા**નું નવું મેદાન છે. જે ટર્કીશ લશ્કરની બન્ને સીધી અને ડાબી બાજુ ત્વરાથી આગળ વધવા તેમજ પાછળ હઠવાની સહેલાઇ આપી શકે છે, અને તેનો વચલો ભાગ મજબુત અને એક મુકામ ઉપર જમાવ થઇ જુદી જુદી પાર્ટીઓમાં હલ્લો કરવા તેમજ શત્રુઓને અટકાવવાને ફતેહમંદ નિવડશે. "

એવી રીતના વિચારમા ઉપલી શાકાયતના મળતાંજ રાત્રી પોતાનો સિંગાર સજી પોતાનુ કાર્ય કરવાની શરૂઆતમાં પડી. એટલે સર્વે ત્યાજ સુઇ રહ્યા. સવારના પોહ ફાટતાંજ શત્રુઓની તોપના ધડાકાઓએ ટર્કોને ઉત્તેજ કર્યા અને **ચટાલજા**ની લાઇન તરફ ટર્કીશ લશ્કર કુચ કરવા લાગ્યું. આ સિપાઇઓના પાછા ફરવાનો પુર રોબદાર દેખાવ કોઇ પણ આંખ્યોને આંજી નાખે તેવો હતો. અને પુરેપુરી શુરવિરતા અને બહાદુરી સાથે રણક્ષેત્રમા તેઓ કુદી પડી શત્રુઓની કાળરૂપી અંતઃકરણ ઉથલાવનારી સખત આતશબાજીમાં પણ તેવીજ સાબેત કદમી સાથે તેઓ પાછળ હઠયા. ગોળાઓ જો કે વરસાદની માફક માથા ઉપર વરસી રહ્યા હતા, પરંતુ તેની કશી પણ દરકાર કરવામાં આવી નહિં. અને ધીમે કદમે તારીફ કરવા લાયક પોતાનો મોભો જાળવી પાયદળ લશ્કર **ચટાલજા** તરફ રવાન થયુ.

આ સમયે અમને કહેવા સિવાય ચાલતું નથી કે, ટર્કો કેવી રીતે પાછળ હઠયા ? એના ઘણા કારણો છે. **જરમન મારશલ વોન્ડર ગોલ્ટઝપાશા,** કે જે પણ ટર્કીશ લશ્કરના ઉસ્તાદ છે, તેમણે ઇસ્ટર્ન રૂમેલિયાની લડાયક રીત એવી રીતે કરી હતી કે, અહિ એડ્રીઆનોપલના ઇલાકામાં દરેક વખત જબરદસ્ત ટર્કીશ તાકત તૈયાર

રાખવી જરૂરની છે, જેને લાથી કોઈ પણ કાળે ખસાડવામાં ન આવે. પરંતુ અફસોસ સાથે કહેવુ પડે છે કે આ સમયે લડાઇમાં, આ બાબત નજરથી દુર કરવામા આવી. એની પછી લશ્કરને ખોરાકી પહોચાડવામાં સુસ્તી, તથા પુર બદોબસ્ત વગર કાર્ય લીધુ. જેથી દુશ્મનની ફોજ મુલકની અંદરના ભાગમાં આગળ વધતી આવી, અને ટર્કીશ લશ્કર પાછળ હઠતું રહ્યુ !!

જો ટર્કીશ સલતનતને એટલો પુરતો સમય મળી જાત, અને તે **સિરયા, ઇરાક અને અનાટુલિયાથી** પોતાનું જરૂર પડતુ લશ્કર લાવી શકત તો દુશ્મનો પોતાની હદથી એક કદમ આગળ વધી શકત નહિં, અને ઉલટુ ટર્કીજ શત્રુઓના દેશને પાયમાલ કરી તેમની રાજ્યધાનીઓ ઉપર કબજો કરી લેત.

અહિંના મેદાનમાં બલગેરિયનોએ ફસાદી લુટારા અને બેકાયદેના બદમાસો તથા બેસુમાર રશિયન વોલંટિયરો, ઉપરાંત ફક્ત પેતાનુ કવાયતવાળું લશ્કર ત્રણ લાખ ઉતાયુ હતુ. (ઉપલી બધી બાબતો પોતે બલગેરિયન કબુલ કરે છે) અને એના મુકાબલામાં ટર્કીશ લશ્કર ફક્ત એક લાખ વીસ હજારનુંજ હતુ અને એની ઉપર એડ્રીઆનોપલની આજુબાજુનું ચાલીસ હજાર લશ્કર વધારી એક લાખ સાઠ હજારનું ટર્કીશ સૈન્ય બલગેરિયન ત્રણ લાખ ઉપરાંત વધારેના મુકાબલામાં થોભી શકે એનો અકલથી ઉલટુજ હતુ. આટલી નાની ગણત્રી ઉપર દુશ્મનોએ કોઇક ફતેહ મેળવી તો શી નવાઇની વાત થઇ? ટર્કીની હાર અને પાછળ હઠવાનુ અસલી કારણ એ છે કે તેમણે ઇસ્ટર્ન રૂમેલિયાનુ સ્વાર લશ્કર લડાઇથી કંઇક અગાઉ પાછું બોલાવી લીધું હતું. અને લશ્કર બોલાવવાનું એટલુજ કારણ થયુ કે બ્રીટીશ

પ્રધાને લંડનના ટર્કીશ કોન્સલને અને બીજા યુરોપી રાજ્યોએ પણ ટર્કીશ કોન્સલોને એ બીનાનું યકીન કરાવ્યું હતું કે તેઓ કોઇપણ કાળે બાલકન સ્ટેટોને અથવા બલગેરિયાને લડાઇ કરવા દેશે નહિં.

*"ટર્કોપાસે ખોરાક બીલકુલ હતો નહિં, લડાયક સફરી હોસ્પીટલો હતી નહિં, લડાઇના ચાલુ સમયમાં મોટા ઓફિસરો નાના ઓફિસરોને હુકમ કરવાના કશા પણ સાધનો રાખતા હતા નહિ. ટર્કીશ લશ્કર સાથે કંઇક ખ્રિસ્તીઓ પણ હતા, જેની વખત ઉપરની બે વફાઇએ લશ્કરમા ખરાબ અસર ફેલાવી દીધી. નાના ઓફિસરો ગણત્રીમા થોડાં હતા, અને ટર્કીશ તોપો દુશ્મનની તોપો કરતા ગણત્રીમાં ઘણીજ થોડી હતી."

હવે વિચારવું જોઇએ કે આ સર્વે સબબોમાંથી એકજ સબબ ન હોવાથી આખુ લશ્કર ખરાબીમાં પડી શકે છે. અને અહિ તો આ સર્વે સબબો એકઠાજ થઇ ગયા હતા, તેથી આ લશ્કરની કેટલી તારીફ કરવી અમારી ઉપર વાજબ છે, કે કેટલા દિવસના ભુખ્યા અને હથિયાર વગરના થઇને પણ આવી રીતે લડાઇમા વિક્રાળ વાઘ રૂપી ભાગ લીધો. અને આવા તોપખાનાને કેટલીક સાબાશી આપવી ઘટે છે કે, એ શત્રુઓના તોપખાનાથી થોડું થઇને પણ તેના મુકાબલાથી હઠયા નહિં. એ ઉપરાંત ટર્કીશ ઘોડેસ્વાર બલગેરિયન સ્વારો ઉપર અતિ ફતેહમંદ રહ્યા. તેઓએ એવા કાર્ય કર્યા કે તે ગોયા તવારીખી નોંધ સમાન થઇ પડવા જોઇએ. હાય' શત્રુઓ ઉપર શુરવિરતાના હલ્લા કરતા કરતાં ટર્કોના રસાલા બીલકુલ ફના થઈ ગયા. આ

* ડેલી ટેલીગ્રાફ, લંડન, ટાન અને માટન, અકલીર, એકવીપોરી, ફ્રાન્સ અને ન્યુફ્રી પ્રેસ ઓસ્ટ્રીયાના ખબરપત્રીઓ એ બાબત ઉપર એકમત થયા છે.

સ્વારો બલગેરિયન સ્વારો ઉપર હલ્લો કરતા હતા, અને "તખત યા તખ્તો" યાને "કાતો તાજકે કાંતો ભૂમી" પોતાનો ખાસ મુકામ બતાવી આગળ વધતા ચાલ્યા જતા હતા. તેઓ પાછળ કદમ રાખવા કરતાં મરણને વધારે ચાહતા હતા.

બીજા રાજ્યના ખબર પત્રીઓ ટર્કીશ સ્વારોની અમનકારીક શુરવિરતાના દ્રષ્ટાંતો આગળ ધરે છે, અને જબરાઇથી "સાચી બીના જબાન ઉપર" લાવે છે.

એ બીના તો પ્રત્યક્ષ થઇ ચુકી છે કે **લુલે બરગાસની** લડાઇમા બલગેરિયન લશ્કર બીલકુલ કના થઇ ચુકયુ હતુ, અને છેલ્લા વખતની આખરી ઘડીએ સરવિયન તથા ગ્રીકનું મદદગાર લશ્કર અને વીસ હજારથી વધારે રશિયન વાલટિયર તેમાં આવી મળ્યા, ત્યારે તેઓ આગળ વધ્યા, અને એ બીના **મોનશયોર** વુડ પોતે કબુલે છે.

ટર્કીશ લશ્કરને ખોરાક ન પહોચવાની બાબતો સાંભળી લોકોને અજાયબી ઉપજશે, કે ટર્કીશ વડાઓએ એ બીના ઉપરતો જરૂર લક્ષ આપ્યુ હશે: તેઓ આવા જરૂરી કાર્યથી કવી રીતે ગફલત કરી શકત! પરંતુ આવો વીચાર લાવવો ખોટો છે. કારણકે દરેક જગ્યા ઉપર તેના બંદોબસ્ત કરવાની ઘણી ખરી બાબતો મળી શક્તી નથી અને રેલ્વે લાઇન લશ્કરી રવાનગીથી ખાલી ન હતી, જેથી કરી આટલા મહાન લશ્કરને ખોરાક પહોચાડી શકાયો નહી અને એજ બાબતોને લીધે વખત ઉપર સામાન પણ પહોચી શકયુ નહીં અને બીજી ખરાબી એ થઇ કે **વોન્ડર ગોલ્ટઝ પાશાએ** સલાહ દીધી હતી કે થ્રેસના ઇલાકામાં **બાબા એસ્કી** સુધી રોટીઓના તંદુરો અને લડાયક સરસામાનની જરૂર માટે ગોદામ તૈયાર રાખવી, પણ આ સલાહ ઉપર

અમલ કોણ કરે? જ્યારે તેની કીમત માલમ પડી ત્યારેતો તે નકામીજ હતી.

તોપોના બાબમા પણ એજ કે, પચીસ ટર્કી તોપો બલગેરિયન સાઠ તોપોનો મુકાબલો કરી શકી નહી. અને એમ થવુ પણ જોયતુ હતુ. ખરી રીતે જોતા આ લડાયક વખતમાં વિજઈ તેજ થઈ શકે જે ગણત્રી તેમજ હથિયારોમા સાબેવાળી ફોજથી કંઇક ચડ્યા હોય. .અહીઆ ટર્કોની વગર તૈયારીઓજ તેઓને શરૂમાંજ પાછળ હઠવા ઉપર લાચાર કીધા.

ટર્કોએ આ મારકામા ત્રણ દિવસના ભુખ્યા રહી એક વિક્રાળ સિંહના જેવા કાર્યો કર્યા, અને વિખેરાઇ નાઠા નહિ, પરંતુ કાયદેસર માથા ઉપર ગોળા ગોળીઓના વરસાદ પડવા છતાં, ધીમે ધીમે કદમે એ જગ્યા છોડી **ચટાલજાની** તરફ મુકામ કર્યો. આ સમયે અગર બલગેરિયન તાકાત વધારે હોત તો ટર્કોના પીછો પકડવામા તેને કોઇ પણ અટકાવી શકનાર હતો નહી, પણ એતો ખરૂજ છે કે બલગેરિયન તાકત ખલાસ થઈ ચુકી હતી. આ સમય ટર્કો પાસે થોડું પણ રીઝર્વડ લશ્કર હોત તો અહિંથીજ એ લોકોને મારી નહસાડી શકત. બલગેરિયનોએ **લુલેબરગાસ** તો લીધુ. પરંતુ અહિથીજ એમની કમર તુટી ગઇ અને ઢીલા પડી ગયા.

પ્રકરણ ૧૧ મું.

માજી સુલતાનનો પ્રગટેલો જુસ્સો.

ફસે હુંય આફતોંમેં હર તરફસે ગમને ઘેરા હય,
મદદ કર અય મેરે મૌલા, સહરા હયસો તેરા હય.

યુરોપીઅન ટર્કીમાં **સાલુનીકા** બીજા નંબરે છે, આ શહેરની ઇમારતોનો દરિયાના કિનારાથી અતિ રળિયામણો દેખાવ નજરે પડે છે. એની ચારે તરફ પાચ માઇલની સરહદમાં સફેદ દીવાલ બાંધી લેવામાં આવી છે.

માજી સુલતાન **અબદુલ હમીદ**ને તખ્તથી ઉતારી અહિં **કસરેઅલાટીન** નામના મહેલમાં રાખવામા આવેલા છે, જે મહેલ એક અતિ રળિયામણા મનહર બગીચામાં આવેલો છે.

રાત્રી પડી ચુકી છે. શહેરના ઘરો મુડદા મીસાલે, તમામ વસનારાઓની છાતી બધ કરી ગભીરતાથી ઉભાં છે. ઝાડના ઝુંડોની, પવનના સપાટાથી આમતેમ હાલરડાં ખાતાં ખડખડાત થાય છે. આવા ભયાનક એકાંત સમયે આ બગીચાની શાંતીને એક કુતરાના ભસવાનો સાદ ખલેલ કરી રહયો છે ચદ્રમા છેક નીચાણુ માર્ગે જતો રહ્યાથી રાત્રીએ કાળો સાહયો ગ્રહણ કરી લીધો છે. તારાઓ અતિ ખુલ્લા અને ચળકાટ કરી રહયા છે, અને સાંજના નીકળેલા તારા અતિ ચુપકીદી સાથે ઘણી દુરની મુસાફરી ખેચી ગયા છે. દરેક તરફ શાંતિ પોતાનો

પુર અમલ સ્થાપી ચુકી છે, અને તિમીરે પોતના નાગણરૂપી વાઘો પેઠે દુન્યાને પોતાની અંદર છુપાવી લીધી છે.

હવા અતિ જોરમાં ફુંકાઇ રહી છે, જેથી મારમોરા સમુદ્રના પાણીમા પુર જોરથી મોજાઓ આવી **સાલુનીકા**ના કિલ્લાથી અથડાઇ એક ભયાનક અવાજ પ્રગટ કરી રહ્યા છે, જે તોફાની અવાજ આવા શાંતિના સમયમાં અંધારાના ખેળામા સતાઇને દુર સૂધી ચાલ્યા જાય છે, અને જ્યાં કંઈ કોઇ સાભળનારો મલી જાય છે તેની ઉપર એક અતિ બિહામણો અસર નાખે છે. આ સમયે દુન્યાવાળાઓ ગફલતની નીંદ્રામા મસ્ત થઇ પડેલા છે. પરંતુ આ **કસરેઅલાટીન**માં કંઇ જુદુજ થઈ રહ્યુ છે.

માજી સુલતાન, ઉપરના માળામાં બેઠેલા છે. બારીઓ ઉપર પડદા પડેલા છે, અને દિવાનખાનાની અંદર લેમ્પની ધીરી રોશની આમતેમ હીલચાલ કરતી નજરે પડે છે.

ખુદા જાણે આ એકાંત સમયની રાત્રી, આ વ્યાકુળતાની રાત્રી ખરેજ, એ રાત્રીનો આ સમય નામદાર સુલતાનના બાબમા કંઈ દુખી ઘડી છે, જેને મનુષ્યોએ સદીના જમાનામા અથવા વીસ ઉપરાંત વર્ષો તથા મહિનાઓમાં પોતાના સમજવા માટે વેહચી રાખી છે, અને એ હમેંશાને માટે કયો પોહર અથવા ભાગ હશે કે જે એક મોટો નામાંકીત હૃદયમા નાચી રહેલો માનીતો પુરૂષ પોતાના એકાંત સમયમા મનુષ્યોના સ્વાર્થી પુરૂપત્વ પગુાની અંદર સમાયલી ભેદ ભરેલી રાજ્યનિતી ઉપર ફીલોસોફી સાથે અતિ બારીકીથી વિચાર ચલાવે છે પરંતુ આ એકાંતનો ગભીર વિચાર અને આ ચાલુ બાબતનો કંઈ એવો તર લાગેલો છે, કે જે કોઇ પણ રીતે વીની

શકતો નથી અને રાત્રી પણ વીતાડી વીતતી નથી. તેમજ મનુષ્યોની એ વફાઇઓ અને વગર ભરૂસાના આનન્તિ વિચારોની બાબતો કેઇ પણ રીતે ખલાસ થતા નથી.

રાત્રીના બાર વાગી ચુકયા છે. ચક્ષુએ.મા અને પક્ષીઓમાં નિદ્રા ભરાઇ ચુકી છે, પરતુ એક પુરૂષની કીસમતમાંથી નિદ્રા આજે પોતાનો શ્વાસ પણ ચોરી ગઇ છે, જે એક અતિ સુંદર અને જાહોજલાલી વાળા સોફા ઉપર પડેલો છે. દિવાનખાના આગળના મોટા ઘડિયાળે ઘભરાઇને ટન, ટનના અવાજે વગાડયા, અને રાત્રીના જીવનનો અર્ધો ભાગ અતિ ત્વરા સાથે પુર્ણ થઇ ગયો. દિવાનખાનામાં આગલા દિવસોના નજર આગળ આવતા બિહામણા ઇતિહાસીક બનાવોથી પોતાની જબાન ' સાઇ, સાંઇ ' કહે છે. મહેલની ચારે બાજુની દિવાલોથી ના ઉમેદી અને એકાંતનું લસ્કર નીકળતું ચાલ્યું આવે છે. એવા એકાંત ભયાનક સમયે એક વિશાળ રાજ્ય મહેલમાં એક જીવન શુ ગડબડ કરી રહ્યુ છે, એવી ગરબડ ખરેજ, એક ચૌ તરફની આફતમાં ઘેરાયલુ જીવન કરી શકે છે, તો આ મહેલ કે જેમાં રાજ્ય ખટપટથી બીલકુલ નિરાળુ કરી દીધેલ જીવન શુ આવી વ્યાકુળતા વરશાવે ? શાને માટે ? પણ તે કેણુ ? એક માજી સુલતાન ! નહિ, નહિં ! આ ઉરકેરણી ભર્યા સમજાયલા **"સુલતાન"** શબ્દના અને ઐશ્વાના અભિમાની વિચારોમાં લીન થયેલ હાકમ, જેના નામનો એશિયા, આફ્રિકાજ નહિ, પણ યુરોપમા એ ખુતબો પઢનાર ખતીબનો દિલ પણ આજ તરફ ફરે છે, તે તેઓ જગતમાન્ય મહાન ખલિફા આવા વિચારને પોતાના હૃદયમા જન્મ આપેજ નહિં કારણુકે હવે તેને તુર્કસ્તાન અને હિંદ સાથે શો સબધ ? પણ નહીં ! ઇમલ.મી આલમ તરફની

તેની પવિત્ર ફરજને તે પોતાના અસંખ્ય સંકટો છતા પણ ભુલી ગયો નથી તેજ તેજ માજી સુલતાન અબદુલહમીદખાને એકાએક કોઇ અંદરની બેચેનીથી ધભરાઇ ઉઠી બેશી ગયો છે અને મહેલની દરેક સુક્ષ્મ બજુંને પણ અતી ઇન્તેજારીની ભયાનક ચક્ષુઓથી જોઇ રહગો છે. તે પોતે રૂમાનીયાના નરમ ફરશના સોફાઉપર આવીનેબેગી ગયો, અને થોડાક ટર્કીશ પેપરો અને ફરાંસી ની તેમજ અરબીપેપરો ઉઠવી ઉડાવાને જોવા લાગ્યા થોડી વાર પછી મહેલના આ ઉંચા અને પોલીટીકલ શાહી મકાનને વ્યાકુળતાના હૃદય અને ફીકરની આંખોથી જોઇ આખા દીવાનખાનામાં ફરવા લાગ્યો. હયાં સુધી કે કદી ખુરશીયેર ઉપર તો કદીજમીન પર બીછવેલાં ફરશ ઉપર "મારા વડીલોના જાનના બદલામાં મળેલી તું ભુમી ! શું તારો આ હાલ" એવા વીચારમા લાબો થઇ જાય છે. ઘડીભર આવા વિચારમા તે મન તરગ બાંધે છે કે ફીકર નહી જયાં સુધી મારૂં જીવન આ ખોલયામાં છે ત્યાં સુધી દુશમનોને હું પુરે પુરી રીતે વફાદારીનો પાઠ શીખવીશ ! આવા સંતોષી વીચારોમા માજી સુલતાનની આંખ લાગી જાય છે. તેટલેજ બેચેનીએ પ્રવેશ કરેલા વ્યાકુળતા તેને તે પાછો સજાગ્રત કરે છે, અને મખમલી ગાદી તકીઆઓને જોઇને પોતાના રોમન ગલીચાઓને પોતાની તર્ક વીતર્કથી તે આજે અજાયબ રીતે અસરકાર બનાવી રહયો છે. આવા સમયમાંસુલતાનનાગંભીર વીચારોનું આમ તેમ આંદોલન થવાને વખતે એકાએક સુલતનની ટર્કી પેપર ઉપર નજર પડી, જેમાંથી બાલકનો જુલ્મ અને ટર્કોની બેગુનાહી અને **મુસ્તફાપાશા** તથા **લુલેબરગાસ** । ઉપર ટર્કોના પરાજયના દિલ ઉશ્કેરનારા **હેવાલ** જોઈ આ અની કિમતી નેત્રોથા

અશ્રુધારા વહેવી શરૂ થઈ ગઇ ! ઉસમાની લોહીમાં જોશ આવવા લાગ્યો અને આ જોશના આવેશમા તે શુરા શહેનશાહનો હાથ તરતજ એક નાજુક તલવાર પર પડી ગયો

"આહ! એ ઊસમાની હિલાલની જાહોજલાલી રાખનાર શમશેર ! શરમ છે ત્હારા અખંડપણા પર ! તારી હયાતીમાં શુ ઉસમાની જાહોજલાલીનો સુર્ય અસ્ત થશે? ના, ના, નહી જ ? એવક્ષ, ના તરમ ત્હારી મ વ.ાઇએ મને મનુચરીયા અને હ-ઝે ગોવિનાના મહા-ારત સવાલ વખતે । હીમત અને દુશમનેની મહોજાળમાં ંધુ બ.ાગ્યો હતો અને ા જ માઠા પરીણામે મને તે પદભ્રષ્ઠ કરાવી રાયને રંક બનાવી દીધો ! ! ! પરતુ હવે તેનુ મને પુરે પુરૂ ભાન થયું છે. મ્હારી ગાદીનો માલેક મારો ભાઇ થયો છે ! મારૂ ભાઇની જગ્યાએ કોઇ બીજો હોય તો એ હુ ઉસ માની તાજની એ હુરમતી મારા જીવન સુધી સાખી શકીશ નહીં ! ઉ, ઉ, શમશેર તલવાર, તરો નાશ દુશ્મનોની ગરદનપર પલવારમા કરી દઇશ. શું તુ શત્રુઓની લા .ાની ભેગના થઇ પડી છે. ? દુનિયાના બાયલા ગુપ્ત પ્રપચી અને નાહીમત દગાખોરોની ચક્ષુથી શુ તુ અજાઇ ગઈ છે ? શરમછે ત્હારા જીવન પ કે જે લાખો ઓટોનની લ.શ પોતાના દેશ ઉપરથી સદકે થઇ રહી છે, અને તું તુ એક વેલા ઊસમાની ઇજ્જતની પ્રામ કરનાર લેખડી ઓજાર આજે એજાર હાલતમાં આ શાહી મહેલ .ા એક ખુણામાં હીજડાના સાથ નળે ભરાઇ શુરવીરોને ના હીમત બનાવી રહી છે ! ! ! પરંતુ યાદ રાખજો કે તારા ચળકતા શરીરને સુર્યના રજ કરણોની મ ફ્ક દુ મ નોનાં ગેરગોમાં લચાવી પચાવી પાડનાર ઓટોમન રજય કાન્તીમાં

એકવાર હિણાયલો, આ **અબ્દુલ હમીદ** હજુ હયાત છે ! શત્રુ-
ઓની લાલચમાં લપટાઇ તેં તેઓની કંમરનો આશ્રય પકડયો હશે
કેમ ? શત્રુઓની ઘડી ભરની મીઠી લાગતી લાલચથી એવા, નાવારસ.
યતીમોની નીર્દોપ ગરદન તારી જીભલીને પ્યારી લાગી હશે કેમ !
દગાના સગા શત્રુઓએ કદાચ તુને સોનાના મ્યાનમાં સાચવી રાખ-
વાની લાલચ આપી હશે, પરતુ યાદ રાખજે કે એક ઊસમાની ફતે-
હોનું માન ધરાવતી શમશેર, જે રહેમ, દયા, પરોપકારની મજાહ
ઓટામન નજરમાં તુંને મળી છે, તેઓ દગપાપી કીનાખાજ શત્રુ-
ઓના અપવિત્ર ચક્ષુઓમાં તુ કદી કદીપણ મેળવી શકીશ નહિ
સુવર્ણ તો શું, પરતુ સડેલા ગધેડાના ચમ્રના મ્યાનમા પણ
તુંને રહેવા મળશે નહિ ! માટે જો, આ ત્હારા એક વારના અનુભવ
વાળા માલીકનીજ તાબેદારી કર, ફરીફરી હું કહીશ નહિં. ત્હારા બુરા
હાલની મને દયા ઊદભવે છે, માટેજ તુને વીનવવાની મને કુદરતી
પ્રેરણા થાય છે. હજી બીજો મોક્ષ મળશે, ગાઝી કેહવાશે, વફાદાર,
પ્રમાણિક અને ગુલરીકારના મહાન પદને પામીશ ! ! હજીબી વિચાર
કર, તારૂ મન ફેરવ, હિણાયલો પદભ્રષ્ટ ઇત્યાદિ સમજીને મારા તરફ
નહિ તો ભલે, પરતુ તારા ભલાને કાજે આ ઇસ્તંબોલ તરફ તો તુ
જરૂરજ જો ! બસ હવે મારાથી વધુ તુને બોલાતુ નથી. તુ સેકડો
નાપાકોને નાશ કરનારૂં દીનના દુશ્મનોને મહાત કરનારૂં અને યુરોપ
માં ઇસ્લામી સત્તાના પગને જમેલું જોવામાં શોભા સમજનારૂં અજબ
પરંતુ ક્ષાની શાસ્ત્ર છે. માટેજ સમજાવું છું, મ–મ–મ–ના–ઉ–વુ–છું!!
ખરૂં રૂં ઉં વું વું ! ! ! ”

એક ઝખુન રીકરમાં દબાયલો ગાઝી **અબ્દુલ હમીદ** એકાએક

જાણે ઝબકી ઊઠયો હોય તેમ દેશપર આવેલા પરદેશી હુમલાની દેહ-શતે જાગૃત થઇ પાછો એકલો બોલવા લાગ્યો.

" શું હુ સુલતાન છું ? ના, નહિં ! ખરેખર નહિં, પણ એક વાર હતો. તેથીજ ઓટોમન કલંક તે મારી હયાતીમાં મારાથી કેમ સહન થાય ? " આટલું બોલી આ પુરૂષ ઊઠી આમતેમ ફરવા લાગ્યો જેના મોંઢાથી કંઇક શબ્દો પણ નીકળવા લાગ્યા, અને આશાના અંકુરે પાછો પેપરોના પાનાઓ ઘડી ઘડી જોવા લાગ્યો, આખરે નાસીપાસ થઈ જઈ પોતાની કોમ અને ધર્મની કીસમતોને રડવા લાગ્યો. એકાએક હૃદયમાંથી એક ભડકો ઊઠી મગજ ઊપર પહોંચી ગયો, અને એના વિચારો તથા દિલચાલની સ્થિતીના બંધ દરવાજા-ઓમાં ફીકર અને ચીતાએ પ્રવેશ કર્યો ! અને તેથી આ ઊસમાની સિંહના અંતઃકરણ તેમજ મગજમાં એક ન બનવાકાજ અસર અને પછી એક બેભાન કરનારી બાબત પેદા થઈ જવાથી પોતાના ધર્મ, કૌમ અને દેશની અજાયબી ઉપજાવનારી સ્થિતી જોઇ તે મુસળધાર રડી પડયો ! અને ટર્કીશ તલવારથી પાદશાહી મહેલમાં કદમપર કદમ રાખવા લાગ્યો એના હૃદયની બાબતોએ પોતાની પાંચે ઇંદ્રીઓથી સ્વતંત્રતા લઇ આ આલીશાન મહેલ અથવા આરામની બેઠકને અતિ અજાયબી અને અચરતીની નજરથી જોવાનું શરૂ કીધું

" હા ! હુ ! શું હુ સુલતાન ! શુ બાદશાહ ! નહિ, નહિ ! એકવાર હતો ! શુ હાલ નથી ? શુ મારી પાસે લશ્કર નથી. મારા વિકાળ બહાદુર શુરવિર સિપેહ સાલારો કયા સુતેલા છો ? હાં હુ હાલમા પદભ્રષ્ટ સુલતાન, મારી પાસે ટર્કીશ તલવાર છે. "

આ બેચેનીના શબ્દોથી આ એકાંત મહેલમાં ચુપકીદી પથરાઇ ગઇ, અને આ માજી સુલતાનના શબ્દોનો જવાબ દરેક દરવાજા અને દિવાલથી આવવા લાગ્યો. પછી આ ખોટી બાબતો અને અજાયબી ઉપજાવનારા વિચારોમાં ગુંથાઈ બેચેન થઇ ગયો, અને એક ખુણા તરફ જોઈ જોરથી કહેવા લાગ્યો. **પીલુનાના** શહીદો ! ગાઝી **ઉસમાન** અને ગાઝી **અહહમ**, હા, મારા સાચા શુરવિરો અને ઓ મારી ઉસમાની કૌમ ક્યાં છો ? શું સરહદ ઉપર મારી ફૌજ કુતરાની મૌતે મરશે ! નહિં કોઇ કાળે નહિ ! તેઓ તો શુરવિરતાથી મરશે ! ! અને શહીદોની એટલે વગર મૌતની અમરતા મેળવશે

આ ગદગદીત કંઠના અસરકારક ધ્રુજતા શબ્દોથી આ બુઝુર્ગના અવાજમાં એક અસર પેદા થઇ, અજાયબ જેવું રહમ, દુખ અને કષ્ટ જણાવા લાગ્યું. પરંતુ એના જુસ્સાઓમાં ગરમીએ વધારે ભાગ લીધો, હવે એની શુદ્ધીના સમય અને બેહોશીના સમયથી હુશીઆરી બાકી ન રહી અને તે કહેવા લાગ્યો,

"હા હાં હું હમણાં પણ સુલતાનજ છું ? હું તો મારી ખુશી અને મરજીથી આરામ અને આશાએસના વિચારે કિનારો પકડી ચુકયો છું, પણ આ સમય આરામનો નથી. આ સમયે કોમના સુલતાન, દેશના સુલતાન અને ધર્મના જાનિસાર બની મેદાનમાં શહીદ થવાનો છે. લાવ મારી ઉસમાની તલવાર ' તલવાર તો મારી પાસેજ છે !" તલવારની ચુમી લઇ "ઓ અજીવ પણ ઉસમાની રયાસત માટે તારૂં સર્વસ્વ અર્પણ કરનારી ક્ષાની શમશીર એકવાર હું તુને ઉપદેશ દઇ ચુકયો છું. તેની અસર દુશ્મનો તરફ ધસ્યા જવાની તારી ત્વરીતતા જોતા તુને થયલી જણાય છે. માટે આવ મારી વ્હાલી શમશીર આવ,

તારે અને મારે એકજ દિવસે અને એકજ વખતે તે પાકકિરતારની જનાબમાં ઓટોમન ધર્મરક્ષકતાની શાક્ષી આપવા જવાનું છે!" આટલું બોલી તે આમતેમ ફરતો જઇ સૌની ગવાહી વચ્ચે પાછું કેહવુ શરૂ કર્યું, "હવે હું એનાથી કામ લઇશ. ખરેખર હવા મારા કબજાની અંદર છે. પાણી મારા હુકમની અંદર છે. અગ્નિ મારાજ કાબુમાં છે. રજ અને ધુળોના ગોટાઓ મારી હદો અને તાબેદારીમાં છે. આકાશ મારૂ છે! જમીન મારી છે. ટર્કો તો મારા છેજ; પણ અર્ભો પણ મારાજ છે. શુ હું કેદમા છુ? ના! ધર્મની રક્ષા કરવી, શુ કેદમા ન બની શકે? બનશે, ખરેજ બનશે! કેદ? ધર્મને અંગે તે શેદ છે!"

નામુરાદ સુલતાન એકાએક તલવાર લઇ ચાલતો થઇ મહેલના દાદરથી ઉતરી બગીચા સુધી જઇ એકાએક વિચાર આવવાથી પાછો પલટી આવી કેહવા લાગ્યો, "હા, શુરવિરો લડો આપણી હદમાંની એક રજપણ શત્રુઓના કબજામા જવા ન પામે. તે માર્યુ! એ જીત્યુ! હે શુ હું ભુલી ગયો હતો. મારૂ સુલતાની તાજ કયા રહી ગયુ. મારૂ નામ તો હૃદયોમાં છુપાયલું છે: મને તો સર્વે જાણે છે. એ ખરાબ રસ્તે દોરાયલી કૌમ, એ ફરેબ ખાધેલા દેશ, મારૂ હૃદય હમણા પણ મારી પાસેજ છે. મારૂ મગજ હમણાં પણ શાંત છે. હુ હવે હાય અફસોસ કરીશ, અને ખુદા મારી અરજ જરૂર સાભળશેજ! કેમકે તેને માટે મારૂ જીવન તારાજ કરી દઇશ. મને કીંમતી સમજની કુદરતી બક્ષેશ છે! મૌત મારી તલવાર છે'! માટે એને રૂમેલિયામાં દુશ્મનો ઉપર વર્સાવી દે." આ હીલચાલ અને જુસ્સાઓથી થાકી જઇ પોતાના કોચ ઉપર અઢેલાઇ પડયો અને દિવાલોને પુછવા

લાગ્યો, " શુ તમો પણ મારી સાથે થશો ? " છતની તરફ ઇશારત કરી " તુ મારા શત્રુઓ ઉપર ટુટી પડશે કે નહિં ? "

રાત્રીની ખીલેલી જવાની અને ખુબસુરતીની મોજ ખતમ થઇ. દુન્યાની દરેકચીજો ઉપર આરામ અને બેહોશી પણ છવાઇ ગઇ. દુન્યામા છુપા ફેર ફારો અને બિહામણા ફેરફાર કરનાર મનુષ્યોના હાલવા ચાલવાઓનો સમય શરૂ થયો. ભોયરાઓમાં અને છુપા મકાનોમા છુપા જલસા અને ભેદ ભરેલા મનસુબાઓ શરૂ થવા લાગ્યા. કોન્સટન્ટીનોપલની એક ધર્મશાળાથી લીલી પાઘડીઓવાળા બે યુવાનો અતિ સંભાળ પુર્વક અને બારીક વિચારોની સાથે છુપી સોસાઇટીના મેમબર થઇ નિકળ્યા. સખતાઈ થતાંજ પાયદળ અને ચાલનારા જમાનાથી અતિ હેરાન અને શાહી હુકમ બજાવનાર જેવા એક જલદીથી ચાલનારો ઘોડીમા સ્વાર થતાંજ સવારની નમાજથી ખીલવણી લઇ ઉજાગરાના અસરો કબુલ કરી કોઇ તરફ ચાલ્યા જતા જણાય છે.

આ તરફ નામુરાદ સુલતાનની રાત્રી અતિ બેકરારી અને બેચેની વચ્ચે અતિ મુશ્કેલીથી પસાર થઇ.

જે વખત માજી સુલતાનને સાલુનીકાથી કોન્સટન્ટીનોપલ લાવવાનો વિચાર થયો, તે પહેલાં તો માજી સુલતાને ના કહી દીધુ. "નહિં હુ આ મહેલને છોડીશ નહિં એની અંદર મને તેવીજ રાહત મળે છે કે, જેવી આગલી જીંદગીમા મને મલતી હતી. એ સિવાય મને બીજો પણ વિચાર આવે છે કે તમો મને કોન્સટન્ટીનોપલમા પણ પહોચાડશો યા કોઈ બીજીજ જગાએ લઇ જશો, જે ઘણીજ દુર હશે. એની ઉપર પણ અગર જુલમ કરવો હોય તો ચાલો તૈયાર છુ. "
આ સાભળી સર્વે ચુપ રહી ગયા.

જ્યારે બાલકનવાળાઓને ફતેહપર ફતેહ મળવા લાગી અને **સાલુનીકા**ની સ્થિતી ખરાબ થઈ પડી અને ડગલે ડગલે ડર થવા લાગ્યો, કે માજી સુલતાન દુશમનોના હસ્તે ન ચઢી જાય, ત્યારે ટર્કીશ ગવર્નમેંટે જરમની રાજ્યની મદદ માંગી. જે સુલતાન અબદુલ હમીદખાન સાથે ઘણીજ મીત્રાચારી રાખતા હતા, જેથી ત્યાંથી **લોરેલી** નામની એક સ્ટીમર મોકલવામા આવી, કે જેની ઉપર માજી સુલતાનને બેસાડી કોન્સટન્ટીનોપલ લાવવામા આવે. જ્યારે જરમનીથી તે સ્ટીમર કોન્સટન્ટીનોપલ આવી પહોચી તો તેની ઉપર બે ટર્કીશ શાહેજાદાઓ સ્વાર થયા અને **સાલુનીકા**નો રસ્તો લીધો. જ્યારે સ્ટીમરે **સાલુનીકા**માં લગર નાખ્યું ત્યારે બન્ને શાહજાદા સુલતાનની પાસે જઇ ઉભા રહ્યા, આ તેજ દિવસ હતો કે જે રાત્રે આપે પેપરામા ટર્કીશ હાર વાંચી બેચેનીમા પસાર કીધી હતી. બન્ને શાહજાદાઓ કોશેશ કરવા લાગ્યા, અને મીઠી મીઠી વાતોથી મનાવાનુ શરૂ કીધુ. આ સમયે જરમન કેપટન પોતાના ફુલ ડ્રેસમાં આવીને ઉભો રહ્યો, જેણે શાહજાદાઓની વાતોની ખાત્રી અપાવી ત્યારે માજી સુલતાને કહ્યુ " મને મારા દોસ્ત જરમન શાહજાદાનો પુર્ણ ભરોસો છે. હુ સાથે ચાલવાને અતિ ખુશાથી તૈયાર છુ પછી ભલે એ આવનુ બીજી દુન્યા માટે કેમ ન હોય '

આખરે હાલના સુલતાનના હુકમથી તે પણ **લોરેલી** સ્ટીમર ઉપરથી દસ સ્ત્રીઓ અને એક છોકરી કે જે આ મહેલમા આવ્યા બાદ પેદા થઇ હતી તેમને લઈ સ્વાર થયા. કે જે કોન્સટન્ટીનોપલ તરફ અતિ ઝડપથી હંકરાઇ ગઇ.

સુલતાન સ્ટીમર ઉપર જોશ જોશમા કહેતા હતા કે " મારા ચાલીસ લાખ પૌંડ કયાં છે! મારા ચાલીસ લાખ પૌંડ પાછા આપો.

આ શબ્દો એક બાબત સાથે સંબંધ ધરાવે છે કે જે જો ન કેહવામા આવેતો માજી સુલતાનની દુર અંદેશીથી વાચનારાઓ કંઇક અંધારામા રહેવા પામે.

સોળ વર્ષનો જમાનો ગુજરી ગયા કેડે ગ્રીકે માથુ ઉઠાવ્યુ હતુ, અને તેણે ટર્કોના સામે લડાઇ કરવા માટે કમર બાધી હતી. તે સમયે મજકુર સુલતાને કોઇની સલાહ લીધા સિવાય લશ્કરી ખર્ચને માટે પોતાની પાકીટમાર્થી ચાલીસ લાખ પૌંડ આપ્યા હતા. અને ટર્કીશ લશ્કરને તરતજ ગ્રીક તરફ આગળ વધવાનો હુકમ કરવામા આવ્યો હતો. જ્યારે આ લડાઈ ખલાસ થઇ ચુકી, ત્યારે આ રકમ સુલતાનને ખજાનામાથી પાછી આપવામા આવી સુલતાને આ રૂપીઆઓને કોથળીઓમા ભરી તેને બંધ કરી થેલીઓ ઉપર મહોર કરાવી તેની ઉપર **બલગેરિયા** શબ્દ લખાવી **યલદેઝ** મહેલના ખજાનામાં રાખવા આપી. જ્યારે સુલતાનને પદભ્રષ્ટ કરવામા આવ્યો ત્યારે સુલતાની મહેલની ઝડતીમા તે થેલીઓ મળી. યંગમેનોએ તે થેલીઓ ઉપર **બલગેરિયા** શબ્દ જોઇ સુલતાનના આ કાર્યની હાંસી ઉડાવી, અને તેને વહેમી વિચાર આપી રૂપીઆ સરકારી ખજાનામા દાખલ કરી દેવામા આવ્યા હવે જ્યારે બલગેરિયાએ ટર્કી ઉપર હલ્લો કર્યો, અને ખોરાકીનો તંગીને લીધે ટર્કોને જગ્યા જગ્યાએ પાછળ હઠવુ પડયુ તો માજી સુલતાનના મોંઢાથી એ શબ્દો નીકળ્યા, "કે લાવ મારા ચાલીસ લાખ પૌંડ પાછા ફેરવો." એથી માલમ પડે છે કે માજી સુલતાનના મગજમા આજથી સોળ વર્ષ ઉપરજ એ વિચાર આવ્યો હતો કે બલગેરિયનો જરૂરજ કોઇ વખત આપણી ઉપર ચઢી આવશે. માટેજ ફોજી ખરચને લીધે આ ચાલીસ લાખ પૌંડ થેલીઓમા ભરી ઉપર **બલગેરિયા**

લખી રાખી મુકયા હતા. આવા દુર અદેશ રાજ્ય કરતા પોતાનું રક્ષણ જરૂરેજ કરી શકે એમ કઈ ભુમી ના પાડી શકશે ?

સ્ટીમરના ઉતારૂઓએ એમની હુશિયારી અને હૃદય આનંદિત જોઇ આચરતિમા પડયા. અને ખાસ કરી એને માટે કે હવે એમના માંથી બુઢાપાની સર્વે બાબતો આવી ગઈ છે. આપે ઉતારૂઓ સાથે જુદીજુદી બાબતો ઉપર વાતચીત કીધી જેથી સાબેત થયુ કે આપ પુરા હુશિયાર અને અકલમંદ છે, અને હમણા આપને સઘળી બાબતોની ખબર છે. તખ્ત ઉપર હતા ત્યારે ફ્રાન્સ ભાષાના વીસ શબ્દોથી વધારે આવડતુ ન હતું, પરંતુ આજકાલ આપ વગર અટકવે વાત સારી રીતે બોલે છે કેપટન સાથે ઘણીવાર સુધી વાતો કરતા રહ્યા, જયા આપની જબાનથી નીકળ્યુ.

"એકજ વર્ષમાં ટર્કી સલતનત ઉપર બે અતિ ખરાબ હલ્લાઓ થયા, તેથી સાબેત થાય છે કે રાજ્યની સ્થિતી ખરાબ થઇ ગઇ છે. અને જેઓ આ વહાણના ચલાવનારા બન્યા છે, તેમની તદબીરો અતિ મંદ અને વગર ખપની છે."

એની પછી જરમની ખાનદાનના માણસોની કેટલીક ખબર પુછતાં જ્યારે માલમ પડયુ કે **બેરેનફાન મારશલ બેરસ્ટી** મરણ પામ્યો છે, તો અતિ અફસોસ કર્યો, અને કહ્યું, "અફસોસ હજુ સુધી તેના મરણની ખબર નથી."

હવે કોન્સટન્ટીનોપલનો ખુબસુરત દેખાવ દેખાવો લાગ્યો, ત્યારે આપે કેપટનને કહ્યુ, "જાવ મારા તરફથી શહેનશાહનો આભાર માનો."

એની પછી આપે સ્ટીમરના કેપટનો અને ખલાસીઓ તથા ઓફિસરોને ઓહ્દા પ્રમાણે બક્ષેસો આપી. કોઇને સીગરેટના સોનાના બોકસ અને કોઇને બટનના સટ ભેટ કર્યા.

આપને કોન્સટન્ટીનોપલમાં ઉતારવામાં આવ્યા જયા આપે **બેકુલર બેગી** મહેલના એક દિવાનખાનામાં મુકામ કર્યો.



પ્રકરણ ૧૨ મું.

એડ્રીઆનોપલ ઉપર ધસારો.

જીન્હાં હુંચ અગર જીન્હા દુ-ચાકો હિલા દેંગે,
મશરિકકા સરા ઉઠકર મગ્રિબસે મિલા દેંગે.
ધારેમેં જમાનેકે બિજલીકા ખજાના હય,
બહેતે હુવે પાનીમેં હમ આગ લગા દેંગે.
ગોંજેગી પહાડોંમેં તકબીરકી આવાજેં,
યેહ સુર જહાં ફુંકા મુરદોંકો જીલા દેંગે.

દરેક લડાઇનો કાયદો છે કે તેમાં કોઇક જગ્યા એવી થાય છે કે જે લડાઇનો મુકામ કેહવાય છે. અને તેજ મુકામની ચારે તરફ રક્તની નદિયો વહી જાય છે. અને તેજ શહેરના ઉપર હુમ્લો લાવનારા પોતાને કબજે કરવાને માટે પોતાની આખી શક્તિનો વ્યય કરી નાંખે છે, અને તે મુકામના રક્ષકો પોતાનો જાનમાલ અને સર્વસ્વ તેના ઉપર કુરબાન કરી દેછે. લડાઇનો ફેંસલો એકજ કદમ ઉપર થતો નથી. એને માટે જુદી જુદી રીતે કદમો નાંખવા પડે છે,. તે એવી રીતે કે કાંતો ફતેહ કરી વિજયવંતો થઇ માન મેળવી લેછે, અથવા હારખાઇ હાડમાર થઇને ફીકે મોઢે પોતાના ઘરે પાછા ચાલ્યા જાય છે.

લડાયક કાર્યના સુધારાઓની લડાયક બાજુઓ જુદી જુદી હોય છે, અને એઓ દરેક બાજુને ભાર ઉંચકવાનું ઉપનામ આપે છે, અને

જ્યારે એવા ભાર દરેક બાજુએ એકઠા થયલા હોય કે જેમનાથી તે છેવટ આપે છે; તેના ગ્રહણ કરવા માટે બન્ને પક્ષ મનમાનતી ભડાયક કોશેશ કરે છે.

પરંતુ કોઇક સમય એવો પણ આવે છે કે એક મજબુત મુકામ ઉપરથી છેવટને માટે કોઇપણ ફેંસલો થઇ શકતો નથી. અને વળી કોઇક સમયે પુરો ફેંસલો પણ થઈ જાય છે. ઇસ્વીસન ૧૮૬૨ માં અમેરીકાના પુર્વ અને દક્ષિણના સુબાઓમાં લડાઇઓ શરૂ થઇ. દક્ષિણ બાજુના સિપેહસાલારોએ **વોશીન્ગટન** શહેરને જોયા પોતાની કોશેશોની નીશાન બનાવ્યું હતું, અને સર્વે તદબીરોનો ઉપયોગ એજ એક શહેર તરફ થઇ ચુકયો હતો, અને પુર્વવાળા સિપેહસાલારો પોતાથી બનતુ જોર લગાવતા હતા કે દક્ષિણવાળાઓની કોઇબી યુક્તિ આ શહેરની ફતેહમંદીની વલણ તરફ ન જાય. એથી કરી વોશીન્ગટન શહેરની આજુબાજુ અતિઘણા મારકાઓ થયા જેમાં રક્તની નહેરો વહી ગઇ, અને જમીન ઉપર મુડદાંઓના ટેકરાઓ થઈ ગયા; તે એવી રીતે કે જમીન ઉપર ધુળ મળવી નવાઈની થઇ પડી હતી!!

આ બાબદ ઉપરથી નીર્ણય પણ થઇ શકે છે કે ઘણા ખરા મજબુત મુકામો એવા પણ હોય છે કે જ્યાં પણ છેવટના ફેસલા ઉપર કોઈ ઉતરી શકતું નથી. પરંતુ એની સાથેજ થોડા જુદાજુદા દાખલાઓ એવા છે કે જેનાથી એમ પણ સાબેત થાય છે કે એકજ પોઈંટ ઉપર લડાઇનું કાર્ય સંપુર્ણ થઇ ગયું. દાખલા તરીકે સીડાનનો ઘેરો છે જે જરમની અને ફ્રાંસની સાત વર્ષોની લડાઇમાં થયુ. અને તે એવી તો સહેલાઇથી કે માત્ર સીડાનને કબ્જામાં લઇ લેવું ફ્રાંસીસોની હાર અને ત્રીજા નેપોલીઅનના સોંપવાનો સબબ થયો.

અને તેવીજ રીતે લેડી સ્મિથ ઓયરોના અંદરઅંદરના કુસં-પની હારથી અંગ્રેજોની ફતેહનો પેહલો તંબુ બન્યો.

આ બાલકન લડાઇ આગલા દીવસોથી શરૂ થઇ ચુકી છે, તે હવે આપણે જોઇશું કે કયું શહેર લડાઇનું પોઇંટ અથવા લડાઇનો મેદાન થશે ? એની અંદર એવો વીચાર ન આવવો જોઇએ કે કોઇપણ મહાન રાજ્ય હલ્લો લઈ જશે કે પોતાનું સંભા-ળશે ! વીચારી લ્યો કે ટર્કીશ સલતનતે જો હલ્લો કર્યો તો **એડ્રી-આનોપલ** છેવટનો સદર મુકામ થશે. કે જેથી **મેરેટ્ઝા** અને **ફીલીપ્પો પોલીસ**ના રસ્તા પર થઇ **સોફીયા** ઉપર ધસારો કરશે. અને જો : **પ્રીન્સ ફરડીનેન્ડ** જો ટરકી ઉપર ધસારો લાવશે તો પણ એડ્રીઆનોપલ તેના રસ્તામાં એક જબરદસ્ત દેવાલ લેખે ગણાશે. જો સર્વે સંપીલી બાલકન પ્રજા પણ આ શહેરની આજુ બાજુ લડીને ફના થઇ જશે તો તેમને એની ઉપર કબજો લેવો તેવી રીતે આશા-વંત નથી કે જેવી રીતે ઈ૦ સન ૧૮૭૧માં **પ્રીન્સ ફ્રેડરીક ચારલસે મીટ્ઝ** શહેર ઉપર ઓગષ્ટમાં કબ્જો મેળવ્યો હતો.

ટુંકમાં એજ પોઇંટ છે કે જેના લીધે બાલકનવાળાઓએ એડ્રી-આનોપલનો વિચાર કર્યો છે. અને ટર્કીશ રાજ્યે એજ એડ્રીઆનો-પલને પોતાની ઢાલ બનાવી છે. અહીં એ પણ યાદ હોવું જોઇએ કે એડ્રીઆનોપલના કિલ્લા બલ્ગેરિયન મુકામના ગોળાઓથી ઘણા માઇલ દુર છે.

અતિ મુશ્કેલી સાથે એ પણ માની લઇએ કે બલગેરિયનોએ એ-ડ્રીઆનોપલનો કબ્જો લઇ લીધો તો પહેલું મજબુત પોઇંટ ખતમ

---

* બલગેરિયન શાહજાદો જે આ લડાઇમા પોતે હતો.

થઇ ગયુ. પણ એમાં તો કશોએ સદેહ નથી કે હલ્લા લાવનારાઓને હજારો જાન અને સેંકડો રૂપીયા ખરચ થશે. કારણ કે એકતો પોતે શહેરજ અતી મજબુત છે. બીજું તેના જે રખેવાળો છે તે તમામ દુન્યાથી શુરવીર અને ચઢીયાતા છે. અને મારીને હઠાવવામા તો તેમની ડીગ્રી રશિયાથી પણ આગળ વધેલી છે. અને ખાસ કરી તે એવા સમયે કે જ્યારે એઓ ખાઇઓની પાછળ હોય.

પરતુ હવે એની ઉપર વીચારવુ જોઇએ કે શું બલગેરિયનો બીજી મજબુત મુકામની લડાઇ માટે ઉભા થઇ શકશે?

નેપોલીઅન **મોસ્કો** સુધી પહોચી ગયો પરતુ **પીટરસબર્ગ** લઇ શકયો નહીં. એજ હાલત **એડ્રીઆનોપલ** પછી **કોન્સ્ટન્ટીનોપોલની** થાય. પણ હમને એટલું તો કહેવુ જરૂરનુંજ છે કે મોસ્કોથી પીટરસબર્ગ ઘણુજ દુર હતુ પરંતુ એડ્રીઆનોપલથી કોન્સટન્ટીનોપલ ઘણુંજ પાસે છે. એની પછી સરદીની સીઝન ચાલુ થઇ ચુકી છે. અને ફેબ્રુઆરી માસ પોતાની સરદી અને બરફ વર્ષાવવા સાથે અતી નજદીક છે. અને ખ્રીસ્તીઓ આ માસને પોતાના હકમા અતી ખરાબ સમજે છે. વાચનારને ઘણું કરી યાદ પણ હશે કે **ક્રીમીયાની** લડાઇમાં રશિયન **ઝાર** પોતે આ માસની ઠંડીથી પોકારી ઉઠયો હતો આખરે એજ માસમાં માદો પડી પોતાનું મોત કે જે લડાઇના ડાચામા ફસાયું હતુ તેના બે દિવસ આગળજ મરણ પામ્યો. એને લીધે સર્વે ખ્રીસ્તીઓ ફેબ્રુઆરીને પોતાના હકમાં અતી ખરાબ સમજે છે.

હમો ઉપર કહી ચુકયા છીયે કે એડ્રીઆનોપલથી કોન્સ્ટન્ટીનોપલ ચાલીસ માઇલ જેટલુ છેટુ છે. અને બાલકનવાળાઓ આ રસ્તો ઓળંગવા ઇચ્છશે તો ઘણાખરા કષ્ટો તેવણને સહન કરવા પડશે; કાર-

ચુકે રસ્તામાં કીચડ ભરેલો હશે, અને પાણીની રેલ દરેક બાજુથી ચાલી આવતી હશે. ઘણીખરી જગ્યાઓ તો ઝાડને લીધે અતી કઠણ થઇ રહી હશે અને આ જંગલોમાં સાઇકલોનનું તોફાન ઉચકવું પડશે. આ દેખાવમાં આ લશ્કરનું કોન્સ્ટન્ટીનોપલ સુધી પહોંચવુ અતિશયોક્તિવાળું છે. જેની પાસે મજબુત મુકામની સભાળભરી ચીજો અતી થોડી છે એ ઉપરાત લડાઇઓને માટે કદમેકદમ ઉપર જે મુકાબલાઓ થતા જશે તેને લીધે લડાયક તાકત પણ અતી ઢીલી થઇ જશે. માનો લ્યો કે આ સર્વે દુઃખો લોઢાનું કાળજું કરી સહન કરી લીધા તોપણ મારમોરાથી કાળા સમુદ્ર સુધી કોન્સ્ટન્ટીનોપલને ઘેરીને ઉભેલા તે કીલ્લાઓ અને ખાઇઓનું શુ કરવામા આવશે! શુ બલગેરિયનોમા તાકત છે કે આ કીલ્લાઓનો મુકાબલો તેઓ ગમે એવા બળવાન રાજ્યોની નીચતાથી જન્મેલી કુમકથી પણ કરી શકે ?

આ બાબદમા તો બાલ્લકન રાજ્યો અથવા એકલા બલગેરિયનોનો એડ્રીઆનોપલ ઉપરનો ધસારો એક અતી મહાન રેલના જેવો હશે. કે જે રોહોપના પહાડોપરથી આવશે, અને એડ્રીઆનોપલની સખત ઠોસ સાથે ટકરાઇ અટકી જશે. પછી આગળ વધવા માટે એમાં કોઇ પણ તાકત રહેશે નહીં. આ મુસ્કેલીયોની સાથે જો ઠંડીની સીઝન માથા ઉપર આવી પહોંચી તો પછી ખુદાનેજ ખબર કે એડ્રીઆનોપલની આસપાસ કેટલી ખુનરેજી થશે, અને કેટલા મુડદાંઓના ઢગલા લાગી જશે. અને કેટલીકેટલી મુસ્કેલીઓ ખુદાના બંદાઓની આગળ આવી ઉભી રહેશે. તેમાં ખસુસ કરી હરામનો નીવાલો પચાવી પાડવાની બદ દ્યાનત વાળા હરામખોરોની પાયમાલી, દેશભક્ત ટર્કોના હાથે કેટલી થશે તે હવે નજીક સમય છે.

એડ્રીઆનોપલ ટુંડઝા અને મેરેટ્ઝા નદીઓના મેળાપ ઉપર વસાવવામાં આવેલુ છે; એની ચારે બાજુ આગળ પાછળના મજબુત કીલ્લાઓરૂપી મજબુત સાંકળ કરી લેવામાં આવી છે. જેની આજુ બાજુ અંગુરી દ્રાક્ષના વેલાઓ અને શહતુતના વૃક્ષો કંઇ અજાયબ સમો બતાવે છે. પુર્વ બાજુ પુરા નવ કીલ્લા આવેલા છે. ઉત્તર તરફ ટુડઝા નદીના બન્ને કિનારાઓ ઉપર ૭ ૭ કીલ્લાઓ બનાવવામાં આવ્યા છે. અને દક્ષિણે કેરનીલીની સંભાળ પણ નાના નાના કીલ્લાઓથી કરવામાં આવી છે. છેવટ એકે એડ્રીઆનોપલની ચારે બાજુ મળી વીસ કીલ્લાઓ અતી મજબુત બાંધવામાં આવ્યા છે અને મેરેટઝા નદી ઉપર આવેલા ઉત્તર બાજુના કીલ્લાઓ સાથે ભયંકર ખાઇઓ ખોદવામાં આવી છે.

ટુડઝા નદી એડ્રીઆનોપલના ઉત્તરમાં આવેલી છે, જે બલગેરિયાથી આ તરફ આવી એડ્રીઆનોપલમાં આરડા નદી સાથે મળે છે; અને પાછો આ બન્નેનો મેળાપ મેરેટઝા નદીથી થાય છે. ટર્કીશ લશ્કરે અહીં કબજો એ વિચારથી મજબુત રાખ્યો છે કે સરવિયાનોનો રસ્તો અટકાવી તેઓને બલગેરિયનો સાથે મળવા ન દે. **વીઝા, બાબા એસ્કી,** અને **લુલેબરગાસ** વગેરે મુકામો એડ્રીઆનોપલની પુર્વમાં આવેલા છે જ્યાં **નાઝીમ પાશા** પોતે લશકર સાથે પડેલા છે.

બલગેરિયનોનો વિચાર એવો હતો કે એડ્રીઆનોપલ ઉપર દક્ષિણ બાજુથી ધસારો લઇ જઇ તે તરફના કીલ્લાઓ કે જે નાના અને ગણત્રીમાં ઓછા છે. અને એડ્રીઆનોપલ પણ લડાઇના મથકથી અતી નજદીક આવેલું છે જેથી કરી મેરેટઆ નદી ઉપર બલગેરિયન એન્જીનિયરોએ પુલ બાંધ્યા કે જે ઉપર સહેલાઇ સાથે બલગેરિયન

લશ્કર જઇ શકે પરંતુ મેરેટઝા નદીમાં એ વખત પાણીની રેલ આવવાથી અને આસમાની આફતના કેહેરથી તેમનો આ વીચાર પુર્ણ થઇ શક્યો નહીં. અને દુશ્મનો પોતાના બાપદાદાથી ચાલતી આવેલી ઠગવિદ્યામાં નિષ્ફળ નીવડયા.

એ ઉપરાંત સરદી અને વરસાદના સંકટે લાચાર બનાવી દીધા. કારણ કે રેલનું પાણી બન્ને કીનારાઓ ઉપર એટલું તો ચઢી ગયુ હતું કે ઉંચા ઉંચા ઝાડો પણ તેની અંદર દુબી ગયા ઉપરાંત જડમાંથી નીકળી તણાતાં હતાં, અને બલગેરિયનોના બનાવેલા પુલ પણ ઘસડાઇ ગયા હતા. એ ઉપરાંત નદીના બન્ને કીનારાઓ ઉપર સખત કીચડ થઇ ગયું. અને તે દેખાવ એક સમુદ્ર સમાન બની ગયો. ત્યારેજ બલગેરિયનોને દક્ષિણ બાજુથી એડ્રીઆનોપલના મજબુત કિલ્લા ઉપર હલ્લો લઇ જવા સિવાય છુટકો રહ્યો નહીં, અને એ કાર્ય અતિ મહાન હતું.

આ કિલ્લાની મજબુતાઇ માટે દર વર્ષે કંઇને કંઇ નવુ કામ કરવામાં આવે છે. જેથી ખુલ્લુંજ જણાય છે કે બલગેરિયનોને એની ઉપર ફતેહ મળવી અતી મુશકેલ હતી. ટર્કોને સારી રીતે માલમ પડયું હતું કે તેમના શત્રુઓ આ કિલ્લાને લેવા માટે કોઇપણ પોતાની યુક્તિ બાકી રાખશે નહી; જેથી કરી ઘણી ખરી તોપો જે ચટાલજાના કીલ્લાઓ ઉપરં ચઢાવવામાં આવી હતી તે એડ્રીઆનોપલ તરફ લાવવામાં આવી અને ચાલુ હીંગામ એટલે ઇસવી સન ૧૯૧૧માં એડ્રીઆનોપલને ખાસ કરી મજબૂત બનાવવામાં કશી પણ કચ્ચાસ રાખી નહીં. જુના મોરચાઓ તોડી નવા સુધારા સાથે બનાવવામાં આવ્યા. દરેક તરેહની તોપોની ગણત્રીમાં વધારો કરવામાં આવ્યો. અને કીલ્લાનું

તોપખાનું પાંચ ડીવીઝન સુધી વધારી દેવામાં આવ્યું. અને સર્ચ-લાઇટ સિવાય વગર દોરડાના તાર પણ કાયમ કરવામાં આવ્યા. અને ત્રણ ઇંચની સાધારણ ઝડપી ક્રોપની મેદાની તોપો ઉપરાંત ક્રોપ, ઘણી સરખી ફ્રેન્ચ બનાવટની ગુબારા તોપો પણ રાખવામા આવી, હવે એ મુરચાબન્દ મુકામ નવા સુધારાની રીતે અતી મજબુત બનાવવામાં આવ્યા તે એટલે સુધી કે, થોડા અઠવાડીઆના ઘેરાથી સહેજે પડી શકે નહી. પણ જ્યારે ઘેરાયલાઓનો ખોરાકી અને લડાયક સામાન ખતમ થઇ જવાથી હવાલે કરે તો થઇ શકે.

સવારનો નુરાની સમય થઈ ચુકયો છે. તારાઓ ઝાંખા પડી સફેદાઇનો રંગ ગ્રહણ કરી લીધો. અને રાત્રીનું ઘટાઘોર અંધારૂ કોઈ અતી રૂપવતી ખુબસુરતના વાળોની પેઠે સમેટાઇ જંગલની ઘીચ ઝાડીના ખોળામા ભરાવા લાગ્યુ. આફતાબના કીરણો દુર સુધી ચાલ્યા ગયલા રોઢોપ પર્વતની એક ઘાટીથી ડોકયું કરવા લાગ્યા. મધુર તાન ખેંચનાર સુંદર પક્ષીઓએ પોતાની રસીલી કિલ્લોલ કરવી શરૂ કરી દીધી છે. અને આફતનું કાળુ વાદળ આ જગાપર છવાયલું જણાઈ રહ્યું છે. અને આ ભાર તથા જુસ્સાના દેખાવમાં તે એક પેદા કરનારનો ઉપકાર માની રહ્યા હોય ના એમ દેખાય છે. પુર્વતનો ફુંકાતો પવન પહાડોની શીખરોથી ઉતરી ઘાટીઓથી નિકળી પડઘા આપે છે, અને ખિલેલા લીલા રંગના સુંદર ગાલીચા ઉપર સ્વતંત્રતા ચક્કર લગાવી રહી છે.

આ નુરાની સમયમાં સુલતાની મસીદના સફેદ મીનારાઓ માથું ઉંચુ કરી ઉભા રહેલા પોતાના દેખાવ અતિ આકર્ષણિય આપે છે. બુરજો અને મીનારાઓ ઉપર ટર્કોએ લડાઇનો મેદાન જોવા માટે

ચોકીઓ બનાવી છે. જ્યાંથી લડાઇ સમયે તોપખાનું ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

આખરે સુર્ય પોતાની પુર જાહોજલાલી સાથ ઉદય થયો. અને સવારના નાજુક તથા સુંદર કિરણો પુર્વના પર્વતોના શિખરોને સુવર્ણ રંગમા રંગી નીચે ઉતર્યો. આ સોનેરી રંગ જોત જોતામાં ખુદાની સર્વે પેદાયશ ઉપર ફરી વળ્યો; કે જે આ વિશાળ મેદાનની દરેક ચારે બાજુ ફેલી ગયેલ છે. ઝાડો અને ન્હાના ન્હાના છોડવાઓએ સુનેરી જણસો પહેરી પોતાની ખુબ સુરતમાં ઓર વધારો કરી દીધો. અને થોડાજ સમયના પરોણા શબનમ (ઝાકળ) ના બિંદુમાંથી એક આકર્ષણિય દેખાવ પ્રગટ થયો.

આખી રાત બલગેરિયનોએ કિલ્લા ઉપર ધસારો લઇ જવા માટે ઘણો ખરો બંદોબસ્ત કરી લીધો હતો. સવાર પડતાજ બલગેરિયન લશ્કર એકઠું થવા લાગ્યું, જે ગણત્રીમા દોઢ લાખ જેટલુ જંગી હતુ. અને એડ્રીઆનોપલના કિલ્લા **અનાશ, કીરહુજી, ખાસ કુઇ, સ્ટેલી, ગેલી, કોક, કાઝીકુઇ, અને હુમીદીઆ**ના મુકામો ઉપર પાણીના રેલા મીસાલે આગળ વધવું શરૂ કરી દીધુ.

ટર્કીશ લશ્કરના બાહોશ અને કુનેહબાજ શુરવિર સિપેહસાલારે બલગેરિયનોને એવી રીતે આગળ વધવા દીધા કે બરાબર તેઓ તોપોના મારા આગળ આવી શકે અને તેમજ થયુ. જ્યારે શત્રુઓ તોપોનાં મોઢા આગળ વધતા આવી પહોંચ્યા કે તુરતજ ટર્કીશ કમાન્ડર તરફથી શરૂ કરવાનો હુકમ થયો, તોપો અને લડાઇ શરૂ થઇ. તેમજ કિલ્લા પાસે દુશ્મનોના આવવાથી બંદુકો પણ છુટવી શરૂ થઇ. અને બલગેરિયનો પણ જવાબ દેતા આગળ વધવા લાગ્યા.

• બન્ને તરફનો મારેકો અજાયબ પ્રકારનો હતો. વરસાદની માફક તીરો ચાલી રહ્યાં હતાં. આ સમયે આ મેદાન જોવાલાયક હતુ, ગોળાઓ બરાબર માથાઓ ઉપરથી પસાર થઇ જતા હતા અને ફાટીફાટીને આમતેમ ઉડી જતા હતા. ગોળીઓ ખરતા તારાઓની પેઠે બરાબર આમથાતેમ આવતી જતી હીલચાલ કરી રહી હતી: જે જમીન ઉપર ધુપનો શીતળ છાયારૂપી ગાલીચો પથરાયલો હતો તેની ઉપર હાલ ફનાની શરાબના આશકો ગ્લાસો પી પડતા હતા, અને તે ગાલીચા ઉપર રક્તના લાલ લાલ ધબ્બાઓ તથા બેલબુટાઓ પડી જતા હતા, અને લાશો પથરાતી જતી હતી અને બીબારૂપી મસ્તકો ધડથી અલગ થઇ જતા હતા. બલગેરિયનો દક્ષિણ તરફથી હલ્લો લાવ્યા હતા, અને તેઓએ દિવાલની નીચે પહોચી જવાની બેહદ કોશેશોને કામે લગાડી હતી. પરંતુ દરેક વખત પાછળ હઠવું પડયુ. અને જ્યારે પણ તેઓએ કદમ આગળ વધાવ્યો, ત્યારે ટર્કીશ બંદુકોએ એવો તો ગોળીબાર કર્યો કે શત્રુઓ જમીન ઉપર પથરાઇ ગયા. આ જોશનો દેખાવ જોવાલાયક હતો. ગોળીઓ દરેક બાજુથી વરસતી હતી, એને એમ દેખાતુ હતુ કે જેમ લડાઇની લુ ચાલે છે જેની અંદર લોકો ચાલતા ચાલતા પડી તડપવા લાગે છે. લડાઇ રસે ચઢતાં શુરવિર **શુકરીપાશા** અતી ક્રોધાયમાન થઇ શત્રુઓના દોઢલાખના લશ્કર ઉપર પોતાના પંચાવન હજાર માણસો સાથે કિલ્લાથી નિકળી "અલ્લાહો અકબર" નો વિજયનાદ ગજાવતો તુટી પડી દુશ્મનોને વચમાં લઇ લીધા, અને સગ્જડ માર શરૂ કીધો. આ મામલો જોઇ એજ સમયે મુજાહેદ **હુસેન રાશમબે** ધાર્મીક લડાઇના ઝુંડા (જહાદનો અલમ) સાથ પોતાની સરદારી હેઠળના મુજાહેદીનો સાથે શત્રુઓ

ઉપર અતી ચપળતા અને જોશથી તુટી પડયો અને લડાઇ હાથોહાથપર આવી ગઇ. જે વખતનો દેખાવ કેશરીયાં કરવા જેવોજ લાગતો હતો બન્ને સૈન્યના શુરવીરો શસ્ત્ર સાથે લડવા લાગ્યા જેથી એમ જણાતું કે આકાશથી તારા ખરે છે. તલવારો રણઝી પડતી હોવાથી સુર્યના તેજથી એમ દેખાતું કે આકાશમાં વીજળી થાય છે અને મહા ક્રોધથી વિક્રાળ અને ખુની દેખાતા રણવિરો એકતાથી લડતા હોવાથી એક હેબતાવનારો દેખાવ થઇ પડયો. તલવારો પોતાની આગળવાળાને, ભાલાઓ બીજીહારના માણસોને અને ગોળીઓ દરેક તરફ મેદાનમા ફેલાયલા લોકોને બેજાન બનાવી રહી હતી. ઝુંડાઓ હવામાં ઉડતા હતા, ભાલા અને સંગીનો છાતીઓથી નીકળો નીકળી જાન અર્પણ કરનારા શુરવિરોની પીઠ ઉપર ચળકી રહ્યા છે! તલવારો લોહીમા નહાઇ નહાઇને ઉઠે છે અને તડકાના સોનેરી રંગમા પોતાની ચળકાટ ઉપર રક્તની લાલાસની ઝળક બતાવી પાછી અલોપ થઇ જાય છે. ટર્કી અને યુરોપિયન ભાષાઓમા પુરજોશ શબ્દો નીકળે છે. ફોજના ઓફિસરો ધ્વની ગજાવતા, શુરવિરતાનો જોશ આપે છે. ધાર્મીક મુજાહેદો ધર્મની લાગણીને એક આશ્ચર્યકારક દેખાવમાં લાવી રહ્યા છે. સીપાઇઓ દરેક હલ્લામાં આગળ વધે છે અને પોતાની કીસમતનો ફેસલો કરી લેવાની કોશેશ કરે છે. આ દેખાવમા હમારો શુરવિર હીરો **શુક્રીપાશા** અંધાધુધી સાથે દુશ્મનોના લશ્કરમા જેમ સીંહ બકરાંઓનાં ટોળામા પેસી જઈ કુંનરો ચલાવે છે તેમ બલગેરિયનોમા ઘુસી જઇ અતીગર્જના સાથે મેદાન ગજાવતો હજારો દુશ્મનોને યમધામ પહોચાડતો આમથીતેમ એક છુટેલા વિક્રાળસિંહના મિસાલે દોડવા અને ગરજવા લાગ્યો. જેનો એક અતિભયાનક દેખાવ થઇ પડયો. અને અતિવિક્રાળ અવાજે પોતાના શુરવીર લશ્કરને કહેવા લાગ્યો.

"ઓ ટર્કો! અરબો! કુર્દો! અને આલબેનિયનો અને ઓ લડાઇની આગ સળગાવનારાઓ! અને ઓ રણક્ષેત્રના શુરવિરો! ઓ મરદી અને મરદાનગીના ફરવાવાળાઓ! અને ઓ ઇસલામના મદદગારો અને ટર્કીશ સલતનતના રખેવાળો દુશ્મનો તમારી સામે છે. ઉઠો અને તમારી આગલી શુરવિરતાને ઉઠાડો, બહાદુરી બતાવો અને ઉતાવળા સર્વ ઢીલને એક ખુણામા ઢકેલી દયો. ઇસલામનો ઝુંડો આજ દીવસ માટે તમોએ ઉઠાવ્યો હતો, અને એજ ગરજને માટે ઉઠાવ્યો હતો: કે તેની લાગણી બતાવો. રાજયએ એનેજ માટે તમને પસંદ કર્યા હતા કે તમો તેના કાર્યમા આવો, તેની જાહોજલાલી અને માનની સંભાળ કરો અને તેની આબરૂને બચાવો કે જેની બરબાદી માટે શત્રુઓ કોશેશ કરી રહ્યા છે. લ્યો તમારા બાપ દાદાના તરીકા ઉપર ચાલો, અને તેમની શુરવિરતા જાહેરમાં લાવો. હજાજ યુસુફનુ કહેવુ હતુ કે બાલકનમાં કઇક માથા ઉચા થઈ ચુકયાં છે હવે વખત છે કે તેને કાપી લેવામા આવે. જુઓ આ માથાઓની ગરદનો ફસાદોને માટે ઝુકાઇ છે. જેની મતલબ એટલીજ છે કે તમને નામોસી ભરી જીંદગીમા ઢકેલી દેવામાં આવે. આ એવી વાત. છે કે જે અત્યાર સુધી તેમના બાપ દાદાઓથી પણ થવા પામી નથી તેમજ એખલા તેઓએજ કરી નથી. એ ઉપરાંત એમના મુલકમા રહેનારા તમારા ધર્મી ભાઇઓને ઘણી ખરી આબદાઓ પહોચાડી રહ્યા છે કે જે સાભળી સર્વે ધૈર્ય ઉડી જાય છે. તે દુ:ખી અને કુંષ્ટીઓની મદદગારી કરો, આ શરમનુ ધોવું અને આ ગાળોનો જવાબ ફક્ત તલવાર છે.

જુઓ તેમના કદમોથી તમારી જમીનો નાપાક થઇ ચુકી છે.

આ નાપાકીને રક્તપાત સિવાય દુર કરવાનો કોઇ પણ રસ્તો નથી. તમારી ખાસ ફરજ છે કે આ શીઆળવાઓના આગળ પહેલાં રણમાં એમના ટુકડા ઉડાવી દયો. આ હલકા અને અભિમાનીઓના મામંલામાં જરા પણ ઢીલ કરવી ઠીક નથી કારણ કે એમની પાછળ લાલચુ ટોળકી લાગેલી જ છે. તેમને બતાવી આપો કે ઇસલામની ઇજ્જતની છબી કેવી અદબથી પડવી જોઇએ કે જે તેમનાજ લોહીની સાહીથી ઇસલામી ભાલાઓએ લખી રાખી છે.

ઓ શુરવિર રણધીરો ! શેતાનોએ બાલકન વાસીઓને બહેકાવ્યા છે. તેમના હ્રદયના ચુલાઓ સળગી રહ્યા છે. અને આ જોશને લીધે અંદરનો ભપકો મોઢાને રસ્તે બહાર નીકળી રહ્યો છે. તેઓ ક્રોધમાં અંધ થઇ તમને કંઇ પણ વીસાતમાં ન લાવી તમારા ઇલાકાઓની તરફ કદમ ઉઠાવતા ચાલ્યા આવે છે. તેમને તમારા માનની ખબર નથી, તેઓ તમારા ધર્મનુ ગળું દબાવવા માટે આવી રહ્યા છે. એ ઉપરાંત એ પણ વિચાર ધરાવે છે કે, એમનુ નામ પણ જમીનથી નાબુદ થઇ જાઈ અને તેમનું નુર આ મુલકથી ગુમ થાય. આ વખતમાં ઓ ઇસલામના મદદગારો, ઓ કુરાનના કતેહમદો, ઓ પાક ઉસમાની વતનની સંભાળ લેનારાઓ, તમો તેમને બતાવી આપો કે હસ્તી અને ઓટોમન સૂર્ય એકી પળે અસ્ત થશે. સીંહના જાહોજલાલીવાળા દરબારમાં આવવા માટે તેજ શીયાળનુ કુદકો મારી શકે છે કે જે પોતાની જીંદગીથી ધરાઇ ચુકેલ પોતાના જીવનથી કંટાલી ચુકેલુ, અને તેનું માથુ તેની ગરદન ઉપર અતી વધુ વજન અને દુન્યા તેની આખ્યોમાં તંગ અને તે જીવનના ભારથી કિનારો પકડવાની ઇચ્છા રાખતું હોય.

તમો તેમને કહી દયો કે ઇસલામમાં હજી જીવનની અસરો મોજુદ છે. તે જુલ્મીઓના જુલમને રોકી શકે છે અને શત્રુઓએ વર્ષાવેલા શરમ ઉપજાવનારા બનાવોને ઉંચકી શકે છે; તેની પાસે એવા બેટાઓ છે કે જે સ્વતત્ર જીવનની મોટાઇ માટે અને માતૃભૂમીને નાપાકોના કદમથી બચાવવાને મોતના તલબગાર છે. આ સમયના ખુદાના વાયદાએને યાદ કરો કે તમારા બાપદાદાઓની પાક રૂહો આગલા સમયોના પરદાથી તમોને જુએ છે. શુ જુએ છે? એજ જુએ છે કે, તમો તેવીજ રીતે તમારા બાપદાદાના કાર્યોના વારસ છો કે જેવી રીતે તમો તેમના માલના વારસ થઇ ચુકયા છો. એને માટે જુઓ આગલા બુજુર્ગોને આળ અને આળ આવે તેવુ કાર્ય ના કરતા. આ તે વખત છે કે તમો તમારા બાપદાદાના માનને જાળવી રાખો ઓ શુરવીર ઉસમાની રક્તના ભાગીદારો તમારા બાપદાદાઓની આરામ ધાહથી બુલન્દ અવાજ આવી રહ્યો છે કે, અમારી પવિત્ર ભૂમીમાં નાપાક કુતરાંઓનો પગ પેશાડો કરવા મા દેશો કે જેની લબ પણ અમારા પવિત્ર કલમામાં નજીસ ગણેલી છે. એજ વેણની બક્ષેશ અમોને અમારા બાપદાદાએ આપી હતી. અને તેને અનુસરી અમોએ હમારી હયાતી ચુધી એવા કુતરાઓના નેસ્ત કદમથી અમારી પવિત્ર ભૂમીને નાપાક કરી નથી. અને અમારા ફળદ્રુપ ક્ષેત્રો ખાઇ જવાની લાલશા રાખનારાં પરદેશી વાંદરાંઓને પણ હમે હમારી હયાતીમાં પડછાયો પાડવા દીધો નથી. તો તમો હાલના ગંણાતા શુરવિરો ત્યારેજ ગાઝી કહેવાશો કે તમારા જીવનમા જીવનશક્તિ છે ત્યાં સુધી તમારી સ્વતંત્રતાપર ત્રાપ મારી ઉસમાન ગાઝીનુ નામ ડુબાવવાની લાલચના ભોક્તા સ્વાર્થીઓના હોશકોશ સાતમે આસમાને પહોંચાડી દયો! ત્યારેજ અમારી રૂહ ખુશનુદીમા રહી શકશે. અને ત્યારેજ

તમારા કાતેહા અમને પહોંચશે નહીંતો તો કયામત સુધી અમારા હૃદય ધડધડતા રહી જશે. ”

લડાઇનો જોશ હવે ઘણોજ વધી પડયો. બહાદુર **શુકરીપાશા** ઉપલા વેણો ઉચ્ચારતો આમતેમ ઘોડાને કુદાવતો કરતો હતો કે લડાઇનો રંગ કંઇ જુદોજ દેખાવા લાગ્યો. શુરવિર ટર્કો પોતાની ખાનદાની શુરવિરનાના નમુનાઓ રજુ કરવા લાગ્યા, બહાદુર **શુકરીપાશા** આમથી તેમ જઇ બલગેરિયન તોપો આગળ ધસી જઇ ઠોકર સમેત શત્રુઓની તોપો તેમનાજ તરફ ફેરવી દીધી. અને લડાઇનો પાસો પલટાયો. બલગેરિયન કદમો ડગમગવા લાગ્યા. આ અરસામાં એકાએક બલગેરિયન **શાહુજાદા** ઉપર **શુકરીપાશાની** નજર પડી, ઘોડાને એડ બતાવતાંજ **શાહેજાદા** આગળ આવી તે વાર કરે તેટલાં તો અતી ચપળાઇ સાથે તેના પટા ઉપર હાથ નખી તેને ઘોડા ઉપરથી ઉચકી પોતાના ઘોડા ઉપર લઇ લીધો. તેટલાજ ઘોડા આગળ એક ગોળી ફુટતાં ઘોડો ચમકી આગલા બન્ને પગે ઉભો થઇ ગયો એટલે શહેજાદો જમીન ઉપર આવી રહ્યો અને ઘોડો ચારે પગે નાઠો જેથી અકસ્માતિક શાહજાદો કેદ થતાં બચી જવા પામ્યો અને બલગેરિયન કદમ ઉઠી ગયા અને શુરવીર **શુકરીપાશાએ** તેમનો પિચ્છો કર્યો

આ લડાઇમા **શુકરીપાશાએ** ઓગણીસ હજાર બલગેરિયનોને મારી પોતાના પાંચ હજાર માણસોને કપાવી મેદાન હાથમા લીધો અને શત્રુઓની બેશુમાર ખોરાકી તેમજ દારૂગોળો હાથ લાગ્યો. મેદાન બલગેરિયન મુડદાંઓથી ચીકાર થઇ ગય હતુ. આ શુરવીરતાના કાય માટે **શુકરીપાશાને ગાઝીનો** ખિતાબ **સુલતાનુલમોઅઝ્ઝમે** અર્પણ કર્યો.

એની પછી ઘણી ખરી લડાઇઓ થઇ જેમાં બલગેરિયનોને પુરે

પુરી હાર ખમવી પડી અને પાછળ હઠવું પડયું, એનું મુખ્ય કારણ એજ હતુ કે ટર્કો હવે જાગૃત થઇ ચુકયા હતા.

ખંજર બકફ હય કૌમકી ઈજ્જતકે વાસ્તે,
જાંબાજ આ રહે હય હિમાયતકે વાસ્તે.
લડતે હય ઇકતેદારે હુકુમતકે વાસ્તે,
જાને નહીં દરેગ ખિલાફતકે વાસ્તે.
મસરૂફે રજમો જગ હરએક સરફરોશ હય,
હર દિલમેં આજ નગો હમીયતકા જોશ હય.
કાયમ રહા યેહ જોશ તો અય શાહે નામદાર,
પહેચેગા તા બ ચર્ખ હુકુમતકા ઇક્તેદાર.
દબકર રહેં કિસીસે હમારા નહીં શુઆર,
સર જાય યા રહે ન રહેગે જલીલો ખ્વાર.
અબ મુલ્કો દીંકે વાસ્તે જાનેં લડાએંગે,
અયસે લડેંગે હમકે જમીંકો હિલાએંગે.
એથઝ સુફિયા હોકે સ્ટઝન્જ બિલગગાદ,
આપસમે હય યેહ મિત્રકે સબ આમાદએ ફસાદ.
લેકીન હય હમકો ફઝલે ઇલાહીપે એઅતેમાદ,
હોગા ફસાદકા દમે ખન્જરસે ઇન્સદાદ.
શરકત કરે કિરીટ ભી ગર ઇનકી ગમ નહીં,
સરફરોબીઓ કે લશ્કરે ઇસલામ કમ નહી.

પ્રકરણ ૧૩ મું.

ચારે બાજુનું સામટું ચક્કર

અથવા

મેસીડોનિયાની ચાલુ લડાઇનો ટુંકસાર.

ખુદાને આજતક ઉસ કોમકી હાલત નહિં બદલી,
નહો જીસકો ખ્યાલ આપ અપની હાલતકે બદલનેકા.

સુલેહ પ્રિય ગણાતી યુરોપી રાજ્ય નિતીથીજ કાવા દાવા, ખુના મરકી, રાજ્યો પ્રપંચોનો જન્મ કેવી રીતે થાય છે, તે આ પ્રકરણમા બતાવેલાં વર્ણન સૂધીની લડાઇના ટુકસાર ઉપરથી સમજી શકાય છે. અને તેથીજ આ પ્રકરણ જે ખાસ કરી પ્રસ્તાવના અથવા છેવટના એક ખાસ ભાગ ઉપર આવવું જોઇએ, તેને આ જગ્યાએ બતાવવાની ધીરજને થોભાવી શકાય એમ ન લાગવાથી એમજ મુકવું વાસ્તવીક ધાર્યુ છે. આજથી ચાર વર્ષ પૂર્વ મેસીડોનિયાના પ્રાંતો બીજા રાજ્યોના તાબામા હતા. છતા પણ ત્યાં અમનો અમાનની એટલી બધી તા કમી રહી કે યુરોપના વેપારને આ મુલકમા ઘણુંજ નુકસાન પહોંચ્યુ. એને માટે **રીવાલમા** જે રાજક્રિય સોસાયટી મળી હતી, તેમા આ બાબત ઉપર એક મત થઇ અને મેસીડોનિયાના મુલકી બંદોબસ્તને બદલી નાંખવાના ઠરાવપર આવી એજ સમયે ટર્કીમા ઉથલપાથલ થઈ.

જેણે યુરોપને લાગતાવળતા વિચારો વીના મેસીડોનિયાની હકુમતની ફેરફારીને અમલમા આપવા પહેલા અટકાવી દીધી.

ઇ. સ. ૧૯૧૨ માં ટર્કીની દેખરેખ હેઠળ બલગેરિયન નેશનલ કોન્ફરન્સે આવી રીતનો વીચાર કર્યો કે ટર્કીશ ગવરમેન્ટે મેસીડોનિયામાં વખોડવા લાયક કામો કરવા માંડયા છે અને એનો એ વિચારે બલગેરિયન કોન્ફરંસને નવેસરથી કાયમ કરવાને ઉશ્કેર્યું હતુ. જેને માટે મજકુર કોન્ફરંસે ટર્કી ગવરમેન્ટથી ધી સેન્ટ્રલિઝેશન (Centralization.) એટલે મધ્યસ્થપણાની રીતે મેસોડોનિયાની સ્વતંત્રતાનો સવાલ કર્યો. અને જ્યારે **ટર્કીશ યુનીઅન પ્રોગ્રેસ કમીટીએ** બલગેરિયન કોનફરંસની દરખાસ્તને નામંજુર કીધી. તે સમયે બલગેરિયનોએ ઉશ્કેરણી ફેલાવનારી બળવાખોર ટોળીઓ બનાવી બોંબ અને ડાઇનામેટથી જગ્યા જગ્યા ઉપર નુકસાન પહોંચાવુ શરૂ કર્યુ, અને એટલું કરવાની મતલબ એજ હતી કે યુરોપી રાજ્યોના અંતઃકરણો પોતાની તરફ ખેંચી લેવામા આવે, આ નુકસાન પહોચાડનારી ફીતુરી ટોળકીઓ દીવસે દીવસે વધતી ને વધતી ચાલી. આખરે ટર્કીની હકુમત નીચેના બલગેરિયનોએ ગયા વર્ષના છેવટે પોતાના ડેપ્યુટેશનો બનાવી યુરોપ મોકલવા શરૂ કર્યા, અને યુરોપી રાજ્યોથી માંગણી કરવા લાગ્યા કે તેઓએ ટર્કીને **બર્લીનના** કોલકરારો ઉપર ચાલવાને દબાણ કરવો. પણ આ બલગેરિયનોને રશિયા સિવાય બીજુ કોઇપણ મદદગાર થઇ પડયું નહી. રશિયાએ જયારે એમ જોયું કે બાલકનવાળાઓ આપસમા એક સપ થઈ જાય, ત્યારેજ મેસીડોનિયાના રૈયત સ્વતંત્ર થઇ શકશે, અને આ ફક્ત એકજ ઉપાય છે. એ માટે રશિયાએ આ રાજ્યોના એલચીઓને સલાહ આપી કે, મેસીડોનિયાના બલગેરિયન, સરવિયન,

અને ગ્રિકના રાજ્યોમા જે એક બીજામાં દુશ્મનાઇ ચાલી આવે છે, તેને દુર કરવી, અને બીજી બાજુ રશિયાએ બલગેરિયા, સરવીયા અને ગ્રીકના એલચીઓ કે જેઓ સેન્ટપીટર્સબર્ગમાં રેહે છે. તેમને એકબીજા સાથે મળી જવા માટે પોતાથી બનતી કોશેશ કીધી.

ઇ. સ. ૧૯૧૨ ની શરૂઆતમાંજ પ્રત્યક્ષ થયુ કે મેસીડોનિયાની ઉશ્કેરણીભરી બળવાખોર ટોળીઓમાંથી પોતપોતામાંનાં વૈરભાવો નીકળી ગયા છે. અને તેઓ એકબીજામાં મિત્રાચારીથી વર્તતા થઇ ગયા છે, જોકે પહેલા એમનામાજ મારકાપ ચાલુ હતી. આ બાજુની મેસીડોનિયાની અંદરની સ્થીતી એવી હતી અને બીજી બાજુ હવે ટર્કીમા પાર્લામેન્ટની હકુમત પછી લડાઈ તહકુબ રાખવાની મુદત બંધાઈ હતી તે ચાર વર્ષની હકુમતની મુદત ખલાસ થઇ, અને હવે અતિ જોસભેર આ બીનાઓ ફેલાવા લાગી કે બલગેરિયાના પાયતખ્ત **સુફીયાની** ગવર્નમેન્ટ અને ત્યાના બીજા બાલકનના એલચીઓની વચમાં છુપી રીતે એવી રીતનો કરાર કરવામાં આવે છે કે આ હકુમતો બીજા રાજ્યના હલ્લા વખતે અથવા મુકાબલાના સમયે એકબીજાની મદદમાં ઉતરી પડશે. જાહેરમાં એમ દેખાય છે કે આસ્ટ્રિયાની હકુમત બાલકનવાળાઓના આ મામલાને કે જે ટર્કીથી વધારે મળતા છે, તે પોતે ટર્કીશ રાજ્યથી વધારે જાણીતા હતા: અને એજ કારણને લીધે આસ્ટ્રીયન પ્રધાન કાઉન્ટ બર્ચટોલ્ડે યુરોપની રાજ્યધાનીઓમાં ફરી એક એવી રીતની કોન્ફરન્સ કરવા ચાહી કે તેનાથી ટર્કી ગવરમેન્ટને બરલીનના કોલકરારોના કાયદા ઉપર દોરાવા અને તેને નજર આગળ રાખવા ઉપર દબાણ કરવાનું સુગમ થઈ પડે. એ હેતુથી ટર્કીને જાહેર પણ કરી દીધુ કે યુરોપી રાજ્યો ઓસ્ટ્રીયાના મતથી જોડાઇ ગયા

છે. આ સમયની ટર્કીને પણ ખબર થઇ ચુકી હતી કે તેનાં અંદરખાંનેથી કયા કયા શત્રુઓ છે, જેથી ફરી તેણે પબ્લીકને જાહેર કરવા સરકારી જાહેરનામુ કાઢયું કે ટર્કીશ રાજ્ય આ સમયે મેસીડોનિયાના સુધારાઓ ઉપર વિચાર ચલાવે છે, જેને તે અમલમાં મુકશે. પરંતુ યુનીઅન પ્રોગ્રેસ કમીટીને આ વાત પસંદ ન પડવાથી તેઓએ લશ્કરી જુસ્સો સુધારાની બાબતો વીરૂદ્ધ ઉશ્કેરી દીધો. હવે બલગેરિયનોને બમણો ફાયદો મળી ગયો. એક તો ટર્કીશ રાજ્ય અંદરના સુધારાના શત્રુઓનાં ટોળાં તરફથી અને બીજું યુરોપમા પોતે ટર્કીશ રાજ્યના શત્રુ ટોળાંનાં કાર્યોનો તેઓએ લાભ લઇ આગળ કદમ મુકયો. અને મેસીડોનિયાને સ્વતંત્ર કરવાની દરખાસ્ત કરી દીધી, જે બાબત વાંચકો આગળ છુપાઇ નથી. બાબેઆલીએ આ બાબતનો ઇન્કાર કર્યો જે ખરૂં જોતા તે ઇન્કાર કરવો વ્યાજબીજ હતો. જેથી એ સર્વે બાબતોનું છેવટ તા. ૧૮ અકટોબર સને ૧૯૧૨ ના દીવસની લડાઇનું હતુ.

આ તરફ ટર્કીશ લશ્કરમાં સર્વે રીતની કમી હતી કારણ તેઓ એ જાણતા નહતા કે લડાઇમા ઉતરવુ પડશે, કારણ કે તેઓને યુરોપે ભરોસામા રાખ્યું હતુ. પણ જ્યારે લડાઇ શરૂ થઇ ત્યારે ટર્કીએ એશિયાથી લશ્કર મંગાવવુ શરૂ કર્યું; અને ત્યારેજ ગ્રીક પણ લડાઇમાં શામેલ થઈ ગયું. જેથી ટર્કીએ પોતાની ફોજના ચાર ભાગ કર્યા, જેમને પુર્વનુ લશ્કર, પશ્ચિમનુ લશ્કર, ઉત્તરનુ લશ્કર અને દક્ષિણનું લશ્કર એવી રીતના ચાર નામો આપ્યા. ઉત્તર તરફનુ લશ્કર **અલીરિઝાપાશા**ના હાથ નીચે ત્રીસથી ચાલીસ હજાર સુધીનું રાખવામાં આવેલુ હતું. જેના બે બ્રાંચ લશ્કરી ડીવીઝન **ફતહીપાશા** અને **જાવિદપાશા**ના હાથ હેઠળ સરવિયન સરહદ ઉપર ગોઠવાયલા

હતા. પશ્ચીમ બાજુના લશ્કરની ગણત્રી ફક્ત ત્રીસ હજાર જેટલી હતી, જેના સિપેહસાલાર **ઝકીપાશા** હતા. આ લશ્કરના પોઇંટો બલગેરિયનોનાં પશ્ચિમ ભાગનાં મુકામો **ક્રોસ્ટન્ડીલ, કોશાના, ઉસ્માનિયા, જુમાબાલા, કરસ્ના** અને **સાલેહઆગા** ઉપર રાખવામાં આવ્યા હતા. પુર્વ તરફનું લશ્કર બલગેરિયાના દક્ષિણ ભાગમા હતુ. અને દક્ષિણ તરફના લશ્કરનો એક ભાગ **અસઅદપાશાના** હાથ નીચે **યાનીનાની** આજુબાજુ, અને બીજો ભાગ **અલાસોનાની** હદો ઉપર ગોઠવાયલું હતું. આ બીજા ભાગની સીપેહસાલારી **રિજાપાશા** ટર્કીશ તોપખાનાના જનરલને આપવામા આવતી હતી, પરંતુ તેણે મંજુર ન કરવાથી તેની જગ્યા **હુસન તેહસીન પાશા**ને આપવામાં આવી. આ લશ્કરો ઉપરાન્ત એક બીજું બ્રાંચ લશ્કરી ડીવીઝન મોન્ટીનિગ્રો તરફ પણ રાખવામા આવ્યુ હતું. યુરોપિયન ટર્કીના સર્વે ભાગોમાં લડાઇ જાહેર થવાના સમયે ટર્કીશ લશ્કર કુલે મળી ત્રણ લાખ પચાસ હજારનું હતુ. જેમના મુકાબલામા દોઢ લાખ સરવિયન, સાડાત્રણ લાખ બલગેરીયન, એક લાખ દસ હજાર ગ્રીક અને ત્રીસ હજાર મોન્ટીનીગ્રોવાળાઓ આવ્યા હતા, જેમનો કુલે શુમાર છ લાખ ચાલીસ હજાર થાય છે

આ સર્વે લશકર ટર્કી હદો ઉપર આગળ વધતું ચાલ્યુ આવતું હતુ. લડાઇની પહેલ **કરક કિલીસેહ, મુસ્તફા પાશા, ડેમે ટિકા, જુમાબાલા, સાલેહઆગા, જારેવા, કોશાના, સુલતાન તપ્રહતી, વુધબાગરહાન, બોયાનો, પિટઝા, ઝબેગ્રડ, મિટ્રોવિટઝા, બરાના, લોરોસ** અને **અલાસોનાના** મુકામો ઉપર થઇ. અને એજ સમયે ગ્રીકના એક લાખ દસ હજાર લશ્કરના મુકાબલામા ફક્ત ત્રીસ હજાર ટર્કીશ લશ્કર લડાઇમા સામેલ થયુ હતુ. એની અંદરથી બાર હજારનું ટ-

ર્કીશ લશ્કર **લોરોસમા** અને ત્રણ હજાર **બિશાન બિનાર** વગેરેને ફક્ત શત્રુઓના ધસી આવવાના અટકાવ માટે રીઝોર્ડ રાખ્યું હતુ. અને દસ હજાર **અલાસોનાના** ઇલાકામાં અને પાચ હજારનું લશ્કર **ખાલીકુદોનિયા** અને **સાલુનિકાના** બ દરમા રાખવામાં આવ્યું હતુ, જે એટલાજ માટે કે તેઓ ગ્રીકના દરિયાઈ લશ્કરને લડાયક બારકસોથી ઉતરી સાલુનીકા તરફ આવવાનું રોકાણ કરી શકે. અને ફક્ત દસ હજારનુંજ લશ્કર અલાસોનાના મેદાનમાં મુકાબલો કરતું રહ્યુ હતુ. **કરક કિલીસેહના** કિલ્લામા કુલ્લે પચાસ હજાર ટર્કીશ લશ્કર હતુ ' **યાવર પાશા** જનરલ બ્રીગ્રેડિયરના હાથ નીચે આઠ હજારનું ટર્કીશ લશકર હતુ જેના મુકાબલામાં બલગેરિયનો દસ હજાર હતા ! **મુસ્તફા પાશા** નામના મથક ઉપર ટર્કીશ લશ્કર એક લાખ રાખવામાં આવ્યુ હતુ. જેના મુકાબલામા શત્રુ બે લાખ ચાલીસ હજારનું લશ્કર લાવ્યો હતો ' જેની અદર પચાસ હજાર સરવિયન, અને એક લાખ નેવુ હજાર બલગેરિયનો હતા ટર્કોનું ઉતર તરફનુ લશ્કર કે જે ત્રીસ હજારની ગણત્રીમાં હતુ તેના મુકાબલામા પાંચહજાર સરવિયન અને પીસ્તાલીસ હજાર બલગેરિયનો મોજુદ હતા ! જેમના મુકાબલામા ટર્કો કુલ્લે પચાસ હજાર હતાં ! !

લડાઇની શરૂઆતમાજ બલગેરિયનોએ ટર્કો .પાસેથી વગર કીલ્લે બંદીના બે મુકામો **જુમાબાલા** અને **યારદવા** લઈ લીધા. આ તરફનું ટર્કીશ લશ્કર સરહદો ઓળંગી પાંચ કીલોમેટર (ત્રણમૈલ) સરવિયાના મુલકમાં ધુસી ગયુ. તે તરફ **લોરોસના** મુકામને ગ્રીકોએ કબ્જે કર્યો. અને ત્યાનું ટર્કીશ લશ્કર **યાનિયા** તરફ હઠી આવ્યુ. ટર્કોએ સર્વે તરફ ચાર દીવસ સુધી ફકત મુકાબલો કરવાનુંજ

ચાલુ રાખ્યું. એનું મુખ્ય કારણ એજ હતું કે દરેક તરફની સંભાળ માટે રાખવામાં આવેલી ટર્કીશ ફોજ શત્રુઓના લશ્કરને કે જે ટર્કીશ લશ્કરને હાકી રહ્યુ હતું તેને પોતાની ગણત્રીથી વધારે ધારતી હતી પરંતુ ચાર દીવસ પછી ઘણા ખરા ટર્કીશ સીપેહ સાલારોએ મુકાબલાનું કામ છોડી ઘસારો લઈ જવાનો રસ્તો પકડયો. અને એજ ભુલના પરીણામે **મુસ્તફાપાશા** જેવો મજબુત મુકામ હાથથી ગુમાવી દીધો. **જેથી એડ્રીઆનોપલ** ઉપર બલગેરિયનો ઘેરો કરવાને લલચાયા; કારણ કે બલગેરિયનો **એડ્રીઆનોપલ** ઉપર પુર્વ અને પશ્ચીમ તરફની બન્ને સડકોને રસ્તે આવવામા ફતેહમંદ થઈ શકયા. જેમના લશ્કરનો એક ભાગ **ડેડાગાજ** સુધી પહોંચી ગયો. જે લશ્કરે પાયતખ્ત સાથે **સાલુનિકાને** મેળવનારી રેલ્વે લાઇન ઉપર કબ્જો કરી લીધો જેથી કરી ટર્કીશ લશ્કર સાલુનીકાને મદદ આપવામા તેવીજ રીતે લાચાર રહ્યુ કે જેવી રીતે દરિયા માર્ગેથી મદદ આપવાને પહેલા દીવસથીજ લાચાર હતુ.

બલગેરિયન લશ્કર, દક્ષિણ અને પુર્વ બાજુથી વધ્યું આવતુ હતુ જે **ચટાલજા** સુધી આવી પહોંચ્યું, જયા ટર્કોએ ઘોડેસ્વારની જગ્યાએ પાયદળ લશ્કરથી બીજી મુકાબલાની લાઇન કાયમ કરી હતી, જે તમો પાછલા, પ્રકરણોમા વાચશો. અને જે બલગેરિયન લશ્કર **એડ્રિયાનોપલ**ના ઘેરાથી વધ્યું **તે રોડોસ્ટો** બંદરના તરફ વધી આવ્યુ જે બેથી ત્રણ હજાર સુધીનું હતુ. જેનો મુકાબલો એક ટર્કીશ પલટણે કર્યો. અને એક મોજેન્ત લેખે તેમને મારી નસાડયા. ત્યારે બલગેરિયનોએ બીજી વખતે પોતાના લશ્કરમાં વધારો કરી હલ્લો કર્યો ત્યારે પાયતખ્તથી હુકમ આવ્યો કે તેઓએ દરિયામાંનાં ટર્કીશ બાર-

કસ ઉપર ચાલી જવુ. અને બારકસોને હુકમ કરવામાં આવ્યો કે તેણે બલગેરિયનો ઉપર ગોળા બારી કરવી, સર્વે ટર્કોએ શહેર ખાલી કરતાંજ બલગેરિયનો દાખલ થઇ ગયા. અને લશ્કરી બરાકોમા મુકામ કરી લીધો. ત્યારે **મસઉદિહિયા** નામના ક્રુઝરે ગોળાઓનો વર્ષાદ વરસાવી બરાકને તોડી પાડયું જેથી લગભગ તમામ બલગેરિયન સિપાઇઓ તેની અંદર દબાઇને મરણ પામ્યા અને ઘણું કરી કોઇજ બચવા પામ્યું હોય એમ અનુમાન થાય છે. બાકી રહેલાઓ શહેરથી નિકળીને ન્હાઠા. અને ટર્કીશ સ્ટીમરની ગોળાબારીથી બચવા માટે જંગલનાં ઝાડોમા જઇ છુપાયા. પછી પણ ઘણા સરખા માર્યા ગયા અને બાકી રહેલા ન્હાસી ગયા. એની પછી બલગેરિયન ફીસાદીયોની ટોળકીઓએ **સ્લોરી** અને તેની પાસે દરિયા કીનારા ઉપર આવેલા ગામડાઓને આગ લગાડવી શરૂ કીધી. આ ક્રુર કાર્યથી ટર્કોએ ફરી મુકાબલો કર્યો અને એ પણ કઇક ટર્કીશ બારકસોથી માર્યા ગયા અને બાકી રહેલા ન્હાસી ગયા.

કરકકિલીસેહ, ચટાલજા, અને એડ્રિયાનોપલમાં બલગેરિયન લશ્કરનું નુકસાન એકલાખ નેવુ હજારનું ધારવામા આવે છે. ઉત્તર તરફના **અલીરિજાપાશા**ના લશ્કર તરફ નજર નાખીશું તો આ તરફનુ ટર્કીશ લશ્કર જે સરવિયાની સરહદમાં ઘુસી ગયું હતુ, તે ઘણાખરા કારણોને લીધે **કોમાનોવાના** મુકાબલાની લાઇન ઉપર પાછળ હઠવાને લાચાર થયું. કોમાનોવામાં ટર્કો અને સરવિયનો વચ્ચે પુરા ચાર દિવસ સુધી અતી જોશમાં લડાઇ ચાલુ રહી જેનુ છેવટ સરવિયન ફતેહમંદી ઉપર આવ્યું. ટર્કી લશ્કરને **ઉસ્કુબ** તરફ ખસી આવવાના હુકમ પહોંચ્યા. હુકમ સાંભળતાંજ તેઓએ પાછળ હઠવુ શરૂ કીધુ

અને **ઉસ્કુબ** ઉપર પહોચ્યા. જ્યા પોતાના લશ્કરનો અંદાજો લેતાં માલમ પડયું કે ફક્ત દસ પંદરહજાર માણસોજ પહોંચ્યા હતા અને સર્વે ઘોડેસ્વાર લશ્કરના સિપાઇઓ રસ્તામાંથીજ પોતપોતાના લડાયક મથકોને મુકી પોતપોતાને ઘરે ચાલ્યા ગયા છે. ત્યારેજ સિપેહસાલારે જાણી લીધું કે આટલી નાની સરખી ફોજથી **ઉસ્કુબ** કોઇપણ રીતે બચી શકતું નથી, અને **વારડારનું** લશ્કરી ડીવીઝન **કોશાનાથી** લાચારીએ પાછળ હઠયું છે. તેને જઇ મળે એ હેતુથી તેણે બાકી રહેલા લશ્કરને મોનેસ્ટીર તરફ કુચ કરવાનો હુકમ કીધો. આ લશ્કરના વગર લડવે **મોનેસ્ટીર** ઉપર ખસી આવવાથી સરવિયનોએ **કોકિલજાથી પ્રીલપ** સુધી તમામ શહેર અને વસ્તીઓ કબજે કરી લીધાં અને **મોનેસ્ટીર**મા **વારડરનાં** ટર્કીશ લશ્કર સાથે પચાસ હજાર સરવિયન લશ્કરના મુકાબલામાં ચાર દિવસ સુધી સખત લડાઇ ચાલુ થઇ. અને બીજી તરફ મોનેસ્ટીરની પુર્વ બાજુ ગ્રીકોએ પોતાના બેસુમાર લશ્કર સાથે પડાવ નાખ્યો ત્યારે મોનેસ્ટીરને સંભાળનારૂં ટર્કીશ લશ્કર જે પંદરહજાર હતુ, **યાનીના** તરફ ખસી આવવાને લાચારીએ પગલુ ભર્યું. અને એનેજ લીધે તા. ૧૭ નવેમ્બર સને ૧૯૧૨ ના દીવસે મોનેસ્ટીર સરવિયનોના કબજામાં આવી ગયુ

યાનીના શહેર એમપ્રેસની લડાઇમા એક અતી ખેંચાણકારક મથક થઇ પડયું. કારણકે, એ એક અતિ મજબુત અને કીલ્લેબંદ મુકામ છે અને ઘણુંખરૂં લશ્કર પણ રાખી શકાય છે. આ શહેરની અંદર એક પાયદળ ડીવીઝન અને એક ઘોડેસ્વાર ડીવીઝન છે. એ ઉપરાંત એક તોપખાનું પણ છે. બેકાયદે સિપાઇઓ અને આલબેનિયનો ઉપરાંત કુલ્લે વીસ હજારનું લશ્કર છે, જેની ઉપર **અસદપાશાની**

સિપેહસાલારી છે. યાનીનાની ફરતે કિલ્લાઓનો ઘેરો છે. જે પર્વતોના પથ્થરો અને માટીકામથી બનાવવામાં આવ્યો છે. મજકુર કિલ્લાઓ ઉપર જુદી જુદી રીતે પણ હલ્લો થઇ શકે છે, કહેવામાં આવે છે કે જે રસ્તાઓ કીલ્લામાં આવે છે તેમની નાકાબન્દી કરવામાં આવી છે. જો કે એ બીના ખોટી છે, પણ એટલું તો ખરૂ છે કે ઉત્તર અને દક્ષિણના રસ્તાઓ ઉપર તાર જરૂર બાંધી લેવામા આવ્યા છે. જેમાં કિલ્લાઓની ગણત્રી સાતની થાય છે જેની ઉપર મજબુત તોપો ગોઠવવામાં આવી છે. ગ્રીકોના જનરલ સ્પુન્નીકુસની હાથ નીચે ગ્રીકમાં અતિ કેળવાયલા સીપાહીઓથી આ મુકામ ઉપર ઘેરો નાખવામા આવ્યો. ગ્રીકોને યાનીનાનું ફતેહ કરવુ તેવુ જ મુશ્કેલ માલમ પડે છે કે જેવુ બલગેરિયનોને એડ્રીઆનોપલ અને મોન્ટીનિગ્રીયનોને સ્કુટરી કે જેઓ આ બન્ને મથકો આગળ માથું અફાડે છે. યાનીનામાં ટર્કીશ સિપેહસાલાર અસદપાશાએ નક્કી કરી લીધુ હતુ કે આખરીદમ સુધી મુકાબલો ચાલુ રાખવામા આવશે યુરોપી રાજ્યના કોન્સલોએ મજકુર પાશાને મત આપ્યો કે ખુનરેજીની જગ્યાએ સુલેહ અને શાન્તી સાથે શહેર ગ્રીકોના બેશુમાર લશ્કરના હવાલે કરી દેવુ. પરંતુ મજકુર પાશાએ ખુલ્લા શબ્દોમા તેમના વિચારો ઉપર કાન ધરવાથી ઇન્કાર કરી દીધો અને કહ્યું “ હુ મારી હિમ્મત અને મારાથી ચાલતા સુધી તો જયાં સુધી થશે ત્યા સુધી મુકાબલો કરીશ ” અને એજ બોલોને આધારે અસદપાશાએ ગ્રીકોને અતી ખરાબ રીતે હાંકી કાઢયા.

અલાસોનાના રણક્ષેત્રમા પહેલાં તો ટર્કોનો ફતેહ થઇ તે અહીં સુધી કે ટર્કોએ ગ્રીકોની ચાલીસ તોપો પણ છીનવી લીધી. પરંતુ આખરે ગ્રીકો પોતાના ઘણા લશ્કરને લીધે ફતેહમદ થયા. અને તેઓએ

ટર્કોને પાછળ હઠવા ઉપર લાચાર કર્યા, જે કાયદેસર પાછળ હઠતાં તા. ૩૧ અકટોબર ૧૯૧૨ ને દીને **એનજાના** મુકામ ઉપર આવી ગયા.

વારડારનુ લશ્કરી ડીવીઝન પશ્ચિમ તરફનાં ટર્કીશ લશ્કરને તાબે હતુ તેનું મોનેસ્ટીર તરફ હટી આવવું, બલગેરિયનોનું **કોશ નાથી સેલુનિકા** તરફ વધવું અને **સેલુનીકા**નુ બલગેરિયનો અને ગ્રીકોની મારની વચમાં આવી જવું.

આ સર્વે બાબતો આગ્ટ્રોમાનું ટર્કીશ લશ્કરી ડીવીઝન હવે કોઇ પણ રીતે બલગેરિયનોને આગળ વધતા અટકાવી શકયુ ન હતુ. હવે આસ્ટ્રોમાંથી પાછુ મંગાવી **એનજા**ના મુકાબલાની લાઇન ઉપર ગોઠવવામા આવે, કે જેથી સેલુનિકાનો બંદોબસ્ત થઇ શકે. પરંતુ એનજામાંની પહેલીજ લડાઇમા ટર્કીશ શાહીદો ઉપરાત તેરસો સિપાઇઓ ધાયલ થયા.

આ મારકાની તફસીલ એમ છે કે બે ટર્કીશ લશ્કરી ડીવીઝનો કે જે વીસહજાર ફોજ થાયછે. તેની ઉપર ગ્રીસે પોતાના પુરા ચાર ડીવીઝન કે જે એંસી હજારનું લશ્કર થાય છે તેઓ ધસારો લાવ્યા; આ મારકો વારડાર નદીના પુલની પાસે થયો હતો. અને **એન્જા** તળાવ આગળ પણ ટર્કોનાં થોડાક મોરચા હતા. જેથી થોડુ થોડું ટર્કીશ લશ્કર હતુ. ટર્કોએ હલ્લો લાવનારા ગ્રીકો ઉપર અતિ જોરમાં આતશ વરસાવ્યો જેનાથી ઘણા શત્રુઓને યમધામ પહોચાડી દીધા. ત્યારે ગ્રીકોએ બંદુકની આતશબારી સાથે ધસારો લાવવાનો વિચાર કર્યો, પણ તેમના લશ્કરી ઓફિસરોએ આ કાર્યથી તેઓને અટકાવ્યા. ગ્રીકસિયન પ્રીન્સ, લશ્કરના વચલા ભાગમાં સિપાહોને લડવાનો જુસ્સો અપાવતો હતો. લડાઈ પુરા જુસ્સા સાથે બપોરના એક વાગ્યા સુધી

ચાલુ રહી, જેમાંથી કોઇ પણ કમજોરી બતાવતુ ન હતુ. પરંતુ એક પછી એકાએક ગ્રીકોના બે ડીવીઝન એટલે ચાલીસ હજાર સિપાહો **કેથરીના**ના કિનારાથી **બેનજા**ની તરફ આવી પહોંચ્યા. તે સમયે બન્ને બાજુના આતશબારીના મારમા આવી જવાથી આવો નાજુક સમય તથા શત્રુઓનું બેસુમાર મદદગાર લશ્કર જોઇ, ટર્કીશ લશ્કરને લાચારીએ કાયદેસર પાછળ કદમ હઠાવવાં પડયાં અને **બેનજા** છોડી **વારડાર**ની તરફ ખસીગયુ. પરંતુ એક અતી મુશ્કેલી નજરે પડી કે હવે **સાલુનિકા**નો કેવી રીતે બચાવ કરવો ! કારણ કે એક બાજુથી ગ્રીકોના ઘેરામા હતુ જ્યારે બીજી તરફથી બલગેરિયનો **વારડાર** નદી ઓળ ગી તેની ઉપર ધસી આવતા હતા. અને બલગેરિયનો બે રસ્તેથી આગળ વધતા હતા. જે પાંત્રીસ હજાર જેટલા હતા જેને લીધે અહીંનુ લશ્કર શત્રુઓનાં તાબે થયું. અને એનીજ સાથે તા. ૧૦ નવેમ્બર ૧૯૧૨ ના દીવસે સેલુનિકા પણ શત્રુઓના કબજામાં આપી દેવામાં આવ્યું.

સાલુનિકા જેવા રળીઆમણા શહેરને શત્રુઓના કબ્જામા આપી દેવાનું એક મુખ્ય કારણ એ પણ હતુ કે એ શહેર ગ્રીકોને હવાલે કરવા માટે યુરોપી રાજ્યોના કોન્સલો અને શહેરના સભ્ય ગૃહસ્થોએ ઓફિસરો ઉપર પુષ્કળ દબાણ ચલાવ્યુ હતુ જેઓનું એવુ અનુમાન હતુ કે જો લડાઇ થાય તો શહેરને વેરાન કરી દેશે. અને ખાસ કરી શહેરની અંદર કત્લે આમનો બજાર ગરમ થશે. કારણ કે આ લડાઇનું છેવટ એ આવત કે બન્ને લશ્કરો શહેરની વચ્ચે તલવારો સાથે એક બીજામાં લડી લોહીની નહેરો વહેવડાવી શહેર બીલકુલ તારાજ કરી દેત. જેથી **હસન તેહસીન પાશા**એ ઉપલી બાબતોના દબાણથી

તેમજ ગ્રીકો તરફથી કંઇક રૂશવત પણ લઇ શહેર શત્રુઓના હવાલે કરી દીધું. તેથી શત્રુઓ શહેરમાં પેશી લુટમાર અને કત્લેઆમ કરવા લાગ્યા. જ્યારે આ યુરોપી સુધારાથી અતિ વિરૂદ્ધ ગણાતું પગલુ ભરાતુ જોઇ મજકુર દેશ ફોર્દી સિપેહસાલાર હસ્ન તેહસીન પાશા ફ્રાસમા ન્હાસી ગયો.

અને આ તરફ સાલુનિકા કબ્જે આવી જવાથી શત્રુઓને ડરામા અને શિરવઝના મથકો ઉપર પણ કબ્જો થઇ ગયો !!

વારડારના ટર્કીશ લશ્કરી ડીવીઝન તા. ૨૮ અકટોબર ૧૯૧૨ સુધી કોશાનાના જંગલમા શત્રુઓ સાથે લડાઇના રહ્યુ. અને એની પછી પાછળ હઠી મોનેસ્ટીર ઉપર ખસી આવ્યુ. પહેલાં એ લશ્કરની કઇક ટુકડીઓ પાછળ હઠી ગઇ હતી પણ એમના ન્હાસતાજ સર્વે લશ્કરના કદમ ઉખડી ગયા, અને તેઓ પાછળ હઠી આવ્યા. આ લશ્કર પાછળ હઠવાનુ કોઇ ખાસ કારણ સમઝમાં આવતુ નથી, કારણ કે થોડી ટુકડીઆ ન્હાસી હતી તો શુ થયું ? તેમની સાથે આખા લશકરનુ પાછળ હઠવુ અતી આશ્ચર્યકારક લેખાશે. પરતુ એનું ખાસ કારણ કાંઈ જુદુંજ હતું અને તે એ છે કે એઓએ પોતાની તોપો ખાસ સારા મુકામ ઉપર ગોઠવી હતી નહીં: અને એ ઉપરાત વરસાદને લીધે પણ નુકસાન પહોચ્યુ હતુ.

રહ્યો યાવરપાશાનો લશ્કરી કોલમ ! જેનો પાછળ ફરવાનો રસ્તો શેડાસ્ટો બંધ થઇ ગયો હતો. અને શત્રુઓએ ચારે બાજુથી એને ઘેરી લેધો હતો. તોપણ તે તા. ૮ નવેમ્બર ૧૯૧૨ સુધી તો શુરવિરતા સાથે લડતો રહ્યો જેની લશ્કરી ગણત્રી ફક્ત આઠ હજારનીજ હતી છતા પણ તેણે શત્રુઓ પાસેથી અતી શુરવિરતા અને વિરત્વથી

કશામાનો ઇલાકો **અને વાગઝાર** શહેર પાછા લીધા. પણ આખરે જ્યારે તે એડ્રીઆનોપલ તરફ ખસવા લાગ્યો. તે તકનો લાભ લઇ શત્રુઓએ સામટા હલ્લાથી તેને ઘેરી લીધો અને ત્યારેજ દુશ્મનોના સખત ઘેરામાં આવી પડેલો છું એમ સમજી લાચારીએ **અગાજની** પાસે શત્રુઓને શરણ થઇ ગયો. ! !

એવીજ રીતે **જાવીદ પાશાના** હાથ નીચેનું લશ્કરી ડીવીઝન **મોનેસ્ટીરથી** પાછુ ફરી **સાલુનિકા** તરફ વધ્યું હતુ. અને **ફીના** મુકામ ઉપર પહોંચ્યુ હતુ. જ્યાં એકાએક ખબર મળી કે તેના સાથ-વાળા બીજા ડીવીઝનના સિપેહસાલાર **ફુતહી પાશાએ** આપઘાત કર્યો અથવા મારી નાંખવામાં આવ્યો છે અને સરવિયનો **મોનેસ્ટીર** ઉપર સખત દબાવ નાંખી રહ્યા છે, જેને માટે તે પાછો મોનેસ્ટીર તરફ પલટી આવ્યા અને સેલુનિકાને બચાવી શકયો નહી.

સ્કુટરી કે જ્યા મોન્ટીનિગ્રો પોતાનુ પુર બળ લાવી ચુકયો છે, ત્યા ટર્કોએ આવા નાજુક સમયમાં **સ્કુટરીને** સભાળનારા લેખે ફકત સિપેહ સાલાર **હુસન રઝા** જોવામા આવ્યો મજકર સરદાર એક અતી શૌરીલો વિર છે. તેઓએ થોડીજ મુદતમા મુકાબલાની તૈયારીઓ એટલીં તો સુ દરતા સાથે પૂરી કીધી કે કોઇપણ તરેહની કમી રહેવા પામી નહી. સર્વે જરૂરતોની ચીજો ઉપર એમની નજર પહોંચી ગઇ અને એક મોટો પુરૂષ તૈયારી કરી શકે તે તેઓએ કરી બતાવી. તેઓ એ. બીના તો પહેલાથીજ જાણી ચુકયા હતા કે તે ખરાબ સમય હવે પાસેજ આવી પહોંચ્યો છે કે જેમાં ખુદાની મદદ તેમજ આપણી તૈયારી સિવાય કશુ કામમાં આવનાર નથી. જેથી કરી ત્યાં મોન્ટ્રીનીગ્રો થી કઇપણ થઈ શકયુ નથી. અને હવે આ સમયે એ **ડ્રીઆનોપલ,**

સ્કુટરી અને **યાનીના** બરાબર ટર્કીના કબજામા છે. અને અરનાઉટના મુલકને હજુ કોઇએ છેડયું નથી. સરવિયાનું લશ્કર કે જે અરનાઉટ તરફ વધતુ હતું, તે ઓસ્ટ્રિયાએ સરવિયન સરહદ ઉપર લશ્કર એકઠુ કરવાથી ગભરાઇ અટકી ગયુ છે. અને હવે સરવિયા ઓસ્ટ્રિયાની સરહદ ઉપર તેના મુકાબલામા લશ્કર એકઠું કરે છે. અને એનેજ માટે શત્રુઓ **દરરાજ**, **પ્રઝરંદ**, **બ્રુન્તસના**, **મિટ્રોવિટઝા**, **અસ્સિયાન** અને **ગોરીજાફા**ના પશ્ચિમ તરફના શહેરો ઉપર કબજો કરવા. પામ્યા નથી

પ્રકરણ ૧૪મું.

કારમી કત્તલ.

યેહે વોહ હિન્દ હંયકે આતિલકી, સદાકતપર ચડાઈ હય,
બટા તસલીસકી તૌહીદકે, મતલેઅપે છાઈ હય,
બિગડકર ખુદ મુસલમાનોને, યેહે હાલત બનાઈ હય,
મિટાએ દેતે હંય, જાલિમ મહંમદકી ક્રુદાઇ હય.

અહી ટુંકમાં લડાયક ઇતિહાસનુ કાળા અક્ષરે નોંધાઈ રહેનારૂ પાનું હમારા વાંચકોને બતાવવુ વ્યાજબી થઇ પડશે. જે પાનું આ તરક્કી, નિતીશાસ્ત્ર અને મનુષ્ય કેળવણીના પ્રકાશિત કાળમાં આશ્ચર્ય યુકત કરનારૂંજ નથી. પરંતુ સર્વ ગ્નાની કોમો કે જેઓના હૃદય અને મગજોને વિદ્યાના તેજ તથા નીતીના પ્રકાશે હક પસંદ અને ઈન્સાફના મિત્ર તરીકે બનાવી આપ્યા છે. તેઓ બાલકન સ્ટેટના ઘાતકી કૃત્યો સાંભળી તેઓની તારીફ છોડી દઇ દ્રષ્ટીપાત કરે કે એક વિજયી અને લડાયક કોમથી એવી રીતના કાર્યો બનવા અશકય છે. જે કાર્યો બાલકન વાસીઓએ કર્યા છે એ બાબત તો ખુલ્લીજ છે કે રાજ્યોનુ માન તેઓના નિચના દાખવનારા કાર્યોથી દુર રહી રૈયત ઉપર ઇન્સાફ અને માણુસાઇ પણાથી રાજ્ય ચલાવવા સાથ સંબંધ ધરાવે છે. રૈયતની સાથની ખરાબ ચાલ જરૂર રાજ્યને ખરાબ કરે છે નિચસા તરફ જવું એ અનિતી તથા અજ્ઞાનથી ભરેલુ છે. કોમેના જીવનનો આધાર નીતી શાસ્ત્ર ઉપરજ આધાર રાખે છે. જ્યાર સુધી કોઈપણ કોમનુ નિતી શાસ્ત્ર શ્રેષ્ટ છે. તે તરકકી કરતી રહેશે પરંતુ

જ્યારે તેનુ નીતી શાસ્ત્ર ખરાબમા પડયું તો તે કામને પણ ખરાબીમાં ધકેલી આપશે.

દુનિયા માહેલી કોઇપણ કોમનું ઇતિહાસ ઉચકી જોવાથી પ્રત્યક્ષ જણાશે કે જો તે કોમમાં હિમ્મત, ધિરજ, ઉમગ અને કષ્ટો સહન કરી જીવન ગાળવાની ઇચ્છા હશે તો તે કોમ દુનિયા માહે અત્યત શ્રેષ્ઠ સ્થિતીમા જીવન ગાળી શકશે અને જે કોમની આર્થિક શકિતઓ ઘટવા માડશે તો તેટલીજ ત તિરસ્કારની નજરથી જોવઇ નારાજીમા પડી જશે. **ટ્રીપોલી** ઉપર ઇટેલીયનોએ અને **રૂમેલિયા** એટલે યુરોપિયન ટર્કી ઉપર બાલકનોએ એક સપમા જોડાઇ હલ્લો કર્યો **ટ્રીપો**.ીમાં ટર્કીશ લશ્કર અને તેમનો લડાયક સરસામાન ઘણોંજ ઓછો હતો પરતુ તે દેશની આરબ રૈયતે સ્વદેશ શેવા અને હિમ્મતથી કાર્યો લઇ નાના સરખા ટર્કીશ લશ્કરને લાખોની ગણત્રીમાં લાવી નાંખ્યુ અને ઇટેલીઅનોને હેરાન કરી દીધા. આરબો પાસે હથીઆર ન હતાં છતાં તેઓની શુરવિરતા અને હિમ્મતે તે કાર્ય કરી બતાવ્યુ કે પોતે શત્રુ પાસેથી બેસુમાર હથીઆરો છીનવી લઇ તેઓનાજ મુકાબલામાં એકઠા થઇ એવો મુકાબલો કર્યો કે શત્રને એક કદમ પણ પોતાના મુલકમાં ધસવા દેવામાં ન આવ્યા. એનાજ મુકાબલામાં આગાગી **રૂમેલ્યાના** ઇસલામીઓ કે જેઓમાંથી હિમ્મત અને શુરવિરતાનો આત્મા નષ્ટ પામ્યો હતો. તેઓ બલગેરીયન અને સરવિયન ટોળકીના હાથે લુટાઈ મારખાઇ દેશ છોડી વિદેશનો રસ્તો લેવા ઉપર લાચાર થયા. તેઓમાંથી જેઓ તાકાતવર હતા. તેઓ નાસી કૅાન્સટનટીનોપલ આવ્યા અને જેઓ શકિત હિન હતા તેઓ હલ્લો લાવનારી કોમના માણસોનાં હાથે રેહંસાઈ ગયા

હમો એને માટે યુરોપ ઊપર કશી પણ રીતનો અહોત ન મુકવામાં હક જમી કદ.વીયું નહિ આ લાખો જીવનો જેઓ બકરાં અને મેંઢાંની પેંઠે રહે સઈગયા તેઓ પોતેજ પોતાનો બચાવ કરવા ઊપર આવત તો શુ શત્રુઓને કશો પણ નુકશાન પહોંચાડયા સિવાય રહી શકત? જ્યારે તેઓ પોતે કશી પણ રીતનો મુકાબલો કરી શકવા જેવી સ્થિતીમાં ન હતા તો યુરોપને શા માટે દોષ દેવુ જોઇએ? કે તેણે તેઓની હિમાયત કીધી નહિ. એ હમારી ભુલ અને મુર્ખાઇ છે કે હમોએ યુરોપ આગળ ફરિયાદ કીધી પોતે યુરોપ પોતાના નરમ દીલવાળા કલમ કસોની ચીખ પોકાર ઊપર મન આપતું નથી હા હમારા ધાર્મિક બધુઓની એવી રીતની કતલ હમારા માટે દીલગીરીનુ કારણ થઈ પડી છે. અને હોવીજ જોઇએ આ બનાવો એક નસીહત રૂપી ચાબકો વિચરી પોતાની સ્થિતી સુધા વાની અને જીવતા રહી શકવ ની કોશેશ હમારે જરૂર કરવી જોઇએ જે કેસેશ ફકત એક સંપીથીજ થઇ શકે છે ઇશ્વરનો ઉપકાર છે કે હમોને એવી રીતો કરવાનો મોકો હમારી અમન પસદ ન્યાયી ગવરમેન્ટની છાયા હેઠળ મળ્યો છે, બાલકન સ્ટેટાનો મુદ્રા લેખ તો એ છે કે બાલકનનો ઇલાકો તેઓ માટેજ હોવો જોઇએ અને જ્યા સુધી તેમનુ જોર ચાલ્યુ એ બાબત પુરી કરવાની કોશેશ કીધી છે. એ બાબતો અને કારણો નિચતાઉપર નજર કરતા નથી પરતુ છેવટ ઉપર નજર દોડાવે છે. અને જુએ છે કે એમના મેળવવામા તેઓ કયાં સુધી ફતેહ પામ્યાં છે અને એજ કારણને લીધે બાલકન હલ્લો લાવનારા અને તેમની કોમના રૂમેલ્યાના રહીસોએ મુસલમનો તથા પરધર્મિ રૈયતને ફના અને બરબાદ કરી પોતાનેમાટે મેદન સાફ કરી લેવામાં ફતેહમદી મેળવી છે.

જે સમયે બાલકન લશ્કર મેસીડોનિયા ઊપર કબજો મેળવતું ચાલ્યું આ 'તું હતું ત્યારે **ઇસ્ટ્રોન્જા** શહેર કે જે **સેલુનિકા**થી ૨૪ કલાકના રસ્તા ઊપર આવેલુ છે, અને જેનો કબજો બલગેરિયન જ-

નરલ **મેરોફે** સુલેહ શાન્તી સાથે લીધો હતો ! તે વાયદો કરી ચુકયો હતો કે શહેરવાળાઓની જાન તેમજ માલને કોઈ પણ રીતે આળ આવવા દેઇશ નહીં. એવું કહી તેણે પોતાની લશ્કરી આબરૂને આ બાબતનો વસીલો બનાવ્યો હતો, **જનરલ મેરોફ** તો શહેર ઉપર કબજો કરી **સેલુનિકા** તરફ વધી ગયો. અને **સ્ટ્રોન્જા**, લેફ્ટનંટ **વાસેફને** બંદોબસ્ત અને સંભાળ માટે મુકી ગયો એણે એક મ્યુનિસીપલ બોર્ડ બનાવી શહેરની સંભાળનુ કાર્ય સરવિયન લશકરના જનરલ **ઇવાનને** સોંપ્યું **સ્ટ્રોન્જા** શહેરની અંદર પંદરસો ઘરની વસ્તી છે. જેમા આઠસેં મુસલમાનોનાં ઘરો છે શહેરના તાબે થવા અને તેમા સુખ-ચેનનો ઢંઢેરો પીટાઇ જવા પછી નવા હાકેમે ત્યાંના ડોકટર **આબેદિન બે** લશકરના ઓફીસરો કેપટન **ફાઝીલ બે** અને **તહસીન બે** તથા તેમના હાથ નીચે ચાર ઓફીસરો, અને એકસો ઉપર ટકીશ સીપાહો, અને ચારસેં બ્યાસી બીજા મુસલમાનો અને એ આજુબાજુના વસનારા નિર્દોષોને અતી કરપીણ રીતે કતલ કર્યા. ! !

આ લોકોને એ કારણસર મારી નાંખવમાં આવ્યા કે મુસલમાનોને પકડી એક હુકુમતના મહેલમાં લાવવામા આવતા હતા જ્યાં સાત માણસોની કમિટી બેઠી હતી કમિટીના છ મેમ્બરો કોઇને મારી નાખવાની વિરૂધ મત આપતા તો તે બચી જતો અને જેની બેગુનાહી ઉપર આવલા વધારે મત નહોતા તો તેનું સર્વસ્વ જપ્ત કરી કેદમાં નાખી દેવામા આવતો. ચોવીસ કલાક પછી આ સર્વ કેદીઓને કેદમાંથી કાઢી નાગા કરવામાં આવતા અને મુસ્કટાટ બાંધી લશકરી સીપાહો તેઓને પોતાના ઘેરામાં લઇ જતા અને તેમને શહેર બહાર લઇ જતા જેમાથી સેકડે એંસી ટકાને ગોળીઓથી વીંધી નાંખવામાં આવતા હતા ! એક પુરૂષ કે જેનુ નામ **ઇસમાઇલ** હતું તેને પેટ્રોલ તેલથી જીવતો બાળી નાખવ મા આવ્યો ! ! અને તેના સાથવાળાના

હાથ પગ કાપી નાખ્યા કે જે તરફડી તરફડીને મરણ પામ્યો. ! ! ! બાકી રહેલા પુરૂષોને સગીનોવતી મારી નાંખવામાં આવ્યા. શહેરના સભ્ય ગૃહસ્થ **કરીમ આગાના** છોકરા **હસન આફન્દીને** મારી નાખવાના મુકામ ઉપર લઇ ગયા. તેને ફસાદી બલગેરિયન ટોળકીઓએ પોતાની સ્વારી બનાવ્યો હતો. અને એવીજ રીતે તેને શહેરથી બહાર લઇ જઇ મારી નાંખ્યો. આ સમયે **સ્ટ્રોન્જા** શહેરની અંદર બચ્ચાં અને સ્ત્રીઓ વગર ફક્ત આઠ અથવા દસ મુસલમાન પુરૂષો રહી ગયા છે. અને **સુબહાનપાશા, યુસુફ અફન્દી, નિશાત અફન્દી** અને **અહમદ** બેના ઘરો ઉપરાંત મુસલમાનના ઘરોમા કોઇ પણ રીતનુ સામન જેવું કે ઝાડુનું તણખલું પણ બાકી રહ્યુ નહીં. કારણ કે મુસલમાનોના ઘરોનો સર્વે સામાન બાલકન સિપાઇઓ અને લુટારાઓએ લુટી લીધો છે. અને એ સર્વે સામાન સરવિયા મોકલી આપવામા આવ્યો છે. યહુદીઓમાંથી પંદર માણસોને સખત ઇજાઓ આપી તેમનુ સરસામાન લુટી લીધુ. ચોરીયો અને લુટફાટ એટલીતો નીચતાથી કરવામાં આવતી કે ચારે બાજુથી ન્હાસી આવેલાઓ તેમજ શહેરનાઓમાંથી ઘણાંકોના કપડાં સુધી ઉતારી લેવામા આવ્યા અને સર્વ સ્ત્રી પુરૂષોને નગ્ન કરીને છોડી દેવામાં આવ્યા. અહીંથી ચાલી **કુસ્દ્રાવન** વસ્તી આગળ જઇશું તો ત્યા તેરસો માણસોને અતી ક્રુરપણે કાપી નાંખ્યા હતા જેમાં પુરૂષ, સ્ત્રીઓ અને નાનાં બચ્ચાંઓ પણ હતાં. ! ! !

ઉસમાનિયા નામની વસ્તીના જે મુસલમાનો સેલુનિકામા જઇ ભરાયા હતા. જેમાંની એક દસ વર્ષની છોકરી **નોઆન** શહેરમાં રહી ગઇ હતી. આ વસ્તી **ઉસમાનિયાથી** દોઢ દીવસ જેટલી દુર છે નો-

બ્રાન ઉપર શ ઓનો કબજો થવાથી તે છોકરીને પણ સખત રીતનાં જખમો કરવામાં આવ્યા ! આબરૂદાર ઘરોની મુસલમાન સ્ત્રીઓને સતાવવી બદમાસોને મનથી સાધારણ વાત હતી. ઘણીજ આસાન સજામાં તેમના બુરખાઓને ફાડી મોઢા ઉપર કીચડ અથવા બીજી કાંઈ ખરાબ વસ્તુ ચોપડતા હતા. મોટા મોટા પૈસાદાર અને આબરૂદાર મુસલમાન ગૃહસ્થોની કુવારી છોકરીઓની જગલી બલગેરિયનો આબરૂ લુટી લેવાને પણ મોજ મારતા હતા ! અને એક ટાકી લેવાલાયક એ બીના પણ છે કે સ્ટ્રાનની **મો. બાશીક** જે હાલનો સરવિયન પાયદળ લશકરનો શીપેહસાલાર છે અને પહેલા સરવિયન પાયતખ્ત બિલગ્રેડની અપીલ કોર્ટનો એક મેમ્બર હતા તે મુસલમાનોને પકડી મગાવી તેના ખીસાઓ તપાસી જે કંઈ તેમાંથી નીકળતુ તે કાઢી લેતો હતો ! આશ્ચર્યકારક તો એ બીના છે કે **મો. બાશીક** જે સરવિયામા ઇન્સાફ આપનાર એક અતી પ્રખ્યાત માણુસ હતો તે આજે લુટફાટ કરનારાઓ અને ચોરોનો સરદાર બની ગયો છે !! ખરેજ આવી યુરોપી સુવ્યવસ્થાને શરમ છે ! અને તેને અનુમોદન આપનારને ધીક્કાર છે !!! એજ બાબત ઉપરથી બાલકનવાળાઓના સુધારા અને ઇન્સાફ પસદીનુ ભોપાળુ માલમ પડે છે. **સ્ટ્રાન્જા** શહેર વગર લડે સુલેહ સાથે ગ્રહણુ કર્યું હતું, અને ત્યાના રહેનારાઓએ ફતેહ કરનારાઓ પાસેથી પોતાની જાન માલની સભાળનુ અભય વચન લીધુ હતું. ત્યા બાલકનવાસીઓના કાળા કર્મોએ વીસમી સદીની તવારીખમા એક કાળો પોતાનો કલ્લકી વધારો કર્યો છે ??? **સ્ટ્રાન્જાની** પાસેની વસ્તી **રાહવિસ્તાની** રૈયત જે વતન છોડીને જતી હતી તે રસ્તામાજ કષ્ટોને લીધે મરણ પામી હતી. અને થોડાં ઘણાં બલગેરિયનોને આમ કહી ત્યાં પડયાં રહ્યા કે

જ્યારે હમોએ કોઇને પણ સતાવ્યા નથી તો તમને પણ કોણ સંતાવશે ? તેમાંથી બસો માણસોને એક મસીદમા બદ કરી દેવામાં આવ્યા. જેમનામાં હાજી **કાદર બે** અને **અકરમ બે** બન્ને સભ્ય ગૃહસ્થો પણ હતા ! !

કાદરબે અને અકરમબે એક બન્ને પ્રજામાં જાણીતા અગ્રેસર હતા. એમને દુષ્ટોએ બંધ કરવા પછી આગળ બોલાવી જણાવવામાં આવ્યું કે, તમે શહેરના અગ્રગણ્ય છો, પરતુ આ સમયે બસો માણસો ભેગા તમને પણ યમદ્વાર પહોંચાડવામા આવશે. અને તમારી માલ-મિલકત લુટી લેવામાં આવશે.

" શુ સરકારની વફાદારીનો આ બદલો ? ! " કાદરબે અને અકરમબે બન્ને સાથે બોલી ઉઠયા.

" હા ! તમો સર્વ ખ્રિસ્તી ધર્મ માનો અને દુશ્મનોની સામા થવાનુ અભય વચન આપો, પછી છુટકારાનો દમ ખેંચો. " સર્વે એકી વખતે બોલી ઉઠયા.

" બહાર ઉભેલા પેલા બસો નિર્દોષોની વતી અમો કહેવાને હિમ્મત કરીશુ. " આ બન્ને સભ્ય પૈકી એક બદીવાન બોલ્યો " કે અમારૂં સર્વસ્વ લુંટી લઇ અમોને મારી નાખશો તે પરવડશે; પરંતુ પાક ઓટોમન દીનથી અમો બેવફા થનાર નથી. અને તમારો ચાચિયાઇ ધર્મ સ્વીકારવા કરતા ધીક્કારવો બહેતર સમઝીએ છીયે. દુષ્ટો ધિક્કાર છે તમારાં પાપી કામને ફિટકાર છે તમારા ન્હેસ્ત નામને પાપીઓ, વખત ના ગાળો, અમને અમારા દીન ઉપરથી કુરબાન થવામાં વખત ના ગાળો ! તાકીદ કરો, મોક્ષપ્રાપ્તીના સમયની ઇન્તેઝારીની **હદ** અમો થોભાવી શકતા નથી ! !

"બસ, બસ," એક ક્રુરને કદાવર બલગેરિયન બોલ્યો. "તમારી કસોટી થઇ ચુકી છે. તમો અભય વચન આપત તોપણ તમને જીવતાં છોડવામા આવનાર નહતાં."

બીજો એક વચ્ચે બોલી ઉઠયો "કાંકે અમો યુરોપ્યનો ઓટે-મન સત્તા અને ઇસ્લામનો નાશ કરીશું. એવો અમારો એકત્ર યુરોપનો મુદ્રાલેખ છે." આમ કહી બન્ને નિર્દોષોનાં માથાં ધડથી જુદાં કરી પછી બહાર ઉભા રાખેલા સર્વેને કાપી નાખવામા આવ્યા!! અને એની પછી મુસલમાનોની સર્વે દુકાનો અને ઘરો લુંટી લેવામાં આવ્યા તેમા ખાસ કરી રીજી કંપનીનાં દફતરો અને બીજી ઓફીસો તો બીલકુલ તબાહ કરી દીધી!! શાહવિરતાનોજ એક હેવાનિયતથી ભરેલો બલગેરિયન કે જેનુ નામ વેમ્તરોસ હતું, તે શયતાનોની ટોળકી-ઓને મુસલમાનોની કતલ માટે ઉશ્કેરતો હતો, અને બલગેરિયન લશ્કરના સિપાઇઓ પુછપરછ કર્યા વગર લુટફાટ કરતા કરતા હતા! આ વસ્તીમાં વધારે મુસલમાનોનીજ આબાદી હતી. પરંતુ ત્યાં હાલ એકપણ મુસલમાન પુરૂષ જોવામા આવતો નથી. ફક્ત સ્ત્રીઓ અને બચ્ચાં લાચારી અને દુખદાયક સ્થીતોમાં નગ્ન અને ભુખ્યાં પડેલાં હતાં! જે વસ્તી છોડી દેનારા મુસલમાનો તવીશાન મુકામપર ચાલ્યા ગયા હતા તેમને બલગેરિયનો પાછા લાવ્યા, અને સ્ટ્રાન્જા તથા અહવિશતાના વચલા રસ્તામાજ બાલકન જુલ્મીઓએ તેઓને મારી નાખ્યા! સ્ટ્રાનજાશહેર સુધી તેમનામાંથી ફક્ત સ્ત્રીઓ બચીને પહોંચી હતી. અહીં સાત ઇસ્લામી ગામડાંઓને બાળી નાંખ્યાં હતાં. અને શાહવિરતા તથા તેની આજુબાજુ બીજા મુકામોથી પણ વધારે મુસલમાન સ્ત્રીઓની આબરૂ લુટવામાં આવી હતી. ઉસમાનચા

ઇલાકાની સ્થિતી એ હતી કે ત્યાંના મુસલમાનો લડાઈ થવા આગળજ દેશ તજી નાસી ગયા હતા અને જેઓ બુઢાપા અથવા બીમારી અથવા બીજા કોઇ કારણને લીધે વતન છોડી ન શકયા તેઓને અતી ખરાબ રીતે મારી નાંખવામાં આવ્યા ! **બુશનાક** ફીરકાના મુસલમાનો જે **લવીરાન** અને **બોરી** સ્ટેશનો ઉપર ન્હાસી ગયા હતા તેઓને બલગેરિયનોએ પકડી લીધા. અને કહ્યું કે તમો કતલ થવું પસંદ કરો અથવા ઇસાઇ ધર્મ સ્વીકારો. ત્યારે આ બીચારાઓએ જાન બચાવવા માટે ઇસાઇ થઇ જવુ કબુલ રાખ્યુ. આ તરફ **ઉસ્માનિયા**ના ઇલાકામા જો કોઇપણ રહેનારો મળે છે તો તેઓ તેજ પુરૂષો છે કે જેઓએ ઇસાઇ ધર્મ જુલ્મથી સ્વીકાર્યો છે કે જેઓનો ફેંઝ આખરે તલવારની ધારથીજ ખતમ થશે !

બઝગાજ અને **તુરાહિયા** એ બન્ને ગામડાંઓ બલગેરિયન નીચ ટોળકીઓએ બાળીને રાખ કરી દીધા. અને **હાટકુરીયા** નામના ગામ ઉપર બલગેરિયન તોપખાનાએ આગ વરસાવી ફુંકી દીધુ ! આ લખવામાં કઈ પણ ફાયદો નથી કે અહીંના મુસલમાનો ઉપર કેવી રીતનાં સંકટો પડયા. તેમનાં જાન, માલ, તેમની આબરૂ, ઇજ્જત, જુલ્મી વિજયીયો માટે હલાલ હતી જે ઇચ્છા રાખી તે ખુશીથી કર્યુ જેઓ માર્યા ગયા તે ઠીક રહ્યા. જીવતાંઓની જાનને રડવુ અતી કઠણ છે. જેઓએ ઇચ્છા બતાવતા હતા કે તેમની દોલત • મીલકત સર્વે લઈ લ્યો પણ જીવતાં છોડી દયો પરંતુ અહી તો........

સદા તુતીકી સુનતા કૌન હય નકકાર ખાનેમે.

ઉસ્માનિયા શહેરથી **બીટ્રીટસ** નામની વસ્તી આઠ કલાકના રસ્તા ઉપર આવેલી છે. અહીંના બસો મુસલમાનોને મારી નાંખ્યા !

અને તેમના ઘરો લુટી લેવામાં આવ્યા ! ! બલગેરિયનો અને સરવિયનો ગામડયાઓને જેટલી આપદા પહોંચાડતા હતા તેટલી ગ્રીકો ન પહોંચાડતા હોવાથી મુસલમાન રૈયત કે જે રક્તની નદીઓ અને લાસોના ઢગલા જોતાં જોતાં કાયર થઈ ગયા હતા, તેઓ બલ્ગેરિયનોના અને સરવિયનોના આવવા પહેલાં ગ્રીક લશ્કરને પોતાના કસબાઓ અને ગામડાઓમા પોતે બોલાવી લેતા હતા

કોકીલી, એ **અસ્કોબ** રેલ્વે લાઇન ઉપર આવેલુ છે; અને ગ્રીક લશ્કર સ્ટ્રોનજાથી અહીં એક **અઠવાડીયુ** રહ્યા બાદ આવતા હતા. **કોકીલી** શહેરનાં મુસલમાન રહેનારાઓ તો ટર્કીશ લશ્કરના ચાલ્યા જવા પછી કોઇપણ હિમાયતી અને મદદગાર નહતો. તેઓએ ગ્રીક મેટ્રોપોલીટના ઓફીસર પાસેથી પનાહ ચાહી અને કહ્યુ કે હમને શહેરમાંજ રહેવા દેવામાં આવે. તા. ૬ નવેમ્બરે અહીં કોકીલીમા એક સરવિયન ટૂકડી આવી. જેનો કમાન્ડર **એલેકઝાંડરનો** નોકર હતો. જેના હવાલે શહેર કરી દેવામા આવ્યુ. હવાલે થતાજ લુટફાટ કરનારી ટોળકીઓ ભુખ્યા શીઆળવાઓની પેઠે શહેરોની અંદર ધુસી આવી અને એલેકઝાંડરના નોકર પાસેથી રજા લઇ ઘરોની અંદર હથીઆર તપાસવાને બ્હાને દાખલ થઇ લુટફાટ કરવા લાગ્યો. પોતે એલેકઝાંડરના નોકરે પણ **બગદાનજા** નામના ગામડામાંથી નકદ આડત્રીસ પાઉંડ ચોર્યા અને પાંસેઠ મુસલમાનોને મારી નાખ્યા ! **કોકીલી** કસબાના સભ્ય ગૃહસ્થોમાંથી **અલીબે** અને **સનરાલીબેને** પકડી તેમને ચાપકેથી માર માર્યો અને તેમની પાસેથી એક હજાર પૌંડ માગ્યા. આખરે ૪ ઇસાઇઓને દોજખમા પહોંચાડી પોતપોતાને હાથે જીદગીનો અંત આણ્યો ! **તેકોશના** ટર્કીશ કલેક્ટર કે જે

શત્રુઓની બીકને લીધે કોકીલી ચાલ્યો આવ્યો હતો તેને પકડીને કેદ કરી દેવાંમાં આવ્યો. કારણ કે **તેકોશથી** પહેલા **કોકીલી** ઉપર શત્રુઓનો કબજો થયો હતો. કમાન્ડર એલેકઝાન્ડરનો વિચાર તો એ હતો કે તે હજુ પણ રહેનારાઓથી ખરાબ વર્તણુક ચલાવે પરંતુ શહેરનો મુસલમાન મુફતી ન્હાસી **બેનજા** ચાલ્યો ગયો અને ત્યાથી ગ્રીકોને લઇ આવ્યો કે તેઓ **કોકીલી** ઉપર કબજો કરી લે. ગ્રીકો ત્રણ દીવસ પછી એટલે તા. ૧૦ નવેમ્બરને દીને ત્યાં પહોચ્યા અને તેમના આવવાથી એલેકઝાંડરના હાથ અટકી પડયા અને તે ટરકીશ શહેર **સીતાકુ**ના બાર, અને શહેરમાં **નીતાગીનો** એક અને બીજા ગામડાઓના મળી પચાસ માણસોને મારી નાખવા અને તેમનો સર્વે માલ અસબાબ લુટી લેવા સિવાય કોઇ બીજું કામ ન કરી શકયો !

સરવિયનોએ કોકાલીમા પોતાની ત્રણ દિવસની હકુમતની અંદર ઘણા જુલ્મો કર્યા પણ જ્યારે ગ્રીક લશ્કર આવી ગયુ અને તેના કમાન્ડર કોન્સટન્ટીનીયુસે બહાદુરી સાથે કાર્ય લઇ આ શહેર અને એના ઇલાકાથી મુસલમાનોને કષ્ટોથી બચાવ્યા. ત્યારેજ તેઓને કંઇક સધ્યારો મળ્યો

ટીકોસના સારા ગૃહસ્થો જેઓ ન્હાસી શકયા નહીં, તેઓને લડાયક કેદી બનાવી કેદ કરી લેવામા આવ્યા. ફક્ત ગામડાઓમાંજ કત્લેઆમ કરવામાં આવ્યું. શહેરોમા ફક્ત લુટફાટ 'કરવામાં' આવી અને થોડાક મુસલમાનો ઉપર " ખ્રિસ્તીઓની સાથ તકરાર કીધી હતી. " એવુ હડહડતુ જુઠ્ઠું આળ મુકી કતલ ર્ક્યા !

કહેવાતા સુધરેલા દેશના સ્થાનિક સ્વારાજ્યના કંપાયમાન નમુનો આ છે કે, **તવીરાન** જે **કોકીલજા**થી એક દીવસનો રસ્તો છે ત્યાં

શત્રુઓએ શહેરમા ઘુસતા વેતજ ઘરમા ઘુસી ત્યાંનો સર્વે માલ અ સબાબ લુટી લેવામાં આવ્યો. પછી શહેરમા મ્યુનિસીપલ બોર્ડની એક કમીટી બનાવવામાં આવી જે કમીટીમા લોકોને મોતની સંજા અથવા છોડી દેવાનો હુકમ કરવામાં આવતો હતો. આ કમીટી આગળ મુસલમાનોને કેદ કરી લાવવામાં આવતા હતા. અને તેઓ પાસેથી આદમી પાછળ કંઇ રૂપીયાની રકમ માગવામાં આવતી. સારા નસીબે આપે તો તો બચી જતો નહીં તો મારી નાંખવામાં આવતો હતો. **સ્ટ્રોનજા** અને **ઉસ્માનિયા** પેઠ અહી કરવામાં આવ્યુ નહી. અહીં તો પહેલાં માણસોને કતલ કરી પછી તેમને માલ અસબાબ જપ્ત થયો ! **તવીશન**મા કુલ્લે બસે મુસલમાનોને મારી નાંખ્યા ! અને જેઓ જીવતા રહ્યા તેઓ ભુખને લીધે અતી દુઃખમા હતા. કારણ કે સવે માલ મતા લુટી લેવામા આવી હતી.

સેલુનિકાથી ૭ કલાકના રસ્તા ઉપર **કુલકિન** નામની વસ્તી આવેલી છે અહીંના સર્વે ઘરો વીરાન અને ખાલી પડેલા હતા. કોઇ પણ ઘરનો દરવાજો સુદ્ધાં ન હતો. તેમજ ચટાઇ પણ રહી ન હતી. બાલકન લુટારાઓએ ઘરોના દરવાજાઓ તોડી તોડીને તેમનો સવે માલ અસબાબ લુટી લીધો હતો. અને વસ્તીના પાચસે મુસલમાનોને દયાજનક રીતે મારી નાંખ્યા હતા. અહીંના મુસલમાનોમાંથી જે સાલુનિકા તરફ ન્હાસી ગયા તેજ જીવતા બચ્યા હતા. અને તેઓ માંથી ઘણા ખરાઓને પોતાના કસ્બા તરફ ફરતા રસ્તામા મારી નાખવામા આવ્યાં હતાં ! ! !

સીરોઝથી ટર્કીશ લશ્કરના પાછળ હઠતાં જ આ શહેર **કુસ્તા**-થી ઉતરનારા બલગેરિયનોનાં કબજામા આવી ગયુ. એમાં બલગે-

રિયન લશ્કર સાથે **ચરનીફ** અને **ઝકાનસનકી** નામના બે પ્રખ્યાત બુલગેરિયન લુટારૂઓના સરદારો પણ દાખલ થયા. અને ગલી કુચીમાં ફરી પોતાની ટોળકીઓને કત્લઆમનો હુકમ કરવામા આવ્યો. એ લોકોનું બહાનું એ હતું કે એઓ **દુરવિશાબક**ની તપાસ અર્થે આવેલા છે. બે કલાક સુધી આ ધાતકીપણું ચાલુ રહ્યું ! આટલા સમયમાં બસોએંસી મુસલમાનોને મારી નાંખવામા આવ્યા હતા ! ! આ કરપીણ કાર્ય હજુ પણ લંબાત, પરંતુ ગ્રીક પાદરી **ઈવસ્ટુલ આફન્દીએ** કોશેશ કરી ખુનરેજી બન્ધ કરાવી ત્યારેજ શહેરવાળાઓની જાન બચી.

તેમુરહિસાર નામનુ શહેર **સીરોઝ**ના ઈલાકામા આવેલું છે. અહીના રહેવાસી વતનને છોડી **સીરોઝ** ચાલ્યા આવ્યા હતા. **સીરોઝ** ઉપર કબજો થવા પછી વતનને છોડનારાઓને પહેલાં તેમના શહેર તરફ મોકલવામા આવ્યા. અને પછી તેમને પકડી તેમની દેખરેખ રાખ્યા. જેમાથી ઘણા ખરા માણસોને **સોફિયા** મોકલી આપવામાં આવ્યા અને કઈકોને મારી નાખવામા આવ્યા ! ફકત અઠ્ઠાવીસ પુરૂષને પોતાના ઘરોમા રહેવા દેવામા આવ્યા. માર્યા ગયલાઓની ગણત્રી પાચંસો છે ! ! અહીંના મુફતી તેમજ તેમના ભાઇને **સુફીયા** મોકલવામાં આવ્યા જેઓને સોફીયા પહોંચવાની પહેલા જ કતલ કરવામા આવ્યા.

મોનેસ્ટીરથી સાલુનીકા સુધી કોઇ પણ ગામડુ કાયમ રાખ્યુ નથી સર્વ બાળી નાખવામાં આવ્યાં અને સરવિયનોએ **પ્રીલપનાં** રહેનારાઓને મારી નાંખ્યા ! ! આ શેહેર મોનીસ્ટીરના જીલ્લામાં આવેલું છે.

ખાસ **મોનેસ્ટીર**મા સરવિયનોએ રૈયત સાથે ખરાબ ચાલ ચલાવી નહીં પણ ફક્ત ત્રણ મુસલ્લમાનોને મારી નાખવા ઉપરજ સબર કર્યો ! **ફ્લોરિનામાં** ગ્રીકોએ એક મુસલમાનને કતલ કર્યો ! પણ તેના તાલુકાના ગામડાંઓને બાળી નાંખ્યા ! ! બાલકનવાળાઓએ **અસ્કોબ**મા બીજા શહેરો પ્રમાણે કત્લેઆમ કર્યું નહીં, પરંતુ લુટફાટ અહીંઆ ઘણીજ કીધી. પણ એથી કરૂણારસીક બનાવ એ બન્યો હતો કે **કવાલા, ડામા** અને **ડેડાગાજ**મા સખત ખુનરેજી કરવામા આવી ! અહીંઆ બેશુમાર મુસલમાનો માર્યા ગયા છે.

*બલગેરિયાના રાજા ફરડીનાંન્ડે લડાઇ જાહેર થવાના સમયે આ લડાઇને ચંદ્રમાં અને ક્રોસની વચ્ચેનો મારકો એ નામ આપ્યુહતું. ક્રોસ હમેશા, ઇન્સાની હમદર્દી, દયા અને નેકીઓના કાર્યોની નીશાનો જણાવતો રહ્યો છે, જેને ટર્કો અને ખ્રીસ્તીઓ સાથની લડાઇમાં ઘણું કરી નજર આગળ મુકવામા આવે છે. પરંતુ ગઇ બાલકન લડાઇમા ક્રોસ ભલાં કાર્યોના નમુના તરીકે સાબીત થયો નથી ! સરવિયન સિપાહો અને ઓફિસરોએ અલબાનિયામા જે જુલ્મો કર્યા, તેની ઑસ્ટ્રીયન, અંગ્રેજી, ઇટેલીયન ખબરપત્રીઓના રીપોર્ટોથીજ સચ્ચાઇ માલમ પડે છે. વળી માલમ પડે છે કે સરવિયનો માણસાઇ શીકારના બનાવોને યુરોપ ગયા પછી થોડા અઠવાડીયાંમાં પોતે એક બીજામાં તકરાર થવાના ભયથી ભુલી ગયા હતા, પરન્તુ આસ્ટ્રીયા હંગરીના રાજ્યકર્તાઓ અતી જુલમાટ ભરેલા દીલ ઉશ્કેરનારા બનાવોને પાછળથી અજવાળામાં લાવ્યા છે ! મહાન ગણાતા રાજ્યોમાં નીચતાએ કેટલો પ્રવેશ

---

* રૂમાનિયાના પાયતખ્ત બુદાપેસ્ટથી ડેલી ટેલીગ્રાફનો ખબરપત્રી જણાવે છે.

કર્યો છે તે આ ઉપરથી ખુલ્લુ જણાય છે. મને ઓસ્ટ્રીયન હાકમોના તે રિપોર્ટો જોવા મળ્યા. હું આ કહેવાને કાએલ છું કે દુનિયાની તારીખમા જુલમ અને ઘાતકીપણુ અને હેવાનિયત ભરેલા કાર્યોના જે દાસ્તાનો લખવ મા આવ્યા છે. તે સર્વેનો જનરલ **જાનકોચ**ના સીપાહોએ અતી ભડકાવનારી રીતે વર્તન કર્યુ. **અલબાનિયાથી** દરિયાઇ બદરો તરફ જતા તેઓએ ફકત હથિયાર વાળા આલબેનિયનોનેજ કાપી નાખ્યા નથી પણ વગરહથિયારના લોકો, બુઢાઓ, ઓરતો અને બચ્ચાંઓ અને હજી દુધ પીતા બેગુનાહ બચ્ચાઓના ખુનથી પણ ઘાતકી કસાબોએ પોતાના હાથે રંગ્યા છે!! પાસાણનુ અંતઃકરણ ધરાવનારા સરવિયન ઓફીસરો જે જુલ્મી ફતેહની શરાબમા મસ્ત હતા તેઓએ જાહેર કર્યુ કે આલબેનિયામાં એવીજ રીતે અમન કાયમ થઇ શકે છે કે અહીના મુસલમાનોને મારી નાખવામાં આવે! સરવિયન લશ્કર આ જુલ્મી કાર્ય કરવાને તરતજ તૈયાર થઇ ગયું. જેથી કરી **કુમાનોવા** અને **અસ્કોબની** વચમાં ત્રણ હજાર મુસલમાનોને અતી દયાળુ રીતે મારી નાખવામા આવ્યા!! **પ્રસ્તનિયાની** પાસે પાચ હજાર મુસલમાનોને તલવારના ઘાટે પહોચાડવામા આવ્યા! **અરનાઉટ** કોમને વગર વિચાર કાપી નાખી! તે પણ એવી નાદાનીયત રીતે કે લડાઈમા નહી પણ ઘરોમાથી કાઢી કાઢીને લોહી અને ધુળમા રગદોળ્યા!! આ હેબતાવનારા કાર્યોને અમલમા લાવવા માટે ફિનાના સીપાહોએ પોતાની ખુનખારીની અંગાર ઓલવવા માટે જુલમ અને કષ્ટ આપી હલાક કરવાની નવી નવી શોધ કરી ઘણાખરા ગામડાંઓમાં આગ લગાવી દીધી, જ્યારે રૈયત બળતાં ઘરોમાંથી ડર ખાઈ ન્હાસવા લાગી. તો ખુલ્લાં મેદાનમાં પહોંચતાજ તેઓને કુતરાંની

પેઠે ફેર કરી મારી નાંખવામાં આવ્યા ! ! સ્ત્રીઓ અને બચ્ચાંઓની આગળ પુરૂષોને ગોળીઓથી ઠાર કીધા ! પછી સ્ત્રીઓની આગળ તેમનાં બચ્ચાંઓને સંગીનો પડે ટુકડે ટુકડે કરી નાખ્યા ! આવી ઘાતકી વર્તણુક ચલાવનારી રાજ્યક્રાંતીની ધ્રીફ લઈ નીકળેલા બીજાં રાજ્યો ઉપર પણ તેટલોજ વિશ્વાસ રાખવો શા માટે યથાર્થ લેખાવો ન જોઇએ ? !

ફાસીઓ આપવી એ સરવિયનોનો રોજનો ગાયા સાધારણ ખેલ હતો ! જે ઘરમાથી હથિયાર મળતાં તે આખા ઘરના પુરૂષોને બંદૂકથી વીંધી નાખવામાં આવતા અથવા ફાસીને લાકડે લટકાવી દેવામા આવતા ! અહીં સુધી કે જે સરવિયનો **ઑસ્ટ્રીયા હંગેરીમાં** રહે છે અને જેઓ સરવિયનોને મદદ કરતા હતા, તેઓ પણ આવી રીતના અલબાનિયા ઉપરના જુલમાટથી કપી ઉઠયા ! મોટા પ્રધાનનો માજી સેક્રેટરી એમ પાસીચ હરટોન્ચ જે હન્ગેરીયન જેન્ટલમેન છે તે કહે છે કે **પરઝરન્દથી એપાક** સુધી મને બળેલા ગામડાઓ અને સડકની બન્ને બાજુ ફાંસીયોના માચડા ઉપર આલબેનિયનોની લાશો લટકતી હતી, તે સિવાય બીજુ કઇ પણ જોવામા આવ્યુ નહિ ! **ડયાકોવિટઝાની** સડક ઉપર સીધી અને ડાબી બાજુ ઝાડો ઉપર લટકતી લાશો રૂપી ફૂળ લાગેલાં હતાં ! બેલગ્રેડના પેપરોએ પણ સરવિયન જુલ્મોને બેશરમીની રીત તરીકે જાહેર કીધી છે ! જ્યારે કરનલ સ્ટોનચની રીજમેટ પ્રઝરન્ડમા દાખલ થઇ ત્યારે કરનલે બુમ પાડી કત્લેઆમનો હુકમ કર્યો ! બલગેરિયન પેપરો લખે છે કે હજુ તો કરનલનાં મોઢામાંજ શબ્દો હતા કે સીપાઇઓ દોડી ઘરોમા ઘુસી ગયા, અને જે તેમના હાથમાં આવ્યા પછી સ્ત્રી, બાળક, ડોસો કે યુવાન સર્વેને મારી

નાખ્યા ! ! આલ્લ્મેનીઆનું જુલમી દાસ્તાન અહીંજ પુર્ણ થતું નથી પણ **પ્રીલપ** ને **કિસાદા** અને **વર્શકલઝામાં** જે જુલમાટ ગુજારવામાં આવ્યા, તે ટર્કી રાજ્યમાં કદી રઇયતના સ્વપ્ને વીચારમાં પણ નહતા ! એક આલ્મેનિયન સભ્ય ગૃહસ્થ જે **પ્રઝરન્દથી**-નાસી **સીરીયા** ચલ્યો ગયો હતો તે નીચે પ્રમાણે કહે છે.

જે પુરૂપ સરવિયનો પાસે જઇ કોઇ અલ્બેનિયન ઉપર ખોટું આળ મુકતો તો તરતજ તેને પકડી મારી નાખવામા આવતો ! અને પાક દયાનતના નમુના તરીકે કહીશ કે મુસલમાન લેણદારને દેવાદારોએ દગાખોર બનાવી મારી નાખ્યા ! અને પોતે જુજ કીમત આંપી તેમના માલ અસબાબ વેચાતાં લઇ લીધાં ! ! **અસ્કોબમાં** વગર હથીઆરના આલ્બેનિયનેને સરવીઅન ઓફીસરોએ જુલમાટભરી રીતે ગોળીથી વીંધી નાંખ્યા ! અગર કોઇનિ ઘરમાથી શીકારી છરો પણ નીકળતો તો તે ઘરના સર્વે માણસોને ગોળીથી મારી નાખવામા આવતા ! અને જેમની ઉપર કશીપણ દયા ખાવામા આવતી નહી જે આલ્બેનીયનોએ હલ્લો લાવનારાઓથી જેટલો થોડો મુકાબલો કર્યો તેટલાજ વધારે જુલમમા ગીરફતાર થયા ! **વોંસ્યુવોચેમાં** સરવીયન કમાન્ડરે નાસી આવેલાઓને આ શરતે કે તેઓ પાછા ફરી હથીયાર મુકી દે. એ સરતે અમાન દેવાનો વાયદો કર્યો હતા પરંતુ હથીયાર લેઇ લેવા પછી ચારસે આલ્બેનિયનોને તલવાર વડે કાપી નાખ્યા

અહીંના રહેનારાઓમા ફક્ત છ ખાનદાની મુસલમાનોને જીવતાં રહેવા દેવામા આવ્યા **પાનામા** સરવિયનોએ કેટલાઓને મારી નાખ્યા **વીઝ્સ** અને **પ્રેઝ્** **નીયાને** પણ એવીજ રીતે વીરાન કરી દેવામા આવ્યું વીયન ઓ સ-

ગોનું કહેવું છે કે તેઓએ અલબિયનોનો ઘણોજ શીકાર કર્યો અને એક ઓરીસરતો વડાઇ કરી કહેતો હતો કે મેં એક દીવસમાં નવ આલ્બેનિયનોને બંદુકથી મારી નાખ્યા ! ! આલ્બેનીયાની હદની બહાર પણ સરવિયનોએ હરેક રીતનાં જુલમથી અતીકરપીણુ કાર્યો કરવા પાછા હઠ્યા નહી !

રડક્રેસન્ટ સોસાઇટીના એક ડાકટરનું કહેવુ છે કે કોઇ પણ જગ્યાએ આલબેનિયનો મળતા તેના ઉપર કશી રીતની દયા ખાધા વગર મારી નાંખવામા આવતા ! અહી સુધી કે સ્ત્રીએ બચ્ચા, ડોસાંઓ પણ એમના ક્રોધી હાથે બચવા ન પામ્યા હુ જુના સરવિયામા દરરોજ ગામડાઓને બળતા જોતો હતો **કાનોવા**ની પાસે જનરલ **સ્ટીફાનો વચ્ચે** સેકડો કેદીઓને બે હારમાં ઉભા કરી તોપોથી તેમના ભીજા ભીજા કરી દેવામા આવ્યા ! જનરલ રીવકોવચ **સનજીકા**ની પાસે નવસે પચાસ આબરૂદાર આલબેનિયનો અને ટર્કો કે જેને લીધે જલદીથી આગળ વધી શક્યા નહી, તેને બદુકોથી વીંધી નાંખ્યા ! આલબેનિયનો અને બે જુના સરવીન રઇયત ઉપરજ નહીં પણ મેસીડોનીયાના બે ગુન્હા પુરૂષો પણ ઘણા માર્યા ગયા ! બલગેરિયનોએ જો કે પોતેજ જુલમ કર્યો નહિ પરતુ તેઓએ બે કાયદે લશ્કરી ટુકડીઓને પેટ ભરી ભરી જુલમ કરવાંની રજા આપી! અને મુસલમાનોને આ બનાવટી લશ્કરના હાથમા આપી દેવામા આવ્યા જેઓએ તેમને અતી કરપીણ રીતે મારી નાંખ્યા ! !

આ બનાવો નસીહત લેવા માટે એક ચાબકા રૂપી તે પુરૂષો માટે છે જેઓ હજુ જીવન ગાળવા જવા છે અને જીવનના ખરા

કારણોથી ભૂલા પડેલા છે. જ્યારે કોઇ કોમ પોતાનાં કાળાં કૃત્યોથી ગંફૂત અને કુસંપી ને લીધે નબાહીનાં ભયંકર ગુફામાં ઢકેલાઇ જાય છે, ત્યારે તેને કોઇ પણ પુરૂષત્વ પણાની શકિત પોતાની કશી રીતની પણ મદદ પહોંચાડી શકતી નથી એને માટે હમોએ હમારી આર્થિક અને સંસારિક અશકિતઓ દુર કરી જીવન ગાળવાનો મોકો મળતા તેનાથી ફાયદો ઊચકી આ બનાવો ઊપર નજર દોડાવી તેનાથી નમીહતનો પાઠ લેવો જોઇએ યુરોપ ચા બાલકનને ગાળો આપી હમારૂ કાળજુ ટ ડુ કરવામા હમને કશો પણ લાભ નથી

પ્રકરણ ૧૫ મું.

ચટાલજા.

વાકિફે દુનિયા નથે ધોકેમેં ગંદુમ ખાગએ,
વન યહે દુનિયા કહાં ઔર હજરતે આદમ કહાં.
જબ ગયે દુનિયાસે કુછ અયસે ખફાહોકર ગએ,
ફિર ન ખાયા દાનએ ગંદુમ કે લૌટ આતે યહાં.

ટર્કીશ ભાષામા કાંટા અથવા કાંટા જેવી વસ્તુને **ચટાલજા** કહેવામાં આવે છે. ચટાલજા કાળો અને મારમોરા સમુદ્રની વચમા ત્રિકોણ કાયદા પેઠે આવેલું છે. જેમાં ઘણા પાતોની હર કતાર છે જેના પથ્થરના ટુકડાઓ ચઢ ઊતર શીખરની માફક ચાલ્યા ગયલા હોવાથી અને આ આખી લાઇનનો મગરમછની પીઠના જેવો કુદરતી દેખાવ હોવાથી ટર્કોએ એનુ નામ ચટાલજા એટલે "કાંટાવાળુ" રાખ્યું છે

ચટાલજા કોન્સટન્ટીનોપલના બચાવ અર્થે અતી મજબુત માનવામાં આવ્યું છે. કારણકે એની ઉપર કુદરતી મોરચાઓ પણ બચાવ માટે અતી મજબુત છે. **ચટાલજા** કોન્સટન્ટીનોપલની પશ્ચિમ તરફ પચ્ચીસ માઇલ દુર આવેલુ છે. મજકુર મોરચો છસો ફીટ ઊંચો ગુંચવણીભર્યા પર્વતોની હાર ઊપર આવેલો છે કે જેની **બ્યુકચેકમિન** કે જે મોરમોરા સમુદ્ર ઉપર વસાવેલું છે, ત્યાંથી **કારાબ્રાન** કે જે બ્લેક

---

* બ્લેક ટાઇપવાળાં નામો તે કસ્બા, શેહેર કે ગામડાં સમજવાં

સમુદ્ર ઉપર વસેલું છે ત્યાં સુધી મજબુત લાઇન લંબાયલી છે. અને આ દરિયાથી તે, તે દરિયા સુધીની મોરચાની લંબાઇ તેવીસ માઇલ અને જો પર્વતોનાં વાંકાસને પણ ગણવામાં આવે તો સતાવીસ માઇલની છે. આમાંથી ફક્ત તેર માઈલથીજ મુકાબલો કરવો પડશે, કારણકે ઉત્તર અને દક્ષિણનો છેવટનો ભાગ ડરકોસના તળાવ અને બ્યુકના ઝરાથી સંભાળપુર્વક રહી શકે છે. પાણીના આ બન્ને બાજુઓની વચમાં મોરચાઓની આગળ કુરાસોની પેંચદાર ઘાટી આવેલી છે જેને નાની સરખી નદીનું નામ આપવું ખોટું નથી. એનું પાણી ચટાલજા અંદરનાં દક્ષિણ તરફથી વહી બ્યુક તરફના ઝરામા જઇ પડે છે. મજકુર ઘાટીથી ચટાલજાનો કિલ્લો ઉંચાણ ઉપર માલમ પડે છે. અને બે અથવા ત્રણ લાઇનમાં ત્રીસ કિલ્લાઓ અને ખાઇઓથી બચાવ કરવામાં આવેલો છે. પોતે ચટાલજાનું ગામડું ઘાટીની પશ્ચિમમાં આવેલુ છે. જેની ઉપર બલગેરિયનોનો કબજો કોઇપણ રીતે થઇ શકે તેમ નથી. મોરચાના અર્ધા દક્ષિણ ભાગમાં પુર્વથી પશ્ચિમ તરફ બે સડકો જાય છે. દક્ષિણ બાજુ વધારે ગયલી સડક ચોરલુથી કોન્સટન્ટીનોપલ જાય છે, તે પાકી છે. આ ઝરો સમુદ્રની વચમાં એક સાંકળી પગડંડીથી ગુજરે છે. બ્યુકના ઝરામાં કોઇપણ લડાયક ક્રુઝર હોય તો આ રસ્તો તેનો અટકાવ અતી શ્રેષ્ટતાથી કરી શકે છે. બીજી સડક જે ચરકસકુઇ અને ચટાલજાના ગામડામાં થંઇ પસાંર થાય છે. તે પુર્વ તરફના ઝરામાં કુરાસોને ઓળંગે છે. કોન્સ્ટન્ટીનોપલની રેલ્વે પણ ગામડાથી એના સદર સ્ટેશને થઇ ઉત્તરમા એક માઇલના ફાસલાથી એક પર્વતના શીખર અને હાદેમકુઇનો કિલ્લો કે જે નાઝીમપાશાનો હેડકવાટર છે, ત્યાં જાય છે. ડરકોસ તળાવના કિનારા સુધી

કોઇ સડક મોરચા તરફ આવતી નથી જેથી ઘાટીના ચક્કર ખાધેલા રસ્તાથી પશ્ચિમ બાજુમા દાખલ થઇ કરાસોની તોફાની નદીને ઓળગીને પહોચવાની કોશેશ કોઈને પણ અતી મુશ્કેલ છે. અડસટવામાં આવ્યુ છે કે સાતેર હજારનું લશ્કર ચટાલજામા આખી દુન્યાના લશ્કરને પાછળ હઠાવામાં ફતેહમંદ થઇ શકે છે. કારણકે ચટાલજાનું બંદર કુદરતી રીતે મજબુત છે. અને એની બન્ને બાજુના મોજાઓ મારતા દરિયામાં બાર બારે માઇલ સુધી લડાયક ક્રુઝરો હારબંધ ગોઠવાઇ ચટાલજાને પોતાની હીમાયતમાં લઇ લીધુ છે તેમના લાબા સદો ઉપર ચંદ્રમાના નકશાવાળા હીલાલની રંગીન ઝુંડીઓ હવામા ઉડી રહીછે.

આ કિલ્લાની કિલ્લેબંદી ઘણીજ હુશીઆરીથી નવા સુધારા ઉપર કરવામા આવી છે. અને અહીં ટર્કીશ ત્રણ લાખ લશ્કર રાખવામા આવેલ છે; જેમાથી એક લાખ બિલકુલ થાક વગરનું રીઝોર્ડ છે કે જેને પહેલી લડાઇઓમા પણ સામેલ થવાની તક મળી નથી.

ટર્કીશ લશ્કરનું પાછળ હઠેવુ બાયલાપણ નહતુ પણ તે શત્રુઓના પોઝીશનને વધારે વખતમા નાંખવા માટે તેઓ અતીશ્રેષ્ટ અને મજબુત મુકાબલાના પોઈંટ ઉપર ખસી આવેલું છે કે જેથી શત્રુઓ તેને કોઈપણ રીતે વિખેરી શકે નહી.

ચટાલજા લાઈનના દક્ષિણ ભાગનો દેખાવ ૧૭ નવેમ્બર ૧૯૧૨ ના દીવસે અતી આકર્ષણિય થઈ પડયો હતો; કારણકે આખી રાત્રી બલગેરિયનોએ પોતાના બંદોબસ્તમાં ગુજારી હતી. તેઓ આ ભાગ ઉપર છેવટના ફેંસલાનો હલ્લો લાવવા ઇચ્છતા હતા. જેથી કરી તેઓએ પોતાનું તોપખાનું અતીશ્રેષ્ટ મુકામ ઉપર ગોઠવેલું હતુ કે જે ચટાલજાની બન્ને બાજુઓ તરફ ગોળાઓ વરસાવી શકતુ હતું. રાત્રિના

ઘોર અંધારાનો લાભ લઇ બલગેરિયન પાયદલ લશ્કર ટર્કીશ લશ્કરની ડાબી બાજુની અતી નજદીક પહોંચી ગયું હતું. ટર્કોએ મુકાબલા માટે માટીની દિવાલો અતી ત્વરા અને ચાલાકીથી બનાવી હતી અને બલગેરિયનોએ પણ જમીન ખોદી મોરચાઓ બનાવી લીધા હતા.

અર્ધી રાત્રી સુધી શત્રુ બીલકુલ ચુપ હતો. પરંતુ ત્રણ કલાક અને પચાસ મીનીટે **કેલીગવાચના**નો ટેકરો કે જેની ઉપર પોતાની તોપો ગોઠવી હતી, ત્યાથી એકદમ આગ વરસાવવી શરૂ કીધી અને ચાર કલાક પંદર મીનીટે તે આગનો ધીમે ધીમે વર્ષાદ વરસાવતો રહ્યો. અને એની પછી આતશબારી ઝડપથી વરસાવવી શરૂ કીધી. ટર્કોએ પોતાની નીશાનો દુરસ્ત કરી દરિયાની ક્રુઝરોને અતી શ્રેષ્ટ જગ્યા ઉપર જમાવી દીધી જેમાથી **બારબારૂસા** અને **મસઉદિયા** નામના ટર્કીશ ક્રુઝરોએ અતી સખત ગોલાબારીથી શત્રુઓને સખત નુકસાન પહોચાડવુ શરૂ કીધુ. હવે એમને લડાયક સામાનના ઓફિસર તરફથી નીચે પ્રમાણે હુકમ મળ્યો.

"શત્રુઓની એક આખી બેટરી ફના થઇ ગઈ છે, તમો બરાબર દારૂ ગોળા વરસાવતા રહો"

આ લડાઇ હવે સવાર પડતા તો **ચટાલજા**ની આખી લાઇનમાં ફેલાઈ ગઇ હતી. એકાએક જંગલની ઝાડીઓની અંદરથી અને જમીનના ઉચા ટેકરાઓની પાછળથી બે હિસાબ બલગેરિયન પાયદળ પલટણો નીકળી પડી કે જેમા શત્રુઓ ઉપરાત નહી ઓળખાતી બીજા લશ્કરીઓ પણ જણાતા હતા પલટણો સર્વે બલગેરિયન લશકરથી અલગ પડી આગલા બચાવના ટર્કીશ મોરચા ઉપર હલ્લો કરવાને આગળ ધસારો કીધો હતો. બલગેરિયનોનું બેશુમાર પાયદળ

લશ્કર જોત જોતામા તે નીચાણની ઘાટીમાં ઉતરવા લાગ્યું કે જે ઘાટી ટર્કો અને બલગેરિયનોને જુદાજુદા માર્ગ આપતી હતી. પરંતુ ટર્કો જે પોતાના કુદરતી મોરચામા અતી મજબુતી સાથે સફસમારી તૈયાર હતા, તેઓએ દુશ્મનો ઉપર અતી જોશની આગ વરસાવવી શરૂ કરી દાધી. બલગેરિયનોએ ટર્કોને તેમના બરાબરનો જવાબ આપવાની ઇચ્છા તો કીધી, પરંતુ તેઓ ફતેહમંદ થયા નહી. કારણ કે ટર્કોએ અતિ સખત રીતે આતશ વરસાવવો શરૂ કીધો હતો, ત્યાં સુધી કે તે આતશબારી બલગેરિયનો ઉપર કાળ રૂપી થઇ પડી હતી. અને જેને લીધે છેવટે બલગેરિયનોને પાછળ હઠવા સિવાય બીજો માર્ગ જ ન હતો.

હવે જે વખતે ટર્કીશ પાયદળ લશ્કર બંદુકોથી આગ વરસાવવામાં પોતાની ચપળતા બતાવતુ હતું અને તોપો પણ એક પછી એક એમ લગતાર ગોળાઓ ઓગળતી હતી. તે વખતે બલગેરિયન લશકરી કેમ્પમાંથી અટકી અટકીને તોપોના ફેર થતા હતા. અને એમના ફેરો ખરી રીતે જોતાં કાંઇપણ વજુદ વીનાના હતા. જો કે બલગેરિયન તોપોના ગોળાઓ અતિ સખત રીતે આવતા રહ્યા, પરંતુ તેઓ ટર્કીશ મોરચાને થોડું પણ નુકસાન પહોંચાડી શકયા નહીં અને આખરે તેઓ પોતાની પાપી નેમમાં ફાવી શકયા ન હતા.

ચટાલજાની આખી લડાયક લાઇન ઉપર તોપોની ભયાનક ગરજના સંભળાતી હતી. જેનાં અવાજો કોન્સટન્ટીનોપલ શહેરમા સંભળાઈ શકતા હતા. અને પાયતખ્તને આ ખુંખાર જંગનાં ગવાહી આપી રહ્યા હતા. પરંતુ આ સખત અને પ્રચંડ ગોળા બારી, બલગેરિયનોને ટર્કીશ મોરચાઓમાં ધુસી જવા અને તેમની સફો ચીરી

નાંખવાના વિચારને બીલકુલ ઉપયોગી થઇ શકી નહીં. જેથી પહેલી બલગેરિયન પલટણોને પાછળ હઠવાની ફરજ પડી. આખરે ના ઇલાજ બલગેરિયન કમાન્ડર તરફથી બીલકુલ નવા અને રીઝોર્ડ લશ્કરને આગળ વધવાનો હુકમ કરવામાં આવ્યો. આ સમયે હલ્લો લાવનારી બલગેરિયન પાયદળ ફોજ સાથે ત્રણ તોપખાનાઓ પણ હતા. ટર્કો ચુપ બેશી રહ્યા અને શત્રુઓને ઘણાજ પાસે આવવા દીધા. જ્યારે તેઓ ઘણીજ નજદીકમાં પહોચી ગયા તો એકાએક ટર્કોએ પોતાની તોપો અને બંદુકોથી હેબતાવનારી સખત આતશબાજી વરસાવી દીધી અને હવે શત્રુઓ સાથે અતી ભયાનક અને ખુનરેજ લડાઇ શરૂ થઇ ગઇ! ટર્કો એવા તો સરસ મુકામમાં અતી સંભાળપુર્વક અતી શ્રેષ્ટ પોઇંટ ઉપર બેઠેલા હતા. કે જેને લીધે તેઓને નહીં જેવુ નુકસાન ખમવુ પડયું, પણ શત્રુઓનો તેઓએ ઘાણ કાઢી નાખ્યો. અને તેમની બાજુઓ અને હીમ્મત નકામી કરી દીધી! હવે બલગેરિયનોને પાછળ હઠવા સિવાય કોઇ પણ રસ્તો મળ્યો નહીં. ટર્કો પણ તેમના વિચારો જાણી ગયા. અને તેઓએ પોતાના તોપખાનાનો પુરેપુરો ઉપયોગ બલગેરિયન તોપખાના ઉપર કરી, બલગેરિયન તોપોને ખેંચનારા ઘોડાઓને ફના કરી દીધા, જેથી બલગેરિયનો બિલકુલ લાચાર થઇ બાર તોપો મેદાનમા મુકી ઘણીજ ખુવારી સાથે ન્હાઠા!

આ સમયે આ ફતેહમંદીએ ટર્કીશ સફોમાં બેહદ જોશ પ્રસરાવી દીધો. અને સિપાઇઓ જંગલમા જઇ શત્રુઓની તોપો ખેંચી લાવવાને તૈયાર થઇ ગયા. ટર્કીશ કિલ્લાઓની તોપો, ન્હાસનારા બલગેરિયનો ઉપર કાતેલ આગ વરસાવતી હતી. અને બલગેરિયન તોપોને પણ જવાબ દેતી હતી કે જે હવે બલગેરિયનોના ન્હાસવાથી ચુપ

થતી જતી હતી. પરંતુ અતીત્વરા સાથે પાછા બલગેરિયન પાયદળો, ટર્કોએ મારી નાખેલા ઘોડાઓની જગ્યાએ નવા ઘોડા સાથે લઇ નિકળી પડયા અને તેઓ એવી તો હીમ્મતથી આગળ વધતા આવતા હતા કે તોપો પાછા લઇનેજ ફરશે. પરંતુ શૂરવિર ટર્કોએ શત્રુઓને જરા પણ સમય આપ્યો નહી, અને તેમની ઉપર આગ વરસાવી ઘોડાઓ અને ઘણા સરખા બલગેરિયન સિપાહોને સ્વધામ પહોચાડી દીધા આગથી બચેલાઓએ પાછો ન્હાસવાનો રસ્તો લીધો, અને મેદા નથી હુવાની મીસાલે માત્ર જીવ લઇને ન્હાસી ગયા.

એની પછી તાબડતોબ બલગેરિયનોએ ત્રણ વખત તોપો પાછી મેળવવાની કોશેશ કીધી અને દરેક સમયે તેઓ ટર્કોની આગળ ફાવી શકયા નહીં અહી એક પછી એક હલ્લાઓ આખો દીવસ ચાલુ રહ્યા. અને રાત્રીનુ અંધારૂં છવાઇ જવાથી તેનો ફેંસલો થયો. યાને હલ્લાઓ ખતમ થયા. બલગેરિયનોને આ હલ્લાઓને લીધે સખત નુકસાન ઉચકવુ પડયુ. તેમની એક એક મીટરની તોપોની આજુ બાજુ માર્યા ગયલાઓના ઢગ લાગી ગયા હતા. તે ગોયા મુડદાંઓનોજ ફરશ બીછાવેલો નજર આગળ આવતો હતો. રાત્રી થવાથી થોડીવાર પછી આ રણક્ષેત્રની આગળ ટર્કોના આગલા મોરચાથી એક ટર્કીશ પલટણ નીકળી અને અતિ બહાદુરી અને હિમત સાથે શતરૂઓની તોપો ઉપર કબજો મેળવવાંતે આગળ વધી અને થયું પણ તેમજ. ટર્ક શુરવીરોએ બલગેરિયન તોપો પોતાને હસ્તગત કરી લીધી; કારણકે તેઓ તોપોની આગળ પહોચી ગયા હતા પરતુ તેઓએ જેવો તોપો ખેંચી લાવવાનો વિચાર કર્યો તેવોજ એકા એક તેમની ઉપર બલગેરિયનો તરફથી ગોળીઓનો વર્ષાદ વરસવો શરૂ થઇ ગયો. ટર્કોએ આ આતશબારીનો

કશો પણ ખ્યાલ કર્યો નહીં, અને અતિ શુરવીરતા અને સાબેત કદમી સાથે તોપોને ખેંચતા લઈ ચાલ્યા. પરંતુ કીચડ હોવાથી તેમની આશા ફળીભુત થઈ નહીં. અને તેઓ ડગલે ડગલે તેમા ફસાવા લાગ્યા કે જે કીચડ આ જંગલના સર્વેથી નીચાણના ભાગ ઉપર ફેલાયલુ હતુ ટર્ક ઓફિસરોએ જ્યારે જોયુ કે તોપોને ખેચી લઇ જવાની સખત મુસ્કેલીઓ આવી રહી છે, તો તેઓએ પોતાના સીપાઇઓને હુકમ કર્યો કે પોતાના મોરચાઓ તરફ પાછા ફરવુ, અને આ તોપોને તમારી જાનનો સદકો બનાવી છોડી દેવો. નહીતો ભય રખાય છે કે શત્રુઓની આતશબારી તમને ફના કરી દેશે. ટર્ક સીપાઇઓ આ સાંભળી અતી ગુસ્સે થયા અને ક્રોધાગ્નિમા મસ્ત થઇ લાત મારી મારી તોપો-ને આગળ વધાવવા લાગ્યા, પરતુ આખરે ઓફિસરોએ હાથ નીચે-ના સીપાઇઓનો ગુસ્સો અને તેમના ધમકાવવાનો વિચાર ન કરી તેમને પાછળ ફરવા ઉપર લાચાર કીધા. તોપણ તર્ક શુરવિરો ખાલી ફર્યા નહી, જો કે તેઓ તોપોને પાછી લઈ શકયા નહી તો પણ આશાનીથી નીકળી શકતી દરેક તેની ચીજોને ઉતારી લેવાને ફતેહમદ થયા. અને ઘોડાઓનુ સામાન પણ ખોલી લેવામા આ-વ્યુ. એની પછી કમ્પના સર્વે ખુણાઓમા શાન્તી પ્રસરી ગઇ અને કોઈ જગ્યાએ તોપોના અવાજ સિવાય તથા લાશોની નીચે દબાયલા ઘાયલોના અવાજે સિવાય કશુ સભળાતુ નહતુ.

આ મુકામ ઉપર આખો દીવસ મારકો ચાલુ રહ્યો હતો, અને ટર્કીશ લશ્કરના વચલા ભાગમાં **હાદેમકુઈ** મુકામની પાસે બલગે-રિયનોનું જોર અતી વધારે રહ્યુ હતું. આ મોકાના મોરચાઓ ઉપર બલગેરિયનોએ જો કે ત્રણસો ગોળાંઓ ચલાવ્યાં પરંતુ તેનાથી નહીં

જેવું નુકસાન પહોંચી શક્યુ; અને જો કે ટર્કીશ તોપો બલગેરિયન તોપો કરતાં થોડી હતી, છતાં પણ તેણે બલગેરિયન તોપોનો ઘણીજ બહાદુરીભરી રીતે કચ્ચરઘાણ કરી નાખ્યો. અને ટર્કીશ તોપખાનાએ પુરેપુરી બલગેરિયન પલટણોને મોતના ઘાટ ઉપર ઉતારી દીધી !

તરાકોશના તળાવ આગળ પણ ટર્કોએ અતી શુરવિરતા સાથે બલગેરિયનોનો મુકાબલો કર્યો હતો, કેમકે તેઓએ બલગેરિયનોને તેમના પોઇંટો સુધી પાછળ હઠાવવા પછી પણ તેમની ઉપર સંગીનની નોકોથી મુકાબલો કર્યો અને એવી રીતે તેમને ભારી નુકસાન પહોંચાડયું કે જેથી બલગેરિયનો લાચારી સાથે **ઇસ્ટ્રનજા**ના જંગલમાંથી પરાજય પામી અતી ખરાબ રીતે નાઉમ્મેદીથી પાછા ફર્યા.

આ તરફ આખો દીવસ **કુરાક** નામના ગામડા ઉપર પણ સખ્ત લડાઇ ચાલુ હતી, તે ગામડું ટર્કીશ બચાવની ખાઇઓ આગળ નીચાણના ભાગમાં આવેલુ છે. ઘણા સરખા બલગેરિયન તોપચીઓ ટર્કીશ મોરચાઓ ઉપર અતી ઝડપે ગોળાઓ વર્ષાવતા હતા. ફાટનારા ગોળાઓ મોરચાઓ ઉપર જઇ જઇને ટુકડે ટુકડામાં વહેંચાઈ જતા હતા. બલગેરિયન તોપચીઓએ તાકી તાકીને તોપોના ગોળાઓ મારયા તેમજ ટર્કીશ તોપોએ તેનો ઘણી વખાણવા લાયક રીતે જવાબ આપ્યો. જેનો દેખાવ પાયદળો ઉપર ગોળાઓની ચાદર જેવો પથરાયલો માલમ પડતો હતો. જેનો ધુમાડો જો કે આસમાન ઉપર ચઢતો હતો પરંતુ તેનો પડછાયો જમીન ઉપર લાલ રંગના છાપાઓ પાડી રહ્યો હતો.

ટર્કીશ પાયદળ લશ્કરે તક સાંધી **બખશાએશ** ગામડાથી શત્રુઓ ઉપર વધવું શરૂ કીધુ. આ હલ્લો લઇ જનારા ટર્કીશ લશ્કર

અને બલગેરિયન લશ્કર વચ્ચે તોપોની ગોળાબારી ગોયા હરીફાઇ કરી રહી હતી. ટર્કીશ ગનબોટોએ શત્રુઓનો પત્તો મેળવી તેમના ઉપર ગોળાઓનો વરસાદ વરસાવવો ચાલુ કીધો. જેથી શત્રુઓના આગ વરસાવવાની યુક્તીને બીલકુલ નકામી બનાવી દીધી હતી. મુખ્ય ઓફિસર તરફથી ટર્કીશ સીપાહોને હુકમ કરવામાં આવ્યો. "લશ્કર સર્વે તરફ લડાઇમાં મશગુલ છે. શત્રુઓની આતશબારી વગર ખપની છે. **બાબાસ, ઓગાજા** અને **ચટાલજા**ની વચમાનાં તળાવમા આવનારી ન્હેરો પાસે શત્રઓનો કંઇક હિસ્સો મોજુદ છે. અને તમને તેમની ઉપર ગોળાબારી કરવી ફરજ છે." આ હુકમ લઇ ટર્કીશ લડાયક બારકસોએ, શત્રુઓની એક બેટરી કે જે ટર્કીશ બારકસો ઉપર ગોળા ફેંકી રહી હતી, તેને ટર્કીશ બારકસો ઉપર મારો ચલાવવાનુ ભુલાવી દેવામાં આવી. એની પછી પાછો એકાએક હુકમ કરવામા આવ્યો કે "**બાબાસ** અને **ઓગાઝ**, ગામનો એક ભાગ બળીને રાખ થઇ ગયો છે અને બીજો ભાગ પણ બળે છે, અને તમારી ગોળાબારીએ શત્રુઓને ધ્રુજારામા નાખી દીધા છે."

શત્રુઓની એક બેટરી **બાબાસ, ઓગાઝ**ના પુસ્તાઓ ઉપર અને એક બીજી ૭ તોપોની બેટરી **ચટાલજા, બાબાસ** અને **ઓગાઝ**ના વચલા ભાગમા હતી. **ઉમરયાવર પાશા** ૫ હેલા લશ્કરનો સિપેહસાલાર આ મોકાઓને તબાહ કરવા માટે અને અહીથી શત્રુઓને સખત માર મારી કાઢી મુકવામાં ફતેહમંદ-થયો. શત્રુઓએ કંઇક તોપો **ખાશતબા** મુકામમા **ચકમચા** તળાવની પાસે રાખી હતી, અને **બાલાયા** વગેરે ગામડાઓની પાસે બચાવના મોરચાઓ બનાવ્યા હતા. બલગેરિયનોના સર્વે મોરચા અને તોપો રદ કરી નાંખવામા આવ્યા, અને ટર્કીશ લડાયક કુઝરો **ચકમચા**માં

આવી ગયાં. **કેટલાક** ગામડામાં આગ લાગવાનું મુખ્ય કારણ એ હતુ કે બલગેરિયન ફાટનારા ગોળાઓ ઘણાખરા આ ગામડામા પડયા કે જે ઝાડો સાથે લાગેલાં ગામડાં પૈકીનું આ એક ગામડુ છે. જેથી કરી કેટલાક ઘરોને આગ લાગી ગઇ. બલગેરિયનો જેવી રીતે આ તરફ આગ વરસાવતો હતા તેવીજ રીતે **હાદિમકુઇના** સામેના મોરચાઓ ઉપર પણ આગનો વરસાદ ચાલુ હતો. અને તેની અસર સર્વેથી ઉચા મુકામને વિજળી વેગે પહોચી જવાથી ભસ્મ કરી નાંખ્યું. ટર્કોની કેટલીક છ ઈંચની તોપો લાઇનની ડાબી બાજુ ઉપર ગોઠવેલી હતી, જેની આતશબારીનો શુમાર ખેંચવો કોઈ પણ એકસપર્ટથી થઈ શકે તેમ નહોતુ. અને જ્યારે આ તરફના બલગેરિયનો આગનો વરસાદ વરસાવતા હતા ત્યારે **બ્યુકના** ઝરા તરફથી **ટર્કીશ ગનબોટો** બલગેરિયનો ઉપર ગોળાઓ ફેંકતી હતી. જેના કેટલાક ગોળાઓ પાસેના એક નાના સરખા ગામડામાં પડતાજ ધુમાડાએ વાદળો ઉપર આકાશી નવુ રૂપ પકડી લીધુ. તે એટલા જોશથી હતું કે એકદમ ભડકો ઉઠયો ! સાંજ પડી રહી હતી જેના અંધારામા ઘરોની અંદર આગ અતી જોશમા ભડકવા લાગી જે છેવટે ધુમાડાના રૂપમા બદલાઇ ગઇ ! ટર્કો રણક્ષેત્રમા મરણીયા થઇ લડતા હતા. જેની કીંમત કોઇથી થઇ શકે તેમ નહતું પરંતુ **નાઝીમપાશા** આ મોકાની કીમત ઘણી સારી રીતે કરી શકતા હતા. બલગેરિયનોનો વિચાર છુપો રહેવા પામ્યો નહતો જો તેઓ ટર્કીશ ડાબી બાજુના લશ્કરને હઠાવવામાં ફતેહમંદ થાત તો **સેન્ટસ્ટીફાનોનો** ધોરી રસ્તો શત્રુઓના કબજામા આવી જાત, જેથી ટર્કોનો કોન્સટન્ટીનોપલ જવાનો રસ્તો અટકી પડત.

જંગ સટલજાકે ખતકે પાસ આએ
હુવે ફિજાર જુમ્લા બિલગારી.

પ્રકરણ ૧૬ મું.

દસ હજાર બલગેરિયનો મોતને હવાલે.

ન હોગા યેહ ફયસલા જબાંસે જો હોગા ઇસ તેગ ખુંચકાંસે,
પડેંગે સંગે જફા વહાંસે ચલેંગે ગોલે કુજા યહાંસે
તડપકે લાશે ઉધર ગિરેંગે ચલેંગે નાવક ઇધર કમાંસે.
બહેંગે લાખો લહુકે દરિયા હિલેંગે દિલ શોરે અલ–અમાંસે,
જમીન મકુલતકી દેખ લેના પનાહ માંગેગી આસમાંસે.

તા. ૧૯ મી નવેમ્બર સને ૧૯૧૨ની તોફાની સવારે આપણા આ પ્રકરણનો પરદો ઉચકાય છે, કે જે સમયે પવનના સપાટા જોશમા ચાલી રહ્યા હતા. પશુ, પક્ષીઓના જીવનનું આ એક અજાયબ હથીઆર છે જે ઘડીમા એકદમ શાત થઇ લોકોને હેરાન કરી નાખે તો થોડીવારમાં મન્મદ શીતળવાયુ ફુકી કોઇપણ દુખી અત કરણને આનંદિત બનાવે છે. અથવા તો ઘડીકમાં એકદમ તોફાની રૂપ લઈ દરેક બાજુ આફતોની રેલ લાવે છે; નહી તો આફતોને લીધે વિલાપ કરતો હોય તેમ એક દુઃખદાયક સાદને વારંવાર કાઢતા રહી કોઇપણ મજબુત દિલમા અતી ડર પેદા કરે છે. ઉપલો પવન ટર્કીના **હમીદિયા** શહેરમા ફુકાવો શરૂ થયો. આ મુકામ **ચટાલજા** પાસેજ આવેલુ હોવાથી લડાઇનો ઇન્ટરવ્યુ લેનારાઓ **ચટાલજાના** પર્વતો ઉપરથી લડાઇના દેખાવો જોવા લાગ્યા. સવારના છ વાગી ચુકયા હતા. આફ-

તાબનું ઝઝકળું હજુ તો પ્રકાશવા માંડી રાતના કાળા પરદાને મારી હઠાવતુ હતું, એટલેજ તોપોના અવાજો **તાતાર વેશ** નામના નજીકના ગામથી સંભળાયા. અને ઘણા ખરા જોનારાઓ સાથે વાંચક આપણે પણ સાત વાગ્યાને શુમારે **સરાલજા**ના સદર મુકામ **મહમુદ પાશા** ઉપર પહોચ્યો જે શહેર **હુદેમકુઈ** સામેની રેલ્વે ઉપર આવેલું છે, જયાથી આખું લડાયક મેદાન નજર સમક્ષ આવે છે. હમારી સંભાળ આ મુકામે અતી શ્રેષ્ટ છે, કારણ કે આ મુકામ સાડાત્રણ કીલો-મીટર એટલે એ મઇલ જેટલુ હોઇ બાજુમા **બાજર** નામની ડુંગરી ત્રણસે કીલોમીટર એટલે ત્રણસે પચાસ ગજ ઉંચી આવેલી છે. એના વચમાથી એક નદીનો ફાટો એટલે નાનું સરખું નાળું વહે છે. આ નદીને પેલેપાર સામેના કીનારા ઉપર ટર્કોએ ખાઇઓ ખોદેલી હતી પરંતુ તેઓ એની ઉપર કબ્જો રાખી શકયા નહતા, અને એ બાબત બલગેરિયનો પણ જાણતા હતા. તા. ૧૯ નવેમ્બરની સવારે નદીની પેલી બાજુએ ઉભેલા ટર્કીશ કુનેહબાજ શુરવિર ફેર કરનારાઓએ શત્રુઓને જોઇ તરતજ અતી સખત અને ઝડપી આતશબાજીઓ કરવી શરૂ કરી દીધી. એજ અરસામા બલ-ગેરિયનોએ પોતાની ચાર બેટરીઓ પણ ટર્કોની તદન નજીકમાં લાવી રાખી. આ ચારે બેટરીઓનો ઉપયોગ દક્ષિણ અને સીધી બાજુએ ઉપર ગોઠવી કર્યો હતો, અને અહીં અતિજોરથી લડાઈ ચાલુ થઈ. વાંચક, **મહમુદીયા** કીલ્લો અહીં આપણી નજર આગળજ છે. જ્યાથી **ચેટેશ** એટલે "ફેર કરો ફેર કરો"ના ખુલ્લા અવાજો સંભળાય છે. ટર્કીશ તોપો કાયદેસર અટકી અટકીને ગોળાઓ વરસાવતી હતી કારણકે અહી ટર્કીશ લશ્કરની ફક્ત બેજ બેટરીયો હતી.

સીધી બાજુ ઉપર અતી કમજોરીનો મામલો હતો પરંતુ ડાબી બાજુ તોપોની ગજનાનો અવાજ તુટતો નહતો. એજ ગાજમાં અતિ બીહામણા સાદે મશીનની તોપોનો અવાજ સંભળાતો હતો. આ તેજ મુકામ હતો કે જ્યા બલગેરિયનો પોતાના પગથી માથા સુધીનું જોર લગાવી ટર્કીશ લાઇનમા ધસી આવવાની કોશેશ કરતા હતા. પરંતુ હવે મામલો અતિ ભયભરેલો થઇ પડયો અને ટર્કી તોપો પહેલા કરતા પણ વધારે સખતાઇ સાથે અતી ઝડપી રીતે પોતાના પ્રચંડ ગોળાથી અગ્નિ વરસાવવા લાગી ! આ દેખાવ એક અતી દીલ ધ્રુજાવનારો હતો ગોળાઓ માથાઓ ઉપર આવીને ફાટતાજ તેની ભીંજેલી રૂંઓ ઉડાવી દેતા હતા, અને આખુ મેદાન બલગેરિયનો માટે એક ભયભિત થઇ રહ્યુ હતુ. અને ટર્કો કરતા શત્રુઓની ચારગણી શક્તિ હોવા છતા તેઓ જે કોશેશ કરતા હતા તેમા નિષ્ફળ નીવડતા હતા. દસ વાગ્યાને શુમારે **અઝોદ્દીન** ગામડુ જે **ઓટલોક**ની ડુંગરીની પાસે આવેલું છે. જ્યા બલગેરિયનો થોભેલા હતા. ટર્કીશ તોપખાનાના ગોળાઓ ફૂલઝડીનો દેખાવ લઇ એકદમ સળગી ઉઠયા. જો કે વાદળાઓ ચઢી આવી અતી જોશમા વરસાદ વરસતો હતો; પરંતુ બળતાં ગામડાનાં ભડકાઓ ઉંચાને ઉચા થવા લાગ્યા. અહીંથી ખુલ્લુ જણાતુ હતું કે દસ હજાર બલગેરિયનો આગળ વધી **કારોલીચા** ઉપરથી છુપાતા ભરાતા આવ્યા અને થોડી સેકંડ સુધી ટર્કીશ તોપો ચુપ કરી દેવામાં આવી; પરંતુ તરતજ ટર્કોએ પોતાની અગારની નીશાની તે જગ્યા બતાવી દીધી કે જ્યા બલગેરિયન નીશાન કરનારાઓ એખટા થયા હતા. આ મુકામ **હમીદીચા**ની દક્ષિણ પશ્ચિમ તરફ **અઝોદ્દીન** અને **ગાઝીબાજર**ની આગળ ઉત્તર તરફ આવેલુ હતું. ફક્ત બેજ મીનીટ

થઇ હશે કે એક પણ બલગેરિયન ત્યાં ઉભો રહેવા પામ્યો નહતો. આ એક અતિ ધાસ્તી ફેલાવનારો ભયાનક દેખાવ હતો કે જે બલગેરિયનોને ટર્કીશ તોપોએ તોપોની આગમાંથી ન્હાસવાએ ન દઇ સળગાવી દીધા હતા ! જો કે એ ખુની દેખાવ હતો પરતુ જોનારાઓ અતી મગ્ન થયા. કારણ ટર્કોએ આ સમયે પોતાના બાપ દાદાઓની શુરવિરતાનો એક નાનો સરખો દાખલો રજુ કર્યો હતો. જો કે ટર્કોને બેશુમાર દારૂગોળો આ મુકામ ઉપર આપવામા આવેલો હતો; પરંતુ તેઓ એક પણ ગોળી વગર ખપની કે ખોટી નીશાન ઉપર ખર્ચ કરતા નહતા. જ્યારે શત્રુઓએ વગર ઢીલે દારૂગોળો ટનોના વજનથી વગર ખપમાં ખરચ કરી નાંખ્યો ! આ વખતે ટર્કોએ પોતાનુ દરેક કાર્ય ઘણી સભાળપુર્વક કરેલું લાગતુ હતુ. ખાધ, ખોરાકી, દારૂગોળો દરેક લડાયક સાહિત્ય તેઓએ ઘણીજ સરસ નેમ તાકીને વાપર્યુ હતુ. જ્યારે પારકી આશા ઉપર તાગડધીન્ના કરનારા બલગેરિયનો દરેક લડાયક સાધનોનો વ્યય આંખ વીંચીનેજ કર્યા જતા હતા, તોપણ તેનો વ્યય નકામો થઇ પડતો હતો. પુરા પાચ કલાક સુધી શત્રુઓના તોપચીઓ ટર્કીશ લડાયક મથકને હાથ કરવામા લોહી પાણી એક કરી કોશેશ કરતા રહ્યા. અને તેઓએ એક સામટી ગોળાબારી વરસાવવી શરૂ કીધી. આ ગોળાબારી એટલી તો સખત હતી કે ગમે તેવો બહાદુર પુરૂષ પણ એક વખત કંપી ઉઠતો હતો

યહા દહેશતસે જહરા આબ હોતાથા દીલેરોંકા.

શત્રુઓ જોઇએ તેટલી ચપલતાથી દારૂગોળો વરસાવતા હતા; પરંતુ તેની નીશાન ઠીક નહતી. કારણ કે ગોળીઓ કદી ટર્કોની

આગળ પડતી, તો બીજા ફેરમાં બીલકુલ પાછળ પડતી હતી. નકામી મેહેનતથી શત્રુઓ લગાર ઢીલા થયા કેડે ટર્કોએ બાર વાગ્યા પછી એક તોપખાનું જે સરવિયનો પાશેથી છીનવી લેવામાં ફતેહમંદ થયાં હતા, તે પાછલા ભાગ ઉપર બચાવની જગ્યાએ લાવી મુકયું. અને અજમાવાને ખાતર ફક્ત પાચ શિલ્ક દુશ્મનોના ઘણે દુર ઉભેલા કેટલાક સિપાહો ઉપર કરી જે ફતેહમદ નીવડી શકી. એટલે ચટાલજા જનારી ખીણ ઉપર પહોંચવાની કોશેશ કરતા દુશ્મનો તરફથી દમ કશીનો ખાલી બુખાર નીકળવા લાગો: પરતુ ટર્કીશ આ ગોળા બારીએ હલ્લો લાવનારા બલગેરિયનો ઉપર એક જુદીજ રીતની મુસીબત લાવી દુશ્મનોને રસ્તામાંજ જમીન દોસ્ત કરી મુકયા ! આ ફેરો અતિ ઝડપી અને સખત નુકસાન પહોચાડનારાજ નહી પણ હૃદય કપિત કરનારો પણ હતા. ટર્કીશ ઓફિસરે પોતાનો નીશાનો ચાર હજાર મીટર ઉપર બાધેલો હતો છતા આ તોપો એવો ગડગડાટ કરતી ગરજતી હતી કે જમીન થરથરાવી મુકી ગોળાઓ ઓગળતી હતી. અને શત્રુઓને લાજવાબ બનાવી દેતી હતી. બે વાગ્યા પછી બલગેરિયનોએ એક બીજી કોશેશ કરી કે ધસારો લઈ જવા ધુમી પડવુ: પરતુ નદી સુધી પણ પહોચી શકયા ન હશે કે એકદમ ગડગડાટ કરતો ગર્જના સાથે અતી જોરમાં, મુશળધાર વર્ષાદ તુટી પડયો. અને કુદરતી કેહેર દુશ્મનો ઉપર ઉતરી પડયો !

દારૂના ધુમાડાએ તો હવામા પણ દુર્ગંધી પ્રસરાવી દીધી હતી!! ફેર કરનારાઓની સંભાળ માટે બલગેરિયનોએ તેમની આગળ ત્રણ તોપખાનાઓ અતિ દુરઅંદેશાથી ગોઠવ્યા હતા. પરતુ તેઓ એક ગોળો પણ મારી શકયા ન હશે કે ટર્કોએ તેમને અને તેમના ઘોડાઓને

એક આંખના ઝપકારાની અંદર સફા કરી નાંખ્યા. અને એક તલે-સ્માતીક દેખાવ બનાવી દીધો! એ થતાંજ બલગેરિયનોએ પાછળથી નવા માણસો મોકલ્યા. અને નવા ઘોડાઓ તેમના તોપખાના સાથે બાંધવામા આવ્યાં. આ તોપચીઓ દસ કદમ પણ ઉચકવા પામ્યા ન હશે કે કાળના દુતે બલગેરિયન શત્રુઓનાં ગળા દબાવ્યાં, અને આખરે શુરવિર બહાદુર અને બે મીસાલ ટર્કોએ એક કાતેલ આતેશ બારી વરસાવી; કે શત્રુઓ મોટી ખુવારી સાથે પાછળ હઠતાં જણા-તાજ, ટર્કોએ તોપખાના ઉપર પોતાનો કબજો કરી લીધો! જ્યારે પણ ટર્કોના નુકસાન નામનાંજ હતા. **હરરીયા** કીલ્લો કે જે આ મુકામની આગળ પાચસે ગજ ઉપર હતો તે જગ્યા ઉપર પણ શત્રુઓ સામા થયા પણ ટર્કોના ચાલુ મારકાથી બલગેરિયનો પોતાના બીજા ત્રણ તોપખાના છોડીને ન્હાસી ગયા! જે ઉઠાવી લાવનારાઓને **મહમુદ મુખ્તાર** પાશા યાદ આપવાનો વાયદો કર્યો હતો. જેથી ફક્ત વીસ શેર મર્દ અને સીહ જેવુ અંતકરણ ધરાવનારા ટર્કો મેદાનમા જઇ તે તોપો ઘણીજ આશાનીથી પોતાના લશકરમા ખેંચી લાવ્યા.

પ્રકરણ ૧૭ મું.

ચટાલજાની એક યાદગાર લડાઇ.

ઉલટ ન દે હમ ઇસ આસમાંકો જફાગરાંને જમીંતો કહેના,
હેમારે તેવર બિગડ઼ ચલે હ'ય ખુદાહી જાનેકે કયા કરંગે.

આજે આફતાબ લગભગ અસ્ત થવાની તૈયારીમાં છે. પશ્ચિમ તરફનાં આકાશે રક્ત વર્ણ ધારણ કીધો છે ! આકાશ ઉપર માત્ર ગુલાબી રંગનાં બે ચાર વાદળાંઓ છુટાં પડી, આમથી તેમ ઘુમી રહ્યાં છે, વર્ષા રૂતુ હોવાથી **ચટાલજાનાં** પર્વતો ઉપરથી દુર સુધી લીલા ઘાસનો નરમ અને સુદર પથરાયલો કુદરતી ગાલીચો કે જે જ્યાં સુધી મનુષ્યની નજર કામ કરે ત્યાં સુધી લોચન તૃપ્ત કરી મગજને ઠંડક અને શાન્તી બક્ષે છે. હવે આફતાબ અસ્ત થઇ ગયો, અને રાત્રિ તેમજ દિવસનો સયોગ કરનારી સંધ્યાએ એક અજાયબ જેવું આકર્ષણિય રૂપ ધારણ કીધું ! સધ્યાના સબધે રાત્રીનું ઘોર અંધારૂ પથરાવાના ડરે પશુ-પક્ષીઓ પોતપોતાના સ્થાનકે જઇ બેસવા માટે કિલકિલાટ કરતાં પોતાના માળાઓ તરફ જવા લાગ્યા. આપણે જ્યાં ઉભેલા છીયે ત્યાં ટર્કીશ લશ્કરી કેમ્પ હોવાથી સાંજ પડતાંજ ટર્ક લશ્કરી બહાદુરો ખાવામાં મસગુલ થઇ ગયા, આ સમય એક અતિ મનમોહન હતો. કેટલાક લશ્કરીઓ પોતપોતામા આનંદભેર વાતો કરતા, તો કેટલાક વળી લડાઇના તરંગમાં મસ્ત બની પોતાના ઉપરીની વાટ જોતા અતી

ઇંતેજાર દેખાતાં હતા ! એટલામાં સંધ્યાની શુવર્ણ રેષાઓ આકાશમાથી અલોપ થઇ ગઇ, અને અંધારી રાત્રીની કાળી ચાદર ધીમે ધીમે પથરાવા લાગી. થોડીવાર પછી લશ્કરને પોતાના વડા તરફથી આરામ કરવાનો હુકમ મલી ગયો. અને શાન્તી આપનાર રાત્રીએ પોતાની છાયા જગત ઉપર ફેલાવી દીધી !

લશ્કરને આરામ શૈયા ઉપર પડવાને થોડાજ કલાક થયો હશે કે તોપોના પ્રચંડ ગોળાના ગડગડાટની ગર્જનાએ આ તબુંઓ ઉપર ઝુન્જારો ચલાવી દીધો. સર્વે જાગી પડી પોતપોતાને કામે વળગી પડયા અને બન્ને બાજુ તોપોનો મારો ચાલુ થયો. આકાશનો દેખાવ તે વખત વર્ણન કરવા લાયક નહતો. બસ એટલુજ માલમ પડતુ હતુ કે આકાશના બ નુ રંગમા કાળા ધુમાડાના ગોટાઓ ચઢે છે અને આ ધુમાડાના રીહા વાદળાઓમા રહી રહી અગ્નિના ચમકારાઓ, વીજળી થવાનો ભાસ આપે છે અને વાચક આપણુને હવેજ માલમ પડયુ કે આ ફાટનારા અગ્નિના ભડકા તથા ગોળા અને એમની પછી આવનારી ગોળીઓ ત્રણ મુકામો ઉપરથી આવી રહી છે. એકતો તે ટર્કી સીપાહોનો અતિ મજબુત મોકો છે કે જે આપણા ઉભા રહેલા પર્વતના શીખરની પડોશમાજ છે. અને બીજા **મસ્દર તરકોશ** ગામડાના તળાવની પાસે વાળી ટેક-રીઓ છે કે જ્યા બલગેરિયન લશ્કરના કાલમો છે. અને ત્રીજો એક જબરદસ્ત ગોળા બારીનો તે મોકો છે કે જે ટર્કીશ લડાયક બારકસો બન્ને બાજુના દરિયાને કિનારાથી ઘેરી ઉભેલા છે જેનો સીપેહસા-લાર **તારગોદ** પાશા પોતે છે.

થોડીજ મીનીટ થઇ હશે કે બલ્ગેરિયન તોપો ધીમે ધીમે ચુપ થતી ચાલી જેથી વાંચક, હમે સમઝી લીધુ કે તે વગર ખપની, નકામી

અને તબાહ થઇ ગઇ છે. અને ટર્કીશ બેટરીઓ અતિ જોરથી ગોળા બાજી કરતી હતી પરંતુ પાછળથી માલમ પડયુ કે બલગેરિયન જનરલોએ આ જગ્યા ઉપર લડાઇ ચાલુ રાખવાનું છેવટ પોતાના સીપાહોની કમજોરી થઇ જવાનું જાણી લઇ ટર્કોને ધોકો આપવાનો વિચાર કર્યો, અને પોતાના તોપખાનાની ગોળા બારી ધીમી પાડી; પાયદળ લશ્કરને અતી ચુપકીદી સાથે **તરકોસ**નાં તળાવ અને **બ્લેકસી**ના કીનારાના વચલા ભાગમાં સાંકડા રસ્તાથી કોન્સટેન્ટીનોપલ તરફ લઇ જવાનો વીચાર કર્યો કે જેથી તેઓ લશ્કરની બાજુમાંથી નિકળી જઇ તેના પાછળ પહોંચી શકે અને ખાસ કોન્સટન્ટીનોપલ ઉપર ધસારો કરે બલગેરિયન જરનલોનો એવો વિચાર હતો કે તેઓ ટર્કીશ લશ્કરને તળાવની આજુ બાજુનાં બલગેરિયન લશ્કર સાથે લડાઇમાં ફસાવી અતી ચુપકીદીની સાથે પોતાની તજવીજ પુરી કરી લે. દગાબાજ દુશ્મનોની પોલીસીથી ટર્કો અજ્ઞાન ન હતા. પરંતુ બલગેરિયનાનો કાળ ટર્કીશ લડાયક બારકસ જે તે વખતે સર્ચ લાઇટ (વીજળીક રોશની) વડે બલગેરિયનોની દરેક હીલચોલોની અતિ બારીકી સાથે તપાસ રાખતુ હતુ તે શત્રુઓના પાપી પ્રપંચની શરૂઆત થતા ટર્કીશ સર્ચ લાઇટ બારકસ અંજાણ્યુ થઇ ચુપ થઇ ગયુ. અને તેણે ચુપકીદી તે અહીં સુધી પકડી કે બલગેરિયન પાયદળ લશ્કરને તળાવ અને દરિયાના કિનારાની વચલી લાંબી સડક ઉપર આવી એકઠુ થઈ જવા દીધુ. જ્યારે શત્રુઓ પુરેપુરા આવી રહ્યા કે તુરતજ જમીન ઉપર લડનારા ટર્કીશ લશ્કરને ટર્કીશ કમાન્ડર તરફથી બલગેરિયન ઉપર આગ વરસાવવાને પોતાની મદદ માટે ચેતવણી આપવામા આવી. એટલુ થતાંજ ટર્કોની એવી તો જોરથી આતશ વર્ષવા લાગી કે કાનેન્દ્રીઓ બહેર મારવા લાગી !

વાંચક, હમો જોતા હતા કે, ટર્કોનો માર શત્રુઓ ઉપર એવા પ્રકારનો ચાલતો હતો કે, સેંકડો બલગેરિયનો જોત જોતામા મુડદા

થઇ જમીન ઉપર પથરાતા ચાલ્યાં જાય છે ! તે અહીં સુધી કે કાળના યમદુતે પણ ધભરાઇ પોતાના મદદગારોને ઉતાવળનો હુકમ કર્યો. જેથી કાળનાં દુતો બલગેરિયન પાયદળોનો જાન લેવામા સખત ઉતાવળ સાથે કામ લેવા લાગ્યા ! બલગેરિયન તોપો આ સમયે બે તરફ લડે છે. તે એક ફેર ટર્કીશ લડાયક બારક્સ ઉપર કરતી હતી, તો બીજો ટર્કીશ પાયદળ લશ્કર ઉપર; પરંતુ તેમનાં આ દીવાના કાર્ય ઉપર સમુદ્ર અને પર્વતો બન્નેને હંસી આવતી હતી. અને તેઓ પોતાની અગ્નિથી એમની ઉપર મોત વર્ષાવતા હતા. ટર્કીશ લડાયક બારકસની સર્ચ લાઇટના આધારે હમોને બલગેરિયનોની સ્થિતી અતિ ઢંગધડા વીનાની દેખાતી હતી તેઓ મોતના મોઢેથી નિકળવાની અતુલ કોશીશ કરી રહ્યા હતા, તો પણ વળી માલમ પડવા લાગ્યું કે બલગેરિયનો એક નવી કોશેશમાં છે. તેઓ **તરકોશ** તળાવની પુર્વ તરફ **બખશાયશ** નામનું જે ગામડુ આવેલું છે તેમાં જઇ છુપાઇ રહેવાની લાગ શોધતા હતા. પરતુ વાંચક, હમારાથી પહેલાજ બલગેરિયનોની આ હિલચાલ એક ટર્કીશ સીપાહે જોઇ લીધી હતી, જે હવે તેઓને રોકવા માટે વધ્યો. અને પોતાની બંદુકો અને તોપોની અગ્નિ વડે રણક્ષેત્રને ખીલેલા દીવસની મીસાલે પ્રકાશિત બનાવી શત્રુઓના સર્વે મનસુબાને ધુળમાં મેળવી દીધા ! ટર્ક શુરવિરો બલગેરિયન શત્રુને તોપ અને બદુકોનો નિશાનો બનાવવા આગળ "અલ્લાહો અકબર, અલ્લાહો અકબર," ના ધ્વની ગજાવનારો અવાજથી પર્વત અને જગલોમાં ગડગડાટ કરી દેતા હતા, જ્યારે બલગેરિયન લશ્કર ઉપર આ ખુદાઇ અવાજોની અસર તોપ અને બંદુકો કરતાં વધારે થતી હતી ! કારણ કે આ સાદ સાભળી તેમના હૃદયમાં થરથરી પેદા થઇ, શત્રુઓ અવાચકની માફક સ્તબ્ધજ થઇ જતા હતા ! અને ઇશ્વરની એકતા પરખાવનારા આ

મધુરે **અવાજેજ** **દુષ્ટોના** **ગાત્રા** **ઢીલા** **કરી** **દીધા** **હતા!** **જેથી** **એમના** **હોંસકોંસ** ઉડી જઇ, **ઉશ્કેરનારી** તેની ભાઇબંધ કોમને ગાળોના વરસાદની **શેશ** **ભરતા** **હતા!!** **મદમાં** **છાકિલા** **એક** બીજા બલગેરિયન લશ્કરે ચક્કર ખાઇ ટર્કીશ ફોજની પાછળ આવી તેને ઘેરામાં લઇ લેવાનો વિચાર કર્યો, **જેણે** પણ કેટલીક ખુવ્હારી ખાઇ ન્હાસવા ઉપર સંતોષ પકડયો. આ લડાઈ સવારના નવ વાગ્યા સુધી ચાલુ રહી. અંતે ટર્કો આ લડાઇમા પોતાના શત્રુઓ ઉપર પુરેપુરી રીતે જીત મેળવી બલગેરિયનોને સખત **સ્વાદ** ચખાડયો અને વ્હારે ચઢેલા યુરોપી ગીધડાંઓને ટર્કોએ ખાત્રી કરી આપી. અને આ લડાઇ હાલતો પુર્ણ થઇ. હવે વાચક, આપણે જે પર્વતની શીખર ઉપર હતા ત્યાંથી ટર્કીશ લશકરના વચલા ભાગ અને ડાબી બાજુના જે કિનારાઓ **મારમોરા** સમુદ્રની પાસે **બ્રાતા** ગામની પાસે જે કંઇ થયુ હતુ તે હમો જોઇ શકયા નહતા પરંતુ જ્યારે આપણે જનરલ કેમ્પમા પહોંચ્યા ત્યારે આ તરફ જે કંઇ થયુ તે પ્રત્યક્ષ અમે નજરે જોયું, તે નીચે પ્રમાણે છે.

ચકમચા તળાવની ઉત્તર જે ટર્કીશ લશ્કર ગોઠવવામા આવ્યું હતું. તેના મુકાબલામા બલગેરિયનો અને સરવિયનો બન્ને એકત્ર થઇ લડાયક મેદાન ગરમ કરવા નીકળ્યા. અને શત્રુએ કાળાં કર્મની કાળી રાત્રી જાણી **મારમોરા** સમુદ્રના કિનારા ઉપર આવેલા **કાલીક્રાનિયા** શહેર ઉપર હલ્લો કર્યો. પરંતુ ટર્કીશ લડાયક બારકસ કે જે આ સમુદ્રની અંદર ગોઠવાયલુ છે. તેણે શત્રુઓની હિલચાલને જાણી લઇ, તેમના મુકાબલાની તૈયારી કરી લીધી હતી. અને ત્રણ કલાક પચાસ મીનીટ એટલે અર્ધી રાત્રી વિતી જવા પછી સવાચાર વાગ્યા સુધી શત્રુઓ ઉપર ગોળાઓનો વર્ષાદ વરસાવતું રહ્યું અને એને લીધે જોડયા શત્રુઓ લાચાર થઈ અંદરની જમીન ઉપર દુર સુધી

ખસતા ચાલ્યા. પરંતુ ત્યાંના ટર્કીશ મોરચા અને કિલ્લાઓએ તેની ઉપર અગ્નિનો પહાડ ફેંકવો શરૂ કર્યો. ત્રણે તરફથી અગ્નિ વર્ષવા લાગી ઉત્તર તરફ **તરફોસ** તળાવની પાસે ટર્કીશ લડાયક બારકસ **બાર-બારૂસ** અને **મસઉદીયા**ની લડાયક કુનેહ અતી વખાણવા લાયક હતી. અને તેથીજ તેઓએ જોડયા શત્રુઓની એક આખી બેટરીને ફના કરી દીધી. અને શત્રુઓના પાયદળ અને ઘોડેસ્વારોનુ નુકસાન તો હદથી પણ વધારે કરી દેવામા આવ્યું હતું.

સવારના સાડા આઠ વાગ્યે તો **ચટાલજા**ની જંગી લાઇન ઉપર આ બાજુથી તે પેલી બાજુ સુધી લડાઇનો જુસ્સો વધી ગયો હતો. અને ટર્કીશ લશ્કરના સીપેહસાલાર તરફથી ટર્કીશ લડાયક બારકસોના કમાન્ડરોને **ચટાલજા** અને બાબસ **બારગાઝ**ની વચમા આવેલા શત્રુ-ઓનાં બચાવનાં મુકામો અને મોરચાઓ ઉપર એકદમ ગોળા વરસા-વવાની ઇશારત મળની હતી, અને જે પર તરતજ અમલ કરવામા આવતો હતો. એવી રીતે શત્રુઓની જેટલી બેટરીયા મજકુર મુકામના વચલા ભાગમા ગોઠવેલી હતી તે સર્વેને ચુપ કરી દેવામા આવી. અને **બાબાસ** શહેરને બીલકુલ તોડી પાડી બરબાદ કરી દેવામાં આવ્યુ. એની થોડીવાર પછી શત્રુઓની તે બેટરીયોને પણ તબાહ કરી દેવામા આવી કે જે બેટરીયો **માંદીરા**ના ઝાકા ઉપર અને **લહેનાના** ખેત-રોમા કાયમ હતી. અને આ બાજુ પણ શત્રુઓની કોઇ બચાવની જગ્યા અને મોરચાનુ નામ પણ ન રાખ્યુ.

આખરે સાંજ પડતાજ શત્રુઓ બીલકુલ લાચારી સાથે અતિ ખરાબ સ્થિતીમા ન્હાસી ગયા, અને ટર્કીશ લશ્કરે પોતાના વશપરં-પરાના મથકને પુરી રીતે મજબુત અને દુરસ્ત કરી લીધા હતો. એવી રીતે બલગેરિયનોને સખ્ત માર પડવા બાદ અહીનુ લડાઇનું છેવટ આવ્યુ છે અને સુલેહની ચર્ચા ચાલુ થઇ.

પ્રકરણ ૧૮ મું

બીજી વખત લડાઈ તહકુબ.

ગુનાહસે કરલે તોબા જલ્દ અય શૌક,
વગર ન દેખ પચ્યતાના પડેગા.

ચટાલજા અને **એડ્રીઆનોપલના** મારકામાં બલગેરિયા અને સરવિયા મળી બે લાખ માણસો મોતને હવાલે થયા. અને આ બન્ને મથક ટર્કોના હાથમા રહ્યા. **ચટાલજાના** મેદાનમાં તો શુરવિર **નાઝિમ પાશાએ** ત્રણ માઇલની હદમા બલગેરિયનોની લાશોના ઢગલા કરી નાખ્યા. જેથી બલગેરિયનોમા લડાઇ ઉપર જઇ જ શકે એવા કાબેલ માણસો રહેવા પામ્યા નહી. જેથી કરી બલગેરિયાના રાજા **ફરડીનાંડે** હુકમ કાઢયો કે બુઢા અને બારતેર વર્ષનાં જવાનોએ લડાઇમા જોડાવું અને હાલ લડાઇ તહકુબ રાખવી.

તા. ૫ ડીસેમ્બર ૧૯૧૨ ના રોજ ટર્કીશ સલતનતે **બલગેરિયા, સરવિયા** અને **મોન્ટીનીગ્રો** સાથે લડાઇ મુલ્તવી રાખવાનુ લખાણ નીચે મુજબ કર્યુ "લડાઇમા ઉતરેલા રાજ્યોના લશ્કરો જે જે જગ્યા ઉપર હશે ત્યાજ રહેવા દેવામા આવશે. સુલેહ ઉપર વાદ વીવાદ જલ્દીથી ચલાવવામાં આવશે. અને ગ્રીક સાથે લડાઇ ચાલુ રહેશે."

ગ્રીકો **યાનીના** અને **સકુત્રના** બંદરો અને **મિડલલીને** પુરે પુરી રીતે ફતેહ કરી લેવા એવા વિચારે સુલેહમા ન જોડાતા લડાઇ

ચાલુ રાખી. અને એક બાબતને **બાબે આલીને** મનાવવાનો વિચાર ધરાવતા હતા. અને તેઓએ આ મુકામો ઉપર નવું લશ્કર પણ મોકલી આપ્યું હતુ. બંદરોમાં ગ્રીકનુ લશ્કર સંભાળનારા ટર્કીશ લશ્કર કરતા ત્રણ ગણું વધારે હતુ અને બંદરોની ગ્રીક રૈયત પણ ટર્કોના શત્રુઓની મદદમા જોડાઇ ગઇ હતી.

આખરે સુલેહની કોન્ફરન્સ લંડનનાં **સેન્ટ જેમ્સ** મહેલમાં શરૂ થઇ. અને બાલકનવાળાઓએ નીચે પ્રમાણે સુલેહની શરતો રાખી.

૧. મારમોરા સમુદ્ર ઉપર આવેલા બંદર રોડોસ્ટોની દક્ષીણ તરફથી શરૂ કરી બ્લેકસી સુધી એક લાઇન ખેંચવામાં આવે જે મુલ્કો આ લાઇનની પશ્ચીમમાં આવેલા તેના ઉપરથી ટર્કોએ હાથ ઉચકી લેવો ફકત **ગેલીપોલી** બંદર ટર્કોના હાથમાં રહેશે.

૨. ટર્કોએ ઇજીપ્યનસીના ટાપુઓથી હાથ ઉઠાવવો.

૩. ક્રીટમાં ટર્કીએ પોતાના સર્વે હકોથી હાથ ઉચકી લેવો. અને આલબેનિયાની બાબતને યુરોપી રાજ્યોના ફેંસલા ઉપર છોડવામા આવે.

ટર્કીએ ઉપલી શર્તો મનજુર ન કરતાં આવતી બેઠકમા પોતાના તરફથી શરતો મુકવાનું કહ્યુ. કારણ કે ઉપલી શરતોમા ટર્કીના હાથથી એડ્રીઆનોપલ 'જુદું' પડી જતુ હતુ જેથી ટર્કોએ નીચે પ્રમાણે શરતો મુકી.

૧. એડ્રીઆનોપલ ઉપર ટર્કીશ કબજો રહેશે.

૨. મેસીડોનિયાનો પ્રાંત અલગ પાડવામા આવશે જેની રાજધાની **સેલુનીકા** બનાવવામાં આવશે. અને આ પ્રાંતની હકુમત કોઇ

લડાઈથી અલગ રહેનારા રાજ્યના પ્રોટિસ્ટન્ટ રાજપુત્રને આપવામાં આવશે જેને સંપીલા રાજ્યો ચુંટી કાઢે અને સુલતાનુલ-મોઅઝઝમ પસંદ કરશે. મેસીડાનિયા ટર્કીશ શહેનશાહતના વડપણ હેઠળ રહેશે

૩. આલબેનિયાને ટર્કીશ વડપણ હેઠળ સ્વરાજ્ય આપવામાં આવશે. આલબેનિયાનું રાજ ચલાવનાર ઉસમાની રાજ્યના ખાનદાન-માંથી પાંચ વર્ષ માટે ચુંટવામા આવશે. અને તેની ચુંટણી બીજા વખતે પણ થઇ શકશે,

૪. ઇજીયનસીના ટાપુ ટર્કીશ કબજામાંજ રહેશે.

૫. ક્રીટની બાબત ઉપર કોન્ફરન્સ વાદવિવાદ ચલાવી શકતી નથી, પણ એનું સાંધણ ટર્કી અને મોટાં યુરોપી રાજ્યોમા છે.

એક સંપીમા જોડાયલા રાજયોની માંગણીઓ જો સ્વીકારી લેવામા આવે તો કોન્સટનટીનોપલની આજુબાજુના થોડા સરખા ઇલાકા સિવાયનો આખો યુરોપયન ટર્કી ઓટોમન સત્તાથી છુટો પડી જાય. ટર્કીએ એથી ઉલટી શરતો એટલે આલબેનિયા અને મેસિડાનિયાને ટર્કીશ વડપણ હેઠળ સ્વતંત્ર આપવાની અને બીજા યુરોપી ઇલાકાઓ પહેલાજ માફક ટર્કી કબજામાં રાખવાની મુકી. બાલકન રાજ્યોના વિચારમાં, ટર્કીએ એવી શર્તો આગળ ધરવા પહેલાં સમય અને સ્થીતી ઊપર નજર રાખી નથી. પરંતુ એ સમજમા નથી આવ્યું કે કઇ શર્તો ભુલી જવા માટે બાલકન સ્ટેટોએ ફરિયાદ કીધી. મજકુર સ્ટેટો લડાઇ પહેલાં ફક્ત મેસીડાનિયા સ્વતંત્ર કરવા ચાહતા હતા હવે ટર્કીએ કઇક વધારે છુટ મેલી આલબેનિયાને પણ સ્વતંત્ર કરવા માટે તૈયાર થયું જો સંપીલા રાજ્યો પોતાના દાવામા ખરા હોત તો ટર્કીશ શર્તો ઘણીજ ઉત્તમ જાણી કબુલી લેત. જો કે ટર્કી

રાજ્યની એ શર્તો પણ તેને માટે તો લજ્જાયમાન હતી, છતાં મજકુર સ્ટેટોનુ ટર્કોની ખરેખરી સુલેહની લાગણીમાં સંદેહ લાવવું આશ્ચર્યકારક થઇ પડ્યુ. હવે તેઓ બીજા રાજ્યોને મદદ માટે પોકારવા લાગ્યા

ટર્કોએ જે તજવીજ આગળ ધરી હતી તે એવી રીતની હતી કે નવી સરહદ **એડ્રીઆનોપલ**ની પાસેથી શરૂ થાય. જેથી મજકુર શહેર ટર્કોની પાસેજ રહે એ સરહદ **એડ્રીયાનોપલ**ની પશ્ચીમ તરફ આરડા નદી સાથ બરાબર ચાલી તેના જરા આગળથી દક્ષિણ બાજુએ થઇ, **થાસુસ** બંદરથી પુર્વ બાજુના **લાગોસ** સરોવર ઉપર પુરી થાય. **ક્રીટ**ની બાબત ઉપરથી ટર્કો પોતાનો હાથ એવી રીતે ઉચકે છે કે તેના ભવીષ્ય માટે યુરોપી મ્હોટા રાજ્યો પોતાનો વિચાર અમલમાં લાવી આ બંદર ઉપરથી હાથ ઉચકતા બીજા બંદરની માગણી રદ કરવામા આવશે.

બાલકનવાળાઓએ **ઇજીયનસી**ના સઘળા ટાપુઓ કબજે લેવા ઉપરાંત મહાન જમીન ઉપર પણ ટર્કોના હાથમા ફક્ત કાન્સટનટીનોપલ અને તેની આજુબાજુના મુકામો તથા નાનુ સરખું બંદર ગેલીપોલી રાખવાની ઇચ્છા દેખાડી ટર્કોએ એથી ઊલટુ મહાન જમીન ઊપર હાલના કબજાઓનો પાંચમો ભાગ એટલે પુરો **થ્રેશ**નો ઇલાકો પોતાનાજ હાથમાં રાખવા ચાહયો. **થાસુસ** બંદર **સાલુનીકાથી** સવાસે માઇલ પુર્વે બાજુ અને **ડેડાગાજથી** એટલુજ દુર પશ્ચિમ તરફ આવેલુ છે. એટલે ટર્કોએ. **એડ્રીઆનોપલથી** પશ્ચિમ તરફ **એકસો** માઇલ સુધીનો ઇલાકો રાખવાની ઇચ્છા બતાવી તેમજ બાકી રહેતા ભાગથી એવી રીતે હાથ ઉઠાવવાની ઇચ્છા બતાવી કે તેનો મોટો ભાગ આલ્બેનિયાના રાજ્યને મળે.

જ્યારે ટર્કો પોતાની શરતો ઉપર મક્કમ રહ્યા ત્યારે સુલેહના સદે શા ઘડી પગના રહી ગયા જેથી યુરોપી રાજ્યોએ એક મનથી નીચલી યાદી ટર્કો ઉપર મોકલી —

"જો ટર્કી સલતનત યુરોપી રાજ્યોના વિચારોને આધીન ન થશે તો બીજી વખત સુલેહ થઇ શકશે નહી અને એના મોટા જોખમદારી ટર્કીશ સલતનત ઉપર આવી પડશે જો લડાઇ લંબાવાથી કેન્સટન્ટીનોપલ ખરાબામ પડી જશે. અને લડાઇનો પોઇંટ વિશળ થઇ જાઇ તેનો ભડકો એશિયા માઇનર સુધી પહોંચી જશે તો તેનું નુકસાન પોતે **બાબે આલીને** ઉઠાવવુ પડશે એને માટે યુરોપી રાજ્યો ટર્કીને ચેતવણી આપે છે, કે તે એડ્રીઆનો પલ ઉપરથી હાથ ઉઠાડી લે અને ઇજીયન સમુદ્રનાં નમીબાની ટાપુ યુરોપી રાજ્યોના હાથમા આપી દે, યુરોપી રાજ્યો યકીન અપવે છે કે એડ્રીઅનોપલના ઇસ્લામી પવીત્ર ઇમારતોને સરક્ષણ આપવાની ખાત્રી આપશે !!!"

ટર્કી જે ઇટાલી વિગ્રહ ઉપરાત હજારો ખાનગી તકરારોમા ગુંથાયલી હતી તેણે બાલકન લડાઇ ઉઠવા અગાઉ મોટા રાજ્યોના "હવે કોઇ બીજી લડાઇ શરૂ થશે નહી" એવી રીતના વચનો ઊપર ભરોસો રાખી પોતાના રીઝાર્ડ લશકરને રજા આપી **કામિલપાશાને** બરલિનના એક પેપરના રીપોર્ટરે સવાલ કર્યો કે "શું મહાન તાકતો એ બાબેઆલીને એવું યકીન અપાવ્યુ હતુ કે બાલકનમા કોઇ લડાઇ થવા પામશે નહીં" જેના જવાબમાં **કામિલપાશાએ** કહ્યું કે "હમારી ઉપર એકાએક હલ્લો કરી હમને પરાજય ખવડાવ્યો અને હમને કાયદેસર મુકાબલો કરવાની પણ મહોલત આપી નહી."

એ ઉપરાત તેઓએ એ પણ જાહેર કરી આપ્યું કે સપીલા બાલકન રાજ્યો ટર્કીશ રાજ્યની એક ઇંચ પણ જમીન લઇ શકશે નહી, એતો સવે જાણે છે કે ટર્કોની દરખાસ્ત ઊપર તેઓને ઝળકી આપી મોટા રાજ્યોએ વચમાં પડવાનો ચોખ્ખી ના પાડી અને કહ્યુ કે

તમારે પોતે એખલાએજ પોતાની લડાઇ લડી લેવી જોઇએ. હવે જ્યારે લડઈ બંધ રખાઇ ત્યારે એડ્રીયનોપલ જેવા મથકને કે જેને હજુ સુધી તેઓ લઇ શક્યા નહીં જેથી લડાયક કાયદા પ્રમાણે તેની સ પીલા રાજ્યો માંગણી કરી શકતા નહતા તેને બાલ્કન સ્ટેટોના હાથમાં આપી દેવાની સલાહ આપવામાં આવી, એજ રશિયા અને ફ્રાન્સ કે જેઓ ટર્કોની લડાઇ બંધ કરાવવાનો દરખાસ્ત ઉપર અ-મલ કરવા માટે તૈયાર થયા નહતા તેઓ બાલ્કન સ્ટેટોની હિમાયત-મા સર્વેથી આગળ પડ્યા જેમા રશિયા તો અહીં સુધી વધી પડયો કે એશિયા માઇનરમાં ગેર બંદોબસ્ત થવા ઊપર તેણે આરમેનિયનો ને પોતાની સંભાળમાં લઇ લેવાનો વિચાર જાહેર કર્યો. અને ફ્રાન્સના વ । પ્રધાને એશીઆ માઇનરમા આવેલા લીબાનમા કે જ્યાંનો ખ્રીસ્તી ગવરનર છે ત્યાં સુધરો કરવાની જરૂર માટે ટર્કી ઊપર દબાણુ નાંખ્યુ. જેથી રશિયા અને ફ્રાન્સનું એશીઆ માઇનરમાંના ટર્કીના રાજ્યને નુકસાન પહોચડવાનુ કર્યુ.

ટર્કીનો મોટો ભાગ લડાઇઉપર તૈયાર છે અને તેઓનું કહેવુ છે કે જો ટર્કીએ એટલું લોહી દેડના છતા તેણે માથુ નમાવી દીધુ તો એને અર્થ એ થશે કે, તેણે પોતાના શુરવીર અને બહાદુર સીપેહસાલારોને કતલ કર્યાં અને હજારો સીપાઇઓનુ લોહી તેની ગર-દન ઊપર સવાર થશે "ટર્કોના છુટકારાનો બંદ ફકત એકજ બીંદુમાંજુપ યેલ છે અને તે એ કે" પોતે **મટી જાય અથવા મટાવી દે**. કેમકે ઉસમાની લશ્કરના સીપેહસાલાર **નાઝીમપાશાએ** કહ્યું હતું કે જો ખુદા ન કરે ને દુનીયા હમારે માટે તંગ થઇ જશે તો હમો ગુલામી જીંદગી ગાળવા કરતાં " મટી જવું યાને મટાવી દેવું "એ બીનાને વધારે પસંદગી આપીશુ. તે એટલા માટેજ કે, ઇસલામી શુરવિરતા અને વિરત્વનો નકશો ભવિષ્યની ઓલાદ માટે મુકી જઇએ.

પ્રકરણ ૧૯ મું.

દરીઆઈ લડાઈ.

"હાથી ગાઝી ડુબ જાતે, વહાં બકરી પુછતી પાર!"

શકીસ્તો ફતહ નસીબોંસે હુયવલે અયમીર
મુકાબલા તો કિલે ના તવાને ખુબ કીયા.

ઈ સ. ૧૯૦૩ માં ટર્કો સાથની લડાઇમાં મેળવવાની લાલચમાં કેટલુક ગુમાવ્યુ હતુ, તે ગ્રીક હવે પોતાના ગોઠીયાઓથી છુટો પડી કેટલીક જગાએ સ્વતંત્ર કરાવી લેવાની ઉમ્મેદ રાખતો હતો તે પુર્ણ થઇ નહિ, કારણ કે **ચાનીના**માં તેને ટર્કોના હાથે સખત માર ખાવી પડી. જેનો હેવાલ આજ રોજે હમો તમને દરીયાઇ લડાઇમાં દેખાડીશુ.

વાંચક આ **ડારડનલ્સ** દરિયો છે. જેના મોજાઓ જુસ્સામા ઉછળી ઉછળી પોતાની કફથી ભરેલી લહેરો ગ્રીકની હેબત ભરેલી સ્ટીમરો સાથે ટકરાય છે. **જેથી** તેની ચાલમાં વાધો પડવો શરૂ થયો. અને કુદરતના આ જબરદસ્ત હાથે તે સર્વે વિચારોને ખોટા ઉભાલની તરેહ બેસાડી દીધો. તેઓ નાઉમેદીના મોજામા પડી ચુકયા હતા, એટલામાંજ લહેરો લેતી હિલાલી (ચંદ્રમાની) ઝુડીઓ ઉડાવતી એ સ્ટીમરો આવી પહોચી. અહીં ગોળાઓ એક બીજા ઉપર ફેકાવા શરૂ થયા. સવારના સાડા આઠકનો શુમાર થયો હશે. આ જગ્યા ગ્રીકના બંદર **લેમનુસથી**

આસરે પાચ છ માઇલના ફાસલા પર હશે. ગ્રીકોના નવ બારકસ હતા, જ્યારે ટર્કીના ચાર હતા ! ગોળાબારી એટલી તો સખત હતી કે કાનના પરદા ફાટી જતા હતા. ક્રુઝરોના બૉયલર અતી ઝડપમા ચાલતા હતા, કે એકાએક ગ્રીકોના આઠ બારકસો માત્ર એકને મુકી સર્વે ન્હાસી ગયા ! મુકી ગયલા બારકસનું નામ "**જ્યોરજીસ યુરોફ**" હતુ આ ક્રુઝર સને ૧૯૧૦ મા એક કરોડ પાસેઠ લાખ રૂપીયા ખરચી તૈયાર કરાવવામાં આવ્યુ હતુ જે ૯૯૫૬ ટનનુ હતી. એની એક કલાકની ચાલ વીસ માઇલ છે. એની ઉપર ચાર તોપો ૨૭૯ ઇંચની અને આઠ તોપ ૭×૫ ઇંચની ગોઠવી છે. જે પોતાનુ કામ ચાલુજ કરી રહી હતી એટલામા તે ઉપર ટર્કોના માત્ર ચાર ગોળા પડતાજ આ બારકસ ચુપ થઇ ગયુ. અને ટર્કોએ તોપોનો મારો ચાલુ રાખવાથી તે **પાઇરસ** તરફ ચાલ્યુ ગયુ. એવીજ રીતે બીજા દરિયાઇ મારકામાં પણ ટર્કોએ જીત મેળવી. તા. ૧૩ જાનેવારી ૧૯૧૩ ના દીવસે ટર્કીશ બારકસ મજીદીયા અંધારી રાત્રીમા ડારડેનલ્સથી નીકળ્યુ. અને ગ્રીકોની પહેરો દેતી ટોરપીડોમાથી સહીસલામત પસાર થઈ ગયુ. અને તે તા. ૧૫ જાનેવારીએ **સરા** તરફ જાહેર થયું.

સરા ગ્રીક સાથે મળતા દરીયાની વચમા ગ્રીકની રાજધાની એથન્સથી દક્ષિણ બાજુ સાઠ મૈલ ઉપર ડારડેનલ્સથી દક્ષિણ અને પશ્ચીમ બાજુ બસો માઇલ અને એશિયાના કીનારાથી વચલા ભાગથી પશ્ચીમ તરફ એકસો માઇલના છેટે આવેલું છે. એનુ બીજુ નામ **હુરમો પોલસ** છે જે દસ માઇલ લાંબુ અને પાંચ માઇલ પહોળું છે એની વસ્તી તેત્રીસ હજારની છે અને બીજુ એક મોટુ શહેર **હુરમોપોલસ** છે, જેની વસ્તી અઢાર હજારની છે.

મજીદીયા ક્રુઝર ૩૨૫૦ ટનની છે જેની ચાલ કલાકના બાવીસ માઇલની છે, એની ઉપર ૭ ઇંચની તોપો ગોઠવેલી છે. અને અમેરીકાના કારખાનામા બનાવવામા આવી એની બાંધણીનું કામ સને ૧૯૦૧ થી ૧૯૦૩ સુધીમા પુરૂ થયુ હતુ. એની સામે ગ્રીકો થઇ શકયા નહીં. જેણે **સરા** ઉપરના દારૂગોળાના ગોદામ ઉપર જઇ ગોળાબારી કીધી. જે ગોળાબારીથી શત્રુઓના વીજળીક એંજીનનો નાશ થયા એટલે આખા શહેરોમા અંધકાર ફેલાઇ રહ્યો. અને ગોદાઉનમા બે માણસો માર્યા ગયા જેથી ગ્રીકોએ પોતાની સ્ટીમર જે ત્યાંજ હતી તેને ડુબાડી દીધી. તે એવી મતલબથી કે ટર્કી એને ગોળાના મારકાથી નુકસાન પહોચાડી ન શકે એ પછી **મજીદીયા** એશીયા તરફ હંકરાઇ ગઇ.



પ્રકરણ ૨૦ મું.

છેવટ.

યુરોપી રાજ્યોએ ટર્કો ઉપર દબાણ કરવાથી ટર્કીશ પ્રધાન મંડળે એસી મતથી સર્વે બાબતો કબુલી સહી કરવા માટે **દોલમા** નામના ત્યાંના જાણીતા **શાહી બગીચામાં** બપોરના સમય ઉપર મલ્યા; પરંતુ સધ્યા સમયનો અંધકાર ફેલાઇ જવા પહેલાં સર્વ વ્યર્થ ગયું ! એટલે પચાસ હજાર માણસોથી **દોલમા** બગીચાને ઘેરી લઇ **ગાઝી અનવરબે** અને **નાજીબે** બન્ને પ્રધાન મડળમાં જઇ **કામિલ પાશાને** કહ્યું કે " દુશ્મનો સાથે લડવા માટે કસમ લ્યો અથવા રાજીનામુ આપો " ત્યારે તેઓએ રાજીનામુ આપ્યુ. જે લઇ સુલતાનુલ મોઅજજમના મહેલમાં જઇ **મહમુદ શોકત પાશા** તથા **તીલઅતબે** માટેનો સરકારી પરવાના સાથે પાછા ફર્યા.ગરબડ થતાં **નાઝીમ પાશાને** ગોળી લાગી અને ૫દર ટર્કો બીજા માર્યા ગયા. પ્રધાન મંડળ ઉડી ગયુ, અને નવું પ્રધાન મડળ કાયમ થયું. જેને દુન્યાની ઇસલામી આલમ ખરા અંતઃકરણથી મુબારકબાદી આપી રહી છે, અને ઇચ્છે છે, કે ઇસલામની આબરૂ અને ટેક હવે જાળવવાનો એજ સમય છે. જેમાં ટર્કો વિજયવાન થાવ અને દુશ્મનોની નીચ વૃત્તિ ઉપર બેસુમાર લ્યાનત પઢો ! !

સુલેહને નામે કાપલા ભાગલા પડાવા યુરોપની કોનફરન્સ લડન ખાતે મળી હતી, અને તેમા ભંગાણ પડવાના સમાચાર ફરી વળ્યા

છે એટલે આ લડાઈ હાલ અત્રેજ અટકી છે. એટલે આ નૉવેલ . અત્રેજ અટકાવવામાં આવી છે.

નઝ્મ.

સ.ખ્ત અફ્સોસ હય યુરોપકે સલાતીં અકસર,
આએ દિન છેડ઼ કીયા કરતે હુંય સુલતાનકે સાથ.
કલથી ઈટલીસે ટ્રીપોલીમે જંગ આરાઈ,
આજ તુરકીકો ઉલઝના પ.ડા બિલકાનકે સાથ.
મૉનટીનીગરવીઓંકી હય ભલા કયા હસ્તી,
હ.મ્લા તુરકોંપે કીયા જ઼ગકે અએલાનકેસાથ.
પહેલે એહે એકથા ફ઼ીર તીન હ.રીફ઼ ઔર હુવે,
ઠન ગઈ સરવિયા બિલગ઼ારીયા યુનાનકે સાથ.
એક તુરકીકે લીયે એકાથા ઈન ચારોંકા,
અ.રસએ જંગલમેં આએ બ.ડે સામાનકે સાથ.
મુશ્તહર કરને લગે ફ઼્તહ.કી .ખબરેં હરરોજ઼,
કજ઼બકે ઝુઠકે તુગ઼યાનકે બહોતાનકે સાથ.
તાર .ખબરોંકા રહા તાર એહે અવ્વલ અવ્વલ,
તુર્ક હર જંગમેં પસપા હુવે નુક઼સાનકે સાથ.
લોગ હ.યરાનથે કહેતેથે એહે .ખબરેં સુનકર,
ઇત્તેહાદી બઢ જાતે હુંચ બડી શાનકે સાથ.
હય વોહ દુનિયામેં બ.ડે મારતે .ખાંકે સાલે,
ઈનકો કુછ લોગ મીલા દેતેથે જાપાનકે સાથ.

ચોમુખે લ.ડતે રહે તુર્ક જવાં મરદીસે,
તેગ.કે તોપકે સંગીનકે પયકાનકે સાથ.
હોગએ જીન્દએ જાવીદ શહાદત પાકર,
જાનદી જંગમે તુરકોંને મગર આનકે સાથ.
કર દિયા ચારોં હરીફોંકો બિલ આ.ખિર ચોરંગ,
સબકે સર ધડસે અલગ કર દીયે અવસાનકે સાથ.
ઇસકે બઅદ ઉઠને લગા સુલ્હકા ગુલ યુરોપમેં,
સબ સલાતીને દવલ હો ગયે બીલ.કાનકે સાથ.
શહેર લન્ડનમેં હુઈ સુલ્હકી મજલીસ .કાયમ,
બ.ડી .ઇજ્જ.ત બ.ડી તૌ.કીર બ.ડી શાનકે સાથ.
તુર્કે હાથોંસે ગવા બયઠે એડરીયાનોપલ,
ન.ગ્.મ એ સુલ્હ હુવા ખ.તમ ઇસી તાનકે સાથ.
રદ કીયા .કૌમને ઇસ ફયસલએ કામિલકો,
બ.ડી તહ.કીર બ.ડે જોર બ.ડી આનકે સાથ.
સબ મુસલમાન દુઆ માગે .ખુલુસે દિલસે,
રહેતા ઇદે ખુદા હર ઘ.ડી સુલતાનકે સાથ.
ઉન્કે બદ.ખ્વાહ જહાંમે હોં જલીલો રૂસવા,
ગ.મકે .અ દોહકે અફસોસકે .હરમાનકે સાથ.
બોલ બાલા રહે ઈસલામકા દુનિયા ભરમેં,
વ.અજ તોહીદો રિસાલતકા હો .કુરઆનકે સાથ.

પ્રકરણ ૨૧ મું.

યુરોપની બીજી બાજુ.

યેહ કુફરો ઇસ્લામકી લડાઈ, કરેગી મખલુકકી સફાઈ;
હુઈ હુઈ દાંતોંમે હાથા પાઈ, કમાલ કુવત જતા જતા કર.
નહિ અય ગફલતકા વક્ત મુસલિમ કે તુજપે હોને લગે મજાલીમ;
હો જદ્દ તુભી વફાકા આજમ તુફગો ખન્જર ઉઠા ઉઠા કર.
તુ ઉન બુજુર્ગાં કી દાસ્તાની, જહાંમે જી કીથી હુકમરાની:
કીયાથા એક અપના ખુન પાની, લહુકે દરીઆ બહા બહાકર.
ઉઠે વોહ જબલેકે તીરો ખન્જર ઉડા દીયે ધડસે સેકડો સર;
રહે મુખાલીફકી સર જમીંપર હિલાલ પરચમ ઉડા ઉડા કર.
કભી હવા દિસસે મુહ ન મોડા, કીયા ન દીલ ભુલ કરભી થોડા;
કહાજો મુહસે વોહ કરકે છોડા હજાર કડીયાં ઉઠા ઉઠા કર

હમેશા દરેક ચીજની બન્ને બાજુ નિહાળવથીજ મનુષ્ય જાતની પુરી ખાત્રી થઇ શકે એ સ્વાભાવિક છે અને તેથીજ આ તર્ક બસરાના માજી હાકમ સૈયદ મહમદ આરેફે લખેલા લેખ તેમજ બીજા જાણીતા પત્રોએ રજુ કરેલી શહાદતો જે આ બાબતને સબંધ કર્તા

છે તે અમારા વાંચનારાઓ સમક્ષ રજુ કરવી વાસ્તવિક વિચારી છે. જે ઉપરથી જોઇ શકાશે કે, ઓટોમન સલ્તાના-શત્રુઓના અંતઃકરણમાં કેટલી હદે સ્થામતાએ પ્રવેશ કરેલો છે. કે જે સ્થામતા આજકાલ પોતાના સ્વાર્થ સિવાય બીજુ કશુ જોઇ શકતીજ નથી તેનુ સ્પષ્ટ રીતે દિધદર્શન નીચલા પત્રો ઉપરથી થશે

બશગના માજી હાકીમનું લેખ જેનો તરજુમો જર્મીદારમાં પ્રગટ થયો છે તે નીચે પ્રમાણે છે.

એતો ખુલ્લું છે કે પહેલીજ ઇસલામી સલ્તનત **અમવિયા** કાયમ થઇ હતી. અને તે જમાનો એવો હતો કે જે સમયમા લોકોના અંતઃકરણમાં **ઇસ્લામ** તરફની પ્રેમીમાયા ઉદભવી ઉઠી હતી એ સમયે ઇરાની રાજ્યના બરબાદ થવા પછી પુર્વ તરફ કોઇપણ એવી જબરદસ્ત અને શકિતવાન રાજ્યસત્તા ન હતી કે જે એની વચમા નુકશાન પહોંચાડી શકે. પરંતુ ઉપલી બાબતો છતા પણ આ મહાન અમવિયા રાજ્ય ફકત નેવુ વર્ષ સુધી રહ્યુ. અને એની પછી **અબ્બાસિયા** સલતનનો દોર ચાલુ થયો આ જબરદસ્ત ખિલફતે એક સદી સુધી પોતાની અરેબિક જાહોજલાલીને કાયમ રાખી. એની પછી સલતનત **ઇરાની** રંગમાં રંગાઇ. જેની અંદર શત્રુવટ અને દુસ્મનોનુ મેદાન વિશાળ થઇ ગયું જેથી તરેહ તરેહની ધાર્મીક અને રાજ્યકીય ઉથલપાથલો થવા પામી. તવારીખની શાક્ષી ઇન્સાફી છે તે બન્ને રાજ્યોના તાજદારોએ તારીફ કરવા કાબેલ કાર્યો કર્યા કે વખોડી નાખવા લાયક ! તે તે તવારીખ જણાવી શકશે. એની પછી **અબ્બાસીયા** સલતનતની જાહોજલાલીનો સુર્ય અસ્ત થયો. અને તેથી મુસલમાનોને ભય ઉપજવા લાગ્યો કે ખુદા ન કરે અને ઇસલામાં

ઉપર કોઇ રીતનો હાદેસો આવી પડે. પરંતુ તે બગડેલાં કાર્યોને દુરૈસ્તી પરલાવનારા એકજ ખુદાએ, પોતાના ખાસ ધર્મની રક્ષા અને હિમાયતને માટે **ઉસમાનિયોને** પેદા કરી દીધા. **ઉસમાનિયોએ** પોતાના ઇરાદા, હિમ્મત અને મહાન તાકતથી પુર્વ અને પશ્ચિમ, ઉત્તર અને દક્ષીણમા બેશુમાર વિશાળ જમીનો અને મુલ્કો ફતેહ કર્યં. **ઉસમાનિયા** સલતનત કે જે ચારે તરફના યુરોપી રાજ્યોમાં ઘેરાયલી છતા, અને તે પણ એવી જગ્યા એકે જ્યાં તેનાજ શુરવિર બહાદુરો અને પોતાના બાજુઓની તાકત સિવાય કોઇપણ મદદ કરી શકતુ ન હતુ તે છતા પણ તેણે ઇસલામની હિમાયત અને સંભાળમાં કોઈપણ રીતની કમી રાખી નહીં. જમાનો બદલાયો.! પુર્વ તરફનું મેદાન સુધારામાં પાછળ પડયુ અને પશ્ચિમ આગળ વધ્યુ. પરંતુ મોજેઝા રૂપી ઉસમાનિયા સલતનત પોતાના પોઇંટ ઉપર જામેલી રહી. આ જબરદસ્ત રાજ્યની જમીનની હદો વીસ પરધર્મી રાજ્યોની જમીન સાથે હક્ક સબધ રાખતી હતી. જેથી દરરોજ રાજ્યકીય તકરારો વધુ અને વધુ જન્મ લેતી હતી, પરંતુ આ મકાન રાજ્યના માની લેવા જોગ અકલમદ અમલદાર વર્ગ, અને વિજયી લશ્કરના તેજલાયક વિરયોદ્ધાના શુરવિર કાર્યોએ છ સદીયો સુધી પોતાની પુર જાહોજલાલી અને રોબદાબે પોતાનાં રાજ્યોની સંભાળ લીધી. જે સબબને લીધેજ મુસલમાનો સચ્ચાઇ ઉપર અભીમાન કરે છે કે તેમની સલતનત અતી મહાન છે. તવારીખ જાહેર કરે છે કે ઇસલામનો આફતાબ અરબસ્તાનથી ઉદય થયો, અને તેનો પ્રકાશ તમામ દુનિયામાં પ્રસરી ગયો. અને તેનાં મહેલના થાંભલાઓ જાહોજલાલી ભરી રોબોદાબની ઉસમાનીયા સલતનમાં મજબુત થયા. એ

ઇસલામી ખીલાફત ફકત આ એકજ કાર્યને પુર્ણતાપર લાવી શકીછે, એમ નથી ! પરંતુ ઉસમાનિયા સલતનત એ ખરી બાબત ઉપર અભીમાન કરી શકે છે કે તેનાં હાથ નીચે ઇસલામી ધર્મ વિરૂદ્ધ જુદાંજુદા ધર્મો અતી માન અને અમનની સાથે જીવન પસાર કરે છે. એટલે તેમને પુરી રીતે સ્વતંત્રતા બક્ષવામા આવી છે. જેઓને પોતાના રાજ્યોમા રોટી સુદ્ધા નસીબ થતી નથી અથવા જેને સુધરેલુ યુરોપ મારી કાઢી મુકે છે, તેને ઉસમાનિયા સલતનત પોતાની મહેરબાનીના કીનારા ઉપર લઇ લે છે- અને તે મુસીબતનો મારેલો ચંદ્રમાના ઝુંડાની નીચે અમન અને અમાનથી જીવન ગાળવા લાગી જાય છે ! પછી કોઇપણ કારણ શા માટે મળતુ નથી કે દરેક પુર્વની નસલનો ઇસલામી અથવા પરધર્મા આ મહા । રાજ્યની સંભાળ માટે પોતાની જાન કુરબાન કરી ન દે ? ઇસાઇયોના ધાર્મીક કાર્યોનો **ઉસમાનિયા** સલતનતે એટલો તો વિચાર રાખ્યો છે કે જ્યારે કૉન્સટન્ટીનોપલને જીતનારા સ્વર્ગવાસી સુલતાનોના સુલતાન મુહમ્મદ ફાતેહ કૉન્સટન્ટીનોપલમા દાખલ થયા. ત્યારે ઇસાઇ દુનિયાની ના ઉમ્મેદીની સ્થિતી જોઇ તેમના દુખી અને ફટી દિલના જખમો ઉપર રહેમ અને ઇન્સાફની પટ્ટી લગાવવાના વિચારે તરતજ જાહેરનામુ કાઢ્યુ કે ઇસાઇ ધર્મવાળાઓને દરેક રીતે ધાર્મિક સ્વતંત્રતા આપવામાં આવે છે. જેથી તેઓએ પોતપોતાની ઇચ્છા પ્રમાણે વર્તન કરવું. કેમકે તેમની ધાર્મિક બાબતોમાં કોઇપણ રીતનો અટકાવ કરવામા આવશે નહી. એ ઉપરાંત વિજયી સુલતાને અત્યત મોટા દિલે અર્ધા ઇસાઇ દેવલો તેમના હવાલે કરી દીધા, અને અર્ધાઓની મસ્જીદ બનાવી. તે પછી યુરોપી સભ્ય ગૃહસ્થોને પોતાના દરબારમાં માન સાથે બોલાવી

કહ્યુ કે "તમો તમારો કોઇ પણ સરદાર ચુટી લ્યો" જેથી તેઓએ **જયોર્જ સ્કુલૅારીસ** ને પોતાનો બીશપ ચુંટયો. અને જાહોજલાલીયત ભરેલા વિજયી સુલતાને ફોજદારી અને દીવાનીના સર્વે અખત્યારો તેના સ્વાધીનમાં આપ્યા. મજકુર બીશપની મદદને માટે કનીસીયા સરદારોમાથી એક કમીટી બનાવી દીધી અને આ સર્વ હકો ઇસાઈ ઇલાકાઓમાના તેઓને આપી દીધા. ઇસાઈ પાદરીઓ ઉપર કોઇપણ રીતનો ટેક્સ લગાડયો નહી. અને યુરોપ્યનો સાથે એવી તો સારી વર્ત્તણુક ચલાવી કે ટર્કોની ઇસાઇ રૈયતજ નહી પરંતુ યુરોપી રાજ્યો પણ ઉસમાનિયા સલતનતના આવા વખાણને પાત્ર પગલાની તારીફ કરવા લાગ્યા અને સર્વેથી પહેલા રશિયાએ **ગાઝી બાયઝીદખાન**ની હુકુમતમા ઇસલામી સલતનત સાથે દોસ્તી પેદા કરવાની કોશેશ કીધી જેથી ઈ સ ૧૪૯૨ મા રશિયાનો પહેલો કોન્સલ ઉચી તોહફા સોગાદો લઇ કોન્સટન્ટીનોપલમા આવ્યો. અને **સુલતાન બાયઝીદખાને** તેના બદલામા રશિયાના રાજ્યને કંઇક હકો દીધા એની પછી યુરોપી દુન્યામાં ઉસમાનિયા સલતનતની એટલી તો વિખ્યાતી વધી કે મોટા મોટા યુરોપી રાજ્યો મુસીબત અને કષ્ટના સમયે ઉસમાની ચદ્રમાના ઝુડાનો આશરો લેવા લાગ્યા!! તે પછી તવારીખ જાણનારા અને તેને વ્હાલની નજરથી જોનારાઓ ઉપર ઉસમાનિયા રાજ્યના સુલતાન **સલીમ** પહેલાના તે ઉપકારો કે જે તેણે સ્પેનિશો ઉપર પણ કર્યા હતા તે જાહેર અને ખુલ્લાં છે. એવીજ રીતે **સુલતાન સુલયમાન** આઝમે ફ્રાસના રાજા ફ્રાંસીસને જે મદદ અને હિમાયત કીધી હતી, તેને પણ દુન્યા જાણે છે કે જે સમયે ફ્રાસ ત્રણ બાજુથી ઘેરાઇ ગયુ હતુ. ઓસ્ટ્રીઆનો શાહ

શારલ ફેન્થસ એક વખતે સ્પેન અને હાલેન્ડ ઉપર હકુમત ચલાવતો હતો અને બીજી બાજુએ જરમનીનો **શહેનશાહ** અને ઇટેલીના દક્ષિણ બાજુનો હાકમ હતો. ત્રીજી બાજુ **જનેવા** અને **ફ્લોરસનાની** હકુમતો પણ એનેજ તાબે હતી અને વળી **બનાહિકાની** પાર્લામેન્ટી હકુમત તમામ શહેરો અને જગ્યા તથા બંદરો સહીત **શાહ શારલની** આગળ કબુલાતનુ માથુ નમાવતી હતી અને જો **શારલનાં** જબરદસ્ત પન્જાથી છુટકારો મેળવવા માટે પહેલો **ફ્રાંસીસ** ફ્રાસનો રાજા, કોઇપણ રસ્તાથી મદદની આશા રાખતો હતો, તો તે ફક્ત એકજ દરિયાઇ રસ્તો હતો. જેથી કરી ઘણીજ તકરારે **ફ્રાંસીસ** પહેલાની સ્ત્રી **દવીએ** **ઉસમાનિયા** સલતનત સાથે પોતાની દોસ્તીની ગાઠ બાંધી અને એક ફ્રાંસીસી એલચીને કાન્સટન્ટીનોપલ મોકલવામા આવ્યો. ફ્રાસીસી કાન્સલના **કોન્સટન્ટીનોપલ** ઉપર પહોચવાથી **સુલતાન સુલેમાને** ફ્રાસની સાથે જે નેકીયો કીધી તેની ઉપર વીવેચન કરવા માટે આ બુકમા જગ્યા નથી. એવીજ રીતે **ઉસમાનિયા** સલતનતે સ્વીડન, **બુસનિયા** અને **આસ્ટ્રીયાની** સાથે જે મહેરબાનીઓ અને ઉપકારો કર્યા છે તેના ખુલાસા માટે એક મોટા દફતરની જરૂર છે છેવટ એકે જુદી જુદી કોમોના ઇતિહાસો, નસીબાઓ, વડાઇઓ અને ઉંચાણ નિચણ ઉપર વિવેચન કરનારાઓને જરૂરી ફરજીઆત રીતે **ઉસમાની** તાજદારોની જાહોજલાલી અને ઇન્સાફ પસદીની આગળ અત્યત અદબ સાથે માથું ઝુકાવવુ પડશે. **ઉસમાનીઓએ** અદલ અને ઇન્સાફને પોતાની પહેલી ફરજ સમજી ખુદાની આબરૂને પોતાનું ઢાંકણ બનાવ્યું. સુધારા અને કાયદા કાનુનોની જડોને પોતાના મુલકમાં ફેલાવી જેથી છેવટ એ આવ્યુ કે તેમના રાજ્યની હદો પુર્વ અને

પશ્ચીમ, ઉત્તર અને દક્ષિણમાં દરેક તરફ વધી ગઇ! એમની વડાઇની તલવાર દરેક બાજુ ચળકી! તેમના ક્રોધની વીજળીએ બળવાખોરોની આંખ્યો આંજી નાખી ! એમની જાહોજલાલીએ તમામ દુન્યાના દિલ ઉપર પોતાના રોબની છાપ બેસાડી દીધી! તેમની સલતનતમા અણધારેલો કુદરતી વધારો થયો ! માન અને આબરૂ ગોયા, ઉસમાનિયા સલતનતના નાના સરખા ચાકરો અને જાહોજલાલ તથા રોબોદાબ તેમના દરવાજાના સાધારણ દરબાન થઇ પડયા! એગ્લુજ નહી પણ આ મહાન રાજ્યના તાજદાર કાર્યોના જખમને માટે દવારૂપ થઇ પડયા! યુરોપનાં જુનામાં જુનાં મ્હાનતાજ અને તખ્તના વાલીઓ **ઉસમાનીયા** સલતનતની મહેરબાનીની છાયા હેઠળ આશ્રય લેવા લાગ્યા! અને માત્ર એજ જાહોજલાલી અને માન તથા રોબોદાબથી ઉસમાનીયા સલતનતની જાહોજલાલીનુ છેવટ આવી અટકતુ નથી; પણ હમણા સુધી ટરકીની શહેનશાહત ચાર કરોડ સુધી જેમની મીસાલ નથી મળતી તેવા શુરવીર અને વિર યોદ્ધાઓની માલેકી ધરાવે છે. દુનિયાના એકેએક મુસલમાનોની ગરદનો, કોન્સટન્ટીનોપલમાં બેઠેલા ઇસલામના બાની અને મક્કએ મોઅઝઝમા તથા મદીનએ મુનાવરાના ખાદેમની તરફ એવી રીતે ઉઠે છે; કે જેવી રીતે મહેરબાનીના ભુખ્યા બેટાઓની નજરો પોતાના બુઢ્ઢા બાપની તરફ ઉઠે છે અને તેઓ વિચારે છે કે આવા જબરદસ્ત ખલીફાનો બાદશાહી છાંયો હમારા માથા ઉપરથી ખુદા ન કરે ને ઉઠી ગયો તો હમો એવા લાવરસ યતીમ થઇ જઇશુ કે જેની સ્થિતીનો કોઇ પણ મદદગાર ન હોય અને એનેજ માટે ટર્કોની આમ રીતે અને મુસલમાનોની ખાસ રીતે જબરદસ્ત ફરજ છે કે તે ટર્કીશ રાજ્યની પ્રીતીમાં એક વિચાર

કિવા એકદિલ થઇ જાય. અને તેની સંભાળને માટે બાજુથી બાજુ જોડી દરેક ખટપટોની બાબદોમા ભાગ લે. અને એવીજ સાબેત કદમી સાથે મુકાબલાના મેદાનમા જમી રહે કે જાન આપી દે; પરંતુ આણ જવા ન દે ! સર્વે મટી જાય; પરતુ બાયલાપણાનો ટીલો પોતાના અભીમાની કપાલ ઉપર લાગવા ન દે ! જો આજે ટર્કીશ રાજ્ય (ખુદા ન કરે) દુન્યામાથી નાબુદ થઇ ગયુ તો ટર્કી સલતનના માણસોને બરકરાર રાખનારી અને તેને પોઇંટ ઉપર લાવનારી કોઇ પણ સલતનત દેખાતી નથી. તેમજ મુસલમાનોના માથા ઉપર પણ હાથ રાખનારૂ ઉસમાનિયા સલતનત સિવાય બીજુ કોઇ પણ રાજ્ય નજરે પડતુ નથી અને તે એકજ રાજ્ય છે કે જેને માટે ઇસલામનાં મહાન પેગમ્બર ખબર આપી ગયા છે કે એજ ઉસમાનિયા સલતનત કોન્સટન્ટીનોપલને ફતેહ કરશે. અને એનેજ લગતી એક *હદીસ જલાલુદ્દીન સવતીની જામે સગીર નામની કેતાબમા આવેલી છે. તેનો ખુલાસો એ છે કે મુસલમાનોએ **ઉસમાનિયા**ના મુસ્તકીમ થવા સલતનત પહેલા અગ્યાર વખત હલ્લો કર્યો. પરતુ ફતેહમન્દી મેળવી શક્યા નહી. ફક્ત પહેલાંજ [1]ત્રીસ વર્ષોમા સાત વખત કોન્સટન્ટીનોપલ ઉપર ઘેરો નાખવામા આવ્યો. હિજરી સન ૩૪ મા **હજરતઅલીની** ખીલાફતના સમયમાં **હ.જરત મઆવિયાએ** ચઢાઇ કીધી. તે પછી હિજરી સન ૪૮ માં **મઆવિયાના** છોકરા **યઝીદે** કોન્સટનટીનોપલ ઉપર ઘેરો નાંખ્યો, એની પછી, **અવસ**ના પુત્ર **સિફ્યાને** હિ. સ. પર મા હલ્લો કર્યો, એની પછી **સૈયદ ઉમર**

---

* હદીસ હજરત મહમ્મદ (સલ૦) ના ઉચ્ચારેલા વેણોને કહેવામા આવે છે.

૧ ત્રીસ વર્ષને કરણ કહેવામા આવે છે.

ઇબ્ને અબ્દુલ અઝીઝ (રદી.) નાં ન્યાયી જમાના હિ. સ. ૯૭ માં **સલમા** એ ઘેરો નાંખ્યો. એના પછી બીજા કરણની વર્ષોની વચમા એટલે ઇ. સ. ૭૩૯ હિ. મુબારક ૧૫૭ ના હુશ્શામની સલતનતના દોરમા કોન્સટન્ટીનોપલ ઉપર ઘેરો નાંખવામા આવ્યો. એની પછી સને ૧૮૨ માં **ખલીફાહારૂન રશીદ**ના એક સીપેહસાલારે હલ્લો કર્યો. પરંતુ દરેક જમાનામા મુસલમાનોની સર્વે લડાઇઓ ફોકટ ગઇ ! અને ઇસલામના બાની રસુલ (સલ૦)ની આગાહી પ્રમાણે ખુદાએ મહમ્મદ ફાતેહનાં હાથથીજ કોન્સટન્ટીનોપલને ફતેહ કરાવી, મુસલમાનોના હવાલે કર્યું ! અને એથી પણ વધારે **ઉસમાનીયો**ની આબરૂનો પતો લગાવવોજ હોય તો મુસલમાનો આ હદીસને પઢો. કે જેની મતલબ એ છે કે " ખુદાવન્દ દરેક કરણની પહેલાં પોતાના ધર્મના સુધારાને માટે કોઇને કોઇ મહાન પુરૂષ પેદા કરે છે." ત્યારે દરેક ચાલતા બનાવો તરફ આપણે નજર કરીશુ. તેમજ તેને બારીકીથી તપાશીશું તો ખુલ્લુ જણાશે કે ખાનદાને **ઉસમાનિયાની** ઓલાદ, મજહબી જાહોજલાલીની કેવી જીવની જાગતી તસવીર છે ? !

મહાન પેગમ્બર (સલ૦)ની હિજરત પછી બીજાં કરણની શરૂઆતમા, **ઉમર ઇબ્ને અબ્દુલ અઝીઝ અમવી** જેવા મુબારક અને પવિત્ર ખલીફાના હાથમા ખીલાફતની લગામ આપવામાં આવી ત્રીજા કરણમાં **મામુનરશીદ** જેવો દુર અદેશ, અકલમંદ બાદશાહ તખ્ત ઉપર આવ્યો. ચોથા કરણમા **અબદુલ્લાહ હુલમહેદીએ બનીફાતિમાનાં** રાજ્યની જડ **મોરોક્કો (આફ્રિકા)**માં જમાવી ‘ પાંચમાં કરણમાં **કાદિરબિલ્લા**ની અર્મી ઉપર ગુજારો કરનારી જાહોજલાલિયત દર્શાવનારી ખીલાફતનો દોર થયો. છઠ્ઠા કરણમાં ઉસમાનિયાના પુર્વજો પૈકી **ચંગેઝખાન** તરવાર હાથમાં લઇ દુન્યા આગળ

આવ્યા. તેમનું આ આચવુ એવી સાબેતી આપતી હતી કે આવતા સાતમાં કરણુમાં ઇસલામનાં આકાશને ઉસમાની ઓલાદ પ્રકાશિત અને ચળકાટ કરતુ બનાવશે. અને થયું પણ એજ રીતે કે સાતમાં કરણુમાં પવિત્ર અહમદી ધર્મે **ઉસમાનિયા** ઓલાદના હૃદયો ઉપર કબ્જો મેળવી લીધો ! અને **ઉસમાનિ** ચંદ્રમાએ પોતાની જાહોજલાલી અને દબદબા સાથે દુનિયામા ઇસલામની હાક બેસાડવી શરૂ કીધી ! **ઉસમાની** ઓલાદના તાજદારો ખુદાઇ હુકમો ઉપર અત્યંત સાબેતકદમી સાથે ચાલવા લાગ્યા તે ત્યાં સુધી કે એક સેકંડ માટે પણ ખુદાઇ હુકમની લાઇનથી પગ ખસાડી શકતા નથી. અને પોતાની સર્વે તાકતને શરીઅતની નોકરીમા ખરચી નાખવાપર કાયમ કર્યાં. અને હજુ સુધી કે જ્યારે યુરોપી રાજ્યો દરેક સમયે કોઇને કોઇ મુસીબતો પેદા કરતાં રહે છે, છતાં પણ ટર્કીશ રાજ્ય ખુદાઇ ફતેહ અને ગેબી મદદથી પોતાની જાહોજલાલી સાથે ધાર્મીક લાઇન જેવીને તેવી સાચવી રહ્યા છે. જેથી કોઇ પણ કારણ મળી શકતું નથી કે મુસલમાનોની સંભાળમા પોતાની જાનો લડાવી દે. આ મહાન રાજ્ય, ઇસલામના શરીરને માટે હૃદય અને મગજ રૂપી છે. અને જેવી રીતે ઇન્સાની શરીર હૃદય અને મગજ વગર તંદરૂસ્ત રહી શકતું નથી: અને તેના કોઈ પણ અવયવમા નુકસાન પેદા થઇ જાય છે, તેવીજ રીતે ખુદા ન કરે ટર્કીશ રાજ્યને ખરાબ દીવસ જોવુ પડે અને **મક્કએ મોઅઝ્ઝમાં** તથા **મદીનએ મુનવવરાની** સંભાળ લેનારાઓ દુન્યાથી ઉઠી જાય તો પછી મુસલમાનોમા તબાહી ફેલાઇ જાય એ સ્વભાવિક સવાલ છે. અને તેમનો કોઈ પણ એવો પોઇંટ રહી શકતો નથી કે જ્યા તેઓ પોતાનો દારોમદાર બાંધી શકે. વધુમાં તેમ થાય તો એમનાં ટોળાઓ

વિખેરાઇ જશે. અને તેઓ આવતા સમય માટે સુધારાની સીડી પર ચડવા લાયક રહેશેજ નહીં. માટે ટર્કીશ રાજ્ય ઉપર જે તોફાનો થાય છે તે સર્વે મુસલમાનોમાં એક સરખી રીતનો જુસ્સો પ્રગટાવી આપે તેમાં આશ્ચર્ય નથી. અને તેઓ એની સંભાળ માટે પોતાનાં તન મન અને ધનથી તૈયાર થઇ જશે. એવીજ રીતે પોતાનું અસલીયત પણું જાળવનારાં હમારા-ટર્કો અને તેના લશ્કરથી ઉમ્મેદ રાખીએ છીએ. અને તેઓને અપીલ કરીયે છીયે કે તેઓ લડાઇના મેદાનમા સારી રીતે પોતાની શુરવીરતાનુ પાણી બતાલાવાથી પાછા ન હઠે, અને પોતાના નામ ઉપર બાયલાપણાનો દાઘ આવવા ન દે! કારણ કે દુન્યાએ જાણી લીધુ છે કે તમારા શુરવિરો ગમે એટલા થોડા હતા; પરંતુ તેઓ લડાઇના મેદાનમા ખુદાના રસ્તાની અંદર પોતાની જાન અને માલ કુરબાન કરવામા કશી પણ કમી રાખતા ન હતા, કોઇ પણ ઈન્કાર કરી શકતો નથી. અને લશ્કરનો છેલ્લો માણુસ પણ પોતાના બાપદાદાથી ચાલતો આવેલો આવો ફરજી કાર્ય પુર્ણ કરવામા અતી ચાલાકી અને ચપળતા સાથે ખડા રહેવામાજ ટર્કો પોતાનો મુદ્રાલેખ સમજતા હતા. અને એજ શુરવિરતા અને સાબેત કદમીનુ છેવટ હતુ કે ટર્કીશ લશ્કરની મૌજઝારૂપી શુરવિરતાએ દુન્યાને આશ્ચર્યકારક બનાવી દીધી. ટર્કીશ લશ્કર થોડું હોવા છતાં પણ ઉસમાની સલતનત પુર્વથી પશ્ચીમ સુધી પહોંચી ગઇ. ટર્ક શુરવિરો જે લશ્કર ઉપર હલ્લો લઇ ગયા તેને તબાહ કરીનેજ છોડયા. જેણે જરાં પણ પગલુ આગળ વધાર્યું તેને મારીનેજ ન્હસાડયો. ટર્કીશ લશ્કરે કોઇ પણ સમયે કમતકાતીનું નામ સાભળ્યું ન હતુ. તેમજ કષ્ટો અને મુશ્કેલીઓથી એ સલતનત ડગમગાતી ન હતી. લડાઇ માટે

એવી રીતે જતા કે જેમ કોઇ સ્હેલ કરવા માટે પાસેના બગીચામા જાય છે. ! પરંતુ આજે તેજ લશ્કર છે. જેઓને પાછળ હઠવું પડ્યું ! ! હવે એ સવાલ ઉભો થાય છે કે ટર્કોને કેવી રીતે પાછળ હઠવું પડયું ? ટર્કોના પાછળ હઠવાનું અતિ મોટુ કારણ ટર્કીશ કોમનો કુસંપ છે. તેથી ટર્કોની ફરજ છે કે સંપથી કાર્ય લે. અને સર્વે એક પોઈંટ ઉપર આવી એકજ તાકત થઇ પોતાના રાજ્યની ચાકરીમાં જીવ જાનથી ઉભા રહે, નહીં તો જો એઓ સંપમાં ન જોડાયાં તો સાબેત કદમ રહેવું મુશ્કેલ છે, અને એવાજ સબબોમાં સુધારાની સીડી ઉપર ચઢવું તો દુર રહ્યુ પણ પોતાના પ્રાંતોની સંભાળે લઇ શકશે નહીં. જો માની લેવામાં આવે કે સંપમા એક બીજા સાથે જોડાવું અતી કઠણ છે; તો કમમાં કમ દરેક ટોળાંએ તન મન ધન સાથે તૈયાર રહેવું ઘટે છે. તોજ રાજ્યની ચાકરીમાં પાછી પાની ન થાય. અને પોતાની સર્વે તાકત હકુમતની દરસ્તીના સુધારા માટે ખર્ચ કરી દેવાને શક્તિવાન થાય. કોમ એક એન્જીન અને માણુસો તેના સાચા કામ રૂપી છે. અને જેવી રીતે એન્જીનમાંથી કોઇ પણ સાંચા કામનાં બગડવાથી એન્જીન ચાલી શકતું નથી તેવીજ રીતે ટોળકીઓના ખરાબાને લીધે કોમનાં એન્જીનની હિલચાલ અટકી પડે છે ! દુન્યાની તવારીખ જુઓ, બરબાદ અને તબાહ થયલી કોમોનાં સબબો ઉપર બારીક નજર નાંખી તપાસો, જેમાં સર્વેથી મોટી બાબત તમને કુસંપ સિવાય કશું મળવાનું નથી ! કુસંપ તબાહીનું પહેલુ પગલુ અને બરબાદીનો દિબાચો હોય છે. જેમ કે:–“ ફુલ પા રહા હે મૂલ્ક, વ્હે સબ અપની પુટકા ! ” હમો જો યુરોપિયન કોમનાં સુધારાના કારણો ઉપર વિચાર કરીશું તો હમને ખુલ્લુ જણાશે કે તેમનાં

સુધારાનો ભેદ કુસંપની અંદર છુપાયલો છે. યુરોપમાં જો કે બેશુમાર રાજ્યો છે. પરંતુ દરેક એક બીજાને આપસમાં સંપ કરાવવા માટે પોતાની પુર્ણ તાકતથી કોશેશ કરે છે, અને એજ સબબને લીધે યુરોપનો રોબ દબ ચારે બાજુની દુન્યામાં અતી ઝડપી રીતે ફેલાતો જાય છે. એઓની સલતનતની ચઢતી હિમાયત અને વેપારના પરદાની અંદર અત્યંત વીજળીક વેગે થતી રહી છે.

આ ઉપલી બાબતો લખવા પછી હમો આશ્ચર્યનાં લહેજામાં ઇસલામી બીરાદરોને પુછીશુ કે જ્યારે હમારા શત્રુઓ અને બીજાઓ પોતાની સર્વે જુની તકરારો અને કુસંપને છેલ્લી સલામ કરી સંપ અને જોડાણ ઉપર પોતાની આખી તાકત ખર્ચી રહી છે, તો શું કારણ હોવુ જોઇએ કે ખુદાએ સંપ અને એક બીજામા ભાઇબંધી વધારવાની તાલીમ આપવાનો પાઠ શીખવ્યો છે તેવા મુસલમાનો એક પોઇંટ ઉપર કેમ આવતા નથી? શું કારણ હોવું જોઇએ કે હમારામાં સંપ અને જોડાણનો વીજળીક પાવર દોડતો નથી? તે પાક પરવરદિગારે એક બીજાની મહોબત પછી દયાની બાબત એ માટે કહી છે કે આ બન્ને જરૂરી કાર્યો છે. અને દયાનાં કાર્યો માટે એટલુંજ બસ થઇ પડશે, કે એ ખુદાની સીફતોમાંથી છે. હમો મુસલમાનોની ફરજ છે કે હમો, હમારા દુઃખી ભાઇઓ ઉપર દયા અને મહેરબાની કરીયે. જેવું વર્ષાઋતુમા જુદી જુદી જમીનની જણસોનાં ભેગાં મળેલા ટેકરાં ખીલી નીકળે છે. અને વરસાદના ટીપા જમીનની સર્વે ખરાબીઓને દુર કરી દે છે. એવીજ રીતે જો હમો મુસલમાનોની વચમાં એકની દયા અને મહેરબાનીનાં ટીપાં બીજા ઉપર પડશે તો તે હૃદયની સર્વે ખરાબ બાબતો અને કષ્ટોને દુર કરી દેશે! અને તેનું છેવટ એ આવશે કે

હમારા હૃદયોની અંદર સંપ અને જોઠાણનું ફળ લાવનાર ઝાડ ઉગી નીકળશે. જેનાં લીલાં કંચન જેવાં પાદડાં અને હરયાલી બ્હારને લીધે કોમનાં છોડવાં દરરોજ વધતાં જશે. અને હમો અતી ત્વરા સાથે એવી રીતનાં થઇ જઇશુ. કે હમારા ખીલેલાં બગીચાનો દેખાવ સર્વે દુન્યા આગળ રજુ કરી શકીશુ.

ક઼ોમોને ઇત્તેફાકસે પાઈ હય આબરૂ,
નામ ઇત્તેફ઼ાક઼સે હય ક઼ૈબાયલકા ચારસુ
થા કતરા કતરા આજ રવા હયજો આબેજુ,
એક એક હર્ફ મિલકે હુઇ શરેહ ગુફતગુ.
યેક જાખિલે જો ફુલ તો ગુલજાર હો ગયા,
હમ રિશ્તા ચંદ ગુલ જો હુવે હાર હોગયા.
અન્જુમક ઇત્તેફાકસે પરવીકે હય ચ્હે તાબ,
ખો શેથેચંદ જરેકેજોઆબ હય શરાબે નાબ.
યેક જાઇયે સુતુરસે કહેલાએ ફસ્લા બાબ,
કુછફસ્લો બાબ જમ્અહુવે હો ગઇ કિતાબ.
એક એક લમ્હા મિલકે મહો સાલ હોગયા,
એક એક દિરમસે ગંજ જરો માલ હોગયા.
મુંબી હય ઇત્તેફાક઼પે આલમકો ઇન્તેજ઼ામ,
દુનિયાકા ઇત્તેફાક હય વાબિસ્તાસે કયામ,
અર્જોફલક હવા મહો ખુરશીદ લાકામ,
નજ઼્મે જહા કામિલકે બાહમકર રહે હંય કામ.
જબ ફ઼ર્ક઼ ઇત્તેફાકે અવાયલ મે આયગા,
રંગે ફના જ઼મીનો જમાં સબ છુપાયગા.

. ટર્કીએ મોટા રાજ્યો તરફની યાદીના જવાબમાં શત્રુને થોડીક ·વધુ છુટ મેલવાની તૈયારી બતાવી છે, ત્યારે બાલકનસના રાજ્યોએ તેનો ખોટો અર્થ કરી ટર્કી સાથે પાછુ લડવાને પોતાનો ઠરાવ જાહેર કર્યો છે. અને જણાવ્યું છે કે આવતા સોમવારે એટલે તારીખ ૩ ફેબ્રુઆરી ૧૯૧૩ની રાત્રે કલાક સાતને અમલે એડ્રીઆનોપલ ઉપર તોપોનો મારો ચાલુ કરશે. એડ્રીઆનોપલ ઉપર ઘેરો નાખવામાં બલગેરિયાનો સાથે ત્રીસ હજાર સરવિયનો પણ શામેલ થયા છે, જેથી તેમની એકંદર સખ્યા એકલાખ પચાસ હજાર માણસોની થઇ છે અને તેઓ ભારી તોપો ધરાવતા હોવાથી બે દિવસમાં કિલેબંદી તોડી નાંખવાની ખાતરી બતાવે છે, એડ્રીઆનોપલ સામે તેઓએ પ્રથમમા દિવસે તોપોનો મારો ચલાવ્યો હતો, તેમા તેઓનું વળ્યુ ન હતુ, ત્યારે હવે તેઓ બે દિવસમાંજ તેનો નાશ કરવાની ખાતરી બતાવે છે તે સરાહ-ગાત ભરેલું લાગે છે. એડ્રીઆનોપલ પડયાથીજ કંઇ લડાઇનું છેવટ આવી જવાનુ નથી, ખરી લડાઇ **ચટાલજા** આગળ ચાલવાની છે, અને તે ઉપરથી ખરેખરૂ છેવટ નક્કી કરી શકાશે. એમ જણાય છે કે બાલકનના રાજ્યોના લોકો બહુ લોભી બની છેવટનો પાસો નાખી વધતામા વધતુ મેળવવા અથવા વધતામાં વધતુ ખોવાનો જોખમ ખેડવાને તત્પર બન્યા છે. આ બનાવ કમનસીબ છે. ટર્કીના સબં-ધમાં એમ કંઇપણ આંચકી વીના કહી શકાશે કે તેણે તો ઇન્સા-નિયતને ખાતર શત્રુને વધતામા વધતી છૂટ મેલવાની તૈયારી બતાવી છે, ત્યારે બાલકનના રાજ્યો ઇન્સાનિયતનો તરીકો સદાબરો બાજુએ મેલ્યો છે. નીતિ અને પ્રમાણિકપણાના નિયમોને તેઓએ હવામાં વા ખાતા મેલ્યા છે, અને માત્ર જમીનના લોભને ખાતર તેઓ એક

ખુનખાર લડાઇ ચલાવે છે. અત્યાર અગાઉની લડાઇમાં તેઓએ પોતાની પ્રજાના કેટલાક હજાર કીમતી જાનો બરબાદ કર્યા છે, અને તે ઉપરાત પોતાની તીજોરીનુ તળ્યુ આણ્યુ છે; અને તે શા માટે ? કોઇ પણ પ્રમાણિક અથવા નીતિના નિયમને ખાતર નહિં પણ માત્ર વધુ મુલક હાથ કરી બેસવાનાં લોભને માટેજ ઇસ્લામના જુલમી પંજામાંથી ખ્રીસ્તીઓને છોડાવવા નીકળવાનું બહાનુ તેઓ કાઢે છે, પણ તેઓએ મેસીડોનિયામાં ત્યાંના ઇસ્લામીયો સાથે જે વર્તણુંક ચલાવા માડી છે, તે હેવાનિયત ભરેલી હોયાનો ઇકરાર જોખમદાર બ્રીટીશ લેખકો અને રાજદ્વારીઓ કરવા લાગ્યા છે, અને એવા આસામીઓ જુલમી અમલનો અંત લાવવાની મતલબથી પોતાને લડાઇમા ઉતરેલા ગણવાની વાતો કરે ત્યારે તે અજાયબી ઉત્પન્ન કરનાર થઇ પડે છે. મોટાં રાજ્યોની પ્રતિષ્ઠાને ખાતર તેઓ એટલુ તો બનવાને બંધાએલા હતા કે ટર્કીની સરકાર તરફથી તેમની યાદીનો જવાબ મળે, અને તે જવાબ માટે તેઓ મત ઉચ્ચારે ત્યાં સુધી બાલ્કનના રાજ્યો પાછી લડાઇ શરૂ કરવાની વાત કરે નહિં પણ આપણે જોઇએ કે બાલ્કનનાં રાજ્યોએ તેમની આગલી સરકશીની બાબતમાં મોટાં રાજ્યોએ નાખતી કરેલી હોવાના કારણે તે પાછલા રાજ્યોની પ્રતીષ્ઠાની દરકાર કરી નથી, અને તેઓ ટર્કીનો જવાબ વાચી તે ઉપરથી પોતાનુ મત જાહેર કરે તે આગમચ લડાઇમાં પાછું ઝીપલાવવા તૈયાર થયા છે.

હુકુમત પર જવાલ આયા તો ફ્રિય નામોં નશાં કબતક,
ચરાગે કુશ્તએ મહફિલસે ઉઠ્ઠેગા ધુંવાં કબતક.
કબાએ સલતનતકે ગર ફલકને કરદિયે પુરજે,
ફિજાએ આસમાનીમેં ઉડેંગી ધજજીયાં કબતક.

મરાકશ જા ચુકા ફીરિસ ગયા અબ દેખના એહે હય,
કે જીતા હય એહે તુરકીકા મરીજે નીમજાં કબતક.
એહે સયલાબે બલા બિલકાનસે જો બઢતા આતાહય,
ઉસે રોકેગા મજલુમોંકી આહોકા ધુંવા કબતક.
એહે સબ હંય રકસ બિસમિલકા તમાશા દેખને વાલે,
એહે સયર ઈનકો દિખાયેગા શહીદે ખરતા જા કબતક.
એહે વોહ હય ના લયે મજમુનકી ગે જીનકો ભાતી હય,
એહે રાગ ઉનકો સુનાએગા યતીમે નાતવાં કબતક.
કોઇ પુછે કે અય તહજીબે ઈન્સાનીકે ઉસ્તાદો !
એહે જુલ્મ આઈશાઇયાં કબતક, એહે હશ્ર અંગેજીયાં કબતક.
એહે જોશ અંગેજીયો તુફાન બેદાદો બલા તાકે,
એહે લુત્ફ અંદોજીયે હંગામએ આહો ફુગાં કબતક.
એહે માના તુમકો તલવારોંકી તેજી આજમાની હય,
હમારી ગરદનોં પર હોગા ઉસકા ઈમતેહાં કબતક.
નિગારિસ્તાને ખુંકી સયર ગર તુમને નહીં દેખી,
તો હમ દિખલાએં તુમકો જખ્મ હાએ ખુફિશાં કબતક.
એહે માના ગરમીયે મહફિલકે સામાં ચાહિયે તુમકો,
દિખાએં હમ તુમ્હેં હંગામએ આહો ફુગાં કબતક.
એહે માના કીસ્સએ ગમસે તુમ્હારાજી બહલતા હય,
મગર તુમકો સુનાએં દર્દ દિલકી દાસ્તાં કબતક.
એહેમાના તુમકો શીકવા હય ફલકસે ખુશ્ક સાલીકા,
હમ અપને ખુનસે સીંચેં તુમ્હારી ખેતિયાં કબતક.

ઉ઼રૂસે બખ્ત઼કી ખાતિર તુમ્હેં દરકાર હુય અફ઼શાં,
હમારે જ઼ર્રા હાએ ખ઼ાક હોંગે જ઼ર ફ઼િશાં કબતક.
કહા તક લોગે હમસે ઇન્તેક઼ામે ફ઼તહ ઐયુબી,
દિખાઓગે હમે જં઼ગે સલીબીકા નશાં કબતક.
સમઝ કર યેહકે ધુંધલેસે નશાને રફ઼્તગાં હુંય હમ,
મિટાઓગે હમારા ઇસ તરહ઼ નામોનશાં કબતક.
જ઼વાલે દૌલતે ઉસમાં જ઼વાલે શરઅ઼ મિલ્લતહુય,
અ઼જી઼જો ફ઼િક્ર ફ઼રજન્દો અ઼યાલો ખ઼ાનોમાં કબતક.
ખુ઼દારા તુમ યેહ સમઝેભી કે યેહ તૈયારીયાં કયા હુંય,
ન સમઝે અબતો ફ઼િર સમઝોગે તુમ યેહ ચીસ્તાં કબતક.
પરસ્તારાને ખ઼ાકે કઅબા દુનિયાસે અગર ઉઠે,
તો ફ઼િર યેહ એહ઼તેરામે સુજદ ગાહે કુદાસયા કબતક.
જો ગૌંજ ઉઠેગા આલમ, શોરે ના કુસે કલીસાસે,
તો ફ઼િર યેહ નગ઼મએ તૌહ઼ીદો ગુલબાંગે અજ઼ાં કબતક.
બીખરતે જાતે હુય શીરાજ઼એ ઔરાકે ઇસલામી,
ચલેગી તુંદ બાદે કુફ્રકી યેહ આંધીયા કબતક.
હ઼રમકી સિમતભી સયદ અફ઼ગનોંકી જબ નિગાહેં હુંય,
તો ફ઼ીર સમઝો કે મુરગ઼ાને હરમકા આશીયાં કબતક.
જો હિજરત કરકેભી જાએં તો "શીબલી" અબ કહાં જાએં
કે અબ અમનો અમાને શામો નજદો ક઼ીરવાં કબતક.

પ્રકરણ ૨૨ મું.

ટર્કી જનરાલી સીમો.

મરહુમ કમાન્ડર ઇનચિફ જનરલ નાઝિમ પાશા.

નાઝિમપાશા કોન્સટન્ટીનોપલના એક પ્રખ્યાતી પામેલાં ઉચ્ચ કુળમાં આજથી ૬૫ વર્ષ અગાઉ પેદા થયા હતા. આપે ધાર્મિક અને દીની તાલીમથી પરવારી **સેન્ટકીર** ખાતે આવેલી ફ્રેન્ચ મીલટરી સ્કુલમાં લશ્કરી તાલીમ મેળવી હતી. ત્યાથી આવી પહેલાજ એક ટુકડીના ઑફિસર નિમાયા. અને ધીમે ધીમે ચઢતા મોટા ઓધા ઉપર આવી ગયા. ઈ. સ. ૧૮૭૭ ની ટર્કીશ વિરૂદ્ધ રશિયા વિગ્રહમાં એમની લડાઇની કળાકૌશલ્યતા જોઇ રજબપાશા છક થઇ ગયા અને તેથી આ જુવાન અમલદારને પોતાના સ્ટાફના વડા અમલદાર તરીકે નીમ્યા હતા. લડાઇના ખતમ થવા બાદ યંગ ટર્કીશ પાર્ટીમાં જોડાઇ ગયા. જેથી એમનો પાચ વર્ષ સુધી એક કિલ્લામા નજરબંદ તરીકે કેદ રાખવામા આવ્યા. એની પછી **ઇરઝેરમ** ખાતે એમને દેશપાર કરવામા આવ્યા. એની પછી નવા રાજ્યબંધારણ વખતે એઓ પાછા ફર્યા, અને એમને એડ્રીઆનોપલની બીજી આરમીકોરના કમાન્ડર નીમવામાં આવ્યા. **કામિલપાશા**ની પડતી અગાઉ થોડા દિવસ ઉપર એમને લડાઇ ખાતાના પ્રધાન નીમવામા આવ્યા હતા. સને ૧૯૦૯ ની એપ્રીલ માસની તા. ૧૩ અને ૨૩ દરમિયાન **કોન્સટન્ટીનોપલ** ખાતે ચાલેલી લુટ વખતે ભારે શુરવિરતા બતાવી હતી. વળી એક

વર્ષ ઉપર **એડ્રીઆનોપલ** ખાતે દેખાડેલી શુરવીરતાથી એઓ સનંદી લશ્કરી અમલદારોમાં ભારે માનીતા થઇ પડયા હતા. એમનાં લીબરલ વીચારોએ કમીટી ઓફ યુનીયન પ્રોગ્રેસના અવિશ્વાસ તરફ ખેંચાયાથી લશ્કરમાં અને પ્રજામાં અતી પ્રીય થઇ પડયા હતા. સને ૧૯૧૦ માં એમને **બગદાદ**ના ગવર્નર તરીકે નીમવામાં આવ્યા પણ ત્યાં સ્વતંત્ર વર્તણુંક અને ઘણા બહોળા સુધારાને પ્રતાપે એઓ કૌન્સીલર મંડળને અપ્રીય થઇ પડયાથી કેટલોક વખત મુંબઇમાં રહી પસાર કીધો હતો. એની પછી **કોન્સટન્ટીનોપલ** ચાલ્યા ગયા હતા. એમને જુલાઇ ૧૯૧૨ માં લશ્કરી કળાકૌશલ્યતાની બાહોશીને લીધે **જનરાલીસીમો** અને લડાઇ ખાતાના પ્રધાનની ભેગી પદવી મળી હતી.

તા. ૩ અકટોબર ૧૯૧૨ ના દીને એડ્રીઆનોપલ ઉપર ગયા હતા જ્યાંથી તા. ૩૦-૩૧ અકટોબરે ખોટી ખબર ફેલાઇ હતી કે નાઝીમ પાશા માર્યા ગયા. પરંતુ આપ તો સહી સલામત રહી બલગેરીયનોને મારી પોતાનો શુરવિરતાનો સીક્કો બેસાડતા હતા. એમના સીનામાં એટલો તો કઠીણ રદય હતો કે જેને દુનિયાની ચઢતી પડતી કોઇપણ રીતે ના ઉમ્મેદ બનાવી શકતી ન હતી. બલ્ગેરીયનોની આગલી ફતેહોથી આપના વિચારોમા કોઇપણ તરેહનો ફરક આવવા પામ્યો ન હતો. પણ આપે આટલા બુઢાપા છતાં એ બાબે આલીને તા ૮ નવેમ્બરે જાહેર કર્યું હતું કે "ટર્કીસ શુરવીર લશકરે આ નક્કી કરી લીધું છે કે આખરી વખત સુધી લડીશું. અને હમોએ હમારા જીવનનો બોલ આ બે શબ્દોમા ગોઠવ્યો છે **મોત અથવા ફતેહ**" **નાઝીમપાશા**ના આ બોલો ફકત જબાનનાજ ન હતા પરંતુ તેઓએ કરીને બતાવ્યા હતા.

ઘણી ખરી જગ્યા ઉપર લશ્કર જે પાછળ હઠયું હતુ એનો ખાસ સબબ એજ હતો કે ટર્કીશ લશ્કરમાં ખ્રીસ્તીઓ, જેઓએ પોતાના બલગેરીયનોનો જોઇ તેમની સાથે મલી ગયા હતા. પરતુ **નાઝીમ પાશા** અને તેમના હાથની નીચેના જનરલોએ તેઓને ગોળીઓ મારી ઠાર કીધા હતા.

ચટાલજા ઉપર જે શુરવીરતા બતાવી તે આપણા વાચકોથી અંજાણુ નથી. એની પછી લડાઇ તહકુબ રહી આપ કોન્સટ-ન્ટીનોપલ આવ્યા હતા. જ્યાં સુલેહની ગરબડ ચાલતા લોકોના ઉશ્કેરાયલાં ટોળાંએ તારીખ ૨૫ જાનેવારી ૧૯૧૩ ના વડા વ-ઝીરની ઓફીસ ઘેરી લીધી હતી. જેમા લોકોના ટોળાની સરદારી **અનવરબે** એ લીધી હતી. જેઓએ વડા વઝીરની ઓફીસમાં દાખલ થવા માટે ધસારો કીધો હતો. રૈયત સુલેહને ચાહતી ન હોવાથી આ ઉશ્કેરણી ફેલાઇ ગઇ હતી. જેઓએ પ્રધાનોની કાઉન્સીલમાં જવાને ધસારો કર્યો હતો. પરતુ કામિલપાશાના એડીકાગે રીવોલવર ફોડી તેઓને અટકાવ્યા પણ તેને તરતજ મારી નાખવામાં આવ્યો હતો. એ પછી **નાઝીમપાશાના** એડીકાગે રીવોલવર ફોડી હતી જેથી તેને પણ મારી નાંખ્યો આ ગરબડ સાભળી **નાઝીમપાશા** બહાર આવ્યા અને લોકને જણાવ્યુ કે તમારી રીતભાત ઘણી ખરાબ છે. જે સાભ-ળતાંજ આ પાંસેઠ વર્ષના બુઢા જનરલને ગોળી વડે ઠાર કર્યો.

પ્રકરણ ૨૩ મુ.

જનરલ ઓફિસર અબદુલ્લાપાશા.

જનરલ **અબદુલ્લાપાશા** એક કસાયલા અને અતી સમઝદાર જ્ઞાની ઓફિસર છે. આપ કસ્બે હમીદીયા યાને શાહી કુટુંબના વિશ્વાસુ માણસોમાં ગણાતા હતા અને માજી સુલતાન **અબદુલહમીદખાન**ના એડીકાંગ તથા લડાયક પ્રધાન મંડળના એક અગ્રેસર પણ રહ્યા હતા. જરમન મારશલ **વૉન્ડર ગોલ્ટઝપાશા** કે જેઓ લડાયક કાર્યોમાં ટર્કોના શિક્ષક છે. અને તેથી તેમને ના. ટર્કી સરકારે પાશાનો ખેતાબ બખશ્યો છે. તેઓ **અબદુલ્લાપાશા**ને અતી પ્રીય ગણી એમની ઘણીજ કદર પીછાણે છે ટરકીમાં પાર્લામેન્ટ થવા પછી **અબદુલ્લાપાશા**એ અરસ્તજીન ઉપર એક અતી કેળવાયલા લશકરની સરદારી લીધા પછી અતી વિખ્યાતી મેળવી હતી અને આ સમયે મારશલ **શુકરી-પાશા**ની જગ્યા ઉપર હતા. કુર્દ જાતના અતી બળવાન પહાડી લોકના બેકાયદે ટોળાઓને હાથમા રાખવાનું કાર્ય જેવું તેવું નહોતુ. પરંતુ જનરલ **અબદુલ્લાપાશા**એ પોતાની નેચરલ ગીફ્ટ (ખુદાઈ બખશેશવાળી) સમઝ અને અકલમન્દીથી તેઓને પોતાના કરી લીધા, તે ત્યા સુધી કે પોતાની જગ્યાથી ખસવાએ દીધા નહતા અને પોતાના ઓહ્દાની બારીક ફરજને ઇસલામની મગરૂરી અને શાહી નીમકહલાલી અદા કરવાની ઉમદા સમજશક્તિથી અત્યંત સંભાળપુર્વક ફતેહમન્દી ઉપર લાવ્યા અને એટલો માનમરતબો મેળવી લીધો, કે જેને લીધે

તૌરગોદપાશાની જગ્યાએ આલબેનિયાનાં ગવનર જનરલ અને સીપેહસાલારોના ઓદ્ધા ઉપર લાવવા માટે લાયક ગણાયા સને ૧૯૧૦ ૯૦ મા **વોન્ડર ગોલ્ટઝપાશા**ની દેખરેખ હેઠળ એડ્રીઆનોપલની દક્ષિણમાં એક જબરદસ્ત બનાવટી લડાઇ ગોઠાવવામાં આવી હતી જેમા એક ભાગની સીપેહસાલારી **અબદુલ્લાપાશા**ને આપવામાં આવી હતી. જેમાં તેમણે ભવિસ્ય માં એક અચ્છા સીપેહસાલાર નોવડવાની ખાત્રી આપી હતી. વળી કહેવામાં આવે છે કે **અબદુલ્લા પાશા**એ તે પછી બેશુમાર લશ્કરી ભાગોની સિપેહસાલારીનુ કાર્ય અતી મહેનત અને સમઝદારી સાથે છેવટ ઉપર આણ્યુ.

ગાઝી મહમ્મદ શૌકતપાશાના રાજીનામા પછી લડાઇના પ્રધાન માટે અબદુલ્લાપાશાનુ નામ બોલાતુ હતું આપ સુલતાનો ઇરાદાને આધીન થઇ બલકનવિગ્રહમાં એડીઆનોપલની ફોજના સિપેહસાલાર થઇ ગયા, જયારે **કરકકિલીસેહની** લડાઇમાં ખ્રીસ્તી સીપાઇઓ કે જે **અબદુલાપાશાની** સરદારી નીચે હતા તેનાં હથીઆર નાંખી દેવાને લીધે ટર્કીશ લશ્કરમાં ખરાબો ફેલાઇ ગયો હતો, ત્યારે એઓએ લશ્કરી બદોબસ્ત કાયમ રાખવામાં ખાસ કાબેલીયતપણાની સાબેતી આપી હતી.

લુલેબરગાસમાં ટર્કોના પાછળ હટવા પછી **અબદુલ્લાપાશા**એ ટર્કીશ પ્રધાન મડળમા જે **કામિલપાશા**ની હાજરી હેઠળ મળી હતી તેમાં નીચે પ્રમાણે જણાવ્યું હતું,—

" તે હૃદય કંપિત દેખાવ કે જેણે મારા અત:કરણમાં નાઉમેદીની અસર પેદા કરી દીધી હતી તે એ હતો કે હુ જે જગ્યાનો

સીપેહ સાલાર હતો ત્યાંના મારા જોડયા બહાદુર હમ શરીકો જો કે વિકાળ સી હરૂપી લડતા રહેલા અને આખો દીવસ દુશ્મનો સાથે જીવતોડ મુકાબલો કરેલા છતાં પણ રાત્રે સારવાર અને મલમપટ્ટી તથા રોટલીના ટુકડાં વગર જમીન ઉપર પડયાં રહેતા જેને લીધે લશ્કરમાં અતી ઝડપથી બેદીલી ફેલાઇ ગઇ અને સીપાહીઓ ગાડીઓની મીસાલે રણક્ષેત્રમાંથી નાસવા લાગ્યા આ અફસોસ કારક સીનના કારણો ફક્ત ભુખની મારને લીધે હતા. એ સીપાહીઓ પાસે કશી પણ રીતની ખોરાકી ન હતી. અને હુ પોતે જનરલ સીપેહ સાલાર છતાં પણ ચાર દીવસ ભુખ્યો રહેવા ઉપર લાચાર રહયો જો કે મને તેની કશી પરવાહ નહોતી ચોથા દીવસે કે જયારે મારો કેમ્પ બાબા એસ્કીમાં હતો ત્યારે ડેલી ટેલીગ્રાફ પત્રના ખબર પત્રીએ માત્ર એક ચોકલેટનો કકડો મને લાવી આપ્યો. જેને મે આકાશથી ઉતરેલો કુદરતી ખોરાક સમજી ખાધો કે જેથી મને નવી હીમત મળી!

છેવટમાં એશીઆનોપલ ઉપર જે મુસલમાનોને ૭૮૯૭ હસ્ત ફતેહ મળી હતી તે અબદુલ્લાપાશાની૭૮ કોશેશ અને ચાલાકીનુ પરીણામ હતુ.

સમાપ્ત.